દેવદેવસ્ય૦ ગોનસ : ૩૪
દેવદેવસ્ય૦ વૃશ્ચિકાઃ ૩૫
દેવદેવસ્ય૦ હિનસ્તુ કાકિની. ૩૬
દેવદેવસ્ય૦ ,, માનવી. ૩૭
દેવદેવસ્ય૦ ,, યાકિની. ૩૮
દેવદેવસ્ય૦ ,, રાકિની. ૩૯
દેવદેવસ્ય૦ ,, લાકિની. ૪૦
દેવદેવસ્ય૦ ,, ભાકિની. ૪૧
દેવદેવસ્ય૦ ,, શાકિની. ૪૨
દેવદેવસ્ય૦ ,, યોગિની. ૪૩
દેવદેવસ્ય૦ ,, હાકિની. ૪૪
દેવદેવસ્ય૦ હિંસન્તુ દાનવાઃ. ૪૫
દેવદેવસ્ય૦ ,, ખેચરાઃ. ૪૬
દેવદેવસ્ય૦ ,, કુગ્રહાઃ ૪૭
દેવદેવસ્ય૦ ,, રાક્ષસાઃ ૪૮
દેવદેવસ્ય૦ હિંસન્તુ પાપ્માનઃ; ૪૯
દેવદેવસ્ય૦ ,, દેવતાઃ. ૫૦
દેવદેવસ્ય૦ ,, વ્યાધયઃ. ૫૧
દેવદેવસ્ય૦ ,, તસ્કરાઃ. ૫૨
દેવદેવસ્ય૦ ,, હિંસકાઃ. ૫૩
દેવદેવસ્ય૦ ,, શૃંગિણઃ. ૫૪
દેવદેવસ્ય૦ ,, દંષ્ટ્રિણઃ. ૫૫

દેવદેવસ્ય૦ „ વહ્નયઃ. ૫૬
દેવદેવસ્ય૦ „ રેપલાઃ. ૫૭
દેવદેવસ્ય૦ „ પક્ષિણઃ. ૫૮
દેવદેવસ્ય૦ „ મુદ્ગલાઃ. ૫૯
દેવદેવસ્ય૦ „ જૃંભિકાઃ. ૬૦
દેવદેવસ્ય૦ „ તોયદાઃ. ૬૧
દેવદેવસ્ય૦ હિંસન્તુ સિંહકાઃ. ૬૨
દેવદેવસ્ય૦ „ શુકરાઃ. ૬૩
દેવદેવસ્ય૦ „ ચિત્રકાઃ. ૬૪
દેવદેવસ્ય૦ „ હસ્તિનઃ. ૬૫
દેવદેવસ્ય૦ „ ભૂમિપાઃ. ૬૬
દેવદેવસ્ય૦ „ શત્રવઃ. ૬૭
દેવદેવસ્ય૦ „ ગ્રામિણઃ. ૬૮
દેવદેવસ્ય૦ „ દુર્જનાઃ ૬૯
દેવદેવસ્ય૦ હિનસ્તુ ડાકિની. ૭૦
દેવદેવસ્ય૦ „ નાગિની. ૭૧
દેવદેવસ્ય૦ „ જાકિની. ૭૨
દેવદેવસ્ય૦ „ જૃંભિણી. ૭૩
દેવદેવસ્ય૦ „ વ્યંતરી. ૭૪
દેવદેવસ્ય૦ હિનસ્તુ કિન્નરી. ૭૫
દેવદેવસ્ય૦ „ દૈવંહિ. ૭૬
દેવદેવસ્ય૦ સા માં પાતુ સદૈવ હિ. ૭૭

શ્રી ગૌતમસ્ય યા મુદ્રા, તસ્યા યા ભુવિ લબ્ધયઃ; તાભિરભ્યધિકં જ્યોતિ-રર્હન્ સર્વનિધીશ્વરઃ. ૭૮

પાતાલવાસિનો દેવા, દેવા ભૂપીઠવાસિનઃ; સ્વર્વાસિનોઽપિ યે દેવાઃ, સર્વે રક્ષન્તુ મામિતઃ. ૭૯

યેઽવધિલબ્ધયો યે તુ, પરમાવધિલબ્ધયઃ; તે સર્વે મુનયો દિવ્યાઃ, માં સંરક્ષંતુ સર્વતઃ. ૮૦

ભવનેન્દ્ર-વ્યંતરેન્દ્ર-જ્યોતિષ્કેન્દ્ર-કલ્પેન્દ્રેભ્યો નમોનમઃ, શ્રુતાવધિ-દેશાવધિ-સર્વાઽવધિ,-પરમાવધિ-બુદ્ધિઋદ્ધિપ્રાપ્ત,-સર્વૌષધ્ધિપ્રાપ્તાનંત,-બલર્દ્ધિપ્રાપ્ત,-તત્ત્વર્દ્ધિપ્રાપ્ત-વૈક્રિયર્દ્ધિ-પ્રાપ્ત-ક્ષેત્રર્દ્ધિપ્રાપ્તા-ઽક્ષીણ-મહાન-સર્દ્ધિપ્રાપ્તેભ્યો નમઃ, દુર્જના ભૂતવેતાલાઃ પિશાચા મુદ્‌ગલાસ્તથા; તે સર્વેઽપ્યુ-પશામ્યંતુ, દેવદેવપ્રભાવતઃ. ૮૧

ૐ હ્રીં હ્રીઃ શ્રીર્ધૃતિર્લક્ષ્મી-ગૌરી ચંડી સરસ્વતી; જયામ્બા વિજયા નિત્યા ક્લિન્ના, જિતા મદદ્રવા. ૮૨

કામાંગા કામબાણા ચ, સાનંદા નંદમાલિની; માયા માયાવિની રૌદ્રી, કલા કાલી કલિપ્રિયા. ૮૩

એતાસ્સર્વા મહાદેવ્યો, વર્તંતે યા જગત્ત્રયે; મહ્યં સર્વાઃ પ્રયચ્છતુ, કાંતિં કીર્તિં ધૃતિં મતિમ્. ૮૪

દિવ્યો ગોપ્યઃ સુદુષ્પ્રાપ્યઃ, શ્રી ઋષિમંડલસ્તવઃ; ભાષિતસ્તી નાથેન, જગત્ત્રાણકૃતેઽનઘઃ. ૮૫

રણે રાજકુલે વહ્નૌ, જલે દુર્ગે ગજે હરૌ; સ્મશાને વિપિને ઘોરે, સ્મૃતો રક્ષતિ માનવમ્. ૮૬

રાજ્યભ્રષ્ટા નિજં રાજ્યં, પદભ્રષ્ટા નિજં પદમ્; લક્ષ્મી-ભ્રષ્ટા નિજાં લક્ષ્મીં, પ્રાપ્નુવંતિ ન સંશયઃ. ૮૭

ભાર્યાર્થી લભતે ભાર્યાં, સુતાર્થી લભતે સુતમ્; વિત્તાર્થી લભતે વિત્તં, નરઃ સ્મરણમાત્રતઃ. ૮૮

સ્વર્ણેરૌપ્યે પટે કાંસ્યે, લિખિત્વા યસ્તુ પૂજયેત્; તસ્યૈ-વાષ્ટમહાસિદ્ધિ-ર્ગૃહે વસતિ શાશ્વતી. ૮૯

ભૂર્જપત્રે લિખિત્વેદં, ગલકે મૂર્ધ્નિ વા ભુજે; ધારિતં સર્વદા દિવ્યં, સર્વભીતિવિનાશકમ્. ૯૦

ભૂતૈઃ પ્રેતૈર્ગ્રહૈર્યક્ષૈઃ, પિશાચૈર્મુદ્ગલૈર્મલૈઃ; વાતપિત્ત-કફોદ્રેકૈર્મુચ્યતે નાત્ર સંશયઃ. ૯૧

ૐ ભૂર્ભુવઃસ્વસ્ત્રયીપીઠ-વર્તિનઃ શાશ્વતા જિનાઃ; તૈઃ સ્તુતૈર્વન્દિતૈર્દૃષ્ટૈ-ર્યત્ફલં તત્ફલં સ્મૃતૌ. ૯૨

એતદ્ ગોપ્યં મહાસ્તોત્રં ન દેયં યસ્ય કસ્યચિત્; મિથ્યાત્વવાસિનો દત્તે, બાલહત્યા પદે પદે. ૯૩

આચામ્લાદિતપઃ કૃત્વા, પૂજયિત્વા જિનાવલિમ્; અષ્ટા-સાહસ્રિકો જાપઃ, કાર્યસ્તત્સિદ્ધિહેતવે. ૯૪

શતમષ્ટોત્તરં પ્રાતર્યે પઠન્તિ દિને દિને; તેષાં ન વ્યાધયો દેહે, પ્રભવન્તિ ન ચાપદઃ. ૯૫

અષ્ટમાસાવધિ યાવત્, પ્રાતઃરુત્થાય યઃ પઠેત્, સ્તોત્રમેતન્મહાતેજસ્ત્વર્હદ્બિંબં સ પશ્યતિ. ૯૬

દૃષ્ટે સત્યાર્હતે બિંબે, ભવે સપ્તમકે ધ્રુવમ્; પદંપ્રાપ્નોતિ શુદ્ધાત્મા, પરમાનંદનંદિતઃ. ૯૭

વિશ્વવંદ્યો ભવેદ્ધ્યાતા, કલ્યાણાનિ ચ સોઽશ્નુતે; ગત્વા સ્થાનં પરં સોઽપિ, ભૂયસ્તુ ન નિવર્તતે. ૯૮

ઈદં સ્તોત્રં મહાસ્તોત્રં, સ્તુતીનામુત્તમં પદમ્. પઠનાત્ સ્મરણાજ્જાપાલ્લભતે પદમવ્યયમ્. ૯૯

ઋષિમંડલનામૈતત્ પુણ્યપાપપ્રણાશકમ્; દિવ્યતેજો મહાસ્તોત્રં, સ્મરણાત્ પઠનાચ્છુભમ્. ૧૦૦

વિઘ્નૌઘાઃ પ્રલયં યાન્તિ, આપદો નૈવ કર્હિચિત્; ઋદ્ધયઃ સ્મૃદ્ધયઃ સર્વાઃ સ્તોત્રાસ્યાસ્ય પ્રભાવતઃ. ૧૦૧

શ્રી વર્ધમાનશિષ્યેણ, ગણભૃદ્ગૌતમર્ષિણા; ઋષિમંડલનામૈતદ્ ભાષિતં સ્તોત્રમુત્તમમ્. ૧૦૨

## ૧૧. શ્રી જિનપંજર સ્તોત્રમ્

ૐ હ્રીં શ્રીં અર્હં અર્હદ્ભ્યો નમો નમઃ
ૐ હ્રીં શ્રીં અર્હં સિદ્ધેભ્યો નમો નમઃ
ૐ હ્રીં શ્રીં અર્હં આચાર્યેભ્યો નમો નમઃ
ૐ હ્રીં શ્રીં અર્હં ઉપાધ્યાયેભ્યો નમો નમઃ
ૐ હ્રીં શ્રીં અર્હં ગૌતમપ્રમુખસર્વસાધુભ્યો નમો નમઃ ૧

એષ પંચનમસ્કારઃ, સર્વપાપક્ષયકરઃ;
મંગલાનાં ચ સર્વેષાં, પ્રથમ ભવતિ મંગલમ્. ૨

ૐ હ્રીં શ્રીં જયે વિજયે અર્હું પરમાત્મને નમઃ,
કમલપ્રભસૂરીન્દ્રો, ભાષતે જિનપંજરમ્. ૩

એક ભક્તોપવાસેન, ત્રિકાલં યઃ પઠેદિદમ્;
મનોઽભિલષિતં સર્વં, ફલં સ લભતે ધ્રુવમ્. ૪

ભૂશય્યા-બ્રહ્મચર્યેણ, ક્રોધ-લોભવિવર્જિતઃ;
દેવતાગ્રે પવિત્રાત્મા, ષણ્માસૈર્લભતે ફલમ્. ૫

અર્હન્તુ સ્થાપયેન્મૂર્ધ્નિ, સિદ્ધં ચક્ષુર્લલાટકે;
આચાર્યં શ્રોત્રયોર્મધ્યે, ઉપાધ્યાયં તુ નાસિકે. ૬

સાધુવૃન્દં મુખસ્યાગ્રે, મનઃ શુદ્ધિં વિધાય ચ;
સૂર્ય-ચન્દ્રનિરોધેન, સુધીઃ સર્વાર્થ સિદ્ધયે. ૭

દક્ષિણે મદનદ્વેષી, વામપાર્શ્વે સ્થિતો જિનઃ;
અંગસંધિષુ સર્વજ્ઞઃ, પરમેષ્ઠી શિવંકરઃ. ૮

પૂર્વાશાં ચ જિનો રક્ષે-દાગ્નેયીં વિજિતેન્દ્રિયઃ;
દક્ષિણાશાં પરંબ્રહ્મ, નૈઋતીં ચ ત્રિકાલવિત્. ૯

પશ્ચિમાશાં જગન્નાથો, વાયવ્યાં પરમેશ્વરઃ;
ઉત્તરાં તીર્થકૃત સર્વામીશાનેઽપિ નિરંજનઃ. ૧૦

પાતાલં ભગવાનર્હન્નાકાશં પુરુષોત્તમઃ,
રોહિણિપ્રમુખા દેવ્યો, રક્ષન્તુ સકલં કુલમ્. ૧૧

ઋષભોમસ્તકં રક્ષેદજિતોઽપિ વિલોચનમ્;
સંભવઃ કર્ણયુગલે–ઽભિનન્દનસ્તુ નાસિકે. ૧૨

ઓષ્ઠૌ શ્રીસુમતી રક્ષે–દન્તાન પદ્મપ્રભો વિભુઃ;
જિહ્વાં સુપાર્શ્વદેવોઽયં, તાલુ ચન્દ્રપ્રભાભિધઃ. ૧૩

કંઠં શ્રીસુવિધીરક્ષેદ્, હૃદયં શ્રીસુશીતલઃ;
શ્રેયાંસો બાહુ યુગલં, વાસુપૂજ્યઃ કરદ્વયમ્. ૧૪

અંગુલીર્વિમલો રક્ષે–દનન્તોઽસૌ નખાનપિ;
શ્રી ધર્મોઽપ્યુદરાસ્થીનિ, શ્રી શાન્તિર્નાભિમંડલમ્. ૧૫

શ્રીકુંથુર્ગુહ્યકં રક્ષે – દરોલોમકટીતટમ્;
મલ્લિરૂરુપૃષ્ઠવંશં, જંઘે ચ મુનિસુવ્રતઃ. ૧૬

પાદાંગુલીર્નમી રક્ષેચ્છ્રીનેમિશ્ચરણદ્વયમ્;
શ્રી પાર્શ્વનાથઃ સર્વાંગં, વર્ધમાનશ્ચિદાત્મકમ્. ૧૭

પૃથ્વીજલતેજસ્ક, વાય્વાકાશમયં જગત્;
રક્ષેદશેષપાપેભ્યો, વીતરાગો નિરંજનઃ. ૧૮

રાજદ્વારે સ્મશાને ચ, સંગ્રામે શત્રુસંકટે;
વ્યાઘ્ર–ચૌરાગ્નિ–સર્પાદિભૂત– પ્રેતભયાશ્રિતે. ૧૯

અકાલે મરણે પ્રાપ્તે, દારિદ્ર્યાંપત્સમાશ્રિતે;
અપુત્રત્વે મહાદુઃખે, મુર્ખત્વે રોગપિડિતે. ૨૦

ડાકિની–શાકિની–ગ્રસ્તે, મહાગ્રહગણાર્દિતે;
નદ્યુત્તાતેઽધ્વવૈષમ્યે, વ્યસને ચાપદિ સ્મરેત્. ૨૧

પ્રાતરેવ સમુત્થાય, યઃ સ્મરેજ્જિનપંજરમ્;
તસ્ય કિંચિદ્ ભયં નાસ્તિ, લભતે સુખસંપદઃ. ૨૨

જિનપંજરનામેદં યઃ સ્મરેદનુવાસરમ્;
કમલપ્રભસૂરીન્દ્ર-શ્રિયં સ લભતે નરઃ. ૨૩

પ્રાતઃ સમુત્થાય પઠેત કૃતજ્ઞો, યઃ સ્તોત્રમેતજ્જિનપંજરસ્ય;
આસોદયેચ્છ્રિકમલપ્રભાખ્યં, લક્ષ્મી મનોવાંછિત પૂરણાય. ૨૪

શ્રીરુદ્રપલ્લીયવરેણ્યગચ્છે, દેવપ્રભાચાર્યપદાબ્જહંસઃ;
વાદીન્દ્રચૂડામણિરેષ જૈનો, જીયાદ્ ગુરુ શ્રીકમલપ્રભાખ્યઃ. ૨૫

## ૧૨. શ્રી ગ્રહશાંતિ સ્તોત્રમ્

જગદ્ગુરું નમસ્કૃત્ય, શ્રુત્વા સદ્ગુરુભાષિતમ્;
ગ્રહશાન્તિં પ્રવક્ષ્યામિ, ભવ્યાનાં સુખહેતવે. ૧

જન્મલગ્ને ચ રાશૌ ચ, યદા પિડન્તિ ખેચરાઃ;
તદા સંપૂજયેદ્ધીમાન્ ખેચરૈઃ સહિતાન્ જિનાન્. ૨

પુષ્પૈર્ગન્ધૈર્ધૂપદીપૈઃ, ફલ નૈવેદ્યસંયુતૈઃ;
વર્ણસદૃશદાનૈશ્ચ, વસ્ત્રૈશ્ચ દક્ષિણાન્વિતૈઃ. ૩

પદ્મપ્રભસ્ય માર્તંડ-શ્ચન્દ્રશ્ચન્દ્રપ્રભસ્ય ચ;
વાસુપૂજ્યો ભૂસુતશ્ચ, બુધોપ્યષ્ટ જિનેશ્વરાઃ. ૪

વિમલાનન્તધર્માઽરાઃ, શાંતિઃ કુંથુર્નમિસ્તથા;
વર્ધમાનો જિનેન્દ્રાણાં, પાદપદ્મે બુધો ન્યસેત. ૫

ઋષભાજિતસુપાર્શ્વા-શ્ચાભિનન્દન શીતલૌ;
સુમતિઃ સંભવસ્વામી, શ્રેયાંસશ્ચ બૃહસ્પતિઃ. ૬

સુવિધેઃ કથિતઃ શુક્રઃ, સુવ્રતસ્ય શનૈશ્ચરઃ;
નેમિનાથસ્ય રાહુઃ સ્યાત્ કેતુઃ શ્રી મલ્લિપાર્શ્વયોઃ. ૭

જિનાનામગ્રતઃ કૃત્વા, ગ્રહણાં શાન્તિહેતવે;
નમસ્કારશતં ભક્ત્યા, જપેદષ્ટોત્તરં શતમ્. ૮

ભદ્રબાહુરુવાચૈવં, પંચમઃ શ્રુતકેવલી;
વિદ્યાપ્રવાદતઃ પૂર્વાદ્, ગ્રહશાન્તિવિધિં શુભમ્. ૯

ૐ હ્રીં શ્રીં ગ્રહાશ્ચન્દ્રસૂર્યાગારકબુધ બૃહસ્પતિશુક્રશનૈશ્ચરરાહુકેતુસહિતાઃ ખેટા જિનપતિપુરતોઽવતિષ્ઠન્તુ, મમ ધનધાન્યજય-વિજય-સુખ-સૌભાગ્ય-ધૃતિ-કીર્તિ કાન્તિ-શાંતિ-તુષ્ટિ-પુષ્ટિ-બુદ્ધિ-લક્ષ્મી-ધર્માર્થકામદાઃ સ્યુઃ સ્વાહા.

## ૧૩. શ્રી પાર્શ્વનાથસ્ય મંત્રાધિરાજ સ્તોત્રમ્

શ્રી પાર્શ્વઃ પાતુ વો નિત્યં, જિનઃ પરમશંકરઃ;
નાથઃ પરમશક્તિશ્ચ, શરણ્યઃ સર્વકામદ. ૧

સર્વવિઘ્નહરઃ સ્વામી, સર્વસિદ્ધિપ્રદાયકઃ;
સર્વસત્ત્વહિતો યોગી શ્રીકરઃ પરમાર્થદઃ. ૨

દેવદેવઃ સ્વયંસિદ્ધ-શ્ચિદાનન્દમયઃ શિવઃ;
પરમાત્મા પરબ્રહ્મ, પરમઃ પરમેશ્વરઃ. ૩

જગન્નાથ સુરજ્યેષ્ઠો, ભૂતેશઃ પુરુષોત્તમઃ;
સુરેન્દ્રો નિત્યધર્મશ્ચ, શ્રીનિવાસઃ શુભાર્ણવઃ. ૪

સર્વઃ સર્વદેવેશઃ સર્વદઃ સર્વગોત્તમઃ;
સર્વાત્મા સર્વદર્શી ચ, સર્વ વ્યાપી જગદ્ગુરુઃ. ૫

તત્ત્વમૂર્તિઃ પરાદિત્યઃ, પરબ્રહ્મપ્રકાશકઃ;
પરમેન્દુઃ પરપ્રાણુઃ, પરમામૃતસિદ્ધિદઃ. ૬

અજઃ સનાતનઃ, શંભુરીશ્વરશ્ચ સદાશિવઃ;
વિશ્વેશ્વરઃ પ્રમોદાત્મા, ક્ષેત્રાધીશઃ શુભપ્રદઃ. ૭

સાકારશ્ચ નિરાકારઃ, સકલો નિષ્કલોઽવ્યયઃ;
નિર્મમો નિર્વિકારશ્ચ, નિર્વિકલ્પો નિરામયઃ. ૮

અમરશ્ચાજરોઽનન્ત, એકોઽનઙ્ગઃ શિવાત્મકઃ;
અલક્ષ્યશ્ચાપ્રમેયશ્ચ, ધ્યાનલક્ષ્યો નિરંજનઃ. ૯

ૐ કારાકૃતિરવ્યક્તો વ્યક્તરુપસ્ત્રીયીમયઃ;
બ્રહ્મદ્વય પ્રકાશાત્મા, નિર્ભયઃ પરમાક્ષરઃ. ૧૦

દિવ્યતેજોમયઃ શાંતઃ પરામૃતમયોઽચ્યુતતઃ;
આદ્યોઽનાદ્યઃ પરેશાનઃ, પરમેષ્ઠી પરઃ પુમાન્. ૧૧

શુદ્ધસ્ફટિકસંકાશઃ, સ્વયંભૂઃ પરમાચ્યુતઃ;
વ્યોમાકારસ્વરુપશ્ચ, લોકાઽલોકાવભાસકઃ. ૧૨

જ્ઞાનાત્મા પરમાનન્દ, પ્રાણારૂઢો મનઃસ્થિતિઃ;
મનઃસાધ્યો મનોધ્યેયો, મનોદશ્યઃ પરાપરઃ. ૧૩

સર્વતીર્થમયો નિત્યઃ, સર્વદેવમયઃ પ્રભુઃ;
ભગવાન્ સર્વતત્ત્વેશઃ શિવશ્રીસૌખ્યદાયકઃ. ૧૪

ઇતિ શ્રીપાર્શ્વનાથસ્ય, સર્વજ્ઞસ્ય જગદ્ગુરોઃ;
દિવ્યમષ્ટોત્તરં નામ-શતમત્ર પ્રકીર્તિતમ્. ૧૫

પવિત્રં પરમ ધ્યેયં, પરમાનન્દદાયકમ્;
ભુક્તિમુક્તિપ્રદં નિત્યં પઠતે મંગલપ્રદમ્. ૧૬

શ્રી મત્પરમકલ્યાણ-સિદ્ધિદઃ શ્રેયસેઽસ્તુ વઃ;
પાર્શ્વનાથજિનઃ શ્રીમાન્ ભગવાન્ પરમઃ શિવઃ. ૧૭

ધરણેન્દ્રફણચ્છત્રા-લંકૃતો વઃ શ્રિયં પ્રભુઃ;
દદ્યાત્ પદ્માવતીદેવ્યા, સમાધિષ્ઠિતશાસનઃ. ૧૮

ધ્યાયેત્ કમલમધ્યસ્થ-શ્રીપાર્શ્વજગદીશ્વરમ્;
ૐ હ્રીં શ્રીં હ્રૂઃ સમાયુક્તં, કેવલજ્ઞાનભાસ્કરમ્. ૧૯

પદ્માવત્યાન્વિતં વામે ધરણેન્દ્રેણ દક્ષિણે;
પરિતોઽષ્ટદલસ્થેન, મન્ત્રરાજેન સંયુતમ્. ૨૦

અષ્ટપત્રસ્થિતૈઃ પંચ-નમસ્કારૈસ્તથા ત્રિભિઃ;
જ્ઞાનાદ્યૈર્વેષ્ટિતં નાથં, ધર્માર્થકામમોક્ષદમ્. ૨૧

શતષોડશદલારૂઢં, વિદ્યાદેવીભિરન્વિતમ્;
ચતુર્વિંશતિપત્રસ્થં, જિનં માતૃસમાવૃતમ્. ૨૨

માયાવેષ્ટત્રયાગ્રસ્થં, ક્રૌંકારસહિતં પ્રભુમ્;
નવગ્રહાવૃતં દેવં, દિક્પાલૈર્દશભિર્વૃતમ્. ૨૩

ચતુષ્કોણેષુ મન્ત્રાદ્ય-ચતુર્બીજાન્વિતૈર્જિનૈઃ;
ચતુરષ્ટદશદ્વિતિ, દ્વિર્ધાંકસંજ્ઞકૈર્યુતમ્. ૨૪

દિક્ષુક્ષકારયુક્તેન, વિદિક્ષુ લાંકિતેન ચ;
ચતુરસ્રેણ વજ્રાઙ્ક-ક્ષિતિતત્ત્વે પ્રતિષ્ઠિતમ્. ૨૫

શ્રીપાર્શ્વનાથમિત્યેવં, યઃ સમારાધયેજ્જિનમ્;
તં સર્વપાપનિર્મુક્તં, ભજતે શ્રીઃ શુભપ્રદા. ૨૬

જિનેશઃ પૂજિતો ભક્ત્યા, સંસ્તુતઃ પ્રસ્તુતોઽથવા;
ધ્યાતસ્ત્વં, યૈઃ ક્ષણં વાપિ, સિદ્ધિસ્તેષાં મહોદયા. ૨૭

શ્રી પાર્શ્વમન્ત્રરાજાન્તે, ચિન્તામણિગુણાસ્પદમ્;
શાન્તિપુષ્ટિકરં નિત્યં, ક્ષુદ્રોપદ્રવનાશનમ. ૨૮

ઋદ્ધિ-સિદ્ધિ-મહાબુદ્ધિ-ધૃતિ-શ્રી-કાન્તિ-કીર્તિદમ્;
મૃત્યુંજયં શિવાત્માનં, જપન્નાનન્દિતો જનઃ. ૨૯

સર્વકલ્યાણપૂર્ણઃ સ્યાદ્, જરામૃત્યુવિવર્જિતઃ;
અણિમાદિમહાસિદ્ધિં, લક્ષજાપેન ચાપ્નુયાત્. ૩૦

પ્રાણાયામમનોમન્ત્ર-યોગાદમૃતમાત્મનિ;
ત્વા માત્માનં શિવં ધ્યાત્વા, સ્વામિન્! સિધ્યન્તિ જન્તવઃ ૩૧

હર્ષદઃ કામદશ્ચેતિ રિપુઘ્નઃ સર્વસૌખ્યદઃ;
પાતુ વઃ પરમાત્માન-ન્દલક્ષણઃ સંસ્મૃતો જિનઃ. ૩૨

તત્ત્વરૂપમિદં સ્તોત્રં, સર્વમંગલસિદ્ધિદમ્;
ત્રિસન્ધ્યં યઃ પઠેન્નિત્યં, નિત્યં પ્રાપ્નોતિ સ શ્રિયમ્ ૩૩

## ૧૪. શ્રી ઘંટાકર્ણ મહામંત્ર

ૐ ઘંટાકર્ણો મહાવીરઃ સર્વ વ્યાધિવિનાશકઃ,
વિસ્ફોટકભયે પ્રાપ્તે રક્ષ રક્ષ મહાબલ! ૧

યત્ર ત્વં તિષ્ઠસે દેવ! લિખિતોઽક્ષરપંક્તિભિઃ,
રોગાસ્તત્ર પ્રણશ્યન્તિ. વાતપિત્તકફોદ્‌ભવાઃ. ૨

તત્ર રાજભયંનાસ્તિ, યાન્તિ કર્ણેજપાત્ ક્ષયમ્;
શાકિની ભૂતવેતાલાઃ, રાક્ષસાઃ પ્રભવન્તિ ન. ૩

નાઽકાલે મરણં તસ્ય, ન ચ સર્પેણ દૃશ્યતે;
અગ્નિચોરભયં નાસ્તિ, હ્રીં ઘંટાકર્ણો નમોસ્તુતે
ઠઃ ઠઃ ઠઃ સ્વાહા. ૪

## ૧૫. રોગાદિકની શાન્તિને માટે

રોગશોકાદિભિર્દોષૈ રજિતાય જિતારયે;
નમઃ શ્રી શાંતયે તસ્મૈ, વિહિતાનંતશાંતયે. ૧

શ્રી શાંતિજિન–ભક્તાય, ભવ્યાય સુખસંપદામ્;
શ્રી શાંતિદેવતા દેયા,–દશાંતિ–મપનીયતે. ૨

અંબા નિહિત–ડિંભા મે, સિદ્ધ–બુદ્ધ–સમન્વિતા;
સિતે સિંહે સ્થિતા ગૌરી, વિતનોતુ સમીહિતમ્. ૩

ધરાધિપતિ–પત્ની યા, દેવી પદ્માવતી સદા;
ક્ષુદ્રોપદ્રવતઃ સા માં, પાતુ ફુલ્લત્ફણાવલી. ૪

ચંચચ્ચક્રધરા ચારૂ, પ્રવાલ-દલ-દીધિતિ:;
ચિરં ચક્રેશ્વરી દેવી, નંદતા-દવતાચ્ચ માં. ૫
ખડ્ગ-ખેટક-કોદંડ-બાણ-પાણિ સ્તડિદ્દ્યુતિ:;
તુરંગ-ગમનાચ્છુપ્તા, કલ્યાણાનિ કરોતુ મે. ૬
મથુરાયાં સુપાર્શ્વ-શ્રી:, સુપાર્શ્વ-સ્તુપ-રક્ષિકા:
શ્રી કુબેરા નરારૂઢા, સુતાંકાવતુ વો ભયાત્. ૭
બ્રહ્મશાન્તિ: સ માં પાયા,-દપાયાદ્ વીર સેવક:;
શ્રીમદ્ વીરપુરે સત્યા, યેન કીર્તિ: કૃતા નિજા. ૮
શ્રી શક્ર-પ્રમુખા યક્ષા, જિન-શાસન-સંસ્થિતા:;
દેવ દેવ્ય સ્તદન્યેપિ, સંઘં રક્ષંત્વપાયત:. ૯
શ્રીમદ્ વિમાન-મારૂઢા, યક્ષ માતંગ-સંગતા;
સા માં સિદ્ધાયિકા પાતુ, ચક્રચાપેષુ ધારિણી. ૧૦

ૐ નમો તુહં દંસણેણ સામિય, પણાસએ રોગ-સોગ દોહગ્ગં; કપ્પદુમેવ જાયઈ, તુહ દંસણં પસમસ્સ-ફલહેઉ ૧. હ્રીં સ્વાહા. ૐ નમ એવ પણવ-સહિયં, માયાબીએણ ધરણ -નાગિંદં; સિરિકામરાય-કલિયં, પાસજિણિંદં નમંસામિ ૨. હ્રીં સ્વાહા. ૐ અટ્ઠેવ ય અટ્ઠસયા અટ્ઠસહસ્સા ય અટ્ઠ કોડીઓ; રક્ખંતુ મે સરીરં દેવાસુર-પણમિઆ સિદ્ધા ૩. હ્રીં સ્વાહા. ૐ થંભેઇ જલ-જલણં, ચિંતિયમિત્તો ય પંચ નમુક્કારો; અરિ મારિ ચોર રાઉલ, ઘોરૂ વસગ્ગં નિવારેઇ ૪. હ્રીં સ્વાહા. ૐ ક્ષેમં ભવતુ સુભિક્ષં, સસ્યં, નિષ્પદ્યતાં જયતુ; ધર્મ: શામ્યંતુ સર્વ રોગા, યે કેચિદુપદ્રવા લોકે. ૫. ૐ સ્વાહા.

## ૧૬. શ્રી શત્રુંજય લઘુકલ્પ

અઇમુત્તય કેવલિણા, કહિઅં સેત્તુંજતિત્થમાહપ્પં;
નારયરિસિસ્સ પુરઓ, તં નિસુણહ ભાવઓ ભવિઆ. ૧

સેત્તુંજે પુંડરીઓ, સિદ્ધો મુણિકોડિપંચસંજુત્તો;
ચિત્તસ્સ પુણ્ણિમાએ, સો ભણ્ઇ તેણ પુંડરિઓ. ૨

નમિ વિનમિ રાયાણો, સિદ્ધા કોડિહિં દોહિં સાહૂણં;
તહ દવિડ વારિખિલ્લા, નિવ્વુઆ દસ ય કોડિઓ. ૩

પજ્જુન્ન સંબ પમુહા, અદ્ધુટ્ઠાઓ કુમાર કોડિઓ;
તહ પંડવા વિ પંચ ય, સિદ્ધિ ગયા નારયરિસી ય. ૪

થાવચ્ચાસુય સેલગા ય, તુણિણો વિ તહ રામમુણિ;
ભરહો દસરહપુત્તો, સિદ્ધા વંદામિ સેત્તુંજે. ૫

અન્ને વ ખવિયમોહા, ઉસભાઇ વિસાલ વંસસંભૂઆ;
જે સિદ્ધા સેત્તુંજે, તં નમહ મુણિ અસંખિજ્જા. ૬

પન્નાસ જોયણાઇં, આસી સેત્તુજવિત્થરો મૂલે;
દસ જોયણ સિહરતલે ઉચ્ચત્તણે જોયણા અટ્ઠ. ૭

જં લહઇ અન્નતિત્થે, ઉગ્ગેણ તવેણ બંભચેરેણ;
તં લહઇ પયત્તેણું, સેત્તંજેગિરિમ્મિ નિવસંતો. ૮

જં કોડીએ પુણ્ણં, કામિયઆહાર ભોઇયા જેઉ;
તં લહઇ તત્થ પુણ્ણં, એગોવવાસેણ સેત્તુંજે. ૯

જં કિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
તં સવ્વમેવ દિટ્ઠં, પુંડરિએ વંદિએ સંતે. ૧૦

પડિલાભંતે સંઘં, દિટ્ઠમદિટ્ઠે ય સાહૂ સેત્તુંજે;
કોડિગુણં ચ અદિટ્ઠે, દિટ્ઠે અ અણંતયં હોઈ. ૧૧

કેવલનાણુપ્પત્તી, નિવ્વાણં આસિ જત્થ સાહૂણં;
પુંડરિએ વંદિતા, સવ્વે તે વંદિયા તત્થ. ૧૨

અટ્ઠાવય સમ્મેએ પાવા ચંપાઇ ઉજ્જિંતનગે ય;
વંદિત્તા પુણ્ણફલં, સયગુણં તં પિ પુંડરિએ. ૧૩

પૂઆકરણે પુણ્ણં, એગગુણં સયગુણં ચ પડિમાએ;
જિણભવણેણ સહસ્સં, ણંતગુણં પાલણે હોઈ. ૧૪

પડિમં ચેઇહરં વા, સિત્તુંજગિરિસ્સ મત્થએ કુણઇ;
ભુત્તૂણ ભરહવાસં વસઇ સગ્ગે નિરુવસગ્ગે. ૧૫

નવકાર પોરિસીએ, પુરિમડ્ઢે-ગાસણં ચ આયામં;
પુંડરીયં ચ સરંતો, ફલકંખી કુણઈ અભત્તટ્ઠં. ૧૬

છટ્ઠ-અટ્ઠમ-દસમ-દુવાલસાણં, માસદ્ધમાસખવણાણં;
તિરગણસુદ્ધો લહઇ, સેત્તુંજં સંભરંતો અ. ૧૭

છટ્ઠેણં ભત્તેણં, અપ્પાણેણં તુ સત્ત જત્તાઈં;
જો કુણઇ સેત્તુંજે, તઇયભવે લહઇ સો મુક્ખં. ૧૮

અજ્જ વિ દીસઇ લોએ, ભત્તં ચઉઊણ પુંડરીયનગે;
સગ્ગે સુહેણ વચ્ચઈ, સીલવિહૂણો વિ હોઊણં. ૧૯

છત્તં ઝયં પડાગં, ચામર-ભિંગાર-થાલદાણેણં;
વિજ્જાહરો અ હવઈ, તહ ચક્કી હોઇ હોઇ રહદાણા. ૨૦

દસ વીસ તીસ ચત્તા, લખ્ખ પન્નાસ પુપ્ફદામદાણેણ;
લહઇ ચઉત્થ-છટ્ઠ-અટ્ઠમ-દસમ-દુવાલસ-ફલાઈં. ૨૧

ધૂવે પક્ખુવવાસો માસક્ખમણં કપૂરધુવમ્મિ;
કિત્તિય માસક્ખમણં, સાહૂ પડિલાભિએ લહઈ. ૨૨

ન વિ તં સુવણ્ણભૂમિ-ભૂસણદાણેણ અન્નતિત્થેસુ;
જં પાવઈ પૂણ્ણં ફલં, પૂઆ ન્હવણેણ સિત્તુંજે. ૨૩

કંતાર-ચોર-સાવય-સમુદ્દ-દારિદ્દ-રોગ-રિઉ-રુદ્દા;
મુચ્ચંતિ અવિગ્ઘેણં, જે સેત્તુંજં ધરન્તિ મણે. ૨૪

સારાવલીપયન્નગ-ગાહાઓ, સુઅહરેણ ભણિઆઓ;
જો પઢઇ ગુણઈ નિસુણઇ, સો લહઇ સિત્તુંજ-જત્તફલં. ૨૫

ઇતિ શ્રી શત્રુંજય લઘુકલ્પ.

## ૧૭ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ.

(૧)

પાસ શંખેશ્વરા, સાર કર સેવકા, દેવકા એવડી વાર લાગે;
કોડી કર જોડી, દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માગે.
પાસ. ૧

પ્રગટ થા પાસજી, મેલી પડદો પરો, મોહ અસુરાણને આપ છોડો;
મુજ મહીરાણ મંજૂષમાં પેસીને, ખલકના નાથજી બંધ ખોલો.
પાસ. ૨

જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમ શું આજ જિનરાજ ઉંઘે;
મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ તત્કાળ મોંઘે.
પાસ. ૩

ભીડ પડી જાદવા જોર લાગી જરા, તત્ક્ષણે ત્રિકમે તુજ સંભાર્યો;
પ્રગટ પાતાળથી પલકમાં તેં પ્રભુ, ભક્તજન તેહનો ભય નિવાર્યો.
પાસ. ૪

આદિ અનાદિ અરિહંત તું એક છે, દીનદયાળ છે કોણ દૂજો;
ઉદયરત્ન કહે પ્રગટ પ્રભુ પ્રાસજી, પામી ભયભંજનો એહ પૂજો.
પાસ. ૫

( ૨ )

સેવો પાસ શંખેશ્વરો મન શુદ્ધે,
નમો નાથ નિશ્ચે કરી એક બુદ્ધે;
દેવી દેવલા અન્યને શું નમો છો ?
અહો ભવ્ય લોકો ભૂલા કાં ભમો છો ? ૧

ત્રિલોકના નાથને શું તજો છો ?
પડ્યા પાસમાં ભૂતને કાં ભજો છો ?
સુરધેનુ છંડી અજા શું જચો છો ?
મહાપંથ મૂકી કુપંથે વ્રજો છો ? ૨

તજે કોણ ચિંતામણિ કાચ માટે ?
ગ્રહે કોણ રાસભને હસ્તી સાટે;
સુરદ્રુમ ઉખાડી કોણ આક વાવે ?
મહામૂઢ તે આકુલા અંત પાવે. ૩

કિંહાં કાંકરો ને કિંહા મેરૂ શૃંગ ?
કિંહા કેસરી ને કિંહા તે કુરંગ ?
કિંહા વિશ્વનાથં કિંહા અન્ય દેવા ?
કરો એક ચિત્તે પ્રભુ પાસ સેવા. ૪

પૂજો દેવી પ્રભાવતી પ્રાણનાથં,
સહુ જીવને જે કરે છે સનાથં;
મહાતત્ત્વ જાણી સદા જેહ ધ્યાવે,
તેના દુઃખ દારિદ્ર દૂરે પલાવે. ૫

પામી માનુષો ને વૃથા કાં ગમો છો ?
કુશીલે કરી દેહને કાં દમો છો ?
નહિ મુક્તિવાસં વિના વિતરાગં,
ભજો ભગવતં તજો દૃષ્ટિરાગં. ૬

ઉદયરત્ન ભાખે સદા હિત આણી,
દયા ભાવ કીજે પ્રભુ દાસ જાણી;
આજ માહરે મોતીડે મેહ વુઠ્યા,
પ્રભુ પાસ શંખેશ્વરો આપ તુઠ્યા. ૭

## ૧૮. શ્રી ગૌતમસ્વામિનો છંદ

(૧)

વીર જિનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિશ;
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન. ૧

ગૌતમ નામે ગિરિવર ચઢે, મનવાંછિત હેલા સંપજે;
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ. ૨

જે વૈરી વિરૂઆ વંકડા, તસ નામે નાવે ઢૂકડા;
ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમના કરું વખાણ. ૩

ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય;
ગૌતમ જિન શાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર. ૪

શાલ દાલ સુરહા ઘૃત ગોળ, મનવાંછિત કાપડ તંબોળ;
ઘર સુઘરણી નિર્મળ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત. ૫

ગૌતમ ઉદયો અવિચલ ભાણ, ગૌતમ નામ જપો જગજાણ;
મોટા મંદિર મેરુ સમાન, ગૌતમ નામે સફળ વિહાણ. ૬

ઘર મયગલ ઘોડાની જોડ, વારૂ પહોંચે વંછિત કોડ;
મહિયલ માને મોટા રાય, જો તૂઠે ગૌતમના પાય. ૭

ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે;
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન. ૮

પુણ્યવંત અવધારો સહુ, ગુરુ ગૌતમના ગુણ છે બહુ;
કહે લાવણ્ય સમય કર જોડ, ગૌતમ તૂઠે સંપત્તિ ક્રોડ. ૯

(૨)

માત પૃથ્વીસુત પ્રાતઃ ઊઠી નમો,
ગણધર ગૌતમ નામ ગેલે;
પ્રહ સમે પ્રેમશું જેહ ધ્યાતા સદા,
ચઢતી કલા હોય વંશ વેલે. માત૦ ૧

વસુભૂતિ નંદન વિશ્વજન વંદન,
દુરિત નિકંદન નામ જેહનું;
અભેદ બુદ્ધે કરી ભવિજન જે ભજે,
પૂર્ણ પહોંચે સહી ભાગ્ય તેનું. માત૦ ૨

સુરમણિ જે ચિંતામણિ સુરતરુ,
કામિત પૂરણ કામધેનુ;
એહુ જ ગૌતમતણું ધ્યાન હૃદયે ધરો,
જેહુ થકી અધિક નહિ મહાત્મ્ય કેહનું. માત૦ ૩

જ્ઞાન બલ તેજ ને સકલ સુખ સંપદા,
ગૌતમ નામથી સિદ્ધિ પામે;
અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનિમાં,
સુરનર જેહને શિશ નામે. માત૦ ૪

પ્રણવ આદે ધરી માયા બીજે કરી,
સ્વમુખે ગૌતમ નામ ધ્યાવે;
કોડિ મનકામના સકલ વેગે ફળે,
વિઘ્ન વૈરી સવિ દૂર જાવે. માત૦ ૫

દુષ્ટ દૂરે ટળે સ્વજનમેળો મલે,
આધિ ઉપાધિ ને વ્યાધિ નાસે;
ભૂતને પ્રેતના જોર ભાંજે વળી,
ગૌતમ નામ જપતાં ઉલ્લાસે. માત૦ ૬

તીર્થ અષ્ટાપદે આપ લબ્ધે જઈ,
પંદરસે ત્રણને દિક્ખ દીધી;
અટ્ઠમ પારણે તાપસ કારણે,
ક્ષીર લબ્ધે કરી અખૂટ કીધી. માત૦ ૭

પચાસ વરસ લગે ગૃહવાસે વસ્યા,
વરસ વળી ત્રીસ કરી વીર સેવા;

બાર વરસા લગે કેવળ ભોગવ્યું,
ભક્તિ જેહની કરે નિત્ય દેવા. માત૦ ૮
મહિયલ ગૌતમ ગોત્ર મહિમાનિધિ,
ઋદ્ધિને સિદ્ધિ સુખ કીર્તીદાઈ;
ઉદય જસ નામથી અધિક લીલા લહે,
સુજસ સૌભાગ્ય દોલત સવાઈ. માત૦ ૯

## ૧૯. શ્રી ગૌતમાષ્ટક સ્તોત્રમ્

શ્રી ઇંદ્રભૂતિ વસુભૂતિ પુત્રં, પૃથ્વીભવં ગૌતમ ગોત્ર રત્નમ્;
સ્તુવન્તિ દેવાસુર માનવેન્દ્રાઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૧
શ્રી વર્ધમાનાત્ ત્રિપદીં વાપ્ય, મુહૂર્ત માત્રેણ કૃતાનિ યેન;
અંગાનિ પૂર્વાણિ ચતુર્દશાપિ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૨
શ્રી વીરનાથેન પુરા પ્રણીતં, મંત્રં મહાનંદ સુખાય યસ્ય;
ધ્યાયન્ત્યમી સૂરિવરાઃ સમગ્રાઃ સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૩
યસ્યાભિધાનં મુનયોપિ સર્વે, ગૃહ્ણન્તિ ભિક્ષા ભ્રમણસ્ય કાલે;
મિષ્ટાન્ન પાનાંબર પૂર્ણ કામાઃ સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૪
અષ્ટાપદાદ્રૌ ગગને સ્વશક્ત્યા, યયૌ જિનાનાં પદવંદનાય;
નિશમ્ય તીર્થાતિશયં સુરેભ્યઃ સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૫
ત્રિપંચ સંખ્યા શત તાપસાનાં, તપ કૃશાનામ્ પુનર્ભવાય;
અક્ષીણ લબ્ધ્યા પરમાન્નદાતા, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૬
સદક્ષિણં ભોજનમેવ દેયં, સાધર્મિકં સંઘ સપર્યયેવ;
કૈવલ્ય વસ્ત્રં પ્રદદૌ મુનિનાં, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૭

શિવં ગતે ભર્તરિ વીરનાથે, યુગપ્રધાનત્વમિહૈવ મત્વા;
પટ્ટાભિષેકો વિદધે સુરેન્દ્રૈઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૮

ત્રૈલોક્ય બીજં પરમેષ્ઠિ બીજં, સત્જ્ઞાન બીજં જિનરાજ બીજં;
યન્નામ ચોક્તં વિદધાતિ સિદ્ધિં, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૯

શ્રી ગૌતમસ્યાષ્ટકમાદરેણ, પ્રબોધકાલે મુનિપુંગવાયે;
પઠન્તિ તે સૂરિપદં સદૈવા-નંદં લભન્તે નિતરાં ક્રમેણ.૧૦

## ૨૦. શ્રી મંત્રાધિરાજ અષ્ટક

જેનો મહાન મહિમા સઘળે ગવાય,
પુન્યોદયે જન ભજે સહુ કષ્ટ જાય;
શ્રી કલ્પવૃક્ષ મનવંછિત પુન્ય કામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિ પદે પ્રણામ. ૧

શ્રી શ્વેતવર્ણ અરિહંત સુરક્ત સિદ્ધ,
આચાર્ય પિત શુભ વાચક નીલ બદ્ધ;
શ્યામાંગ દિવ્ય મુનિજી અતિ પુન્ય નામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિ પદે પ્રણામ. ૨

સમ્યક્ત્વ ભાવમય દર્શન જ્ઞાન આપે,
ચારિત્ર જ્ઞાનબળથી ભવિ દુઃખ કાપે;
ચારિત્રથી તપ મળે શુભ મુક્તિ ધામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિ પદે પ્રણામ. ૩

ચક્રેશ્વરી વિમલદેવ કરે સહાય,
પુન્યે કૃપામય સુદ્રષ્ટિ કદિ પમાયુ;

સર્વોચ્ચ પંચ પરમેષ્ઠિતણું જ કામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિપદે પ્રણામ. ૪

સંગ્રામ સાગર જલે વિપિને મૂંઝાય,
આપત્તિ સિંહ અહિ વ્યાઘ્ર તણી જણાય;
ત્યાં દિવ્ય મંત્ર નવકાર અખૂટ કામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિપદે પ્રણામ. ૫

દારિદ્ર રોગ જનના સહુ કષ્ટ ટાળે,
સંપત્તિ પુત્ર વનિતા સુખ માર્ગ વાળે;
એવો મહાન્ નવકાર સુહર્ષ ધામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિ પદે પ્રણામ. ૬

શ્રીપાળ રાણી મદના ધરણેન્દ્ર આદિ,
પલ્લિપતિ અમર કંબલ શંબલાદિ;
પામ્યા બધા રટણથી શુચિ દિવ્ય ઠામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિ પદે પ્રણામ. ૭

એવો મહાન્ શુચિમંત્ર મનુષ્ય પામે,
સંસારના ત્રિવિધ તાપ બધા વિરામે;
દેવેન્દ્ર કિંકર રટે મુખ અષ્ટ યામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિપદે પ્રણામ. ૮

## ૨૧. પ્રાતઃ સ્મરણીય શિયળવાન પંચક

લબ્ધિવંત ગૌતમ ગણધાર, બુદ્ધિમાંહે શ્રી અભયકુમાર;
પ્રહ ઊઠીને કરી પ્રણામ, શિયળવંતના લીજે નામ. ૧

પહેલા નેમિ જિનેશ્વરરાય, બાળ બ્રહ્મચારી લાગું પાય;
બીજા જંબૂકુમાર મહાભાગ, રમણી આઠનો કીધો ત્યાગ. ૨

ત્રીજા સ્થુલિભદ્ર સુજાણ, કોશ્યા પ્રતિબોધિ ગુણખાણ;
ચોથા સુદર્શન શેઠ ગુણવંત, જેણે કીધો ભવનો અંત. ૩

પાંચમા વિજય શેઠ નરનાર, શિયળ પાળી ઉતર્યા ભવપાર;
એ પાંચને વિનતિ કરે, ભવસાગર તે હેલા તરે. ૪

## ૨૨. પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ

(૧)

અર્હન્તો ભગવંત ઈન્દ્ર મહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ;
શ્રી સિદ્ધાન્ત સુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ,
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્.

(૨)

પૂર્ણાનંદમયં મહોદયમયં, કૈવલ્ય ચિદ્દૃગ્મયં,
રૂપાતીતમયં સ્વરૂપરમણં, સ્વાભાવિકી શ્રીમયમ્;
જ્ઞાનોદ્યોતમયં કૃપારસમયં, સ્યાદ્વાદ વિદ્યાલયં,
શ્રી સિદ્ધાચલ તીર્થરાજમનિશં, વન્દેઽહમાદીશ્વરમ્.

(૩)

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમ પ્રભુ;
મંગલં સ્થુલભદ્રાદ્યા, જૈનો ધર્મોઽસ્તુ મંગલમ્.

(૪)

નમસ્કાર સમો મંત્ર, શત્રુંજય સમો ગિરિ;
વીતરાગ સમો દેવો, ન ભૂતો ન ભવિષ્યતિ.

(૫)

ૐકારબિન્દુ સંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ;
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમઃ.

(૬)

જયઇ જગજીવ જોણી, વિયાણુઓ જગગુરુ જગાણંદો,
જગનાહો જગબંધો, જયઇ જગપ્પિયા મહો ભયવં;
જયઇ સુઆણં પભવો, તિત્થયરાણં અપચ્છિમો જયઈ,
જયઈ ગુરુલોગાણં, જયઇ મહાપ્પા મહાવીરો.

(૭)

શ્રી આદિશ્વર શાંતિ નેમિજિનને, શ્રી પાર્શ્વ વીર પ્રભો,
એ પાંચે જિનરાજ આજ પ્રણમું, હેતે કરી હે વિભો;
કલ્યાણે કમલા સદૈવ વિમલા, વૃદ્ધિ પમાડો અતિ,
એવા ગૌતમસ્વામિ લબ્ધિ ભરીયા, આપો સદા સન્મતિ.

(૮)

છે પ્રતિમા મનોહારિણી દુઃખહરી, શ્રી વીરજિણંદની;
ભક્તોને છે સર્વદા સુખકરી, જાણે ખીલી ચાંદની;
આ પ્રતિમાના ગુણ ભાવ ધરીને, જે માણસો ગાય છે;
પામી સઘળા સુખ તે જગતના, મુક્તિ ભણી જાય છે.

(૯)

નેત્રાનંદકરી ભવોદધિતરી, શ્રેયસ્તરોર્મંજરી;
શ્રીમદ્ ધર્મ મહાનરેન્દ્ર નગરી, વ્યાપલ્લતા ધૂમરી;
હર્ષોત્કર્ષ શુભ પ્રભાવલહરી, રાગ દ્વિષાં જિત્વરી;
મૂર્તિઃ શ્રી જિન પુંગવસ્ય ભવતુ, શ્રેયસ્કરી દેહિનામ્.

(૧૦)

દર્શનં દેવ દેવસ્ય, દર્શનં પાપ નાશનમ્;
દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષ સાધનમ્.

(૧૧)

જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે, તે દૃષ્ટિને પણ ધન્ય છે;
જે જીભ જિનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે;
પીયે મુદા વાણી સુધા, તે કર્ણયુગને ધન્ય છે;
તુજ નામમંત્ર વિશદ ધરે, તે હૃદયને પણ ધન્ય છે.

(૧૨)

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિ હરાય નાથ,
તુભ્યં નમઃ ક્ષિતિતલામલ ભૂષણાય;
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય;
તુભ્યં નમો જિન ભવોદધિ શોષણાય.

(૧૩)

આવ્યો શરણે તમારા, જિનવર! કરજો, આશ પુરી અમારી;
નાવ્યો ભવપાર મારો, તુમ વિણ જગમાં, સાર લે કોણ મારી;
ગાયો જિનરાજ! આજે, હરખ અધિકથી, પરમ આનંદકારી;
પાયો તુમ દર્શનાસે, ભવભય ભ્રમણા, નાથ! સર્વે અમારી.

(૧૪)

અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;
શ્રી ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફળ દાતાર.

(૧૫)

દેખી મૂર્તિ ઋષભજિનની, નેત્ર મારા ઠરે છે,
ને આ હૈયું ફરી ફરી પ્રભુ, ધ્યાન તારું ધરે છે;
આત્મા મારો પ્રભુ તુજ કને, આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં, માહરી આશ એ છે.

(૧૬)

લાગે છે આ દિવસ સઘળો, આજ આનંદકારી,
દેખી શૃંગો સિદ્ધગિરિ તણાં, સૌખ્ય સૌન્દર્યકારી;
આત્માનંદી ગુરુ ગુણ ગ્રહે, ભક્તિ ભાવેથી પૂર્ણ,
તે માટે શ્રી ગિરિવર કરો, પાપ સઘળા જ ચૂર્ણ.

(૧૭)

અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ;
તસ્માત્ કારુણ્ય ભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર.

(૧૮)

જિને ભક્તિર્જિને ભક્તિ, જિંને ભક્તિર્દિને દિને;
સદા મેઽસ્તુ સદા મેઽસ્તુ, સદા મેઽસ્તુ ભવે ભવે.

(૧૯)

દીક્ષા ગ્રહી પ્રથમ તીર્થ તમે જ સ્થાપ્યું,
કંઈ ભવ્યનું કઠિન દુઃખ અનંત કાપ્યું;
એવા પ્રભુ પ્રણમીએ પ્રણયે તમોને,
મેવા પ્રભુ શિવતણા અર્પો અમોને.

( ૨૦ )

ગયા ગંગાતીરે, અવધિબળથી નાગ બળતો,
દીઠો દીધી શિક્ષા, તપસ્વી જન તે ક્રોધ કરતો;
નિયાણું બાંધી તે, મરી કમઠ થઈ કષ્ટ કરતો,
કરુણા વારિધે, લળી લળી નમું વાર શતસો.

( ૨૧ )

જે પ્રભુના અવતારથી અવનિમાં, શાંતિ બધે વ્યાપતી,
જે પ્રભુની સુપ્રસન્ન ને અમીભરી, દૃષ્ટિ દુઃખો કાપતી;
જે પ્રભુએ ભર યૌવને વ્રત ગ્રહી, ત્યાગી બધી અંગના,
તે તારક જિનદેવના ચરણમાં, હોજો સદા વંદના.

( ૨૨ )

પ્રભુ દર્શન સુખ સંપદા, પ્રભુ દર્શન નવનિધ;
પ્રભુ દર્શનથી પામીએ, સકલ પદારથ સિદ્ધ. ૧

ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન. ૨

જીવડા જિનવર પૂજીએ, પૂજાના ફળ હોય;
રાજા નમે પ્રજા નમે, આણ ન લોપે કોય. ૩

ફુલડા કેરા બાગમાં, બેઠા શ્રી જિનરાજ;
જેમ તારામાં ચંદ્રમા, તેમ શોભે મહારાજ. ૪

પાંચ કોડીને ફુલડે, પામ્યા દેશ અઢાર;
રાજા કુમારપાળનો, વર્ત્યો જય જયકાર. ૫

પ્રભુ નામની ઔષધિ, ખરા ભાવથી ખાય;
રોગ શોક આપે નહિ, સંકટ સવિ દૂર જાય. ૬

ત્રિભુવન નાયક તું ધણી, મહા મોટો મહારાજ;
મોટે પુન્યે પામીયો, તુમ દર્શન હું આજ. ૭

આજ મનોરથ સવિ ફળ્યા, પ્રગટ્યા પુન્ય કલ્લોલ;
પાપ કરમ દૂરે ટળ્યા, નાઠા દુઃખ દંદોલ. ૮

પંચમ કાળે પામવો, દુલહો પ્રભુ દેદાર;
તો પણ તેના નામનો, છે મોટો આધાર. ૯

## ૨૩. શ્રી તીર્થ સ્તુતિ

ખ્યાતોઽષ્ટાપદ પર્વતો ગજપદઃ, સમ્મેત શૈલાભિધઃ,
શ્રીમાન્ રૈવતકઃ પ્રસિદ્ધ મહિમા, શત્રુંજયો મંડપઃ;
વૈભારઃ કનકાચલોઽર્બુદગિરિ, શ્રી ચિત્રકૂટાદય,
સ્તત્ર શ્રી ઋષભાદયો જિનવરાઃ, કુર્વન્તુ વો મંગલમ્.

## ૨૪. શ્રી સોળ સતીની સ્તુતિ

બ્રાહ્મી ચંદન બાલિકા ભગવતિ, રાજીમતી દ્રૌપદી,
કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા, સીતા સુભદ્રા શિવા;
કુંતિ શીલવતી નલસ્ય દયિતા, ચૂલા પ્રભાવત્યપિ,
પદ્માવત્યપિ સુંદરી દિનમુખે, કુર્વન્તુ વો મંગલમ્.

## ૨૫. શ્રી સિદ્ધાચલજીના દુહા

એકેકું ડગલું ભરે, શેત્રુંજા સમો જેહ;
ઋષભ કહે ભવ ક્રોડના, કર્મ ખપાવે તેહ. ૧

શેત્રુંજા સમો તીરથ નહિ, ઋષભ સમો નહિ દેવ;
ગૌતમ સરખા ગુરુ નહિ, વળી વળી વંદું તેહ. ૨

સિદ્ધાચળ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્યજન્મ પામી કરી, વંદું વાર હજાર. ૩

સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
શેત્રુંજી નદી નાહ્યો નહિ, એનો એળે ગયો અવતાર. ૪

શેત્રુંજી નદીએ નાહિને, મુખ બાંધી મુખકોશ;
દેવ યુગાદિક પૂજીએ, આણી મન સંતોષ. ૫

જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર. ૬

સિદ્ધાચળ સિદ્ધિ વર્યા, ગ્રહી મુનિ લિંગ અનંત;
આગે અનંતા સિદ્ધશે, પૂજો ભવિ ભગવંત. ૭

શત્રુંજય ગિરિ મંડણો, મરુદેવાનો નંદ;
યુગલા ધર્મ નિવારતો, નમો યુગાદિ જિણંદ. ૮

નેમ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા વિમલ ગિરિંદ;
ભાવિ ચોવીશી આવશે, પદ્મનાભાદિ જિણંદ. ૯

# વિભાગ-૨

## ✻ વિવિધ ચૈત્યવંદનો ✻

### ૧. સિદ્ધાચલના ચૈત્યવંદન

(૧)

શ્રી શંત્રુજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે;
ભાવ ધરીને જે ચઢે, તેને ભવ પાર ઉતારે. ૧

અનંત સિદ્ધનો એહ ઠામ, સકળ તીરથનો રાય;
પૂર્વ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય. ૨

સુરજકુંડ સોહામણો, કવડજક્ષ અભિરામ;
નાભિરાયા કુળ મંડણો, જિનવર કરું પ્રણામ. ૩

(૨)

કલ્પવૃક્ષની છાંયડી, નાનડીયો રમતો;
રત્ન હિંડોળે હિંચતો, માતાને મનગમતો. ૧

સૌ દેવી બાળક થઈ, ઋષભજીને તેડે;
વ્હાલા લાગો છો પ્રભુ, હૈડાશું ભીડે. ૨

જિનપતિ યૌવન પામીયા, ભાવે શું ભગવાન;
ઇન્દ્રે ઘાલ્યો માંડવો, વિવાહના મંડાણ. ૩

ચોરી બાંધી ચિહું દિશે, સુર ગૌરી ગીત ગાવે;
સુનંદા ને સુમંગળા, ઋષભજીને પરણાવે. ૪

સયલ સંગ છંડી કરી, કેવળજ્ઞાનને પામે;
અષ્ટકર્મનો ક્ષય કરી, પહોંચ્યા શિવપુર ધામે. ૫

ભરતે બિંબ ભરાવીયાએ, શત્રુંજય ગિરિરાય;
**વિજયપ્રભસૂરિ** તણા, ઉદયરત્ન ગુણ ગાય. ૬

( ૩ )

સોના રૂપાને ફુલડે, સિદ્ધાચલ વધાવો;
ધ્યાન ધરી દાદા તણું, આનંદ મનમાં લાવો. ૧

પૂજા કરી પાવન થયું, અમ મન નિર્મળ દેહ;
રચના રચું શુભ ભાવથી, કરું કર્મનો છેહ. ૨

અભવિને દાદા વેગળા, ભવિને હૈડે હજૂર;
તન મન ધ્યાન એક લગનથી, કીધાં કર્મ ચકચૂર. ૩

કાંકરે કાંકરે સિદ્ધ થયા, સિદ્ધ અનંતનું ઠામ;
શાશ્વત ગિરિવર પૂજતાં, જીવ પામે વિશ્રામ. ૪

દાદા દાદા હું કરું, દાદા વસીયા દૂર;
**દ્રવ્યથી** દાદા વેગળા, ભાવથી હૈડા હજૂર. ૫

**દુષમકાળે** પૂજતાં, ઇન્દ્ર ધરી બહુ પ્યાર;
તે **પ્રતિમાને** વંદના, શ્વાસમાંહે સો વાર. ૬

સુવર્ણ ગુફાએ પૂજતાં, રત્ન પ્રતિમા ઇન્દ્ર;
જ્યોતિમાં જ્યોતિ મીલે, પૂજો ભવિ સુખકંદ. ૭
રિદ્ધિ સિદ્ધિ ઘર સંપજે એ, પહોંચે મનની આશ;
ત્રિકરણ શુદ્ધે પૂજતાં, જ્ઞાનવિમલ પ્રકાશ. ૮

(૪)

વિમલ કેવળજ્ઞાન કમલા, કલિત ત્રિભુવન હિતકરં;
સુરરાજ સંસ્તુત ચરણપંકજ, નમો આદિ જિનેશ્વરં. ૧
વિમલ ગિરિવર શ્રૃંગ મંડન, પ્રવર ગુણ ગણ ભૂધરં;
સુર અસુર કિન્નર કોડિ સેવિત, નમો આદિ જિનેશ્વરં. ૨
કરતી નાટક કિન્નરી ગણ, ગાય જિનગુણ મનહરં;
નિર્જરાવલી નમે અહનિંશ, નમો આદિ જિનેશ્વરં. ૩
પુંડરીક ગણપતિ સિદ્ધિ સાધી, કોડિ પણ મુનિ મનહરં;
શ્રી વિમલ ગિરિવર શ્રૃંગ સિદ્ધા, નમો આદિ જિનેશ્વરં. ૪
નિજ સાધ્ય સાધક સુર મુનિવર, કોડિનંત એ ગિરિવરં;
મુક્તિરમણી વર્યા રંગે, નમો આદિ જિનેશ્વરં. ૫
પાતાલ નર સુરલોક માંહી, વિમલ ગિરિવર તો પરં;
નહિ અધિક તીરથ તીર્થપતિ કહે, નમો આદિ જિનેશ્વરં. ૬
ઇમ વિમલ ગિરિવર શિખર મંડન, દુઃખ વિહંડણ ધ્યાઇએ;
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થં, પરમ જ્યોતિ નિપાઇએ. ૭
જિત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમ પદ સ્થિત જયકરં;
ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુવિહિતકરં. ૮

## ૨. શ્રી ઋષભદેવ ચૈત્યવંદન

(૧)

આદિદેવ અલવેસરુ, વિનિતાનો રાય;
નાભિરાયા કુલમંડણો, મરુદેવા માય. ૧

પાંચસો ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાલ;
ચોરાસી લાખ પૂર્વનું, જસ આયુ વિશાલ. ૨

વૃષભ લંછન જિન વૃષધરૂએ, ઉત્તમ ગુણમણિ ખાણ;
તસ પદ પદ્મ સેવન થકી, લહીએ અવિચલ ઠાણ. ૩

(૨)

ધુર સમરૂં શ્રી આદિદેવ, વિમલાચલ સોહીએ;
સુરતિ મૂર્તિ અતિ સફળ, ભવિયણના મન મોહીએ. ૧

સુંદર રૂપ સોહામણો, જોતાં તૃપ્તિ ન હોય;
ગુણ અનંત જિનવર તણાં, કહી નવ શકે કોય. ૨

વીતરાગ દર્શન વિના, ભવસાગરમાં રૂલીઓ;
કુગુરુ કુદેવે ભોળવ્યો, ગાઢો જલ ભરીઓ. ૩

પૂર્વ પુણ્ય પસાઉલે, વીતરાગ મેં આજ;
દર્શન દીઠો તાહરો, તરણ તારણ જહાજ. ૪

સુરઘટ ને સુરવેલડી, આંગણે મુજ આઈ;
કલ્પવૃક્ષ ફળીઓ વળી, નવનિધિ મેં પાઇ. ૫

તુજ નામે સંકટ ટળે, નાસે વિષમ વિકાર;
તુજ નામે સુખ સંપદા, તુજ નામે જય જયકાર. ૬

આજ સફળ દિન માહરો એ, સફળ થઇ મુજ જાત્ર;
પ્રથમ તીર્થંકર ભેટીઆ, નિર્મળ કીધાં ગાત્ર. ૭

સુર નર કિંનર કિંનરી, વિદ્યાધરની કોડ;
મુક્તિ પહોંચ્યા કેવળી, વંદું બે કર જોડ. ૮

શત્રુંજય ગિરિ મંડણો એ, મરુદેવા માત મલાર;
સિદ્ધિવિજય સેવક કહે, તુમ તરીઆ મુજ તાર. ૯

## ૩. શ્રી વાસુપૂજ્યસ્વામી ચૈત્યવંદન

વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ;
વસુપૂજ્ય કુળ ચંદ્રમા, માતા જયા નામ. ૧

મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ;
કાયા આયુ વરસ વળી, બોંતેર લાખ વખાણ. ૨

સંઘ ચતુર્વિધ સ્થાપીને એ, જિન ઉત્તમ મહારાય;
તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદી થાય. ૩

## ૪. શ્રી શાંતિનાથ જિન ચૈત્યવંદન

(૧)

શાંતિ જિનેશ્વર સોળમા, અચિરાસુત વંદો;
વિશ્વસેન કુળ નભોમણિ, ભવિજન સુખકંદો. ૧

મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હત્થિનાઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણિખાણ. ૨

ચાલીસ ધનુષની દેહડીએ, સમ ચોરસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

( ૨ )

દશમે ભવે શ્રી શાંતિનાથ, મેઘરથ રાજા નામ;
પોસહ લીધો પ્રેમથી, આત્મસ્વરૂપ અભિરામ. ૧

એક દિન ઇન્દ્રે વખાણીયો, મેઘરથ રાય;
ધર્મે ચલાવ્યો નહિ ચલે, જો પ્રાણ પરલોકે જાય. ૨

દેવે માયા કરી, પારેવો સિંચાણો થાય;
અણધાર્યું આવી પડ્યું, પારેવડું ખોળા માંય. ૩

શરણે આવ્યું પારેવડું, થર થર કંપે કાય;
રાખ રાખ તુ રાજવી, મુજને સિંચાણો ખાય. ૪

જીવદયા મનમાં વસી, કહે સિંચાણાને એહ;
નહિ આપું રે પારેવડું, કહે તો કાપી આપું દેહ. ૫

એક પારેવાની દયા થકી, દોય પદવી પામ્યા નરેશ;
પંચમ ચક્રવર્તિ ઉપન્યા, સોળમા શાંતિ જિનેશ. ૬

અભયદાન દેઈ કરી, બાંધ્યુ તીર્થંકર નામ;
ઉદયરત્ન નિત્ય પ્રણમતાં, પામે અવિચલ ધામ. ૭

## ૫. શ્રી અરનાથ જિન ચૈત્યવંદન

નાગપુરે અર જિનવરૂ, સુદર્શન નૃપ નંદ;
દેવીમાતા જનમીઓ, ભવિજન સુખ કંદ. ૧

લંછન નંદાવર્ત્તનું, કાયા ધનુષ ત્રીશ;
સહસ ચોરાસી વરસનું, આયુ જાસ જગીશ. ૨

અરુજ અજર અજ જિનવરૂએ, પામ્યા ઉત્તમ ઠાણ;
તસ પદ પદ્મ આલંબતા, લહીએ ઇમ નિરવાણ. ૩

## ૬. શ્રી નેમિનાથ જિન ચૈત્યવંદન

(૧)

નેમિનાથ બાવીસમા, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય. ૧

દસ ધનુષની દેહડી, આયુ વરસ હજાર;
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર. ૨

સૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ ઠાણ. ૩

(૨)

બાળ બ્રહ્મચારી નેમનાથ, સમુદ્રવિજય વિસ્તાર;
શિવાદેવીનો લાડકો, રાજુલ વર ભરથાર. ૧

તોરણ આવ્યા નેમજી, પશુડે માંડ્યો પોકાર;
મોટો કોલાહલ થયો, નેમજી કરે વિચાર. ૨

જો પરણું રાજુલને, જાય પશુના પ્રાણ;
જીવદયા મનમાં વસી, ત્યાંથી કીધું પ્રયાણ. ૩

તોરણથી રથ ફેરવ્યો, રાજુલ મૂર્છિત થાય;
આંખે આંસુડા વહે, લાગે નેમજીને પાય. ૪

સોગંદ આપું માહરા, પાછા વળો એક વાર;
નિર્દય થઈ શું વાલમા, કીધો મારો પરિહાર. ૫

જાણી ઝબુકે વિજળી, ઝરમર વરસે મેહ;
રાજુલ ચાલ્યા સાથમાં, વૈરાગ્ય ભીંજી દેહ. ૬

સંજમ લઇ કેવલ વર્યા એ, મુક્તિપુરીમાં જાય;
નેમ રાજુલની જોડને, જ્ઞાન નમે સુખદાય. ૭

## ૭. શ્રી પાર્શ્વનાથ જિન ચૈત્યવંદન

(૧)

જય ચિંતામણિ પાર્શ્વનાથ, જય ત્રિભુવનસ્વામી;
અષ્ટ કર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી. ૧

પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવ ભય તણાં, પાતક સબ દહીએ. ૨

ૐ હ્રીં વર્ણ જોડી કરીએ, જપીએ પાર્શ્વનામ;
વિષ અમૃત થઈ પરિણમે, પામે અવિચલ ઠામ. ૩

(૨)

આશ પુરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ;
વામા માતા જનમીયા, અહિ લંછન જાસ. ૧

અશ્વસેન સુત સુખકરૂં, નવ હાથની કાય;
કાશીદેશ વારાણસી, પુણ્યે પ્રભુ આય. ૨

એકસો વરસનું આઉખુ એ, પાળી પાર્શ્વકુમાર;
પદ્મ કહે મુક્તે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

( ૩ )

ૐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વ ચિંતામણિયતે;
હ્રીં ધરણેન્દ્ર વૈરૂટ્યા, પદ્માદેવી યુતાયતે. ૧

શાન્તિ તુષ્ટિ મહાપુષ્ટિ, ધૃતિ કીર્તિ વિધાયિને;
ૐ હ્રીં દ્વિડ્વ્યાલ વૈતાલ, સર્વાધિ વ્યાધિ નાશિને. ૨

જયા જિતાખ્યા વિજયાખ્યા, પરાજિતયાન્વિતઃ;
દિશાં પાલૈર્ગ્રહૈર્યક્ષૈર્વિદ્યાદેવીભિરન્વિતઃ. ૩

ૐ અસિઆઉસાય નમસ્તત્ર, ત્રૈલોકય નાથતામ્;
ચતુઃ ષષ્ટિ સુરેન્દ્રાસ્તે, ભાસન્તે છત્ર ચામરૈઃ. ૪

શ્રી શંખેશ્વર મંડન પાર્શ્વજિન, પ્રણુત કલ્પતરૂ કલ્પ;
ચૂરય દુષ્ટ વ્રાતં, પૂરય મે વાંછિતં નાથ! ૫

( ૪ )

સકલ ભવિજન ચમત્કારી, ભારી મહિમા જેહનો,
નિખિલ આતમરામ રાજીત, નામ જપીએ તેહનો;
દુષ્ટ કર્માષ્ટિક ગંજરી જે, ભવિકજન મન સુખ કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીયે, સ્વામી નામ શંખેશ્વરો. ૧

બહુ પુન્ય રાશિ દેશ કાશી, તત્થ નયરી વારાણુસી,
અશ્વસેન રાજા રાણી વામા, રૂપે રતિ તનુ સારિખી;
તસ કૂખે સુપન ચૌદ સુચિત, સ્વર્ગથી પ્રભુ અવતર્યો. નિત્ય૦ ૨

પોષ માસે કૃષ્ણુપક્ષે, દશમી દિન પ્રભુ જનમીયો,
સુરકુમારી સુરપતિ ભક્તિભાવે, મેરુ શ્રૃંગે સ્થાપિયો;
પ્રભાતે પૃથ્વીપતિ પ્રમોદે, જન્મ મહોત્સવ અતિ કર્યો. નિત્ય૦ ૩

ત્રણુ લોક તરૂણી મન પ્રમોદી, તરૂણુ વય જબ આવીયા,
તવ માત તાતે પ્રસન્ન ચિત્તે, ભામિની પરણાવીયા;
કમઠ શઠ કૃત અગ્નિ કુંડે, નાગ બળતો ઉદ્ધર્યો. નિત્ય૦ ૪

પોષ વદી એકાદશી દિને, પ્રવ્રજ્યા જિન આદરે,
સુર અસુર રાજા ભક્તિ સાજા, સેવના ઝાઝી કરે;
કાઉસગ્ગ કરતાં દેખી કમઠે, કીધો પરિસહ આકરો. નિત્ય૦ ૫

તવ ધ્યાનધારા રૂઢ જિનપતિ, મેઘધારા નવિ ચલ્યો,
ચલિત આસન ધરણુ આયો, કમઠ પરિષહ અટકલ્યો;
દેવાધિદેવની કરે સેવા, કમઠને કાઢી પરો. નિત્ય૦ ૬

ક્રમે પામી કેવળજ્ઞાન કમળા, સંઘ ચઉવિહ સ્થાપીને.
પ્રભુ ગયા મોક્ષે સમેતશિખરે, માસ અણુસણુ પાળીને;
શિવરમણી રંગે રમે રસિયો, ભાવિક તસ સેવા કરો. નિત્ય૦ ૭

ભૂત પ્રેત પિશાચ વ્યંતર, જલણુ જલોદર ભય ટળે,
રાજા રાણી રમા પાસે, ભક્તિભાવે જો મળે;
કલ્પતરુથી અધિક દાતા, જગતત્રાતા જય કરો. નિત્ય૦ ૮

જરા જર્જરી ભૂત યાદવ, સૈન્ય રોગ નિવારતા,
વઢીયાર દેશે નિત્ય બિરાજે, ભવિક જીવને તારતા;
એ પ્રભુ તણા પદ પદ્મ સેવા, રૂપ કહે પ્રભુતા વરો. નિત્ય૦ ૯

## ૮. શ્રી મહાવીરસ્વામી ચૈત્યવંદન

(૧)

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાનો જાયો;
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો. ૧

મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય;
બોંતેર વર્ષનું આઉખું, વીર જિનેશ્વર રાય. ૨

ખીમાવિજય જિનરાજનો, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યો, પદ્મવિજય વિખ્યાત. ૩

(૨)

શાસનના શણગાર વીર, મુક્તિપુરી શણગારી;
ગૌતમની પ્રીતિ પ્રભુ, અંત સમયે વિસારી. ૧

દેવશર્મા પ્રતિબોધવા, મોકલ્યો મુજને સ્વામી;
વિશ્વાસે પ્રભુ વીરજી, છેતર્યો મુજને અભિરામી. ૨

હા ! હા ! વીર આ શું કર્યું, ભારતમાં અંધારૂં;
કુમતિ મિથ્યાત્વી વધી જશે, કોણ કરશે અજવાળું. ૩

નાથ વિનાના સૈન્ય જેમ, થયા અમે નિરધાર;
એમ ગૌતમ પ્રભુ વલવલે, આંખે આંસુ ધાર. ૪

કોણ વીર ને કોણ તું, જાણી એવો વિચાર;
ક્ષપકશ્રેણિ આરોહતાં, પામ્યા કેવળજ્ઞાન. ૫

વીર પ્રભુ મુકતે ગયા, દિવાળી દિન જાણ;
ઓચ્છવ રંગ વધામણા, જસ નામે કલ્યાણ. ૬

( ૩ )

ત્રીસ વરસ કેવલીપણે, વિચર્યા શ્રી મહાવીર;
પાવાપુરી પધારીયા, જિનશાસન ધીર. ૧

હસ્તિપાળ નૃપરાયની, ઋજુકા સભા મોઝાર;
ચરમ ચોમાસુ તિંહા રહ્યા, લઇ અભિગ્રહ સાર. ૨

કાશી કોશલ દેશના, રાણા રાય અઢાર;
સ્વામી સુણી સૌ આવિયા, વંદનને નિરધાર. ૩

સોળ પહોર દીયે દેશના, જાણી લાભ અપાર;
દીધી ભવિ હિત કારણે, પીધી તેહીજ વાર. ૪

દેવશર્મા બોધન ભણી, ગોયમ ગયા સુજાણ;
કાર્તિક અમાવાસ્યા દિને, પ્રભુ પામ્યા નિર્વાણ. ૫

ભાવ ઉદ્યોત ગયો હવે, કરો દ્રવ્ય ઉદ્યોત;
ઈમ કહી રાય સર્વે મળી, કીધી દિપક જ્યોત. ૬

દિવાળી તિહાંથી થઇ, જગમાંહી પ્રસિદ્ધ;
પદ્મ કહે આરાધતાં, લહીએ અવિચલ રિદ્ધ. ૭

( ૪ )

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાદેવી માય;
ક્ષત્રિયકુંડમાં અવતર્યા, પ્રભુજી પરમ દયાલ. ૧
ઉજ્વળી છઠ્ઠ અસાડની, ઉત્તરાફાલ્ગુની સાર;
પુષ્પોત્તર વિમાનથી, ચવીઆ શ્રી જિનભાણ. ૨
લક્ષણ અડહિય સહસ્ર એ, કંચનવર્ણી કાય;
મૃગપતિ લંછન પાઉલે, વીર જિનેશ્વર રાય. ૩
ચૈત્ર શુદિ તેરસ દિને, જન્મ્યા શ્રી જિનરાય;
સુરનર મળી સેવા કરે, પ્રભુનું જન્મ કલ્યાણ. ૪
માગસર વદી દશમી દિને, લીએ પ્રભુ સંજમ ભાર;
ચઉનાણી જિનજી થયા, કરવા જગ ઉપકાર. ૫
સાડા બાર વરસ લગે, સહ્યા પરિસહ ઘોર;
ઘનઘાતિ ચઉ કર્મ જે, વજ્રે કર્યા ચકચૂર. ૬
વૈશાખ શુદિ દશમી દિને, ધ્યાન શુકલ મન ધ્યાય;
શમી વૃક્ષ તળે પ્રભુ, પામ્યા પંચમ નાણ. ૭
સંઘ ચતુર્વિધ સ્થાપવા, દેશના દીએ મહાવીર;
ગૌતમ આદિ ગણધરૂ, કર્યા વજીર હજુર. ૮
કાર્તિક વદિ અમાવાસ દિને, શ્રી વીર લહ્યા નિર્વાણ;
પ્રભાતે ઇંદ્રભૂતિને, આપ્યું કેવલનાણ. ૯
જ્ઞાન ગુણે દીવા કર્યા એ, કાર્તિક કમળા સાર;
પુન્યે મુક્તિવધૂ વર્યા, વરતી મંગળ માળ. ૧૦

## ૯. શ્રી બીજનું ચૈત્યવંદન

દુવિધ ધર્મ જેણે ઉપદિશ્યો, ચોથા અભિનંદન;
બીજે જન્મ્યા તે પ્રભુ, ભવદુઃખ નિકંદન. ૧
દુવિધ ધ્યાન તુમે પરિહરો, આદરો દોય ધ્યાન;
એમ પ્રકાશ્યું સુમતિજીએ, તે ચવિઆ બીજ દિન. ૨
દોય બંધન રાગ દ્વેષ, તેહને ભવિ તજીએ;
મુજપરે શીતલજિન કહે, બીજ દિન શિવ ભજીએ. ૩
જીવાજીવ પદાર્થનું, કરીએ નાણ સુજાણ;
બીજ દિન વાસુપૂજ્ય પરે, લહો કેવલનાણ. ૪
નિશ્ચય ને વ્યવહાર દોય, એકાંતે ન ગ્રહીએ;
અરજિન બીજ દિને ચ્યવી, એમ જિન આગળ કહીએ. ૫
વર્તમાન ચોવીશીએ, એમ જિનના કલ્યાણ;
બીજ દિને કેઈ પામીયા, પ્રભુ નાણ અને નિર્વાણ. ૬
એમ અનંત ચોવીશીએ એ, હુવા બહુ કલ્યાણ;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખ ખાણ. ૭

## ૧૦. શ્રી પંચમીનું ચૈત્યવંદન

### (૧)

શ્યામલવાન સોહામણા, શ્રી નેમિ જિનેશ્વર;
સમવસરણ બેઠા કહે, ઉપદેશ સોહંકર. ૧
પંચમી તપ આરાધતાં, લહે પંચમ નાણ;
પાંચ વરસ પંચ માસનો, એ છે તપ પરિમાણ. ૨

જિમ વરદત્ત ગુણમંજરીએ, આરાધ્યો તપ એહ;
**જ્ઞાનવિમલ** ગુરુ એમ કહે,ધન ધન જગતમાં તેહ. ૩

(૨)

ત્રિગડે બેઠા વીર જિન, ભાખે ભવિજન આગે;
ત્રિકરણશું ત્રિહું લોકજન, નિસુણો મન રાગે. ૧
આરાધો ભલી ભાતસે, પંચમી અજુઆલી;
જ્ઞાન આરાધના કારણે, એહિ જ તિથિ નિહાળી. ૨
જ્ઞાન વિના પશુ સરિખા, જાણો ઇણુ સંસાર;
જ્ઞાન આરાધનાથી લહે, શિવપદ સુખ શ્રીકાર. ૩
જ્ઞાન રહિત ક્રિયા કહી, કાશ કુસુમ ઉપમાન;
લોકાલોક પ્રકાશ કર, જ્ઞાન એક પ્રધાન. ૪
જ્ઞાની શ્વાસોશ્વાસમેં, કરે કર્મનો છેહ;
પૂર્વ કોડી વરસો લગે, અજ્ઞાને કરે તેહ. ૫
દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન;
જ્ઞાનતણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન. ૬
પંચમાસ લઘુ પંચમી, જાવજીવ ઉત્કૃષ્ટી;
પંચ વર્ષ પંચ માસની, પંચમી કરો શુભ દૃષ્ટિ. ૭
એકાવન હી પંચનો એ, કાઉસ્સગ્ગ લોગસ્સ કેરો;
ઉજમણું કરો ભાવશું, ટાળો ભવ ફેરો. ૮
ઇમ પંચમી આરાધીયે, આણી ભાવ અપાર;
વરદત્ત ગુણમંજરી પરે, રંગવિજય લહો સાર. ૯

## ૧૧. શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન

મહા શુદી આઠમને દિને, વિજયા સુત જાયો;
તેમ ફાગણ શુદિ આઠમે, સંભવ ચવિ આયો. ૧
ચૈતર વદની આઠમે, જન્મ્યા ઋષભ જિણંદ;
દીક્ષા પણ એ દિન લહી, હુવા પ્રથમ મુનિચંદ. ૨
માધવ શુદી આઠમ દિને, આઠ કર્મ કર્યા દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપુર. ૩
એહિજ આઠમ ઉજળી, જન્મ્યા સુમતિ જિણંદ;
આઠ જાતિ કળશે કરી, નવરાવે સુર ઈન્દ્ર. ૪
જન્મ્યા જેઠ વદી આઠમે, મુનિસુવ્રત સ્વામી;
નેમિ અષાડ શુદી આઠમે, અષ્ટમી ગતિ પામી. ૫
શ્રાવણ વદી આઠમે, નમિ જન્મ્યા જગભાણ;
તેમ શ્રાવણ શુદી આઠમે, પાસજીનું નિર્વાણ. ૬
ભાદરવા વદી આઠમ દિને, ચવિઆ સ્વામી સુપાસ;
જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવવાસ. ૭

## ૧૨. એકાદશીનું ચૈત્યવંદન

શાસન નાયક વીરજી, પ્રભુ કેવળ પાયો;
સંઘ ચતુર્વિધ સ્થાપવા, મહસેન વન આયો. ૧
માધવસિત એકાદશી, સોમલ દ્વિજ યજ્ઞ;
ઈંદ્રભૂતિ આદિ મળ્યા, એકાદશ વિજ્ઞ. ૨

એકાદશસે ચઉ ગુણો, તેહનો પરિવાર;
વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર. ૩

જીવાદિક સંશય હરીએ, એકાદશ ગુણધાર;
વીરે થાપ્યા વંદીએ, જિન શાસન જયકાર. ૪

મલ્લિ જન્મ અર મલ્લિ પાસ, વર ચરણ વિલાસી;
ઋષભ અજિત સુમતિ નમિ, મલ્લિ ઘનઘાતિ વિનાશી. ૫

પદ્મપ્રભ શિવવાસ પાસ, ભવ ભવના તોડી;
એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘળી જોડી. ૬

દશક્ષેત્રે ત્રિહું કાળના, ત્રણસો કલ્યાણ;
વર્ષ અગ્યાર એકાદશી, આરાધો વર નાણ. ૭

અગીઆર અંગ લખાવીએ, એકાદશ પાઠાં;
પુંજણી ઠવણી વિંટણા, મસી કાગળ ને કાઠાં. ૮

અગીઆર અવ્રત છંડવા એ, વહો પડિમા અગીઆર;
ક્ષમાવિજય જિન શાસને, સફળ કરો અવતાર. ૯

## ૧૩. શ્રી પર્યુષણ પર્વનું ચૈત્યવંદન

### (૧)

પર્વ પર્યુષણ ગુણ નીલો, નવ કલ્પી વિહાર;
ચાર માસાન્તર થીર રહે, એહીજ અર્થ ઉદાર. ૧

અસાડ શુદી ચૌદસ થકી, સંવત્સરી પચાસ;
મુનિવર દિન સિત્તેરમે, પડિક્કમતા ચૌમાસ. ૨

શ્રાવક પણ સમતા ધરી, કરે ગુરુના બહુમાન;
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભળે થઈ એકતાન. ૩

જિનવર ચૈત્ય જુહારીએ, ગુરુભક્તિ વિશાલ;
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીએ શિવ વરમાલ ૪

દર્પણથી નિજ રૂપનો, જીવે સુદૃષ્ટિ રૂપ;
દર્પણ અનુભવ અર્પણે, જ્ઞાન રમણ મુનિ ભૂપ. ૫

આતમ સ્વરૂપ વિલોકતા એ, પ્રગટ્યો મિત્ર સ્વભાવ;
રાય ઉદાયી ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ૬

નવ વખાણ પૂજી સુણો, શુકલ ચતુર્થી સીમા;
પંચમી દિને વાંચે સુણે, હોય વિરોધી નિયમા. ૭

એ નહિ પર્વે પંચમી, સર્વ સમાણી ચોથે;
ભવભીરૂ મુનિ માનશે, ભાંખ્યું અરિહાનાથે. ૮

શ્રુત કેવળી વયણા સુણીએ, લહી માનવ અવતાર;
શ્રી શુભવીરને શાસને, પામ્યા જય જયકાર. ૯

( ૨ )

પ્રણમું શ્રી દેવાધિદેવ, જિનવર મહાવીર;
સુરવર સેવે શાંત દાંત, પ્રભુ સાહસ ધીર. ૧

પર્વ પર્યુષણ પુન્યથી, પામે ભવિ પ્રાણી;
જૈન ધર્મ આરાધીએ, સમકિત હિત જાણી. ૨

શ્રી જિન પ્રતિમા પૂજીએ એ, કીજે જન્મ પવિત્ર;
જીવ જતન કરી સાંભળો, પ્રવચન વાણી વિનીત. ૩

## ૧૪. શ્રી પંચ પરમેષ્ઠિનું ચૈત્યવંદન

બાર ગુણે અરિહંત દેવ, પ્રણુમીજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે. ૧

આચારજ ગુણ છત્રીસ, પચવીશ ઉવજ્ઝાય;
સત્તાવીસ ગુણ સાધુના, જપતાં શિવસુખ થાય. ૨

અષ્ટોત્તર શત ગુણ મલીએ, એમ સમરો નવકાર;
ધીરવિમલ પંડિત તણો, નય પ્રણમે નિત્ય સાર. ૩

## ૧૫. શ્રી પંચ તીર્થનું ચૈત્યવંદન

(૧)

સુખદાઈ શ્રી આદિનાથ, અષ્ટાપદ વંદો;
ચંપાપુરી શ્રી વાસુપૂજ્ય, મુખ પુનમ ચંદો. ૧

ગિરનારે શ્રી નેમનાથ, સુખ સુરતરુ કંદો;
સમેતશિખર શ્રી પાર્શ્વનાથ, પૂજી મન આનંદો. ૨

અપાપા નયરી વીરજીએ, કલ્યાણક શુભ ઠામ;
રૂપવિજય કહે સાહિબા, એ પાંચે આતમરામ. ૩

(૨)

આજ દેવ અરિહંત નમું, સમરૂં તારૂં નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિન તણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ. ૧
શેત્રુંજે શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર;
તારંગે શ્રી અજીતનાથ, આબુ ઋષભ જુહાર. ૨

અષ્ટાપદ ગિરિ ઉપરે, જિન ચોવીસી જોય;
મણિમય મૂરત માનશું, ભરતે ભરાવી સોય. ૩
સમેતશિખર તીરથ વડો, જીહાં વીશે જિન પાય;
વૈભારગિરિવર ઉપરે, શ્રી વીર જિનેશ્વર રાય. ૪
માંડવગઢનો રાજીયો, નામે દેવ સુપાસ;
ઋષભ કહે જિન સમરતાં, પહોંચે મનની આશ. ૫

## ૧૬. શ્રી વર્ધમાન તપનું ચૈત્યવંદન

વર્ધમાન જિનપતિ નમી, વર્ધમાન તપ નામ;
ઓળી આંબિલની કરૂં, વર્ધમાન પરિણામ. ૧
એકાદી યાવત્ શત, ઓળી સંખ્યા થાય;
કર્મ નિકાચીત તોડવા, વજ્ર સમાન ગણાય. ૨
ચૌદ વરસ ત્રણ માસની, સંખ્યા દિનની વીશ;
યથાવિધિ આરાધતાં, ધર્મરત્ન પદ ઇશ. ૩

## ૧૭. શ્રી સામાન્ય જિન ત્યવંદન

(૧)

જય જય શ્રી જિનરાજ આજ, મળીયો મુજ સ્વામી;
અવિનાશી અકલંક રૂપ, જગ અંતરજામી. ૧
રૂપારૂપી ધર્મ દેવ, આતમ આરામી;
ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવ લીલા પામી. ૨

સિદ્ધ બુદ્ધ તુજ વંદતા, સકલ સિદ્ધ વર બુદ્ધ;
રમો પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ ઋદ્ધ. ૩
કાળ બહુ સ્થાવર ભમ્યો, ભમીયો ભવમાંહી;
વિકલેન્દ્રિય માંહી વસ્યો, સ્થિરતા નહિ કયાંહી. ૪
તિર્યંચ પંચેન્દ્રિયમાંહી દેવ, કર્મે હું આવ્યો;
કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિશન નહિ પાયો. ૫
એમ અનંત કાલે કરી, પામ્યો નર અવતાર;
હવે જગતારક તુંહી મળ્યો, ભવજલ પાર ઉતાર. ૬

( ૨ )

પરમેશ્વર પરમાત્મા, પાવન પરમિટ્ઠ;
જય જગગુરુ દેવાધિદેવ, નયણે મેં દિટ્ઠ. ૧
અચલ અકલ અવિકાર સાર, કરુણારસ સિન્ધુ;
જગતી જન આધાર એક, નિષ્કારણ બંધુ. ૨
ગુણ અનંત પ્રભુ તાહરા એ, કિમહી કહ્યા ન જાય;
રામ પ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ૩

( ૩ )

તુજ મૂર્તિને નિરખવા, મુજ નયણાં તલસે;
તુજ ગુણ ગણને બોલવા, રસના મુજ હરખે. ૧
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગ પદ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરસે. ૨
એમ જાણીને સાહિબા એ, એક નજર મોહી જોય;
જ્ઞાનવિમલ પ્રભુ નજરથી, તેહશું જે નવિ હોય. ૩

(૪)

પદ્મપ્રભુ ને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ;
ચંદ્રપ્રભુ ને સુવિધિનાથ. દો ઉજ્જવલ લહીએ. ૧
મલ્લિનાથ ને પાર્શ્વનાથ, દો નિલા નિરખ્યા;
મુનિસુવ્રત ને નેમનાથ, દો અંજન સરિખા. ૨
સોળે જિન કંચન સમા એ, એવા જિન ચોવીસ;
ધીરવિમલ પંડિત તણો, **જ્ઞાનવિમલ** કહે શિષ્ય. ૩

## ૧૮. શ્રી ઉપદેશનું ચૈત્યવંદન

ક્રોધે કાંઈ ન નીપજે, સમકિત લૂંટાય;
સમતારસથી ઝીલીયે, તો વૈરી કોઈ ન થાય. ૧
વ્હાલાશું વઢીએ નહિ, છટકી ન દીજે ગાળ;
થોડે થોડે છંડીએ, જીમ છંડે સરોવર પાળ. ૨
અરિહંત સરખી ગોઠડી, ધર્મ સરિખો સ્નેહ;
રત્ન સરિખા એસણાં, ચંપક વરણી દેહ. ૩
ચંપકે પ્રભુજી ન પૂજીયા, ન દીધું મુનિને દાન;
તપથી કાયા ન શોષવી, કિમ પામશો નિર્વાણ. ૪
આઠમ પાખી ન ઓળખી, એમ કરે શું થાય;
ઉન્મત સરખી માંકડી, ભોંય ખણંતી જાય. ૫
આંગણે મોતી વેરીઆ, વેલે વીંટાણી વેલ;
**હીરવિજય** ગુરુ હીરલો, મારું હૈડું રંગની રેલ. ૬

## ૧૯. શ્રી દિવાળીનું ચૈત્યવંદન

(૧)

વીર જિનવર, વીર જિનવર, ચરમ ચૌમાસ;
નયરી અપાપાએ આવીયા, હસ્તિપાલ રાજન્ સભાયે.
કાર્તિક અમાવાસ્યા રયણીએ, મુહૂર્ત શેષ નિર્વાણ ત્યાંહિ;
સોળ પહોર દેઈ દેશના, પહોત્યા મુક્તિ મોઝાર;
નિત્ય દિવાળી નય કહે, મળિયા નૃપતિ અઢાર. ૧

(૨)

દેવ મળિયા દેવ મળિયા, કરે ઉત્સવ રંગ;
મેરઈયાં હાથે ગ્રહી, દ્રવ્ય તેજ ઉદ્યોત કીધો,
ભાવ ઉદ્યોત જિનેન્દ્રને, ઠામ ઠામ એહ ઓચ્છવ પ્રસિદ્ધો;
લખ કોડિ છઠ્ઠ ફલ કરી, કલ્યાણક કરો એહ,
કવિ નય વિમલ કહે ઇશ્યું, ધન ધન દહાડો તેહ. ૧

(૩)

શ્રી સિદ્ધાર્થ નૃપ કુલ તિલો, ત્રિશલા જસ માત;
હરિ લંછન તનુ સાત હાથ, મહિમા વિખ્યાત. ૧
ત્રીસ વરસ ગૃહવાસ છંડી, લીએ સંયમ ભાર;
બાર વરસ છદ્મસ્થ માન, લહી કેવલ સાર. ૨
ત્રીસ વરસ એમ સવિ મલી એ, બોંતેર આયુ પ્રમાણ;
દિવાળી દિન શિવ ગયા, કહે નય તેહ ગુણ-ખાણ. ૩

## ૨૦. શ્રી વીશસ્થાનકનું ચૈત્યવંદન

પહેલે પદ અરિહંત નમું, બીજે સર્વ સિદ્ધ;
ત્રીજે પ્રવચન મન ધરો, આચાર્ય પ્રસિદ્ધ. ૧

નમો થેરાણું પાંચમે, પાઠક પદ છઠ્ઠે;
નમો લોએ સવ્વ સાહૂણું, જે છે ગુણ ગરિઠ્ઠે. ૨

નમો નાણસ્સ આઠમે, દર્શન મન ભાવો;
વિનય કરો ગુણવંતનો, ચારિત્ર પદ ધ્યાવો. ૩

નમો બંભવયધારિણું, તેરમે ક્રિયા જાણ;
નમો તવસ્સ ચૌદમે, ગોયમ નમો જિણાણું. ૪

સંયમ જ્ઞાન સુઅસ્સને એ, નમો તિથ્થસ્સ જાણી;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખખાણી. ૫

✲

## ૨૧. શ્રી નવપદજીનું ચૈત્યવંદન

(૧)

શ્રી સિદ્ધચક્ર આરાધીયે, આસો ચૈતર માસ;
નવદિન નવ આંબિલ કરી, કીજે ઓળી ખાસ. ૧

કેસર ચંદન ઘસી ઘણાં, કસ્તુરી બરાસ;
જુગતે જિનવર પૂજીયા, મયણા મન ઉલ્લાસ. ૨

પૂજા અષ્ટ પ્રકારની, દેવવંદન ત્રણ કાળ;
મંત્ર જપો ત્રણ કાળનો, ગણણું દોય હજાર. ૩

કષ્ટ ટળ્યું ઉંબર તણું, જપતાં નવપદ ધ્યાન;
શ્રી શ્રીપાલ નરિંદ થયા, વાધ્યો બમણો વાન. ૪
સાતસો મહિપતિ સુખ લહ્યા એ, પહોત્યા નિજ આવાસ;
પુણ્યે મુક્તિ વધુ વર્યા, પામ્યા લીલ વિલાસ. ૫

( ૨ )

સકલ મંગલ પરમ કમલા, કેલિ મંજુલ મંદિરં;
ભવ કોટી સંચીત પાપ નાશન, નમો નવપદ જયકરં. ૧
અરિહંત સિદ્ધ સૂરીશ વાચક, સાધુ દર્શન સુખકરં;
વર જ્ઞાન પદ ચારિત્ર તપ એ, નમો નવપદ જયકરં. ૨
શ્રીપાલ રાજા શરીર સાજા, સેવતાં નવપદ વરં;
જગમાંહી ગાજા કીર્તિભાજા, નમો નવપદ જયકરં. ૩
શ્રી સિદ્ધચક્ર પસાય સંકટ, આપદા નાસે સર્વે;
વળી વિસ્તરે સુખ મનોવાંછિત, નમો નવપદ જયકરં. ૪
આંબિલ નવદિન દેવવંદન, ત્રણ ટંક નિરંતરં;
બે વાર પડિક્કમણા પડિલેહણ, નમો નવપદ જયકરં. ૫
ત્રિકાળ ભાવે પૂજીએ, ભવતારકં તીર્થંકરં;
તિમ ગણણું દોય હજાર ગણીએ, નમો નવપદ જયકરં. ૬
વિધિ સહિત મન વચન કાયા, વશ કરી આરાધીએ;
તપ વર્ષ સાડા ચાર નવપદ, શુદ્ધ સાધન સાધીએ. ૭
ગદ કષ્ટ ચૂરે શર્મ પૂરે, યક્ષ વિમલેશ્વર વરં;
શ્રી સિદ્ધચક્ર પ્રતાપ જાણી, વિજય વિલસે સુખભરં. ૮

## ૨૨. શ્રી મતિજ્ઞાનનું ચૈત્યવંદન

શ્રી સૌભાગ્યપંચમી તણો, સયલ દિવસ સિણગાર;
પાંચે જ્ઞાનને પૂજીએ, થાય સફલ અવતાર. ૧

સામાયિક પોસહ વિષે, નિરવદ્ય પૂજા વિચાર;
સુગંધ ચૂર્ણાદિક થકી, જ્ઞાન ધ્યાન મનોહર. ૨

પૂર્વ દિશે ઉત્તર દિશે, પીઠ રચી ત્રણ સાર;
પંચ વરણ જિન બિંબને, સ્થાપીજે સુખકાર. ૩

પંચ પંચ વસ્તુ મેલવી, પૂજા સામગ્રી જોગ;
પંચ વરણ કલશા ભરી, હરીએ દુઃખ ઉપભોગ. ૪

યથાશક્તિ પૂજા કરો, મતિજ્ઞાનને કાજે;
પંચ જ્ઞાનમાં ધુરે કહ્યું, શ્રી જિનશાસન રાજે. ૫

મતિ શ્રુત વિણ હોવે નહિ, એ અવધિ પ્રમુખ મહાજ્ઞાન;
તે માટે મતિ ધુરે કહ્યું, મતિ શ્રુતમાં મતિ માન. ૬

ક્ષય ઉપશમ આવરણનો, લબ્ધિ હોયે સમકાલે;
સ્વામ્યાદિકથી અભેદ છે, પણ મુખ્ય ઉપયોગ કાલે. ૭

લક્ષણ ભેદે ભેદ છે, કારણ કારજ યોગે;
મતિ સાધન શ્રુત સાધ્ય છે, કંચન કલશ સંયોગે. ૮

પરમાતમ પરમેશ્વરૂ એ, સિદ્ધ સયલ ભગવાન;
મતિજ્ઞાન પામી કરી, કેવલ લક્ષ્મી નિધાન. ૯

## ૨૩. આવતી ચોવીસીનું ચૈત્યવંદન

પદ્મનાભ પહેલા જિણંદ, શ્રેણિક નૃપ જીવ;
સુરદેવ બીજા નમું, સુપાસ શ્રાવક જીવ. ૧

શ્રી સુપાસ ત્રીજા વળી, જીવ કોણિક ઉદાયી;
સ્વયંપ્રભ ચોથા જિણંદ, પોટિલ મુનિ ભાઈ. ૨

સર્વાનુભૂતિ જિન પાંચમા એ, દઢાયુશ્રાવક જાણ;
દેવશ્રુત છઠ્ઠા જિણંદ, કાર્તિક શેઠ વખાણ. ૩

શ્રી ઉદય જિન સાતમા, શંખ શ્રાવક જીવ;
શ્રી પેઢાલ જિન આઠમા, આણંદ મુનિ જીવ. ૪

પોટિલ નવમા વંદીએ, જીવ જેહ સુનંદ;
શતકીર્તિ દશમા જિણંદ, સત્ય શ્રાવક આણંદ. ૫

સુવ્રત જિન અગીઆરમા, દેવકી રાણી જાણ;
અકામ જિનવર બારમા, જીવ કેશવ ગુણખાણ. ૬

નિષ્કષાય જિન તેરમા, સત્યકી વિદ્યાધર;
નિષ્પુલાક જિન ચૌદમા, બળભદ્ર સુહંકર. ૭

શ્રી નિર્મમ જિન પંદરમા, જીવ સુલસા શ્રાવિ;
ચિત્રગુપ્ત જિન સોળમા, રોહિણી જીવ ભાવિ. ૮

શ્રી સમાધિ જિન સત્તરમા, રેવતી શ્રાવિકા જાણ;
સંવર જિન અઢારમા, જીવ શતાનિક વખાણ. ૯

શ્રી યશોધર ઓગણીસમા, જીવ કૃષ્ણ દ્વીપાયન;
વિજય નામે વીસમા જિન, જીવ કર્ણ સહાયન. ૧૦

એકવીસમા શ્રી મલ્લિનાથ, કૃષ્ણ નારદ કહીએ;
અંબડ શ્રાવક જીવ દેવ, બાવીસમા લહીએ. ૧૧

અનંતવીર્ય ત્રેવીસમા એ, જીવ અમરનો જેહ;
ભદ્રંકર જિન ચોવીસમા, સ્વાતિ બુદ્ધ ગુણ ગેહ. ૧૨

એ ચોવીસે જિનવરા, હોશે આવતે કાળે;
ભાવ સહિત તે વંદીએ, કર જોડીને ભાલે. ૧૩

લંછન વર્ણ પ્રમાણ આયુ, અંતર સવિ સરખા;
સંપ્રતિ જિન ચોવીસ પરે, ચઢતે નિરખ્યા. ૧૪

પંચ કલ્યાણક તેહના એ, હોશે એહી જ દિવસ;
ધીર વિમળ ગુરુનો કહે, જ્ઞાનવિમલ સૂરીશ. ૧૫

## ૨૪. શ્રી સીમંધરસ્વામીના દુહા

અનંત ચોવીશી જિન નમું, સિદ્ધ અનંતી કોડ;
કેવળધર મુક્તિ ગયા, વંદું બે કર જોડ. ૧

બે કોડી કેવલ ધરા, વિહરમાન જિન વીશ;
સહસ કોડી જુગલ નમું, સાધુ નમું નિશદિશ. ૨

જે ચારિત્રે નિર્મળા, જે પંચાનન શિશ;
વિષય કષાયને ગંજીયા, તે પ્રણમું નિશદિશ. ૩

રાંક તણી પરે રડવડ્યો, ન ધણિયો નિરધાર;
શ્રી સીમંધર સાહિબા, તુમ વિણ ઈણ સંસાર. ૪

ભરત ક્ષેત્રમાં હું રહ્યો, આપ રહ્યા છો વિમુખ;
ધ્યાન લોહક ચુંબક પરે, કરૂં દૃષ્ટિ સન્મુખ. ૫

## ૨૫. શ્રી સીમંધરસ્વામી ચૈત્યવંદનો

(૧)

શ્રી. સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરુણાવંત કરુણા કરી, અમને વંદાવો. ૧

સકલ ભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ;
ભવોભવ હું છું તાહરો, નહિ મેલું હવે સાથ. ૨

સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઈશું;
પાય તુમારા સેવીને, શિવરમણી વરશું. ૩

એ અલજો મુજને ઘણો એ, પૂરો સીમંધર દેવ;
ઇહાં થકી હું વીનવું, અવધારો મુજ સેવ. ૪

કર જોડીને વિનવું, સામો રહી ઈશાન;
ભાવ જિનેશ્વર ભાણને, દેજો સક્તિદાન. ૫

(૨)

શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન તુમે ઉપગારી;
શ્રી શ્રેયાંસ પિતા કુળે, બહુ શોભા તુમારી. ૧

ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી;
વૃષભ લંછને વિરાજમાન, વંદે નરનારી. ૨

ધનુષ પાંચસે દેહડીએ, સોહીએ સોવન વાન;
કીર્તિવિજય ઉવજ્ઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન. ૩

( ૩ )

સીમંધર પરમાત્મા, શિવસુખના દાતા;
પુખ્ખલવઇ વિજયે જયો, સર્વ જીવના ત્રાતા. ૧

પૂર્વ વિદેહ પુંડરિક ગિણિ, નયરીએ સોહે;
શ્રી શ્રેયાંસ રાજા તિહાં, ભવિયણના મન મોહે. ૨

ચૌદ સુપન નિર્મળ લહી, સત્યકી રાણી માત;
કુંથુ અર જિન અંતરે, સીમંધર જિન જાત. ૩

અનુક્રમે પ્રભુ જનમીયા, વળી યૌવન પાવે;
માત પિતા હરખે કરી, રૂક્ષ્મણી પરણાવે. ૪

ભોગવી સુખ સંસારના, સંજમ મન લાવે;
મુનિસુવ્રત નમિ અંતરે, દીક્ષા પ્રભુ પાવે. ૫

ઘાતિકર્મનો ક્ષય કરી, પામ્યા કેવળજ્ઞાન;
વૃષભ લંછને શોભતાં, સર્વ ભાવના જાણ. ૬

ચોરાસી જસ ગણધરા, મુનિવર એકસો ક્રોડ;
ત્રણ ભુવનમાં જોવતાં, નહિ કોઈ એહની જોડ. ૭

દશ લાખ કહ્યા કેવળી, પ્રભુજીનો પરિવાર;
એક સમય ત્રણ કાળના, જાણે સર્વ વિચાર. ૮

ઉદય પેઢાલ જિન અંતરે એ, થાશે જિનવર સિદ્ધ;
જસવિજય ગુરુ પ્રણમતાં, શુભ વાંછિત ફળ લીધ. ૯

(૪)

સીમંધર જિન વિચરતા, સોહે વિજય મોઝાર;
સમવસરણ રચે દેવતા, બેસે પર્ષદા બાર. ૧

નવ તત્ત્વની દીએ દેશના, સાંભળી સુર નર કોડ;
ષટ્દ્રવ્યાદિક વર્ણવે, લે સમકિત કર જોડ. ૨

ઇહાં થકી જિન વેગળા, સહસ્ર તેત્રીસ શત એક;
સત્તાવન જોજન વળી, સત્તર કળા સુવિશેષ. ૩

દ્રવ્ય થકી જિન વેગળા, ભાવથી હૃદય મોઝાર;
ત્રિહું કાળે વંદન કરૂં, શ્વાસ માંહે સો વાર. ૪

શ્રી સીમંધર જિનવરૂ એ, પૂરે વાંછિત કોડ;
કાંતિવિજય ગુરુ પ્રણમતાં, ભક્તિ બે કર જોડ. ૫

# વિભાગ-૩

## ✻ વિવિધ સ્તવનો ✻

### ૧. શ્રી સિદ્ધાચલજીના સ્તવનો

(૧)

મારું મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે, દેખીને હરખીત હોય;
વિધિશું કીજે રે જાત્રા એહની રે, ભવભવના દુઃખ જાય.
મારૂં૦ ૧

પાંચમે આરે રે પાવન કારણે રે, એ સમો તીરથ ન કોય;
મોટો મહીમા જગમાં એહનો રે, આ ભરતે ઇહાં જોય.
મારૂં૦ ૨

ઇણગિરિ આવ્યા રે જિનવર ગણધરા રે, સિધ્યા સાધુ અનંત;
કઠણ કરમ એ ગિરિ ફરસતાં રે, હોવે કરમ નિશાંત.
મારૂં૦ ૩

જૈન ધરમને સાચો જાણિયે રે, માનવ તીરથ એ સ્થંભ;
સુરનર કિન્નર નૃપ વિદ્યાધરા રે, કરતાં નાટારંભ.
મારૂં૦ ૪

ધન્ય ધન્ય દહાડો રે, ધન્ય વેળા ઘડી રે, ધરીયે હૃદય મોઝાર;
જ્ઞાનવિમલસૂરિ ગુણ એહનાં ઘણાં રે, કહેતાં નાવે પાર.
મારૂં૦ ૫

( ૨ )

સિદ્ધાચલ ગિરિ ભેટ્યા રે, ધન્ય ભાગ્ય હમારા;
એ ગિરિવરનો મહીમા મોટો, કહેતાં નાવે પારા,
રાયણ રૂખ સમોસર્યા સ્વામી, પૂરવ નવાણું વારા રે. ધન્ય૦ ૧

મૂળ નાયક શ્રી આદિ જિનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચારા;
અષ્ટ દ્રવ્યશું પૂજો ભાવે, સમકિત મૂલ આધારા રે. ધન્ય૦ ૨

ભાવ ભક્તિશું પ્રભુ ગુણ ગાતાં, અપના જન્મ સુધારા;
યાત્રા કરી ભવિજન શુભ ભાવે, નરક તિર્યંચ ગતિ વારા રે. ધન્ય૦ ૩

દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા;
પતિત ઉદ્ધારણ બિરૂદ તમારૂં, એ તીરથ જગ સારા રે. ધન્ય૦ ૪

સંવત અઢાર ત્યાસી માસ અષાઢો, વદી આઠમ ભોમવારા;
પ્રભુજી કે ચરણ પ્રતાપ કે સંઘમેં, ખીમારતન પ્રભુ પ્યારા રે.
ધન્ય૦ ૫

( ૩ )

વિમલાચલ નિતુ વંદીએ, કીજે એહની સેવા;
માનુ હાથ એ ધર્મનો, શિવતરુ ફળ લેવા. વિમલા૦ ૧

ઉજ્જવલ જિનગૃહ મંડલી, તિહાં દીપે ઉત્તંગા;
મનું હિમગિરિ વિભ્રમે, આઇ અંબર ગંગા. વિમલા૦ ૨

કોઇ અનેરૂં જગ નહિ, એ તિરથ તોલે;
એમ શ્રીમુખ હરિ આગળે, શ્રી સીમંધર બોલે. વિમલા૦ ૩

જે સઘળા તીરથ કર્યાં, જાત્રા ફળ કહીએ;
તેહથી એ ગિરિ ભેટતાં, શત ગણું ફળ લહીએ. વિમલા૦ ૪

જન્મ સફળ હોય તેહનો, જે એ ગિરિ વંદે;
સુજસવિજય સંપદ લહે, તે નર ચિર નંદે. વિમલા૦ ૫

( ૪ )

શેત્રુંજા ગઢના વાસી રે, મુજરો માનજો રે,
સેવકની સુણી વાતો રે, દિલમાં ધારજો રે;
પ્રભુ મેં દીઠો તુમ દેદાર, આજ મને ઉપન્યો હર્ષ અપાર,
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે. ૧

એક અરજ અમારી રે, દિલમાં ધારજો રે,
ચોરાસી લાખ ફેરા રે, દૂર નિવારજો રે;
પ્રભુ મને દુર્ગતિ પડતો રાખ, દરિશન વહેલું રે દાખ,
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે. ૨

દોલત સવાઇ રે, સોરઠ દેશની રે,
બલિહારી હું જાઉં રે, તારા વેશની રે;
પ્રભુ તારું રૂડું દીઠું રૂપ, મોહ્યા સુરનર વૃંદ ને ભૂપ,
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે. ૩

તીરથ કો નહિ રે, શેત્રુંજા સારિખું રે,
પ્રવચન પેખીને, કીધું મેં પારખું રે;
ઋષભને જોઇ જોઇ હરખે જેહ, ત્રિભુવન લીલા પામે તેહ,
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે. ૪

ભવોભવ માંગુ રે, પ્રભુ તારી સેવના રે,
ભાવઠ ન ભાંગે રે, જગમાં જે વિના રે;
પ્રભુ મારા પૂરો મનના કોડ, એમ કહે ઉદયરતન કરજોડ,
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે. ૫

(૫)

સિદ્ધાચલના વાસી, વિમલાચલના વાસી, જિનજી પ્યારા,
આદિનાથને વંદન અમારા;
પ્રભુજીનું મુખડું મલકે, નયનોમાંથી વરસે, અમીરસ ધારા.
આદિ. ૧

પ્રભુજીનું મુખડું છે મનડું મિલાકર, દિલમેં ભક્તિની જ્યોત જલાકર;
ભજ લે પ્રભુને ભાવે, દુર્ગતિ કદી ન આવે, જિનજી પ્યારા.
આદિ. ૨

ભમીને લાખ ચોરાસી આવ્યો, પુન્યે દરિસન તુમારા પાયો;
ધન્ય દિન મારો, ભવના ફેરા ટાળો, જિનજી પ્યારા.
આદિ. ૩

અમે તો માયાના વિલાસી, તમે તો મુક્તિપુરીના વાસી;
કર્મ બંધન કાપો, મોક્ષ સુખ આપો, જિનજી પ્યારા.
આદિ. ૪

અરજી ઉરમાં ધરજો અમારી, અમને આશા છે પ્રભુ તુમારી;
કહે હર્ષ હવે, સાચા સ્વામી તમે, પૂજન કરીએ અમે,
જિનજી પ્યારા. આદિ. ૫

( ૬ )

સિદ્ધાચલનો વાસી પ્યારો, લાગે મોરા રાજીંદા.
ઇણ રે ડુંગરીયામાં ઝીણી ઝીણી કોરણી;
ઉપર શિખર બિરાજે, મોરા રાજીંદા. સિદ્ધા. ૧
કાને કુંડલ માથે મુગટ બિરાજે;
બાંહે બાજુબંધ છાજે, મોરા રાજીંદા. સિદ્ધા. ૨
ચૌમુખ બિંબ અનુપમ છાજે;
અદ્ભૂત દીઠે દુઃખ ભાંજે, મોરા રાજીંદા. સિદ્ધા. ૩
ચુવા ચુવા ચંદન ઓર અગરજા;
કેસર તિલક વિરાજે, મોરા રાજીંદા. સિદ્ધા. ૪
ઇણ ગિરિ સાધુ અનંતા સિધ્યા;
કહેતાં પાર ન આવે, મોરા રાજીંદા. સિદ્ધા. ૫
જ્ઞાનવિમલ પ્રભુ એણી પેરે બોલે;
આ ભવ પાર ઉતારો, મોરા રાજીંદા. સિદ્ધા. ૬

( ૭ )

વિમલાચલ વિમલા પ્રાણી, શીતલ તરુ છાયા ઠરાણી,
રસવેધક કંચન ખાણી, કહે ઈન્દ્ર સુણો ઇન્દ્રાણી;
સનેહી સંત એ ગિરિ સેવો, ચૌદે ક્ષેત્રમાં તીરથ નહિ એવો.
સનેહી૦ ૧

છ'રી પાળી ઉલ્લસીએ, છઠ્ઠ અઠ્ઠમ કાયા કસીએ;
મોહ મલ્લની સામા ધસીએ, વિમલાચલ વેગે વસીએ.
સનેહી૦ ૨

અન્ય સ્થાનક કર્મ જે કરીએ, તે હિમગિરિ હેઠે હરીએ;
પાછળ પ્રદક્ષિણા ફરીએ, ભવજલધિ હેલા તરીએ. સનેહી૦ ૩
શિવમંદિર ચઢવા કાજે, સોપાનની પંક્તિ વિરાજે;
ચઢતાં સમકિતી છાજે, દુરભવ્ય અભવ્ય તે લાજે. સનેહી૦ ૪
પાંડવ પમુહા કેઈ સંતા, આદીશ્વર ધ્યાન ધરંતા;
પરમાતમ ભાવ ભજંતા, સિદ્ધાચલે સિધ્યા અનંતા. સનેહી૦ ૫
ષટ્‌માસી ધ્યાન ધરાવે, શુકરાજા તે રાજ્યને પાવે;
બહિરંતર શત્રુ હરાવે, શત્રુંજય નામ ધરાવે. સનેહી૦ ૬
પ્રણિધાને ભજો ગિરિ જાચો, તીર્થંકર નામ નિકાચો;
મોહરાયને લાગે તમાચો, શુભવીર વિમલગિરિ સાચો. સનેહી૦૭

( ૮ )

જાત્રા નવાણું કરીએ વિમલગિરિ, જાત્રા નવાણું કરીએ;
પૂરવ નવાણું વાર શેત્રુંજાગિરિ, ઋષભ જિણંદ સમોસરીએ.
વિ૦ જા૦ ૧
કોડી સહસ ભવ પાતક ત્રુટે,
શત્રુંજય સામો ડગ ભરીએ. વિ૦ જા૦ ૨
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ તપસ્યા,
કરી ચઢીએ ગિરિવરીએ. વિ૦ જા૦ ૩
પુંડરીક પદ જપીએ મન હરખે,
અધ્યવસાય શુભ ધરીએ. વિ૦ જા૦ ૪
પાપી અભવ્ય નજરે ન દેખે,
હિંસક પણ ઉદ્ધરીએ. વિ૦ જા૦ ૫
ભૂમિ સંથારો ને નારી તણો સંગ,
દૂર થકી પરિહરીએ. વિ૦ જા૦ ૬

સચિત્ત પરિહારી ને એકલ આહારી,
ગુરુ સાથે પદ ચરીએ. વિ૦ જા૦ ૭

પડિક્કમણાં દોય વિધિશું કરીએ,
પાપ પડલ વિખરીએ. વિ૦ જા૦ ૮

કલિકાલે એ તીરથ મોટું,
પ્રવહણ જિમ ભરદરીએ. વિ૦ જા૦ ૯

ઉત્તમ એ ગિરિવર સેવંતા,
પદ્મ કહે ભવ તરીએ. વિ૦ જા૦ ૧૦

( ૯ )

આંખડીયે રે મેં આજ, શત્રુંજય દીઠો રે;
સવા લાખ ટકાનો દહાડો રે, લાગે મને મીઠો રે.

સફળ થયો મારા મનનો ઉમાહો,
વહાલા મારા ભવનો સંશય ભાંગ્યો રે;
નરક તિર્યંચ ગતિ દૂર નિવારી, ચરણે પ્રભુજીને લાગ્યો રે.
શત્રુંજય૦ ૧

માનવભવનો લાહો લીજે, વા૦ મા૦ દેહડી પાવન કીજે રે;
સોના રૂપાને ફુલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દીજે રે.
શત્રુંજય૦ ૨

દુધડે પખાળી ને કેસર ઘોળી, વા૦ મા૦ શ્રીઆદીશ્વર પૂજ્યા રે;
શ્રી સિદ્ધાચલ નયણે જોતાં, પાપ મેવાસી ધ્રૂજ્યા રે.
શત્રુંજય૦ ૩

શ્રી મુખ સુધર્મા સુરપતિ આગે,
વા૦ મા૦ વિર જિણંદ એમ બોલે રે;
ત્રણ ભુવનમાં તીરથ મોટું, નહિ કોઈ શત્રુંજય તોલે રે.
શત્રુંજય૦ ૪

ઇંદ્ર સરિખા એ તીરથની, વા૦ મા૦ ચાકરી ચિત્તમાં ચાહે રે;
કાયાની તો કાસલ કાઢી, સુરજકુંડમાં નાહે રે.
શત્રુંજય૦ ૫

કાંકરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રે, વા૦ મા૦ સાધુ અનંતા સિધ્યા રે;
તે માટે એ તીરથ મોટું, ઉદ્ધાર અનંતા કીધા રે.
શત્રુંજય૦ ૬

નાભિરાયા સુત નયણે જોતાં, વા૦ મા૦ મેહ અમીરસ ઉઠ્યા રે;
ઉદયરત્ન કહે આજ મારે પોતે, શ્રી આદીશ્વર તૂઠ્યા રે.
શત્રુંજય૦ ૭

(૧૦)

તે દિન કયારે આવશે, શ્રી સિદ્ધાચલ જાશું;
ઋષભ જિણંદ જુહારીને, સુરજકુંડમાં નહાશું. તે દિન૦ ૧

સમવસરણમાં બેસીને, જિનવરની વાણી;
સાંભળશું સાચે મને, પરમારથ જાણી. તે દિન૦ ૨

સમકિત વ્રત ધરી, સદ્‌ગુરુને વંદી;
પાપ સર્વે આલોઈને, નિજ આતમ નંદી. તે દિન૦ ૩

પડિક્કમણાં દોય ટંકના, કરશું મન કોડે;
વિષય કષાય વિસારીને, તપ કરશું હોડે. તે દિન૦ ૪

વ્હાલાને વૈરી વચ્ચે, નવિ કરશું વેરો;
પરના અવગુણ દેખીને, નવિ કરવો ચહેરો. તે દિન૦ ૫
ધર્મસ્થાનક ધન વાપરી. છક્કાયને હેતે;
પંચ મહાવ્રત લેઈને, પાળશું મન પ્રીતે. તે દિન૦ ૬
કાયાની માયા મેલીને, પરિસહને સહેશું;
સુખ દુઃખ સર્વે વિસારીને, સમભાવે રહેશું. તે દિન૦ ૭
અરિહંત દેવને ઓળખી, ગુણ તેહના ગાશું;
ઉદયરત્ન ઈમ ઉચરે, ત્યારે નિર્મળ થાશું. તે દિન૦ ૮

(૧૧)

પ્રભુજી જાવું પાલિતાણા શહેર કે,
મન હરખે ઘણું રે લોલ;
પ્રભુજી સંઘ ઘણેરા આવે કે,
એ ગિરિ ભેટવા રે લોલ. પ્રભુ. ૧
પ્રભુજી આવ્યું પાલિતાણા શહેર કે,
તલાટી શોભતી રે લોલ;
પ્રભુજી ગિરિવર ચઢતાં કે,
મન હરખે ઘણું રે લોલ. પ્રભુ. ૨
પ્રભુજી આવ્યો હિંગળાજનો હડો કે,
કેડે હાથ દઈ ચઢો રે લોલ;
પ્રભુજી આવ્યો છાલાકુંડ કે;
શિતળ છાંયડી રે લોલ. પ્રભુ. ૩
પ્રભુજી આવી રામજ પોળ કે,
સામી મોતીવસહી રે લોલ;
પ્રભુજી મોતીવસહી દીસે ઝાકઝમાલ કે,
જોયાની જુક્તિ ભલી રે લોલ. પ્રભુ. ૪

પ્રભુજી આવી વાઘણપોળ કે,
ડાબા ચક્કેસરી રે લોલ;
પ્રભુજી ચક્કેસરી જિનશાસન રખેવાળ કે,
સંઘની સહાય કરે રે લોલ. પ્રભુ. ૫

પ્રભુજી આવી હાથણ પોળ કે,
સામા જગધણી રે લોલ;
પ્રભુજી આવ્યા મૂળ ગભારે કે,
આદીશ્વર ભેટીયા રે લોલ. પ્રભુ. ૬

પ્રભુજી આદીશ્વર ભેટે ભવ દુઃખ જાય કે,
શિવસુખ પામીએ રે લોલ;
પ્રભુજી મુખડું પુનમ કેરો ચંદ કે,
મોહ્યા સુરપતિ રે લોલ. પ્રભુ. ૭

પ્રભુજી તુમ થકી નહિ રહું દૂર કે,
ગિરિપંથે વસ્યા રે લોલ;
પ્રભુજી એવી વીરવિજયની વાણી કે,
શિવસુખ આપજો રે લોલ. પ્રભુ. ૮

(૧૨)

શોભા શી કહું રે શેત્રુંજા તણી,
જીહાં વસીયા છે પ્રથમ તીર્થંકરદેવ જો;
રૂડી રે રાયણ તળે ઋષભ સમોસર્યા,
ચોસઠ સુરપતિ સારે પ્રભુની સેવ જો. શોભા૦ ૧

નિરખ્યો રે નાભિરાયા કેરા પુત્રને,
માતા મરુદેવી કેરા નંદ જો;
રૂડીને વિનિતા નગરીનો ધણી;
મુખડું સોહિયે શરદ પુનમની ચંદ જો. શોભા૦ ૨

નિરખ્યો રે નારી કંથને વિનવે,
પિયુડા મુજને પાલિતાણા દેખાડજો;
એ ગિરિ પૂર્વ નવાણું સમોસર્યા,
માટે મુજને આદીશ્વર ભેટાવજો. શોભા૦ ૩

મારે મન જાવાની ઘણી હોંશ છે,
ક્યારે જાઉં ને ક્યારે કરૂં દર્શન જો;
તે માટે મારૂં મન તલસે ઘણું,
નયણે નિહાળું તો ઠરે મારા લોચન જો. શોભા૦ ૪

એવી રે અરજ ભલાએ સાંભળો,
હુકમ કરો તો આવું તમારી પાસ જો;
મહેર કરીને એકવાર દર્શન દીજીએ,
શ્રી શુભવીરની પહોંચે મનની આશ જો. શોભા૦ ૫

( ૧૩ )

ડુંગર ઠંડો ને ડુંગર શીતળો, એ ગિરિ સિધ્યા સાધુ અનંત રે;
ડુંગર પહોળો ને ડુંગર કુટડો, ત્યાં વસે મરુદેવીનો નંદ રે;
ત્યાં વસે સુનંદાનો કંથ રે, ફુલના ચોસર પ્રભુજીના શિર ચઢે. ૧

પહેલા આરે શ્રી પુંડરિકગિરિ,
એંસી જોજનનું પ્રમાણ રે;
બીજે સિત્તેર જોજન જાણીએ,
ત્રીજે સાઠ જોજનનું માન રે. ફુલના૦ ૨

ચોથે આરે પચાસ જોજન જાણીએ,
પાંચમે બાર જોજનનું માન રે;
છઠ્ઠે આરે સાત હાથ જાણીએ,
એણી પરે બોલે શ્રી વર્ધમાન રે. કુલના૦ ૩

ઇણુ ગિરિ ઋષભ જિણંદ સમોસર્યા,
પ્રભુજી પૂર્વ નવાણું વાર રે;
જાત્રા નવાણું જે જુગતે કરે,
ધન ધન તે નરનો અવતાર રે. કુલના૦ ૪

જે નર શત્રુંજય ભેટ્યા સહી,
જે નરે પૂજ્યા આદિ જિણંદ રે;
દાન સુપાત્રે જેણે દીધું સહી,
તે નાવે ફરી ગરભાવાસ રે. કુલના૦ ૫

જે નર શત્રુંજય ભેટ્યો નહિ,
જેને નવિ પૂજ્યા આદિ જિણંદ રે;
દાન સુપુાત્રે જેણે દીધા નહિ,
તેના નવિ છૂટે કરમના બંધ રે. કુલના૦ ૬

ડુંગર નિરખી ડુંગર જે ચઢે,
ડુંગર ફરસ્યો સો સો વાર રે;
મુક્તિસામા પગલાં જે ભરે,
તેના નવિ થાયે કરમના બંધ રે. કુલના૦ ૭

ઉદયરત્ન અવસર પામીને,
જાત્રા કરશે નર નાર રે;
શ્રી શત્રુંજય મહાતમમાં કહ્યું,
તસ ઘર હોવે મંગળ માળ રે. કુલના૦ ૮

(૧૪)

સિદ્ધાચલ શુદ્ધ સોહાવે રે, અનંત અનંત કહાવે રે;
ભેદ પંદરથી સિદ્ધ જાવે રે, ગુણ અગુરુ લઘુ નિપજાવે રે.

વિમલાચલ વેગે વધાવો રે, ગિરિરાજ તણા ગુણ ગાવો રે;
જો હોવે શિવપુર જાવો રે, વિમલાચલ વેગે વધાવો રે.
વિમલા. ૧

જિતારી અભિગ્રહ લીધો રે, દીન સાતમે ભોજન કીધો રે;
શુક રાજાએ રાજ્ય તે લીધો રે, શત્રુંજય નામ તે દીધો રે.
વિમલા. ૨

દેવ દાનવ ઇણ ગિરિ આવે રે, જિનરાજની પૂજા રચાવે રે;
શત્રુંજયમાં નાચ નચાવે રે, યોગાવંચક ફળ તે પાવે રે.
વિમલા. ૩

વિદ્યાચારણ મુનિ વરિઆં રે, મર્કટ ફળ જળ સંચરીઆ રે;
આકાશ પવનસે ચલીયા રે, દેખી હિમગિરિ હેઠા ઉતરીયા રે.
વિમલા. ૪

પ્રભુ દેખી આનંદ પાવે રે, જિનરાજને શિષ નમાવે રે;
દેવ સાથે ભાવના ભાવે રે, પછે ઇચ્છિત સ્થાનકે જાવે રે.
વિમલા. ૫

જ્ઞાન દર્શન જેહથી લહીએ રે, શ્રાવકના ગુણ તે વહીયે રે;
સંસારને તીરે રહીએ રે, જિનશાસન તીરથ કહીયે રે.
વિમલા. ૬

સહુ તીરથનો એ રાજા રે, સુરજકુંડે જળ તાજા રે;
ન્હાતા જન આનંદે સાજા રે, હુઓ કુકડો તે ચંદરાજા રે.
વિમલા. ૭

એ તીરથ ભેટણ કાજે રે, ગુજરાતનો સંઘ સમાજે રે;
પંથે પંથે વિસામા છાજે રે, ગિરિ દેખી વધાવ્યો બાજે રે.
વિમલા. ૮

અઢાર તોંતેર વરસે રે, માગસર વદ તેરસ દિવસે રે;
ભેટ્યા આદીશ્વર ઉલ્લાસે રે, જાણું ભવજળ પાર ઉતારશે રે.
વિમલા. ૯

ગિરિ દેખી લોચન ઠરીયાં રે, ચક્કેશ્વરી વીર કેસરીયાં રે;
જાઇ કેતકી વૃક્ષ લહરીયાં રે, શેત્રુંજી નદી જળ ભરીયાં રે.
વિમલા. ૧૦

રાય ભરત રતન બિંબ ઠાવે રે, ચક્કેશ્વરી જાત્રા કરાવે રે;
તે ત્રીજે ભવે શિવ જાવે રે, શુભવીર વચન રસ ગાવે રે.
વિમલા. ૧૧

(૧૫)

ભરતને પાટે ભૂપતિ રે, સિદ્ધિ વર્યા એણે ઠાય સલુણા;
અસંખ્યાતા તિહાં લગે રે, હુવા અજિત જિન રાય સલુણા. ૧

જેમ જેમ એ ગિરિ ભેટીએ રે, તેમ તેમ પાપ પલાય સલુણા;
અજિત જિનેશ્વર સાહિબો રે, ચોમાસું રહી જાય સલુણા.
જેમ૦ ૨

સાગર મુનિ એક કોડિશું રે, તોડ્યા કર્મના પાસ સલુણા;
પાંચ કોડિ મુનિરાજ શું રે, ભરત લહ્યા શિવવાસ સલુણા
જેમ૦ ૩

આદીશ્વર ઉપકારથી રે, સત્તર કોડિ સાથ સલુણા;
અજિતસેન સિદ્ધાચલે રે, ઝાલ્યો શિવવહુ હાથ સલુણા.
જેમ૦ ૪

અજિતનાથ મુનિ ચૈત્રની રે, પુનમે દશ હજાર સલુણા.
આદિત્યશા મુક્તિ વર્યા રે, એક લાખ અણગાર સલુણા;
જેમ૦ ૫

અજરામર ક્ષેમંકરૂ રે, અમરકેતુ ગુણકંદ સલુણા;
સહસ્ર પત્ર શિવંકરૂ રે, કર્મક્ષય તમઃ કંદ સલુણા.
જેમ૦ ૬

રાજ રાજેશ્વર એ ગિરિ રે, નામ છે મંગળ રૂપ સલુણા;
ગિરિવર રજ તરૂ મંજરી રે, શિષ ચઢાવે ભૂપ સલુણા.
જેમ૦ ૭

દેવ યુગાદિ પૂજતાં રે, કર્મ હોવે ચકચૂર સલુણા;
શ્રી શુભવીરને સાહિબા રે, રહેજો હૈડા હજુર સલુણા.
જેમ૦ ૮

## ૨. શ્રી પુંડરિકસ્વામીનું સ્તવન

એક દિન પુંડરિક ગણધરૂં રે લાલ,
પૂછે શ્રી આદિ જિણંદ સુખકારી રે;
કહીએ તે ભવ જળ ઉતરી રે લાલ,
પામીશ પરમાનંદ ભવવારી રે. એક૦ ૧

કહે જિન ઈણુ ગિરિ પામશો રે લાલ,
જ્ઞાન અને નિર્વાણ જયકારી રે;
તીરથ મહીમા વાધશે રે લાલ,
અધિક અધિક મંડાણ નિરધારી રે. એક૦ ૨

એમ નિસુણીને ઇહાં આવીયા રે લાલ,
ઘાતી કર્મ કર્યા દૂર તુમ વારી રે;
પંચ ક્રોડ મુનિ પરિવર્યા રે લાલ,
હુવા સિદ્ધિ હજુર ભવવારી રે. એક૦ ૩

ચૈત્રી પુનમ દિન કીજીએ રે લાલ,
પૂજા વિવિધ પ્રકાર દિલ ધારી રે;
ફળ પ્રદક્ષિણા કાઉસગ્ગા રે લાલ,
લોગસ્સ થુઇ નમુક્કાર નરનારી રે. એક૦ ૪

દસ વીસ ત્રીસ ચાલીસ ભલા રે લાલ,
પચાસ પુષ્પની માળ અતિ સારી રે;
નરભવ લાહો લીજીએ રે લાલ,
જેમ હોય જ્ઞાન વિશાળ મનોહારી રે. એક૦ ૫

## ૩. શ્રી ઋષભજિન સ્તવન

(૧)

માતા મરુદેવીના નંદ, દેખી તાહરી મૂર્તિ મારૂં મન લોભાણુંજી;
મારૂં દિલ લોભાણુંજી, દેખી તાહરી મૂર્તિ મારૂં મન લોભાણુંજી. ૧
કરૂણાનાગર કરૂણાસાગર, કાયા કંચનવાન;
ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ પાંચસે માન. માતા૦ ૨

ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર;
જોજન ગામિની વાણી મીઠી, વરસંતી જલધાર. માતા૦ ૩
ઉર્વશી રૂડી અપચ્છરાને, રામા છે મનરંગ;
પાયે નેપૂર રણઝણે કાંઈ, કરતી નાટારંભ. માતા૦ ૪
તુંહિ બ્રહ્મા તુંહિ વિધાતા, તું જગ તારણહાર;
તુજ સરિખો નહિ દેવ જગતમાં, અડવડિયા આધાર. માતા૦ ૫
તુંહિ ભ્રાતા તુંહિ ત્રાતા, તુંહિ જગતનો દેવ;
સુરનર કિન્નર વાસુદેવા, કરતાં તુજ પદ સેવ. માતા૦ ૬
શ્રી સિદ્ધાચલ તીરથ કેરો, રાજા ઋષભ જિણંદ;
કીર્તિ કરે માણેક મુનિ તાહરી, ટાળો ભવભય ફંદ. માતા૦ ૭

(૨)

બાળપણે આપણ સસનેહી, રમતા નવ નવ વેશે;
આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસારની વેશે.
હો પ્રભુજી ઓલંભડે મત ખીજો. ૧
જો તુમ ધ્યાતા શિવસુખ લહીએ, તો તુમને કેઈ ધ્યાવે;
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુક્તિ જાવે.
હો પ્રભુજી૦ ૨
સિદ્ધનિવાસ લહે ભવસિદ્ધિ, તેમાં શો પાડ તુમારો;
ઉપગાર તમારો વહીએ, અભવ્ય સિદ્ધને તારો.
હો પ્રભુજી૦ ૩
નાણ રયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાસી;
તે માંહેલો એક અંશ જો આપો, તો તે વાતે શાબાશી.
હો પ્રભુજી૦ ૪

અક્ષયપદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાય;
શિવપદ દેવા જો સમરથ છો, તો જસ લેતાં શું જાય?
હો પ્રભુજી૦ ૫

સેવા ગુણ રંજ્યો ભવિજનને, જો તુમે કરો વડભાગી;
તો તુમ સ્વામી કેમ કહાવો, નિરમમ ને નિરાગી.
હો પ્રભુજી૦ ૬

નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરુ જગ જયકારી;
રૂપવિબુધનો મોહન પભણે, વૃષભ લંછન બલિહારી.
હો પ્રભુજી૦ ૭

( ૩ )

જગજીવન જગવાલ હો, મરુદેવીનો નંદ લાલ રે;
મુખ દીઠે સુખ ઉપજે, દર્શન અતિહિ આનંદ લાલ રે. જગ૦ ૧

આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશી સમ ભાલ લાલ રે;
વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાળ લાલ રે. જગ૦ ૨

લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે;
રેખાકર ચરણાદીકે, અભ્યંતર નહિ પાર લાલ રે. જગ૦ ૩

ઈંદ્ર ચંદ્ર રવિ ગિરિતણાં, ગુણ લઈ ઘડીયું અંગ લાલ રે;
ભાગ્ય કિહાં થકી આવીયું, અચરિજ એહ ઉત્તંગ લાલ રે. જગ૦ ૪

ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે;
વાચક જસ વિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે. જગ૦ ૫

(૪)

જીરે સફળ દિવસ આજ માહરો, દીઠો પ્રભુનો દેદાર, (૨)
લય લાગી જિનજી થકી, પ્રગટ્યો પ્રેમ અપાર; (૨)
ઘડીએ ન વિસરો સાહિબા. ૧

સાહિબા ઘણો રે સનેહ, (૨) અંતરજામી છો માહરા;
મરુદેવાના નંદ સુનંદાના કંથ, ઘડીએ ન વિસરો સાહિબા. ૨

સાહિબા લઘુ થઈ મન મારૂં તિહાં રહ્યું,તમારી સેવાને કાજ;(૨)
તે દિન ક્યારે આવશે, હોશે સુખનો આવાસ. (૨)
ઘડીએ૦ ૩

જીરે પ્રાણેશ્વર પ્રભુજી તુમે, આતમના રે આધાર; (૨)
મારે પ્રભુજી તુમે એક છો, જાણજો નિરધાર. (૨)
ઘડીએ૦ ૪

સાહિબા એક ઘડી પ્રભુ તુમ વિના, જાય વરસ સમાન; (૨)
પ્રેમ વિરહ હવે કેમ ખમું, જાણો વચન પ્રમાણ. (૨)
ઘડીએ૦ ૫

સાહિબા અંતરગતની વાતડી, કહો કેને કહેવાય; (૨)
વાલેશ્વર વિસવાસીયા, કહેતાં દુઃખ જાય, સુણતાં સુખ થાય.
ઘડીએ૦ ૬

સાહિબા દેવ અનેક જગમાં વસે, તેની રિદ્ધિ અનેક; (૨)
તુમ વિના અવરને નહિ નમું, એવી મુજ મન ટેક. (૨)
ઘડીએ૦ ૭

જીરે પંડિત વિવેકવિજય તણો, પ્રણમે શુભ પાય; (૨)
**હરખવિજય** શ્રી ઋષભના, જુગતે ગુણ ગાય. (૨)
ઘડીએ૦ ૮

(૫)

બાલુડો નિઃસ્નેહી થઇ ગયો રે, છોડયું વિનીતાનું રાજ;
સંયમ રમણી આરાધવા, લેવા મુક્તિનું રાજ.
મેરે દિલ વસી ગયો વાલમો. ૧
માતાને મેલ્યાં એકલા રે, જાય દિન ને રાત;
રત્નસિંહાસન બેસવા, ચાલે અડવાણે પાય. મેરે૦ ૨
વ્હાલાનું નામ નવિ વિસરે રે, ઝરે આંસુડાની ધાર;
આંખલડી છાયા વળી, ગયા વરસ હજાર. મેરે૦ ૩
કેવલ રત્ન આપી કરી રે, પૂરી માતાની આશ;
સમવસરણ લીલા જોઇને, સાધ્યા આતમ કાજ. મેરે૦ ૪
ભક્તિવત્સલ ભગવંતને રે, નામે નિર્મળ કાય;
આદિ જિણંદ આરાધવા, મહિમા શિવસુખ થાય. મેરે૦ ૫

(૬)

ક્યાંથી રે પ્રભુ અવતર્યા? ક્યાં લીધો અવતારજી?
સર્વાર્થસિદ્ધ વિમાનથી ચવી, ભરતક્ષેત્ર અવતારજી.
તારો રે દાદા રિખવજી. ૧
ચોથ ભલી રે અષાડની, જનની કુખે અવતારજી;
ચૌદ સુપન નિર્મળ લહી, જાગ્યા જનની તેની વારજી.
તારો૦ ૨
ચૈત્ર વદી આઠમ દિને, જન્મ્યા શ્રી ત્રિભુવનનાથજી;
છપન દિગ્કુમરી મલી, ટાળે શૂચિ કર્મ તેની વારજી. તારો૦ ૩
ચોસઠ ઇન્દ્ર તિહાં આવીયા, નાભિરાયા દરબારજી;
પ્રભુને લઇ મેરુ ગયા, સ્નાત્ર મહોત્સવ કરે તેની વારજી. તારો૦ ૪

પ્રભુનો સ્નાત્ર મહોત્સવ કરી, લાવ્યા જનનીની પાસજી;
અવસ્વાપિની નિદ્રા હરી કરી, રત્નનો ગેહી દડો મુકેજી. તારો૦ ૫
ત્યાસી લાખ પૂરવ ગૃહવાસે વસીયા, પરણ્યા દોય નારીજી;
સંસારિક સુખ વિલસી કરી, લેવા સંજમ ભારજી. તારો૦ ૬
લોકાંતિક સુર આવી કરી, વિનવે ત્રિભુવન નાથજી;
દાન સંવત્સરી આપીને, લીધો સંજમ ભારજી. તારો૦ ૭
પંચ મહાવ્રત આદરી, ચૈત્ર વદી અષ્ટમી જાણજી;
ચારે હજારે સાથે સંયમી, ઉપન્યું ચોથું જ્ઞાનજી. તારો૦ ૮
કર્મ ખપાવી કેવલ લહી, લોકાલોક પ્રકાશજી;
સંશય ટાળી જીવના, લેવા શિવરમણી સારજી. તારો૦ ૯
ખોટ ખજાને પ્રભુ તારે નથી, દેતાં લાગે શું વારજી;
કાજે સરે નિજ દાસના, એ છે આપનો ઉપકારજી. તારો૦ ૧૦
ઘરનાને તાર્યા તેમાં શું કર્યું, મુજ સરિખાને તારોજી;
કલ્પવૃક્ષ જિહા ફલ્યો, તેમ દાદો દયાલજી. તારો૦ ૧૧
ચરણે આવ્યાને પ્રભુ રાખશો, બાહુબલ ભરત નરેશજી;
પદ્મવિજય કહે વંદના, તારો તારો દાદા દયાલજી. તારો૦ ૧૨

(૭)

આજ તો વધાઈ રાજા, નાભિકે દરબાર રે;
મરુદેવાએ બેટો જાયો, ઋષભકુમાર રે. ૧
અયોધ્યામે ઓચ્છવ હોવે, મુખ બોલે જયકાર રે;
ઘનનન ઘનનન ઘંટા વાજે, દેવ કરે થેઈ કાર રે. આજ૦ ૨
ઇન્દ્રાણી મલી મંગલ ગાવે, લાવે મોતી માળ રે;
ચંદન અરચી પાયે લાગે, પ્રભુ જીવો ચિરંકાલ રે. આજ૦ ૩

નાભિરાજા દાન જ દેવે, વરસે અખંડ ધાર રે;
ગામ નગર પુર પાટણ દેવે, દેવે મણિ ભંડાર રે. આજ૦ ૪
હાથી દેવે સાથી દેવે, દેવે રથ તૂખાર રે;
હીર ચીર પીતાંબર દેવે, દેવે સવિ શણગાર રે. આજ૦ ૫
તીન લોકમેં દિનકર પ્રગટ્યો, ઘર ઘર મંગલમાળ રે;
કેવલ કમલા રૂપ નિરંજન, આદીશ્વર દયાલ રે. આજ૦ ૬

(૮)

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધી રે કાય;
કલ્પવૃક્ષ પરે તાસ ઈન્દ્રાણી,
નયન જે; ભૃંગ પરે લપટાય. ૧

રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ;
તેહુથી પ્રતિહત તેહ માનું,
કોઈ નવિ કરે, જગમાં તુમશું રે વાદ. ૨

વગર ધોઈ તુજ નિર્મળી, કાયા કંચન વાન;
નહિ પ્રસ્વેદ લગાર,
તારે તું તેહને, જે ધરે તાહરૂં ધ્યાન. ૩

રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોય;
રૂધિર આમિષથી રાગ ગયો,
તુજ જન્મથી, દૂધ સહોદર હોય. ૪

શ્વાસોશ્વાસ કમળ સમો, તુજ લોકોત્તર વાત;
દેખે ન આહાર નિહાર ચર્મ ચક્ષુધણી,
એવા તુજ અવદાત. ૫

ચાર અતિશય મૂળથી, ઓગણીસ દેવના કીધ;
કર્મ ખપ્યાથી અગીયાર ચોત્રીસ,
એમ અતિશયા, સમવાયાંગે પ્રસિદ્ધ. ૬
જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
પદ્મવિજય કહે એહ, સમય પ્રભુ પાળજો,
જેમ થાઉં અક્ષય અભંગ. ૭

(૯)

જ્ઞાન રયણ રયણાયરૂં રે, સ્વામી શ્રી ઋષભ જિણંદ,
ઉપગારી અરિહા પ્રભુ રે, લોક લોકોત્તરા નંદ રે;
ભવિયા ભાવે ભજો ભગવંત.
મહિમા અતુલ અનંત રે, ભવિયા ભાવે ભજો ભગવંત. ૧
તિગ તિગ આરક સાગરૂ રે, કોડા કોડી અઢાર;
યુગલા ધર્મ નિવારીયો રે, ધર્મ પ્રવર્તનહાર રે. ભવિયા૦ ૨
જ્ઞાનાતિશયે ભવ્યના રે, સંશય છેદનહાર;
દેવ નરા તિરિ સમજીયા રે, વચનાતિશય વિચાર રે. ભવિયા૦ ૩
ચાર ઘને મઘવા સ્તવે રે, પૂજાતિશય મહંત;
પંચ ઘને યોજન ટલે રે, કષ્ટ એ તૂર્ય પ્રસંત રે. ભવિયા૦ ૪
યોગ ક્ષેમંકર જિનવરૂ રે, ઉપશમ ગંગાતીર;
પ્રીતિ ભક્તિપણે કરી રે, નિત્ય નમે શુભવીર રે. ભવિયા૦ ૫

(૧૦)

ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર;
પ્રભુજી જઈ અળગા વસ્યા, તિહાં નવિ હો કોઇ વચન ઉચ્ચાર.
ઋષભ૦ ૧

કાગળ પણ પહોંચે નહિ, નવિ પહોંચે હો તિહાં કો પરધાન;
જે પહોંચે એ તુમ સમો, નવિ ભાંખે હો કોઈનું વ્યવધાન.
ઋષભ૦ ૨

પ્રીત કરે તે રાગીયા, જિનવરજી હો તુમે તો વિતરાગ;
પ્રીતડી જે અરાગીથી, મેળવવી હો તે લોકોત્તર માગ.
ઋષભ૦ ૩

પ્રીતિ અનાદિની વિષભરી, તે રીતે હો કરવા મુજ ભાવ;
કરવી નિર્વિષ પ્રીતડી, કિણુ ભાતે હો કહો બને બનાવ.
ઋષભ૦ ૪

પ્રીતિ અનંતી પરથકી, જે તોડે હો તે જોડે એહ;
પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણુ ગેહ.
ઋષભ૦ ૫

પ્રભુજીને અવલંબતા, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ;
દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચલ સુખવાસ.
ઋષભ૦ ૬

(૧૧)

ભરતજી કહે સુણો માવડી, પ્રગટ્યાં નવ નિધાન રે;
નિત નિત દેતાં ઓલંભડા, હવે જુઓ પુત્રના માન રે.
ઋષભની શોભા હું શી કહું ? ૧

અઢાર કોડા કોડી સાગરે, વસીઓ નયર અનુપ રે;
ચાર જોયણનું માન છે, ચાલો જોવાને ચૂપ રે. ઋષભ૦ ૨

પહેલો રૂપાનો કોટ છે, કાંગરા કંચન વાન રે;
બીજો કનકનો કોટ છે, કાંગરાં રત્ન સમાન રે. ઋષભ૦ ૩

ત્રીજો રતનનો કોટ છે, કાંગરા મણિમય જાણુ રે;
તેમાં મધ્ય સિંહાસને, હુકમ કરે પ્રમાણુ રે. ઋષભ૦ ૪
પૂર્વ દિશાની સંખ્યા સુણો, પગથીઆ વીસ હજાર રે;
એણિ પરે ગણતાં ચારે દિશિ, પગથીઆ એંશી હજાર રે. ઋષભ૦ ૫
શિરપર ત્રણ છત્ર ઝળહળે, તેહથી ત્રિભુવન રાય રે;
ત્રણ ભુવનનો બાદશાહ, કેવલજ્ઞાન સોહાય રે. ઋષભ૦ ૬
વીસ બત્રીસ દસ સુરપતિ, વળી દોય ચંદ્ર ને સૂર્ય રે;
દોય કર જોડી ઊભા ખડા તુમ સુત ઋષભ હજૂર રે. ઋષભ૦ ૭
ચામર જોડી ચઉદિશ છે, ભામંડલ ઝળકંત રે;
ગાજે ગગને રે દુંદુભિ, ફુલ પગરવ સંત રે. ઋષભ૦ ૮
બાર ગુણો પ્રભુ દેહથી, અશોક વૃક્ષ શ્રીકાર રે;
મેઘ સમાણી કે દેશના, અમૃતવાણી જયકાર રે. ઋષભ૦ ૯
પ્રતિહારજ આઠથી, તુમ સુત દિપે દેદાર રે;
ચાલો જોવાને માવડી, ગયવર ખંધે અસવાર રે. ઋષભ૦ ૧૦
દૂરથી રે વાજા સાંભળી, જોતાં હરખ ન માય રે;
હરખના આંસુથી ફાટીઆં, પડલ તે દૂર પલાય રે. ઋષભ૦ ૧૧
ગયવર ખંધેથી દેખીઓ, નિરૂપમ પુત્ર દેદાર રે;
આદર દીધો નહિ માયને, માય મન ખેદ અપાર રે. ઋષભ૦ ૧૨
કેના છોરૂ ને માવડી, એ તો છે વીતરાગ રે;
એણી પરે ભાવના ભાવતાં કેવલ પામ્યા મહાભાગ રે ઋષભ૦ ૧૩
ગયવર ખંધે મુક્તે ગયા, અંતગડ કેવલી એહ રે;
વંદો પુત્ર ને માવડી, આણી અધિક સનેહ રે. ઋષભ૦ ૧૪

ઋષભની શોભા મેં વરણવી, સમકિત પુર મોઝાર રે;
સિદ્ધગિરિ મહાતમ સાંભળો, સંઘને જય જયકાર રે. ઋષભ૦ ૧૫

સંવત અઢાર એંસી એ, માગસર માસ કહાય રે;
દીપવિજય કવિરાયને, મંગળમાળ સોહાય રે. ઋષભ૦ ૧૬

## ૪. શ્રી અજિતનાથ જિન સ્તવન

પ્રીતલડી બંધાણી રે, અજિત જિણંદશું,
પ્રભુ પાખે ક્ષણ એક મન ન સુહાયજો;
ધ્યાનની તાળી રે, લાગી નેહ શું,
જલદ ઘટા જિમ, શિવસુત વાહન દાયજો. પ્રીતલડી૦ ૧
નેહઘેલું મન મારૂં રે, પ્રભુ અળજે રહે,
તન મન ધન એ, કારણથી પ્રભુ મુજ જો;
મારે તો આધાર રે, સાહિબ રાવળો;
અંતરગતની પ્રભુ આગળ કહું ગુંજ જો. પ્રીતલડી૦ ૨
સાહેબ તે સાચો રે, જગમાં જાણીએ,
સેવકના જે સહેજે, સુધારે કાજ જો;
એહવે રે આચરણે, કેમ કરી રહું,
બિરૂદ તમારૂં તારણ તરણ જહાજ જો. પ્રીતલડી૦ ૩
તારકતા તુજ માંહે રે, શ્રવણે સાંભળી,
તે ભણી આવ્યો છું, હું દીનદયાલ જો;
તુજ કરુણાની લહેરે રે, મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો. પ્રીતલડી૦ ૪

કરુણાધિક કીધી રે, સેવક ઉપરે,
ભવ ભય ભાવઠ ભાંગી, ભક્તિ પ્રસંગજો;
મનવાંછિત ફળીયા રે, પ્રભુ આલંબને,
કર જોડીને મોહન કહે, મન રંગ જો. પ્રીતલડી૦ ૫

## ૫. શ્રી સંભવનાથ જિન સ્તવન

સંભવ જિનવર વિનતિ, અવધારો ગુણ જ્ઞાતા રે;
ખામી નહિ મુજ ખીજમતે, કદિય હોશો ફળદાતા રે. સંભવ૦ ૧
કર જોડી ઊભો રહું, રાત દિવસ તુમ ધ્યાને રે;
જો મનમાં આણો નહિ, તો શું કહીએ છાનો રે. સંભવ૦ ૨
ખોટ ખજાને કો નહિ, દીજીએ વાંછિત દાનો રે;
કરુણાનજર પ્રભુ તણી, વાધે સેવક વાનો રે. સંભવ૦ ૩
કાળ લબ્ધિ મુજ મતિ ગણો, ભાવ લબ્ધિ તુમ હાથે રે;
લડથડતું પણ ગજ બચ્ચું, ગાજે ગયવર સાથે રે. સંભવ૦ ૪
દેશો તો તુમહિ ભલા, બીજા તો નવિ જાચું રે;
વાચકયશ કહે સાંઇશું, ફળશે એ મુજ સાચું રે. સંભવ૦ ૫

## ૬. શ્રી અભિનંદનસ્વામી જિન સ્તવન

અભિનંદન જિન દરિસણ તરસીએ, દરિસન દુર્લભ દેવ;
મત મત ભેદે રે જો જઇ પૂછીએ, સહુ થાપે અહમેવ.
અભિ૦ ૧

સામાન્યે કરી દરિસન દોહલું, નિર્ણય સકલ વિશેષ;
મદમેં ઘેર્યો રે અંધો કિમ કરે, રવિ શશિ રૂપ વિલેખ.
અભિ૦ ૨

હેતુ વિવાદે હો ચિત્ત ધારી જોઇએ, અતિ દુર્ગમ નયવાદ;
આગમવાદે હો ગુરુગમ કો નહિ, એ સબળો વિષવાદ.
અભિ૦ ૩

ઘાતિ ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસન જગનાથ;
ધીઠાઈ કરી મારગ સંચરૂં, સેગું કોઈ ન સાથ.
અભિ૦ ૪

દરિસન દરિસન રટતો જો ફરૂં, તો રણરોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન.
અભિ૦ ૫

તરસ ન આવે મરણ જીવન તણો, સિજે જો દરિસણ કાજ;
દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ.
અભિ૦ ૬

## ૭. શ્રી સુમતિનાથ જિન સ્તવન

સુમતિનાથ ગુણશું મિલિજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલ બિન્દુ જેમ વિસ્તરેજી, જલમાંહિ ભલી રીતિ.
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ. ૧

સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરી તણોજી, મહી માંહે મહકાય.
સોભાગી૦ ૨

અંગુલીએ નવિ મેરુ ઢંકાએ, છાબડીએ રવિ તેજ;
અંજલિમાં જિમ ગંગા ન માયે, મુજ મન તિમ પ્રભુ હેજ.
સોભાગી૰ ૩

હુંઓ છિપે નહિ અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ.
સોભાગી૰ ૪

ઢાંકી ઈક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;
વાચક જસ કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર.
સોભાગી૰ ૫

## ૮. શ્રી વાસુપૂજ્યસ્વામી જિન સ્તવન

(૧)

શ્રી વસુપૂજ્ય નરિંદનોજી, નંદન ગુણમણિ ધામ;
વાસુપૂજ્ય જિન રાજીયોજી, અતિશય રત્ન નિધાન.
પ્રભુ ચિત્ત ધરીને, અવધારો મુજ વાત. ૧
દોષ સકલ મુજ સાંસહોજી, સ્વામી કરી સુપસાય;
તુમ ચરણે હું આવીયોજી, મહેર કરો મહારાય. પ્રભુ૰ ૨
કુમતિ કુસંગતિ સંગ્રહીજી, અવિધિ ને અસદાચાર;
તે મુજને આવી મળ્યાજી, અનંત અનંતી વાર. પ્રભુ૰ ૩
જબ મેં તુમને નિરખીઆજી, તવ તે નાઠા દૂર;
પુન્યે પ્રગટે શુભ દિશાજી, આવો તુમ હજૂર. પ્રભુ૰ ૪
જ્ઞાનવિમલ પ્રભુ જાણનેજી, શું કહેવું બહુ વાર;
દાસ આશ પુરણ કરોજી, આપો સમકિત સાર. પ્રભુ૰ ૫

( ૨ )

સ્વામી તુમે કાંઇ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું;
સાહિબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા;
અમે પણ તુમશું કામણ કરશું, ભકતે ગ્રહી મન ઘરમાં ધરશું.
સાહિબા૦ ૧

મન ઘરમાં ધરીયા ઘર શોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભકતે, યોગી ભાંખે અનુભવ યુકતે.
સાહિબા૦ ૨

કલેશ વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આયા, તો અમે નવનિધિ ઋદ્ધિ પાયા
સાહિબા૦ ૩

સાત રાજ અળગા જઈ બેઠા, પણ ભકતે અમ મનમાંહે પેઠા;
અળગાને વળગ્યા જ રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું.
સાહિબા૦ ૪

ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ક્ષીર નીર પરે તુમશું મિલશું, વાચક યશ કહે હેજે હળશું.
સાહિબા૦ ૫

( ૩ )

વાસુપૂજ્ય જિનરાજ સુણો મુજ વિનતી,
જગતારક જિનરાજ તમે ત્રિભુવનપતિ;
ચંચલ ચિત્ત થકી હું ભમીઓ ભવો ભવે,
નિજ વિતકની વાત કહું સ્વામી હવે. ૧

હું સ્વભાવને છોડી રમ્યો પરભાવમાં,
નિધિ સમીપ હતો પણ નાખ્યો દાવમાં;
સ્થિરતાના પરિણામ જો થાય તો દેખીએ,
તે વિના નિધિરતનને પામી ઉવેખીએ. ૨
લોભ અને વિક્ષોભ જે કરચક દ્રવ્ય કહ્યો,
તેણે કરી જ્ઞાન દૂધનો નાશ તે મેં લહ્યો;
તે અસ્થિરપણાથી હું આપદા પામીઓ,
અબ તુમ દર્શન દેખી સર્વ દુઃખ વામીઓ. ૩
વાસવ વંદિત વાસુપૂજ્ય ચંપાપુરી,
વસુપૂજ્ય કુલ ચંદ્રમા માતા જયાસિરિ;
સિત્તેર ધનુષ પ્રમાણ તે કાયા જાણીએ,
લાખ બોંતેર વર્ષનું આયુષ્ય વખાણીએ. ૪
મહિષ લંછન જિનરાજ અનંત ગુણે ભર્યા,
અશ્વયોની કુંભરાશિથી રાક્ષસ ગણ વર્યા;
મૌનપણે એક વર્ષ પ્રભુ તપસ્યા કરે,
પાંડલ વૃક્ષની હેઠળ જ્ઞાન કેવલ વરે. ૫
વિચર્યા દેશ વિદેશ ભવિકને તારતા,
યોજનગામિની વાણી પ્રભુ વિસ્તારતા;
ષટ્ શત સાથે મોક્ષ વધુ વરવા ગયા,
વિજય મુક્તિપદ પામી કમલના કારજ થયા. ૬

(૪)

વાસુપૂજ્ય સ્વામીની બલિહારી, અમને ભક્તિ ગમી છે તમારી,
શુભ સૂર્યતણું રૂપ જોયું, આપ પદ માંહી મુજ મન પરોયું;
ત્યારે ખલકતણું દુઃખ ખોયું. ૧

સાચા સ્નેહતણાં તમે સાખી, આપ માટે આ જિંદગી આખી;
મીઠી મૂર્તિ હૃદયમાંહી રાખી. ૨
કલ્પવૃક્ષની ઉપમા અધુરી, વૃક્ષે જડતા પેખાય છે પુરી;
આપ ચેતન મૂર્તિ મધુરી. ૩
કામ ક્રોધના કાપણ હારા, ગતિ ઉત્તમ આપણ હારા;
સ્થિર જ્ઞાનના સ્થાપન હારા. ૪
આપ ભક્તિના પ્રગટાવો ભાનુ, પડ્યું આપ સાથે મારૂં પાનું;
સ્વામી કેમ કરી રાખું છાનું. ૫
મારા વિમલ મંદિરમાંહી વસજો, દાસ સામું દેખી હેતે હસજો;
વાલમ વ્હાલ કરીને વિલસજો. ૬
પ્રભુ ભજવાથી મોહ મટે છે, સ્વામિ સેવ્યાથી ક્રોધ ઘટે છે;
રૂડું નામ અજિત રટે છે. ૭

## ૯. શ્રી શાંતિનાથ જિન સ્તવન

(૧)

સુણો શાંતિ જિણંદ સોભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી;
તુમે નિરાગી ભગવંત, જોતાં કિમ મળશે તંત. સુણો૦ ૧
હું તો ક્રોધ કષાયનો ભરીઓ, તું તો ઉપશમ રસનો દરિઓ;
હું તો અજ્ઞાને આવરીયો, તું તો કેવલ કમલા વરીઓ.
સુણો૦ ૨
હું તો વિષયારસનો આશી, તેં તો વિષયા કીધી નિરાશી;
હું તો કરમને ભારે ભાર્યો, તેં તો પ્રભુ ભાર ઉતાર્યો.
સુણો૦ ૩

હું તો મોહતણે વશ પડીઓ, તેં તો સબળા મોહને હણીઓ;
હું તો ભવસમુદ્રમાં ખૂંચ્યો, તું તો શિવમંદિરમાં પહોંચ્યો.
સુણો૦ ૪

મારે જન્મ મરણનો જોરો, તેં તો તોડ્યો તેહનો દોરો;
મારો પાસો ન મેલે રાગ, પ્રભુજી તમે થયા વિતરાગ.
સુણો૦ ૫

મને માયાએ મૂક્યો પાસી, તું તો નિરબંધન અવિનાશી;
હું તો સમકિતથી અધુરો, તું તો સકળ પદારથે પુરો.
સુણો૦ ૬

મારે તો છો પ્રભુ તુંહિ એક, તારે મુજ સરિખા અનેક;
હું તો મનથી ન મૂકું માન, તું તો માનરહિત ભગવાન.
સુણો૦ ૭

મારું કીધું કશું નવિ થાય, તું તો રંકને કરે છે રાય;
એક કરો મુજ મહેરબાની, મારો મુજરો લેજો માની.
સુણો૦ ૮

એકવાર નજરે જો નિરખો, તો કરો મુજને તુમ સરિખો;
જો સેવક તુમ સરિખો થાશે, તો ગુણ તમારા ગાશે.
સુણો૦ ૯

ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગુ દેવાધિદેવા;
સામુ જુઓને સેવક જાણી, એવી ઉદયરતનની વાણી.
સુણો૦ ૧૦

(૨)

શાંતિ જિનેશ્વર સાહિબા રે, શાંતિ તણા દાતાર સલુણા;
અંતરજામી છો માહરા રે, આતમના આધાર સલુણા.
શાંતિ૦ ૧

ચિત્ત ચાહે પ્રભુ ચાકરી રે, મન ચાહે મળવાને કાજ સલુણા;
નયન ચાહે પ્રભુ નિરખવા રે, દ્યો દરિસન મહારાજ સલુણા.
શાંતિ૦ ૨

પલક ન વિસરો મનથકી રે, જેમ મોરા મન મેહ સલુણા;
એક પખો કેમ રાખીએ રે, રાજકપટનો નેહ સલુણા.
શાંતિ૦ ૩

નેહ નજરે નિહાળતાં રે, વાધે બમણો વાન સલુણા;
અખૂટ ખજાનો પ્રભુ તાહરો રે, દીજીએ વાંછિત દાન સલુણા.
શાંતિ૦ ૪

આશ કરે જે કોઇ આપની રે, નવિ મૂકીએ નિરાશ સલુણા;
સેવક જાણી આપનો રે, દીજીએ તાસ દિલાસ સલુણા.
શાંતિ૦ ૫

દાયકને દેતાં થકાં રે, ક્ષણ નવિ લાગે વાર સલુણા;
કાજ સરે નિજ દાસના રે, એ મોટો ઉપકાર સલુણા.
શાંતિ૦ ૬

એવું જાણીને જગધણી રે, દિલમાંહી ધરજો પ્યાર સલુણા;
રૂપવિજય કવિરાજનો રે, મોહન જય જયકાર સલુણા.
શાંતિ૦ ૭

( ૩ )

શ્રી શાંતિ જિનેશ્વર દીઠો રે, મારા મનમાં લાગે મીઠો રે;
આજ મુખડું એનું જોતાં રે, મારા નયન થયા પનોતા રે.
શાંતિ૦ ૧

જે નજર માંડી એને જોશે રે, તે તો ભવની ભાવઠ ખોશે રે;
એનું રૂપ જોઇને જાણે રે, તેને સુરનર સહુ વખાણે રે.
શાંતિ૦ ૨

એ તો સાહિબ છે સયાણો રે, મને લાગે એહશું તાનો રે;
એ તો શિવસુંદરીનો રસીઓ રે, મારા નયનો માંહી વસીઓ રે.
શાંતિ૦ ૩

મેં તો સગપણ એહશું કીધું રે, હવે સઘળું કારજ સીધ્યું રે;
એ તો જીવન અંતરજામી રે, નિરંજન એ બહુનામી રે.
શાંતિ૦ ૪

ઘણું શું એને વખાણું રે, હું તો જીવનો જીવન જાણું રે;
ઘણું જે એહને મળશે રે, તે તો માણસમાંથી ટળશે રે.
શાંતિ૦ ૫

મનડા જેણે એહશું માંડ્યા રે, તેણે રિદ્ધિવંતા ઘર છોડ્યા રે;
આગે જેણે એહ ઉપાયો રે, તેણે શિવસુખ કરતલ વાસ્યા રે.
શાંતિ૦ ૬

આશિક જે એહના થાશે રે, તેને સંસારમાં ન રહેવાશે રે;
ગુણ એહના જે ઘણા ગાશે રે, તે તો આખર નિર્ગુણા થાશે રે.
શાંતિ૦ ૭

મેં તો માંડી એહશું માયા રે, મને ન ગમે બીજાની છાયા રે;
વાચક ઉદયરતન એમ બોલે રે, કોઈ ન આવે એહની તોલે રે.
શાંતિ૦ ૮

( ૪ )

મારો મુજરો લ્યોને રાજ, સાહિબ શાંતિ સલુણા,
અચિરાજીના નંદન તોરે, દરિસન હેતે આવ્યો;
સમકિત રિઝ કરોને સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો. મારો૦ ૧

દુઃખભંજન છે બિરૂદ તમારૂં, અમને આશ તુમારી રે;
તુમે નિરાગી થઇને છૂટો, શી ગતિ હોશે અમારી. મારો૦ ૨

કહેશે લોક તાણી ન કહેવું, એવડું સ્વામી આગે;
પણ બાળક જો બોલી ન જાણે, તો કેમ વહાલો લાગે. મારો૦ ૩

મારે તો તું સમરથ સાહિબ, તો કેમ ઓછું માનું;
ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું. મારો૦ ૪

અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે;
**વિમલવિજય** વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે. મારો૦ ૫

( ૫ )

શાંતિ જિનેશ્વર સાંભળોજી, મુજ મનની એક વાત;
રાત દિવસ હું વિનવુંજી, શરણું માંગું સાક્ષાત્.
જિનેશ્વર મુજ પાપીને તાર. ૧

સાચા ખોટા મેં કર્યાજી, કીધાં પાપ અપાર;
મહેર કરી મને તારજોજી, ટાળો પાપ પરિતાપ. જિને૦ ૨

સ્વારથીયો સંસાર છેજી, લક્ષ્મી અસ્થિર નિદાન;
પરમાર્થમાં નહિ વાપર્યુંજી, એકલા જાવું તે જાણ. જિને૦ ૩

લક્ષ્મી કેરી લાલચેજી, લૂંટ્યા મેં લોક અનેક;
શાસનપતિ નામો પડેજી, લખાઇ ગયા ત્યાં લેખ. જિને૦ ૪

કર્યા કર્મ સહુ અનુભવેજી, કોઇ ન રાખણહાર;
શાંતિ જિનેશ્વર જાપથીજી, કોઈ દિન પામે પાર. જિને૦ ૫
વિશ્વસેન કુળ દીપાવીયુંજી, અચિરામાતા સુખકાર;
લાખ વર્ષનું આઉખુંજી, મૃગ લંછન મનોહાર. જિને૦ ૬
ભરણી નક્ષત્રમાં જનમીયાજી, મેષ રાશિ પ્રમાણ;
ગરૂડ નિર્વાણી સેવા કરેજી, શાસનની રખવાળ. જિને૦ ૭
વિનયવિજયની વિનતીજી, સ્વીકારો વારંવાર;
શરણું પ્રભુ તાહરું મનેજી, આ ભવ પાર ઉતાર. જિને૦ ૮

( ૬ )

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ,
શાંતિકરણ અનુકુલમે હો જિનજી;
તું મેરા મનમેં, તું મેરા દિલમેં,
ધ્યાન ધરું પલપલમેં સાહેબજી. તું૦ ૧
ભવમાં ભમતાં મેં દરિસન પાયો,
આશ પુરો એક પલમે હો જિનજી. તું૦ ૨
નિરમલ જ્યોત વદન તુમ સોહે,
નિકસ્યો જ્યું ચંદ બાદલમે હો જિનજી. તું૦ ૩
મેરો મન તુમ સાથે લીનો,
મીન વસે જ્યું જલમે હો જિનજી. તું૦ ૪
જિનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર,
દીઠોજી દેવ સકલમે હો જિનજી. તું૦ ૫

## ૧૦. શ્રી અરનાથ જિન સ્તવન

અર જિનવર દીએ દેશના, સાંભળજો ભવિ પ્રાણી રે;
મીઠી સુધારસ સારિખિ, સુણીએ અનુભવ આણી રે. અર૦ ૧
આળસ મોહ અજ્ઞાનતા, વિષય કષાયને છંડી રે;
તન્મય ત્રિકરણ જોગશું, ધર્મ સુણો ચિત્ત મંડી રે. અર૦ ૨
દશ દૃષ્ટાંતે દોહિલો, નર ભવનો અવતાર રે;
સુરમણિ સુરઘટ સુરતરુ, તેહથી અધિકો ધાર રે. અર૦ ૩
એહ અસાર સંસારમાં, ભમીઓ ચેતન એહ રે;
ધર્મે વરજીત દિન ગયા, હજીય ન આવ્યો છેહ રે. અર૦ ૪
જ્ઞાન દર્શનમય આત્મા, કર્મ પંકે અવરાણો રે;
શુદ્ધ દશા નિજ હારીને, અતિશય દોષે ભરાણો રે. અર૦ ૫
દોષ અનાદિથી ઉદ્ધરે, જૈન ધર્મ જગસાર રે;
સકલ નયે જો આદરે, તો હોય ભવોદધિ પાર રે. અર૦ ૬
જિન આણા જે આરાધતાં, વિધિપૂર્વક ઉજમાળ રે;
સાધે સંવર નિર્જરા, પામે મંગળ માળ રે. અર૦ ૭
ચક્રી ભરતે સાતમો, અઢારમો જિનરાયા રે;
ઉત્તમવિજય કવિરાજનો, રત્નવિજય ગુણ ગાય રે. અર૦ ૮

## ૧૧. શ્રી મલ્લિનાથ જિન સ્તવન

પ્રભુ મલ્લિ જિણંદ શાંતિ આપજો,
ટાળજો મારા ભવોદધિના પાપ રે;
દયાળુ દેવા, મલ્લિ જિણંદ શાંતિ આપજો. ૧

વીતરાગ દેવને વંદું સદા,
બાળ બ્રહ્મચારી પ્રભુજી જગ વિખ્યાત રે;
પ્રભુજી મોરા, મલ્લિ જિણંદ શાંતિ આપજો. ૨
અકલ અચલ ને અટલ તું,
કષાય ને મોહ નથી જેને લવલેશ રે. પ્રભુ૦ ૩
સર્પ ડંશ્યો છે મને ક્રોધનો,
રગે રગે વ્યાપ્યું છે જેનું વિષ રે. પ્રભુ૦ ૪
માન પત્થર સ્થંભ સરિખો,
તેણે કીધો છે મને જડવાન રે. પ્રભુ૦ ૫
માયા ડાકણ વળગી મને,
આપ વિના નહિ કોઇ છોડાવણહાર રે. પ્રભુ૦ ૬
લોભ સાગરમાં હું પડ્યો,
ડૂબી રહ્યો છું ભવદુઃખ અપાર રે. પ્રભુ૦ ૭
આપ શરણે હવે હું આવીયો,
રક્ષણ કરજો મારું તમે જગનાથ રે. પ્રભુ૦ ૮
અરજ સુણો આ દાસની,
જ્ઞાનવિમલ કહે પ્રભુજી તારણહાર રે. પ્રભુ૦ ૯

(૨)

પંચમ સુરલોકના વાસી રે, નવ લોકાંતિક સુવિલાસી રે;
કરે વિનતી ગુણની રાશી, મલ્લિ જિન નાથજી વ્રત લીજે રે.
ભવિ જીવને શિવસુખ દીજે. મલ્લિ૦ ૧
તુમે કરુણારસ ભંડાર રે, પામ્યા છો ભવજળ પાર રે;
સેવકનો કરો ઉદ્ધાર. મલ્લિ૦ ૨

પ્રભુ દાન સંવત્સરી આપે રે, જગના દારિદ્ર દુઃખ કાપે રે;
ભવ્યત્વપણે તસ થાપે. મલ્લિ૦ ૩
સુરપતિ સઘળા મળી આવે રે, મણિ રયણ સોવન વરસાવે રે;
પ્રભુ ચરણે શિષ નમાવે. મલ્લિ૦ ૪
તીર્થોદક કુંભ લાવે રે, પ્રભુને સિંહાસન ઠાવે રે;
સુરપતિ ભક્તે નવરાવે. મલ્લિ૦ ૫
વસ્ત્રાભરણે શણગારે રે, ફુલમાળા હૃદય પર ધારે રે;
દુઃખડા ઈન્દ્રાણી ઉવારે. મલ્લિ૦ ૬
મલ્યા સુરનર કોડાકોડી રે, પ્રભુ આગે રહ્યા કર જોડી રે;
કરે ભક્તિ યુક્તિ મદ મોડી. મલ્લિ૦ ૭
માગસર શુદીની અજુઆલી રે, એકાદશી ગુણની આલી રે;
વર્યા સંયમ વધુ લટકાળી. મલ્લિ૦ ૮
દીક્ષા કલ્યાણક એહ રે, ગાતાં દુઃખ ન રહે રેહ રે;
લહે રૂપવિજય જસ નેહ. મલ્લિ૦ ૯

( ૩ )

મન મોહનજી મલ્લિનાથ, સુણો મુજ વિનતી;
હું તો ડૂબ્યો ભવોદધિમાંહી, પીડાયો કર્મે અતી. મન૦ ૧
જ્યાં જ્યાં અધર્મ કેરા કામ, તેમાં બહુ હરખીઓ;
ધર્મકાજમાં ન દીધું ધ્યાન, માર્ગ નવિ પરખીઓ. મન૦ ૨
દુર્ગુણ ભર્યો રે હું બાળ, સુગુણ ગુણ નવિ રમ્યો;
મોહે માચ્યો સદાકાળ, હર્ષના ફંદે ફર્યો. મન૦ ૩
છળ કરીને ઘણું દગાબાજ, દ્રવ્ય મેં સંચીઆ;
જૂઠું લવી મુખ વાત, લોકોના મન હર્યા. મન૦ ૪

પતિત પામર રંક જે, જીવ તેને છેતર્યા બહુ;
પાપે કરી પિંડ ભરાય, કથા કેટલી કહુ. મન૦ ૫
પ્રભુ તારો ધર્મ લગાર, મેં તો નવિ જાણીઓ;
મેં તો ઉત્થાપી તુજ આણ, પાપે ભર્યો પ્રાણીઓ. મન૦ ૬
શુદ્ધ સમકિત ત્હારૂં જેહ, તે મનથી ન ભાવીયું;
શંકા કંખા વિતિગિચ્છિા માંહી, પાખંડે પડાવીયું. મન૦ ૭
તકસીરો ઘણી જગનાથ, મુખે નવિ ગણી શકું;
કરી માફ ગુના જગનાથ, કથા કેટલી બકું. મન૦ ૮
રીઝ કરીને ઘણી જગનાથ, ભવ પાસને તોડીએ;
શરણે રાખીને મહારાજ, પછી કેમ છોડીએ? મન૦ ૯
મલીયા વાચક વીર સુજાણ, વિનયની આવારમાં;
જેથી ટળીઆ કુમતિના ફંદ, પ્રભુજી દેદારમાં. મન૦ ૧૦

(૪)

મલ્લિ જિનેશ્વર અરચિત કેસર, અલવેસર અવિનાશીજી;
પરમેશ્વર પૂરણ પદ ભોક્તા, ગુણરાશિ શિવવાસી;
જિનજી ધ્યાવોજી, મલ્લિ જિણંદ મુણિંદ ગુણ ગણ ગાવોજી. ૧
મૃગશિર સુદિ એકાદસી દિવસે, ઉપન્યું કેવલનાણજી;
લોકાલોક પ્રકાશક ભાસક, પ્રગટ્યો અભિનવ ભાણ.
જિનજી૦ ૨
મત્યાદિક ચઉનાણનું ભાસન, એહમાં સકલ સમાયજી;
ગ્રહ ઉડુ તારા ચંદ્ર પ્રભા જિમ, તરણી તેજમાં જાય.
જિનજી૦ ૩

જ્ઞેયભાવ સવિ જ્ઞાને જાણે, જે સામાન્ય વિશેષજી;
આપ સ્વભાવે રમણ કરે પ્રભુ, તજી પુદ્‌ગલ સંક્લેશ.
જિનજી૦ ૪

ચાલીસ સહસ મહામુનિ જેહના, રત્નત્રય આધારજી;
સહસ પંચાવન સાહુણી જાણો, ગુણમણિ રયણ ભંડાર.
જિનજી૦ ૫

શત સમ ન્યુન સહસ પંચાવન, વરસ કેવલ ગુણ ધરતાજી;
વિચરે વસુધા ઉપર જિનજી, બહુ ઉપગારને કરતાં.
જિનજી૦ ૬

કેવલનાણ કલ્યાણક જિનનું, જે ભવિઅણ નિત્ય ગાવેજી;
જિન ઉત્તમ પદ પદ્મ પ્રભાવે, શુદ્ધ રૂપ તે પાવે.
જિનજી૦ ૭

## ૧૨. શ્રી મુનિસુવ્રતસ્વામી જિન સ્તવન

મુનિસુવ્રત મન મોહ્યું મારું, શરણ હવે છે તમારું;
પ્રાતઃ સમયમાં હું જ્યારે જાગું, સ્મરણ કરૂં છું તમારું.
હો જિનજી તુજ મૂર્તિ મનહરણી, ભયસાયર જળતરણી.
હો જિનજી૦ ૧

આપ ભરોસો આ જગમાં છે, તારો તો ઘણું સારું;
જન્મ જરા મરણો કરી થાક્યો, આશરો લીધો છે તાહરો.
હો જિનજી૦ ૨

ચું ચું ચું ચું ચીડીઆ બોલે, ભજન કરે છે તારું;
મૂર્ખ મનુષ્ય પ્રમાદે પડ્યો રહે, નામ જપે નહિ તારું.
હો જિનજી૦ ૩

ભેળા થતાં બહુ શોર સુણું હું, કોઈ હસે કોઇ રૂવે;
સુખીયો સુવે ને દુઃખીયો રૂવે, અકળગતિ એ વિચારૂં.
હો જિનજી૦ ૪

ખેલ ખલકનો બધો નાટકનો, કુટુંબ કબીલો હું ધારૂં;
જ્યા સુધી સ્વાર્થ ત્યાં સુધી સર્વે, અંતઃસમય સહુ ન્યારૂં.
હો જિનજી૦ ૫

માયા જાળ તણી જોઈ જાળી, જગત લાગે છે ખારૂં;
ઉદયરતન એમ જાણીને પ્રભુ, શરણ ગ્રહ્યું છે મેં સારૂં.
હો જિનજી૦ ૬

## ૧૩. શ્રી નેમિનાથ જિન સ્તવન

(૧)

પરમાતમ પૂરણ કલા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ;
પૂરણ દૃષ્ટિ નિહાળીએ, ચિત્ત ધરીએ હો અમચી અરદાસ.
પરમા૦ ૧

સર્વ દેશઘાતિ સહુ, અઘાતિ હો, કરી ઘાત દયાલ;
વાસ કીયો શિવ મંદિરે, મોહે વિસરી હો ભમતો જગજાલ.
પરમા૦ ૨

જગતારક પદવી લહી, તાર્યા સહી હો અપરાધી અપાર;
તાત! કહો મોહે તારતાં, કિમ્ કિનિ હો ઇણ અવસર વાર.
પરમા૦ ૩

મોહ મહા મદ છાકથી, હું છકીઓ હો નહિ શુદ્ધિ લગાર;
ઉચિત સહી ઇણ અવસરે, સેવકની હો કરવી સંભાળ.
પરમા૦ ૪

મોહ ગયે જો તારશો, તિણ વેળા હો કિહાં તુમ ઉપગાર;
સુખ વેળા સજ્જન ઘણાં, દુઃખ વેળા હો વિરલા સંસાર.
પરમા૦ ૫

પણ તુમ દરિસન જોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ;
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ.
પરમા૦ ૬

કર્મ કલંક નિવારીને, નિજ રૂપે હો રમે રમતા રામ;
લહત અપૂરવ ભાવથી, ઇણ રીતે હો તુમ પદ વિસરામ.
પરમા૦ ૭

ત્રિકરણ જોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ;
ચિદાનંદ મનમેં સદા, તુમે આપો હો પ્રભુ નાણ દિણંદ.
પરમા૦ ૮

( ૨ )

નેમિ જિનેશ્વર નમીએ નેહશું, બ્રહ્મચારી ભગવાન;
પાંચ લાખ વરસનું આંતરૂં, શ્યામ વરણ તનુ વાન. નેમિ૦ ૧
કારતક વદી બારસ ચવિઆ પ્રભુ, માત શિવાદેવી મલ્હાર;
જન્મ્યા શ્રાવણ શુદી પંચમી દિને, દસ ધનુષ કાયા ઉદાર.
નેમિ૦ ૨

શ્રાવણ શુદી છઠ્ઠે દીક્ષા ગ્રહી, આસો અમાસે રે નાણ;
અસાડ શુદી આઠમે સિદ્ધિ વર્યા, વરસ સહસ આયુ પ્રમાણ.
નેમિ૦ ૩

હરિ પટરાણી ને શાંબ પદ્યુમન, વળી તેમ વસુદેવની નાર;
ગજસુકુમાલ પ્રમુખ મુનિ રાજીયા, પહોંચાડ્યા ભવપાર.
નેમિ૦ ૪

રાજીમતિ પ્રમુખ પરિવારને, તાર્યા રે કરુણા રે આણ;
પદ્મવિજય કહે નિજ પરમત કરો, મુજ તારો તો પ્રમાણ.
નેમિ૦ ૫

( ૩ )

નેમજી ચાલો તો તુમને આખડીજી,
રાજા શ્રી સમુદ્રવિજયની આણ જો;
એમ કરતાં પિયુજી ચાલીયાજી,
રાજુલને પાણીના પચ્ચખાણ જો. નેમજી૦ ૧
પાલવ ઝાલીને ઊભા રહ્યાજી,
શો શો સાહેબજી અમારો દોષ જો;
આઠે ભવની નારી કેમ તજોજી,
નવમે નવ કરીએ વાલમ રોષ જો. નેમજી૦ ૨
યાદવરાય જાનો લાવશોજી,
રાતે રાજુલરાણી પરણશે જી;
છેલ છબીલી નારી કેમ તજો જી,
સમજાવ્યા વિના કેમ જાઓ નેમ રે. નેમજી૦ ૩
માતા શિવાદેવીના લાડકાજી,
કંઇ યાદવ કુળ શણગાર રે;
પશુડા દેખીને પાછા ફર્યાજી,
નેમજી કંઈ દયાના ભંડાર રે. નેમજી૦ ૪

સરખી સાહેલીઓ જાશે સાસરેજી,
સાસરીએ સુખવાસ જો;
જઈને સાસુને પાયે લાગશેજી,
સસરા પુરે કંઇ મનની આશ જો. નેમજી૦ ૫
આડા ને અવળા ઊભા ડુંગરાજી,
વચમાં કેઈ નદીઓ કેરા પૂર રે;
કેમ કરી આવું પિયુડા તુમ કનેજી,
તુમે શું રૂંધ્યો મારો જીવ જો. નેમજી૦ ૬
ગાજે વાજે ને ઝબકે વિજળીજી,
કંઈ ઝરમર વરસે મેઘ જો;
આંસુડે ભિંજાય રાજુલનો કંચવોજી,
હૈયે ભિંજાય નવસેરી હાર જો. નેમજી૦ ૭
સહસાવનમાં જઈ સંયમ આદર્યોજી,
પાંચમી ટૂંકે લીધું અણુસણ જો;
હીરવિજય ગુરુ હીરલોજી,
**કાંતિવિજય** ગુણ ગાય જો. નેમજી૦ ૮

(૪)

શામળીયા લાલ તોરણથી રથ ફેર્યો કારણ કહોને,
ગુણ ગિરૂઆ લાલ મુજને મૂકી ચાલ્યા દરિસન દ્યોને;
હું રાજુલ છું નારી તુમારી, તુમે શેં પ્રીતિ મૂકી અમારી,
તુમે સંયમ સ્ત્રી મનમાં ધારી. શામળીયા૦ ૧
તુમે પશુઆ ઉપર કૃપા આણી, તમે મારી વાત કો નવ જાણી;
તુમ વિણ પરણું નહિ કો પ્રાણી શામળીયા૦ ૨

આઠ ભવોની પ્રીતલડી, મૂકીને ચાલ્યો રોતલડી;
નહિ સજ્જનની એ રીતલડી. શામળીયા૦ ૩
નવિ કીધો હાથ ઉપર હાથે, તો કર મૂકાવું હું માથે;
પણ જાવું પ્રભુજીની સાથે. શામળીયા૦ ૪
ઇમ કહી પ્રભુ હાથે વ્રત લીધો, પોતાનો કારજ સિધ્યો;
પકડ્યો મારગ એને સાવ સીધો. શામળીયા૦ ૫
ચોપન દિન પ્રભુજી તપ કરીઓ, પણ પંડે કેવળ ઘર ધરીઓ;
પણ સત છત્રીસશું શિવ વરીઓ. શામળીયા૦ ૬
એમ ત્રણ કલ્યાણક ગિરનારે, પામ્યા જિન ઉત્તમ તારે;
જો પદ પદ્મ તસ શિર ધારે. શામળીયા૦ ૭

( ૫ )

અગર ચંદન ગુરુ ઓરડા, ફુલડે બિછાવું પ્રભુજીની શૈયા રે;
નવિ ગમે ઓરડા ને ઓસરી, નવિ ગમે કેવલિયો ભરથારજી.
લીધા રે અબોલા નેમે જન્મના, પાળ્યા રે અબોલા નેમે ભવતણા. ૧
સમુદ્રવિજય કુળ ચંદલો, શિવાદેવી માતા મલ્હારજી;
તોરણ આવી પાછા વળ્યા, સુણી પશુનો પોકારજી.
લીધા૦ ૨
આઠે ભવની તે પ્રીતડી, નવમે ભવે તોડી નાથજી;
કુંવારી મેલી મને આ ભવે, પ્રગટ્યા પૂરણ પાપજી.
લીધા૦ ૩
નાનપણે નથી પીયર સાસરા, મોટપણે નથી મોસાળજી;
કંથ વિના રે કૂડા કલંક ચઢે, સુણો સુણો જાદવરાયજી.
લીધા૦ ૪

નથી હાથે હાથે રે વહાલો મેળવ્યો, નથી નાખી કોટે વરમાળજી;
નથી ચઢયા ચોરિ ને ચોગઠે, નથી ચાખ્યો સાકરીઓ કંસારજી.
લીધા૦ ૫

નથી તાણ્યા સસરાના ઘૂમટાં, નથી લાગી સાસુને પાયજી;
પિયરે ન દીઠી સાકર સુખડી, નાવલીયે દીઠા શણગારજી.
લીધા૦ ૬

રત્નસાગર ગુરુ એમ કહે, હોજો મંગળમાળજી;
પ્રભુ પાસે જઇને સંજમ લીધો, પહોંચ્યા મુક્તિ મોઝારજી.
લીધા૦ ૭

( ૬ )

( અર્વાચીન છે. )

નેમિનાથજી રે અરજી મારી સ્વીકારો, ખરો આશરો એક તુમારો;
આ ભવમાં રે એકે નથી કોઈ આરો, ઉદ્ધાર કરો પ્રભુ માહરો.
પ્રભુ તું છે મુજ મન પ્યારો રે, મારી વિનતડી અવધારો રે;
કરી કરુણા રે, મોહના ભયથી વારો. ખરો૦ ૧

ગિરનાર મંડન સ્વામી રે, માતા શિવાદેવી ગુણધામી રે;
દયાસિંધુ રે, દિન અનાથને તારો. ખરો૦ ૨

જેના ત્રણ કલ્યાણક જાણો રે, જાદવપતિ નેમિ વખાણો રે;
રૈવતગિરિ રે, પંચમ શિખર પ્યારો. ખરો૦ ૩

ખોલો શિવનગરીના દ્વારો રે, અષ્ટકર્મ મતંગજ મારો રે;
નિરાશ્રય રે, જાણી અરજ ઉર ધારો. ખરો૦ ૪

ચાહુ ચરણકમળની સેવા રે, આપો સમકિત સુખડી મેવા રે;
આવ્યો શરણે રે, શરણું આપી ઉગારો. ખરો૦ ૫
મારા કષ્ટ પ્રભુજી નિવારો રે, ભવસાગર પાર ઉતારો રે;
સૂરિ નીતિનો રે, ઉદય કરીને તારો. ખરો૦ ૬

( ૭ )

દ્વારાપુરીનો નેમ રાજીયો, તજી છે જેણે રાજુલ જેવી નાર રે;
ગિરનારી નેમ, સંજમ લીધો છે બાળવેશમાં. ૧
મંડપ રચ્યો છે મધ્ય ચોકમાં,
જોવા મળીયું છે દ્વારાપુરીનું લોક રે. ગિર૦ ૨
ભાભીએ મેંણા મારીઆ,
પરણે વહાલો શ્રી કૃષ્ણનો વીર રે. ગિર૦ ૩
ગોખે બેસીને રાજુલ જોઈ રહ્યા,
ક્યારે આવે જાદવકુળનો દીપ રે. ગિર૦ ૪
નેમજી તે તોરણ આવીયા,
સુણી કાંઈ પશુનો પોકાર રે. ગિર૦ ૫
સાસુએ નેમજીને પોંખીયા,
વહાલો મારો તોરણ ચઢવા જાય રે. ગિર૦ ૬
નેમજીએ સાળાને બોલાવીયા,
શાને કરે છે પશુડા પોકાર રે. ગિર૦ ૭
રાતે રાજુલબેન પરણશે,
સવારે દેશું ગોરસના ભોજન રે. ગિર૦ ૮
નેમજીએ રથ પાછો વાળીઓ,
જઈ ચઢ્યા ગઢ ગિરનાર રે. ગિર૦ ૯

રાજુલબેની રૂવે ધ્રૂસકે,
રૂવે રૂવે કાંઇ સૌરીપુરીના લોક રે. ગિર૦ ૧૦
વીરાએ બેનીને સમજાવીયા,
અવર જોશું નેમ સરિખો ભરથાર રે. ગિર૦ ૧૧
પિયુ તે નેમ એક ધારીયા,
અવર દેખું ભાઈ ને બીજા બાપ રે. ગિર૦ ૧૨
જમણી આંખે શ્રાવણ સરવરે,
ડાબી આંખે ભાદરવો ભરપૂર રે. ગિર૦ ૧૩
ચીર ભીંજાય રાજુલ નારના,
વાગે છે કાંઇ કંટક અપાર રે. ગિર૦ ૧૪
હીરવિજય ગુરુ હીરલો,
લબ્ધિવિજય કહે કરજોડ રે. ગિર૦ ૧૫
જૈન તીર્થંકર બાવીસમા,
સખીઓ કહે ન મળે એની જોડ રે. ગિર૦ ૧૬

(૮)

નેમ પ્રભુજીએ રથ પાછો વાળી રે,
કલ્પ પંથ થયો છે તત્કાળી રે;
ત્રાય ત્રાય ને પાડે વાર તાળી રે,
નાથ મને મેલી ન જાઓ ગિરનારી રે. ૧

રોમ રોમ જાનૈયા થોકે રે,
સુણી વાત ભેગા થઇ લોક રે;
રાણી રાજુલ ધરતી શોક રે. નાથ૦ ૨

મને અન્ન આદિ નવિ ભાવે રે,
રોતા રોતા દિવસ રાત જાય રે;
મને ક્રોડ વિચાર ઘણો થાય રે. નાથ૦ ૩

મને ભક્ષણ આભૂષણ કોણ દેવે રે,
વળી એકાંતે પત્ર કોણ દેવે રે;
ઓશિયાળી અનેક લોક કહેવે રે. નાથ૦ ૪

અર્ધ રાત્રિમાં સ્વપ્નું દેખાડી રે,
સૂતી નિદ્રામાં સખીએ જગાડી રે;
સુખ લીધાં છે સર્વ અગાડી રે. નાથ૦ ૫

મેં તો સ્વપ્નું દીઠેલ છે અપાર રે,
મને પ્રિતમ કો દિન સંતાપે રે;
બળી અગ્નિમાં રોમ રોમ વ્યાપે રે. નાથ૦ ૬

વિણુ વાંકે શું મેલો છો વ્હેતી રે,
રોતા રોતા રાજુલ એમ કહેતી રે;
રથ આડી ઊભી રહેતી રે. નાથ૦ ૭

કુળવંતી છે તમને રાણી રે,
પ્રિતમ કેમ મેલો છો કુંવારી રે;
એમ અમે શું થયા અહુકાળી રે. નાથ૦ ૮

પરણવું નહોતું જો તુમારે રે,
ગીત ભાભીને શીદ ગવડાવ્યો રે;
એવો રોફંદ શીદ મચાવ્યો રે. નાથ૦ ૯

સાચો પ્રેમ રાજુલ નવિ જાણે રે,
કરી કેવલ તત્ક્ષણ નાણી રે;
પ્રભુ પહેલા તો શિવમાં સમાણી રે. નાથ૦ ૧૦

ચાર સંઘ પ્રભુજીએ સ્થાપ્યા રે,
શિવ પહોંચ્યા ને કર્મ ખપાવ્યા રે;
ગુરુ રૂપવિજય ચંદ વારી રે. નાથ૦ ૧૧

## ૧૪. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(૧)

રાતા જેવા ફુલડા ને, શામળ જેવો રંગ;
આજ તારી આંગીનો, કાંઈ રૂડો બન્યો રંગ;
પ્યારા પાસજી હો લાલ, દીન દયાલ મને નયણે નિહાલ. ૧

જોગીવાડે જાગતો ને, માતો ધિંગડ મલ્લ;
શામળો સોહામણો કાંઈ, જીત્યા આઠે મલ્લ. પ્યારા૦ ૨

તું છે મારો સાહિબો ને, હું છું તારો દાસ;
આશ પૂરો દાસની કાંઇ, સાંભળો અરદાસ. પ્યારા૦ ૩

દેવ સઘળા દીઠા તેમાં, એક તું અવ્વલ;
લાખેણું છે લટકું તારું, દેખી રીઝે દિલ. પ્યારા૦ ૪

કોઈ નમે પીરને, કોઇ નમે રામ;
ઉદયરત્ન કહે પ્રભુજી, મારે તુમશું કામ? પ્યારા૦ ૫

( ૨ )

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો રે,
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ મરણ દુઃખ વારો;
સેવક અરજ કરે છે આજ, અમને શિવસુખ આપો. ૧

સહુકોના મનવાંછિત પુરો, ચિંતા સહુની ચૂરો રે;
એવું બિરૂદ છે રાજ તમારું, કેમ રાખો છો દૂરે. સેવક૦ ૨

સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો રે;
કરુણાસાગર કેમ કહેવાશો, જો ઉપકાર ન કરશો. સેવક૦ ૩

લટપટનું હવે કામ નહિ છે, પ્રત્યક્ષ દરિસન દીજે;
ધુંઆડે ધીજું નહિ સાહિબ, પેટ પડ્યા પતીજે. સેવક૦ ૪

શ્રી શંખેશ્વર મંડન સાહિબ, વિનતડી અવધારો રે;
કહે જિન હર્ષ મયા કરી મુજને, ભવસાગરથી તારો. સેવક૦ ૫

( ૩ )

પ્યારો પ્યારો રે, હો વહાલા મારા, પાર્શ્વ જિણંદ મને પ્યારો;
તારો તારો રે, હો વહાલા મારા, ભવનાં દુઃખડા વારો.
કાશિ દેશ વણારસી નગરી, અશ્વસેન કુળ સોહીએ રે;
પાસ જિણંદા વામાનંદા મારા વહાલા, દેખત જન મન મોહીએ.
પ્યારો૦ ૧

છપ્પન દિગ્કુમરી મલી આવે, પ્રભુજીને હુલરાવે રે;
થેઈ થેઇ નાચ કરે મારા વહાલા, હરખે જિન ગુણ ગાવે.
પ્યારો૦ ૨

કમઠ હઠ ગાળ્યો પ્રભુ પાર્શ્વે, બળતો ઉગાર્યો ફણી નાગ રે;
દીયો સાર નવકાર નાગ કો, ધરણેન્દ્ર પદ પાયો.
પ્યારો૦ ૩

દીક્ષા લઇ પ્રભુ કેવલ પાયો, સમવસરણમેં સુહાયો રે;
દીયે મધુર ધ્વની દેશના પ્રભુ, ચૌમુખ ધર્મ સુણાયો.
પ્યારો૦ ૪

કર્મ ખપાવી શિવપુર જાવે, અજરામર પદ પાવે રે;
જ્ઞાન અમૃત રસ ફરસે મારા વહાલા, જ્યોતિસે જ્યોતિ મિલાવે.
પ્યારો૦ ૫

( ૪ )

સાર કર સાર કર, સ્વામી શંખેશ્વરા,
વિશ્વ વિખ્યાત એકાંત આવો;
જગતના નાથ મુજ, હાથ ઝાલી કરી,
આજ કિમ કાજમાં વાર લાવો. સાર૦ ૧

હૃદય મુજ રંજનો, શત્રુ દુઃખ ભંજનો,
ઇષ્ટ પરમેષ્ઠિ મોહે તુંહી સાચો;
ખલક ખિજમત કરે, વિપત્તિ સમે ખીણ ભરે,
નવિ રહે તાસ અભિલાષ કાચો. સાર૦ ૨

યાદવા રણઝણે, રામ કેશવ રણે,
જામ લાગી જરા નિંદ સોતી;
સ્વામી શંખેશ્વરા, ચરણ જલ પામીને,
યાદવોની જરા જાય રોતી. સાર૦ ૩

આજ જિનરાજ, ઉંઘે કિશ્યું આ સમે,
જાગ મહારાજ સેવક ગનોતા;
સુબુદ્ધિ મદ્યે ટળે, દ્યૂતે દોલત હરે,
વીર હાકે રિપુ વૃંદ રોતા. સાર૦ ૪
દાસ છું જન્મના, પૂરીએ કામના,
ધ્યાનથી માસ દસ હોય વીત્યા;
વિકટ સંકટ હરો, નિકટ નયણાં કરો,
તો અમે શત્રુ નૃપતિકું જીત્યા. સાર૦ ૫
કાલ મુંઘે અસન, શીતકાલે વસન,
શ્રમ સુખાસન રણે ઉદક દાઈ;
સુગુણ નર સાંભરે, વિસરે નહિ કદા,
પાસજી તું સદા છે સખાઈ. સાર૦ ૬
માત તું તાત તું, ભ્રાત તું દેવ તું,
દેવ દુનિયામાં દૂજો ન વહાલો;
શ્રી શુભવીર જગ જીત ડંકો કરે,
નાથજી નેક નયણે નિહાલો. સાર૦ ૭

(૫)

નિત્ય સમરું સાહિબ સયણાં, નામ સુણતાં શીતલ શ્રવણા;
જિન દરિસને વિકસે નયણાં, ગુણ ગાતાં ઉલ્લસે વયણા રે;
શંખેશ્વર સાહિબ સાચો, બીજાનો આશરો કાચો રે.
શંખે૦ ૧
દ્રવ્યથી દેવ દાનવ પૂજે, ગુણ શાંત રુચિપણું લીજે;
અરિહા પદ પરિમલ છાજે, મુદ્રા પદ્માસન રાજે રે.
શંખે૦ ૨

સંવેગે તજી ઘરવાસો, પ્રભુ પાર્શ્વના ગણધર થાશો;
તવ મુક્તિપુરીમાં જાશો, ગુણિલોકમાં વયણે ગવાશો રે.
શંખે૦ ૩

એમ દામોદર જિનવાણી, અષાઢી શ્રાવકે જાણી;
જિન વંદી નિજ ઘર આવે, પ્રભુ પાર્શ્વની પ્રતિમા ભરાવે રે.
શંખે૦ ૪

ત્રણ કાળ તે ધૂપ ઉવેખે, ઉપગારી શ્રી જિન સેવે;
પછી તે વૈમાનિક થાવે, તે પ્રતિમા તિંહા પણ લાવે રે.
શંખે૦ ૫

ઘણા કાળ પૂજી બહુમાને, વળી સૂરજ ચંદ્ર વિમાને;
નાગલોકના કષ્ટ નિવાર્યા, જ્યારે પાર્શ્વ પ્રભુજી પધાર્યા રે.
શંખે૦ ૬

યદુ સૈન્ય રહ્યો રણ ઘેરી, જીત્યા નવિ જાયે વૈરી;
જરાસંઘે જરા તવ મેલી, હરિબલ વિના સઘળે ફેરી રે.
શંખે૦ ૭

નેમિશ્વર ચોકી વિશાલી, અટ્ઠમ કરે વનમાલી;
તૂઠી પદમાવતી બાલી, આપે પ્રતિમા ઝાકઝમાલી રે.
શંખે૦ ૮

પ્રભુ પાર્શ્વની પ્રતિમા પૂજી, બળવંત જરા તવ ધ્રૂજી;
છંટકાવ નવણ જળ જોતી, યાદવોની જરા જાય રોતી રે.
શંખે૦ ૯

શંખપુરી સહુને જગાવે, શંખેશ્વર ગામ વસાવે;
મંદિરમાં પ્રભુ પધરાવે, શંખેશ્વર નામ ધરાવે રે.
શંખે૦ ૧૦

રહેજો જિનરાજ હજુરે, સેવક મનવાંછિત પુરે;
એ પ્રભુજીને ભેટણ કાજે, શેઠ મોતીભાઈના રાજે રે.
શંખે૦ ૧૧

નાના માણેક કેરા નંદ, સંઘવી પ્રેમચંદ વીરચંદ;
રાજનગરથી સંઘ ચલાવે, ગામે ગામના સંઘ મિલાવે રે.
શંખે૦ ૧૨

અઢાર ઇઠ્ઠોતેર વરસે, ફાગણ વદી તેરસ દિવસે;
જિન વંદી આનંદ થાવે, શુભવીર વચનરસ ગાવે રે.
શંખે૦ ૧૩

( ૬ )

ચિત્ત સમરી શારદ માય રે, વળી પ્રણમી નિજ ગુરુ પાય રે;
ગાઉં ત્રેવીસમો જિનરાજ, વહાલાજીનું જન્મ કલ્યાણક ગાઉં રે.
સોના રૂપાના ફુલડે વધાવું, વહાલાજીનું જન્મ કલ્યાણક ગાઉં રે;
થાળ ભરી મોતીડે વધાવું, વહાલાજીનું જન્મ કલ્યાણક ગાઉં રે. ૧

કાશીદેશ વણારસી રાજે રે, અશ્વસેન છત્રપતિ છાજે રે;
રાણી વામા ગૃહીણી સુરાજે. વહાલા૦ ૨

ચૈત્ર વદી ચોથે ચવીયા રે, માતા વામા કૂખે અવતરીયા રે;
અજુઆળ્યા એહના પરિયા. વહાલા૦ ૩

પોષ વદી દસમી જગભાણ રે, હોવે પ્રભુનું જન્મ કલ્યાણ રે;
વીસસ્થાનક સુકૃત કમાન. વહાલા૦ ૪

નારકી નરકે સુખ પાવે રે, અંતરમુહૂર્ત દુઃખ જાવે રે;
એ તો જન્મ કલ્યાણક કહાયે. વહાલા૦ ૫

પ્રભુ ત્રણ ભુવન શિરતાજ રે, તુમે તારણ તરણ જહાજ રે;
કહે દીપવિજય કવિરાજ. વહાલા૦ ૬

(૭)

ૐ નમો પાર્શ્વ પદપંકજે, વિશ્વ ચિંતામણિ રત્ન રે;
ૐ હ્રીં ધરણેન્દ્ર પદ્માવતી, વૈરૂટ્યા કરો મુજ યત્ન રે.
ૐ નમો૦ ૧

અબ મોહે શાંતિ તુષ્ટિ પુષ્ટિ, ધૃતિ કીર્તિ કાંતિ વિધાયી રે;
ૐ હ્રીં શ્રી અક્ષર શબ્દથી, આધિ વ્યાધિ સવિ જાય રે.
ૐ નમો૦ ૨

ૐ હ્રીં અસિઆ ઉસાય નમો નમઃ, તુંહિ ત્રૈલોક્યનો નાથ રે;
ચોસઠ ઇન્દ્ર ટોળે મળી, સેવે જોડી પ્રભુ હાથ રે.
ૐ નમો૦ ૩

ૐ હ્રીં અર્હમ્ પાર્શ્વથી, મૂલના મંત્રનું એ બીજ રે;
પાર્શ્વથી દુરિત દૂરે ટળે, આપ મીલે સવિ ચીજ રે.
ૐ નમો૦ ૪

ૐ હ્રીં અજિતા વિજયા તથા, અપરા જયા વિજયા દેવી રે;
દસ દિક્પાલ ગૃહૈર્યક્ષૈ, વિદ્યાદેવી સુપ્રસન્ન હોય સેવી રે.
ૐ નમો૦ ૫

ગોડી પ્રભુ પાસ ચિંતામણિ, થંભણો અહિ છત્રો દેવ રે;
જગવલ્લભ જગતમાં તું જાગતો, અંતરિક્ષ અવંતિ કરૂં સેવ રે.
ૐ નમો૦ ૬

શ્રી શ્રી શંખેશ્વર મંડણો, પાર્શ્વજિન પ્રણત તરુકલ્પ રે;
વારજો દુષ્ટના વૃંદને, સુજસ સૌભાગ્ય સુખ કલ્પ રે.
ૐ નમો૦ ૭

## (૮)

માતા વામાદે બોલાવે જમવા પાસને,
જમવા વેળા થઈ છે રમવાને શિદ જાય;
ચાલો તાત તુમારા બહુ થાએ ઉતાવળા,
વહેલા હાલોને ભોજનીયાં ટાઢાં થાય. માતા૦ ૧

માતાનું વચન સુણીને, જમવાને બહુ પ્રેમશું;
બુદ્ધિ બાજોઠ ઢાળી, બેઠા થઈ હોંશિયાર;
વિનય થાળ અજુઆલી, લાલન આગળ મુકીયો;
વિવેક વાટકીઓ, શોભાવે થાળ મોઝાર. માતા૦ ૨

સમકિત શેલડીના, છોલીને ગટ્ટા મૂકીયા;
દાનના દાડમ દાણા, ફોલી આપ્યા ખાસ;
સમતા સીતાફળનો, રસ પીજો બહુ રાજીઆ,
મુક્તિ જામફળ પ્યારા, આરોગોને પાસ. માતા૦ ૩

મારા નાનડીઆને, ચોક્ખા ચિત્તના ચૂરમાં;
સુમતિ સાકર ઉપર, ભાવશું ભેળું ઘૃત;
ભક્તિ ભજીયા પીરસ્યા, પાસકુમારને પ્રેમશું,
અનુભવ અથાણાં, ચાખોને રાખો સરત. માતા૦ ૪

પ્રભુને ગુણ ગુંજા, ને જ્ઞાન ગુંદવડા પીરસ્યા,
પ્રેમના પેંડા જમજો, માન વધારણ કાજ;
જાણપણાની જલેબી, જમતા ભાગે ભુખડી,
દયા દૂધપાક અમીરસ, આરોગોને આજ. માતા૦ ૫

સંતોષ શીરો ને વળી, પુન્યની પુરી પીરસી,
સંવેગ શાક ભલાં છે, દાતાર ઢીલી દાળ;
મોટાઈ માલપુવાને, પ્રભાવનાના પુડલા,
વિચારી વડી વઘારી જમજો મારા લાલ. માતા૦ ૬
રૂચી રાયતા રૂડા, પવિત્ર પાપડ પીરસ્યા,
ચતુરાઈ ચોખા, ઓસાવી આણ્યા ભરપૂર;
ઉપર ઇન્દ્રીદમન દૂધ, તપ તાપે તાતુ કરી,
પ્રીતે પીરસ્યું જમજો, જગજીવન સહનૂર. માતા૦ ૭
પ્રીતે પાણી પીધા, પ્રભાવતીના હાથથી,
તત્વ તંબોલ લીધા, શીયલ સોપારી સાથ;
અક્કલ એલાયચી આપીને, માતા મુખ વદે,
ત્રિભુવન તારી તરજો, જગજીવન જગનાથ. માતા૦ ૮
પ્રભુના થાળ તણા જે, ગુણ ગાવે ને સાંભળે,
ભેદ ભેદાન્તર સમજે, જ્ઞાની તે કહેવાય;
ગુરુ ગુમાન વિજયનો, શિષ્ય કહે શિરનામીને,
સદા સૌભાગ્યવિજય થાએ, ગાવે ગુણ સદાય. માતા૦ ૯

( ૯ )

શ્રી ચિંતામણિ પાર્શ્વજી, પ્રભુ વાત સુણો એક મોરી રે;
મારા મનના મનોરથ પૂરજો, હું તો ભક્તિ ન છોડું તોરી રે.
શ્રી ચિંતામણિ૦ ૧
મારી ખિજમતમાં ખામી નહિ, તારે ખોટ ન કાંઇ ખજાને રે;
હવે દેવાની શી ઢીલ છે, કહેવું તે કહીએ છાને રે.
શ્રી ચિંતામણિ૦ ૨

તેં નિઋણુ સવિ પૃથ્વી કરી, ધન વરસી વરસીદાને રે;
મારી વેળા શું એહવા, દીયો વાંછિતવાળો વાન રે.
શ્રી ચિંતામણી૦ ૩

હું તો કેડ ન છોડું તાહરી, આપ્યા વિણ શિવસુખ સ્વામી રે;
મૂરખ તે ઓછે માનશે, ચિંતામણી કરચલ પામી રે.
શ્રી ચિંતામણિ૦ ૪

મત કહેશો તુજ કરમે નથી, કર્મે છે તો તું પામ્યો રે;
મુજ સરિખા કીધા મોટકાં, કહો તેણે કાંઇ તુજ થામ્યો રે.
શ્રી ચિંતામણિ૦ ૫

કાળ સ્વભાવ ભવિતવ્યતા, તે સઘળા તારો દાસો રે;
મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજને સબલ વિશ્વાસો રે.
શ્રી ચિંતામણિ૦ ૬

અમે ભકતે મુક્તિને ખેંચશું, જેમ લોહ ને ચમક પાષાણો રે;
તુમ હેજે હસીને દેખશો, કહેશો સેવક છે સપરાણો રે.
શ્રી ચિંતામણિ૦ ૭

ભક્તિ આરાધ્યા ફળ દીયે, ચિંતામણિ પણ પાષાણો રે;
વળી અધિકું કાંઇ કહાવશો, એ ભદ્રક ભક્તિ જાણો રે.
શ્રી ચિંતામણિ૦ ૮

બાળક તે જિમ તિમ બોલતો, કરે લાડ તાતની આગે રે;
તે તેહશું વાંછિત પૂરવે, બની આવે સઘળું રાગે રે.
શ્રી ચિંતામણિ૦ ૯

મારે બનનારૂં બન્યું જ છે, હું તો લોકને વાત શિખાવું રે;
વાચક યશ કહે છે સાહિબા, એ ગીતે પ્રભુ ગુણ ગાઉં રે.
શ્રી ચિંતામણિ૦ ૧૦

(૧૦)

પરમાતમ પરમેશ્વરુ, જગદીશ્વર જિનરાજ;
જગબાંધવ જગભાણુ બલિહારી તુમ તણી,
ભવજલધિમાં રે જહાજ. ૧

તારક વારક મોહનો, ધારક નિજગુણુ રિદ્ધિ;
અતિશયવંત ભદંત રૂપાળી શિવવધૂ,
પરણી લહી નિજ સિદ્ધિ. ૨

જ્ઞાન દર્શન અનંત છે, વળી તુજ ચરણુ અનંત;
એમ દાનાદિ અનંત ક્ષાયિક ભાવે થયા,
ગુણુ તે અનંતા અનંત. ૩

બત્રીસ વર્ણ સમાય છે, એક જ શ્લોક મોઝાર;
એક વર્ણ પ્રભુ તુજ ન માયે જગતમાં,
કેમ કરી સુણીએ ઉદાર. ૪

તુજ ગુણુ કોણુ જાણી શકે ? જો પણુ કેવલી હોય;
આવિર્ભાવે તુજ સયલ ગુણુ માહરે,
પ્રછન્ન ભાવથી જોય. ૫

શ્રી પંચાસરા પાર્શ્વજી, અરજ કરૂં એક તુજ;
આવિર્ભાવથી થાય દયાલ કૃપાનિધિ,
કરુણા કીજેજી મુજ. ૬

શ્રી જિન ઉત્તમ તાહરી, આશા અધિક મહારાજ;
પદ્મવિજય કહે એમ લહું શિવનગરીનું,
અક્ષય અવિચલ રાજ. ૭

(૧૧)

પ્રભુ જગજીવન જગબંધુ રે, સાંઇ સચાણો રે;
તારી મુદ્રાએ મન માન્યું રે, જૂઠ ન જાણો રે.
તું પરમાતમ તું પુરુષોત્તમ, વાલા મારા તું પર બ્રહ્મ સ્વરૂપી;
સિદ્ધિ સાધક સિદ્ધાન્ત સનાતન, તું ત્રય ભાવે પ્રરૂપી રે.
સાંઈ૦ તારી૦ ૧

તાહરી પ્રભુતા ત્રિહુ જગમાંહે, વાલા૦ હું તો દ્રવ્યનો ભોગી;
તું નિરગુણ હું તો ગુણધારી, હું કરમી તું અભોગી રે.
સાંઇ૦ તારી૦ ૨

તું તો અરૂપી ને હું રૂપી, વાલા૦ હું રાગી તું નિરાગી;
તું નિરવિષ હું તો વિષધારી, હું સંગ્રહી તું ત્યાગી રે.
સાંઈ૦ તારી૦ ૩

તાહરે રાજ નથી કોઇ એકે, વાલા૦ ચૌદ રાજ છે માહરે;
મારી લીલા આગળ જોતા, અધિકું શું છે તાહરે રે.
સાંઈ૦ તારી૦ ૪

પણ તું મોટો ને હું છોટો, વાલા૦ ફોગટ ફૂલે શું થાય,
ખમજો એ અપરાધ અમારો, ભક્તિ વસે કહેવાય રે.
સાંઇ૦ તારી૦ ૫

શ્રી શંખેશ્વર વામાનંદન, વાલા૦ ઉભા ઓલગ કીજે;
રૂપવિબુધનો મોહન પભણે, ચરણની સેવા દીજે રે.
સાંઇ૦ તારી૦ ૬

## શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન

(૧)

વીર જિણંદ જગત ઉપકારી, મિથ્યા ધામ નિવારીજી;
દેશના અમૃત ધારા વરસી, પર પરિણતિ સવિ વારીજી. વીર૦ ૧

પાંચમે આરે જેહનું શાસન, દોય હજાર ને ચારજી;
યુગપ્રધાન સૂરીશ્વર વહશે, સુવિહિત મુનિ આધારજી. વીર૦ ૨

ઉત્તમ આચારજ મુનિ અજ્જા, શ્રાવક શ્રાવીકા અચ્છજી;
લવણ જલધિ માંહી મીઠું જળ, પીવે શૃંગી મચ્છજી. વીર૦ ૩

દસ અચ્છેરે દૂષિત ભરતે, બહુ મતભેદ કરાલજી;
જિન કેવલી પૂરવધર વિરહે, ફણિસમ પંચમ કાળજી. વીર૦ ૪

તેહનું ઝેર નિવારણ મણિસમ, તુજ આગમ તુજ બિંબજી;
નિશિદીપક પ્રવહણ જીમ દરિએ, મરુમાં સુરતરુ લૂંબજી. વીર૦ ૫

જૈન આગમ વક્તા ને શ્રોતા, સ્યાદ્વાદ શુચિ બોધજી;
કલિકાળે પણ પ્રભુ તુજ શાસન, વર્તે છે અવિરોધજી. વીર૦ ૬

મારે તો સુષમાંથી દુષમા, અવસર પૂન્ય નિધાનજી;
ક્ષમાવિજય જિન વીર સદાગમ, પામ્યો સિદ્ધિ નિદાનજી. વીર૦ ૭

(૨)

સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર;
ભવમંડપમાં રે નાટક નાચીયો, હવે મુજ દાન દેવરાવ. સિદ્ધા૦ ૧

ત્રણ રતન મુજ આપો તાતજી, જિમ નાવે રે સંતાપ;
દાન દીયંતા રે પ્રભુ કોસર કીધી, આપો પદવી રે આપ. સિદ્ધા૦ ૨

ચરણ અંગૂઠે રે મેરુ કંપાવીઓ, મોડ્યા સુરના રે માન;
અષ્ટ કરમના રે ઝઘડા જીતવા, દીધા વરસી રે દાન. સિદ્ધા૦ ૩

શાસન નાયક શિવસુખ દાયક, ત્રિશલા કૂખે રતન;
સિદ્ધારથનો રે વંશ દીપાવીઓ, પ્રભુજી તુમે ધન્ય ધન્ય. સિદ્ધા૦ ૪

વાચક શેખર કીર્તિવિજય ગુરુ, પ્રણમી તાસ પસાય;
ધર્મ તણા એ જિન ચોવીસમા, **વિનયવિજય** ગુણગાય. સિદ્ધા૦ ૫

(૩)

દીન દુઃખીયાનો તું છે બેલી, તું છે તારણહાર,
તારા મહિમાનો નહિ પાર;
રાજપાટ ને વૈભવ છોડી, છોડી દીધો સંસાર.
તારા૦ ૧

ચંડકોશિયો ડંસીઓ જ્યારે, દૂધની ધારા પગથી નીકળે,
વિષને બદલે દૂધ જોઈને, ચંડકોશિયો આવ્યો શરણે;
ચંડકોશિયાને તેં તારીને, ઘણો કીધો ઉપકાર.
તારા૦ ૨

કાનમાં ખીલા ઠોકયા જ્યારે, થઇ વેદના પ્રભુને ભારે,
તોય પ્રભુજી શાંત વિચારે, ગોવાલનો નહિ વાંક લગારે;
ક્ષમા આપીને તે જીવોનો, તારી દીધો સંસાર.
તારા૦ ૩

મહાવીર મહાવીર ગૌતમ પુકારે, આંખોથી અશ્રુધારા વહાવે,
ક્યાં ગયા એકીલા છોડી મુજને, હવે નથી કોઈ શરણું મારે;
પશ્ચાત્તાપને કરતાં કરતાં, ઉપન્યું કેવળજ્ઞાન.
તારા૦ ૪

જ્ઞાનવિમલ ગુરુ વયણે આજે, ગુણ તમારા ગાઇએ થઇને,
થઈ સુકાની પ્રભુજી આવે, ભવજળ નૈયા પાર તરાવે;
અરજ સ્વીકારી દિલમાં ધારી, કરજે વંદન વારી.
તારા૦ ૫

(૪)

જગપતિ તું તો દેવાધિદેવ,
દાસનો દાસ છું તાહરો રે;
જગપતિ તારક તું કીરતાર,
મન રે મોહન પ્રભુ માહરો રે. ૧

જગપતિ તારે ભક્ત અનેક,
માહરે એક જ તું ધણી રે;
જગપતિ વીરમાં તું મહાવીર,
મૂર્તિ તારી સોહામણી રે. ૨

જગપતિ ત્રિશલા રાણીનો નંદ,
ગંધાર બંદરે ગાજીઓ રે;
જગપતિ સિદ્ધારથ કુલ શણગાર,
રાજ રાજેશ્વર રાજીઓ રે. ૩

જગપતિ ભાંગે ભક્તોની ભીડ,
પીડ પડે તું પારખે રે;
જગપતિ તુંહી અગમ અપાર,
સમજ્યો ન જાય મુજ સારીખે રે. ૪

જગપતિ ખંભાત જંબૂસર સંઘ,
ભગવંત ભાવશું ભેટીઓ રે;
જગપતિ ઉદય નમે કર જોડ,
સત્તર નેવ્યાસી સમે કીયો રે. ૫

( ૫ )

વંદો વીર જિનેશ્વર રાયા, ત્રિશલાદેવીના જાયા રે;
હરિ લંછન કંચનવન કાયા, અમરવધૂ હુલરાયા રે. વંદો૦ ૧
બાલપણે સુરગિરિ ડોલાયા, અહિ વૈતાલ હરાયા રે;
ઇન્દ્ર કહણ વ્યાકરણ નિમાયા, પંડિત વિસ્મય પાયા રે. વંદો૦ ૨
ત્રીસ વરસ ઘરવાસ વસાયા, સંયમશું લય લાયા રે;
બાર વરસ તપ કર્મ ખપાયા, કેવલજ્ઞાન ઉપાયા રે. વંદો૦ ૩
ખાયક ઋદ્ધિ અનંતી પાયા, અતિશય અધિક સોહાયા રે;
ચાર રૂપ કરી ધર્મ બતાયા, ચઉવિહ સુર ગુણ ગાયા રે. વંદો૦ ૪
તીન ભુવનમેં આણ મનાયા, દસ દોય છત્ર ધરાયા રે;
રૂપ કનકમણિ ગઢ વિરચાયા, નિર્ગ્રન્થ નામ ધરાયા રે. વંદો૦ ૫
રયણ સિંહાસન બેસણ ઠાયા, દુંદુભિ નાદ બજાયા રે;
દાનવ માનવ વાસવ આયા, ભક્તે શીશ નમાયા રે. વંદો૦ ૬
પ્રભુ ગુણ ગણ ગંગાજળ નાહ્યા, પાવન તેહની કાયા રે;
પંડિત **ક્ષમાવિજય** સુપસાયા, સેવક જિન સુખદાયા રે. વંદો૦ ૭

( ૬ )

ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમિ ઝરે, મારી નિર્મળ થાયે કાયા રે. ગિરૂ૦ ૧
તુમ ગુણ ગણ ગંગાજળે, હું ઝીલી નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉં રે. ગિરૂ૦ ૨
ઝીલ્યા જે ગંગાજળે, તે છિલ્લર જળ નવિ પેસે રે;
જે માલતી ફૂલે મોહિઆ, તે બાવળ જઈ નવિ બેસે રે. ગિરૂ૦ ૩

ઈમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કિમ પરસુર આદરે, જે પરનારી વશ રાચ્યા રે. ગિરૂ૦ ૪
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચક જશ કહે માહરે, તું જીવ જીવન આધારો રે. ગિરૂ૦ ૫

( ૭ )

વીરજી સુણો એક વિનંતી મોરી, વાત વિચારો તુમે ઘણી રે;
વીર મને તારો મહાવીર મને તારો, ભવજળ પાર ઉતારોને રે. ૧
પરિભ્રમણ મેં અનંતા રે કીધા, હજુએ ન આવ્યો છેડલો રે;
તુમે તો થયા પ્રભુ સિદ્ધ નિરંજન, અમે તો અનંતા ભવ ભમ્યા રે.
વીર૦ ૨

તમે અમે વાર અનંતી વેળા, રમીઆ સંસારીપણે રે;
તેહ પ્રીત જો પૂરણ પાળો, તો અમને તુમ સમ કરો રે.
વીર૦ ૩

તુમ સમ અમને જોગ ન જાણો, તો કાંઈ થોડું દીજીએ રે;
ભવો ભવ તુમ ચરણોની સેવા, પામી અમે ઘણું રીઝીએ રે.
વીર૦ ૪

ઇન્દ્રજાળીઓ કહેતો રે આવ્યો, ગણધરપદ તેહને દીયો રે;
અર્જુનમાળી જે ઘોર પાપી, તેહને જિન તમે ઉદ્ધર્યો રે.
વીર૦ ૫

ચંદનબાળાએ અડદના બાકુળ, પડિલાભ્યા તુમને પ્રભુ રે;
તેહને સાહૂણી સાચી રે કીધી, શિવવધૂ સાથે ભેળવી રે.
વીર૦ ૬

ચરણે ચંડકોશિયો ડંશીઓ, કલ્પ આઠમે તે ગયો રે;
ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણીને, આવી તુમ સન્મુખ રહ્યો રે.
વીર૦ ૭

નિરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરિખા ગણો રે;
ભેદભાવ પ્રભુ દૂર કરીને, મુજશું રમો એકમેક શું રે.
વીર૦ ૮

મોડા વહેલા તુમ હી જ તારણ, હવે વિલંબ શા કારણે રે;
જ્ઞાન તણા ભવના પાપ મીટાવો, વારી જાઉં વીર તોરા વારણે રે.
વીર૦ ૯

(૮)

શ્રી મહાવીર મનોહરૂં, પ્રણમું શિર નામી;
કંથ જશોદા નારીનો, જિન શિવગતિ ગામી. ૧

ભગિની જાસ સુદર્શના, નંદિવર્ધન ભાઈ;
હરિ લંછન હેજાલુઓ, સહુકોને સુખદાઈ. ૨

સિદ્ધાર્થ ભૂપતિ તણો, સુત સુંદર સોહે;
નંદન ત્રિશલાદેવીનો, ત્રિભુવન મન મોહે. ૩

એકશત દશ અધ્યયન જે, પ્રભુ આપ પ્રકાશે;
પુન્ય પાપ ફલ કેરડાં, સુણે ભવિક ઉલ્લાસે. ૪

ઉત્તરાધ્યયન છત્રીશ જે, કહે અર્થ ઉદાર;
સોળ પહોર દીએ દેશના, કરે ભવિક ઉપગાર. ૫

સર્વાર્થસિદ્ધ મુહૂર્તમાં, પાછલી જે રયણી;
યોગ નિરોધ કરે તિહાં, શિવની નિસરણી. ૬

ઉત્તરા ફાલ્ગુની ચંદ્રમા, જોગે શુભ આવે;
અજરામર પદ પામીયા, જય જય રવ થાવે. ૭
ચોસઠ સુરવર આવીયા, જિન અંગ પખાલી;
કલ્યાણક વિધિ સાચવી, પ્રગટી દિવાલી. ૮
લાખ કોડી ફળ પામીએ, જિન ધ્યાને રહીએ;
ધીરવિમલ કવિરાજનો, જ્ઞાનવિમલ કહીએ. ૯

( ૯ )

વીર જિનેશ્વર સાહિબ મેરા, પાર ન લહું હું તેરા,
મહેર કરી ટાળો મહારાજજી, જન્મ–મરણના ફેરા;
હો જિનજી, અબ હું શરણે આવ્યો. ૧
ગર્ભાવાસ તણાં દુઃખ મોટા, ઉંધે મસ્તકે રહીયો;
મળ મૂત્ર માંહે લપટાણો, એવા દુઃખ મેં સહીયાં.
હો ! જિનજી૦ ૨
નરક નિગોદમાં ઉપન્યો ને ચવિયો, સૂક્ષ્મ બાદર થઈઓ;
વિંધાણો સૂઈને અગ્રભાગે, માન તિહાં કિહાં રહીયો.
હો ! જિનજી૦ ૩
નરક તણી વેદના અતી ઉલસી, સહી તે જીવે બહુ;
પરમાધામીને વશ પડીઓ, તે જાણો તમે સહુ.
હો ! જિનજી૦ ૪
તિર્યંચ તણા ભવ કીધાં ઘણેરાં, વિવેક નહિએ લગાર;
નિશિ દિનનો વ્યવહાર ન જાણ્યો, કેમ ઉતરાયે પાર.
હો ! જિનજી૦ ૫

દેવતણી ગતિ પુન્યે હું પામ્યો, વિષયારસમાં ભીનો;
વ્રત પચ્ચક્ખાણ ઉદય નવિ આવ્યા,તાન માન માંહે લીનો.
હો ! જિનજી૦ ૬

મનુષ્ય જન્મ ને ધર્મ સામગ્રી, પામ્યો છું બહુ પુન્યે;
રાગદ્વેષ માંહે બહુ ભળીઓ, ન ટળી મમતા બુદ્ધિ.
હો ! જિનજી૦ ૭

એક કંચન ને બીજી કામિની, તેહશું મનડું બાંધ્યું;
તેહના ભોગ લેવાને હું શૂરો, કેમ કરી જિન ધર્મ સાધું ?
હો ! જિનજી૦ ૮

મનની દોડ કીધી અતિ ઝાઝી, હું છું કોક જડ જેવો;
કલિ કલિ કલ્પમેં જન્મ ગમાયો, પુનરપિ પુનરપિ તેવો.
હો ! જિનજી૦ ૯

ગુરૂ ઉપદેશમાં હું નથી ભીનો, ન આવી સદ્દહણા સ્વામી;
હવે વડાઇ જોઇએ તમારી, ખિજમતમાંહી છે ખામી.
હો ! જિનજી૦ ૧૦

ચાર ગતિ માંહે રડવડીઓ, તો એ ન સિધ્યા કાજ;
**ઋષભ** કહે તારો સેવકને, બાંહ્ય ગ્રહ્યાની લાજ.
હો ! જિનજી૦ ૧૧

(૧૦)

દરિશન આવ્યા રે હો દરિશન આવ્યા રે,
હો દેવાનંદા બ્રાહ્મણી, સાથે લીધો પોતાનો કંથ;
એક રથ બેસી રે હો, દંપતિ દોય સંચર્યાજી,
વંદન આવ્યા તિંહા શ્રી ભગવંત દરિ૦ ૧

ઘરેણાં તે પહેર્યાં રે અતિ જડાવનાજી,
શોભે શોભે અપચ્છરા મનોહાર;
રૂમઝુમ કરતી રે હો હીંડે પ્રેમશું,
અઢાર દેશની દાસી છે સાથ. દરિ૦ ૨

અતિશય દેખી રે હો હેઠાં ઉતર્યાજી,
પાળા થઇને આવ્યા પ્રભુજીની પાસ;
પાંચ અભિગમ હો દંપતિ દોય સંચર્યાજી,
સેવા તે કીધી મનને ઉલ્લાસ. દરિ૦ ૩

ઊભા તે થઇને રે હો જુવે સુંદરીજી,
નયન કમલ કીહાં નવિ જાય;
તનમન ઉલસ્યાં રે હો દેવાનંદા બ્રાહ્મણીજી,
નજર તે ખેંચી પાછી નવિ જાય. દરિ૦ ૪

પ્રભુજીને દેખી રે હો પાનો આવીયોજી,
પ્રફુલ્લિત દેહડી અંગ ન માય;
કશ તે તૂટી રે હો કંચુકી તણીજી,
બલ્લોયા તે બાંહ્યોમાં ન સમાય. દરિ૦ ૫

ગોયમ પૂછે રે શ્રી ભગવંતને રે,
આનંદ કેમ જુવે છે મેં સમિસ;
દેહડી ફુલીને રે હો પાનો આવીયોજી,
આટલી નારીમાં દીસે છે એક. દરિ૦ ૬

ભગવંત ભાંખે રે સુણો ગોયમાજી,
આનંદા છે મોરી માય;
દેહડી ફુલીને રે હો પાનો આવીયોજી,
માય બેટાનું હેત જણાય. દરિ૦ ૭

વાણી સુણીને રે હો હરખ્યા ગોયમાજી,
હરખ્યાં સર્વ સભાના લોક;
**જ્ઞાનવિમલ** કહે ધન ધન એ સતીજી,
કર્મ ખપાવી ગયાં દોય મોક્ષ. દરિ૦ ૮

(૧૧)

હું સાચો શિષ્ય તુમારો પ્રભુજી, પટો લખી દ્યો મેરો;
લાવું લેખણ લાવું શાહી, લાવું કાગળ સારો;
મુક્તિપુરીનું રાજ્ય લખાવું, મુજરો માનો મેરો. હું૦ ૧

સગા સંબંધી સર્વ ત્યજીને, આપની સેવા કીની;
માત્ર એટલી આશ પુરીને, જીંદગી સોંપી દીની. હું૦ ૨

અનાર્ય આર્દ્રક પાપી અર્જુન, માળી ઉદાયી રાજા;
શું કર્યું બાળક અઈમુત્તે કે, આપ્યું શિવનું રાજ. હું૦ ૩

મંકાતી આદિ નૃપ પુત્રો, થાય સાતસો સિદ્ધ;
તો શું હું પણ ન પામું, મેં શી ભૂલ જ કીધી ? હું૦ ૪

ગોશાળે લેશ્યાને મૂકી, આપને પીડા કીધ;
બીજપુર પાક વહોરાવે રેવતી, તેને નિજ પદ દીધ. હું૦ ૫

ચંદનબાળા બાકુલ આપીને, ધરે મુક્તિનો તાજ;
શ્રેણિક પત્ની ત્રેત્રીશ શિવપદ, ચૌદસો નારી સમાજ. હું૦ ૬

અષ્ટાપદ પર્વત જઈ આવ્યા, પંદરસો અબધૂત;
તેને પણ તે મોક્ષમાં સ્થાપ્યા, પ્રભુ ન્યાય અદ્‌ભુત. હું૦ ૭

ગૌતમ ગણધર મહા મુનિવર, મોક્ષ તાન લયલીન;
શાંતિ પામે વીર વચનથી, દર્શન પાઠ અદીન. હું૦ ૮

(૧૨)

ના રે પ્રભુ નહિ માનું, નહિ માનું રે અવરની આણ;
ના રે પ્રભુ નહિ માનું, મારે તારું વચન પ્રમાણ.

હરિહરાદિક દેવ અનેરા, તે દીઠા જગમાંય રે;
ભામિની ભ્રમર ભ્રુકુટીએ ભૂલ્યા, તે મુજને સહાય. ના રે૦ ૧

કેઈક રાગી ને કેઈક દ્વેષી, કેઈક લોભી દેવ રે;
કેઈક મદમાયામાં ભરિયા, કેમ કરીએ તસુ સેવ? ના રે૦ ૨

મુદ્રા પણ તેમાં નવિ દીસે પ્રભુ, તુજ માંહેલી તિલ માત્ર રે;
તે દેખી દિલડું નવિ રીઝે, શી કરવી તેહની વાત રે?
ના રે૦ ૩

તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ, જીવન જીવ આધાર રે;
રાત દિવસ સ્વપ્નાંતર તુંહિ, તું મોરે નિરધાર રે.
ના રે૦ ૪

અવગુણ સહુ ઉવેખીને પ્રભુ, સેવક કરીને નિહાલ રે;
જગબંધવ એ વિનતી મોરી, મારા સવિ દુઃખ દૂરે ટાલ.
ના રે૦ ૫

ચોવીસમા પ્રભુ ત્રિભુવન સ્વામી, સિદ્ધારથના નંદ રે;
ત્રિશલાજીના નાનડીઆ પ્રભુ, તુમ દીઠે અતિ આનંદ.
ના રે૦ ૬

સુમતિવિજય કવિરાયનો રે, રામવિજય કરજોડ રે;
ઉપગારી અરિહંતજી, મારા ભવભવના બંધન છોડ.
ના રે૦ ૭

(૧૩)

વીર જિનેશ્વર સુણુ મુજ સ્વામી, વિનવીયે શિર નામી રે;
તું પ્રભુ પૂરણુ મન હિતકારી, તું મુજ અંતરજામી રે.
વીર૦ ૧

એક જ તું શિર સાહિબ કીજે, તુમ સમ કોણુ કહીજે રે;
ભક્તિ કરતાં જો તું રીઝે, તો મનવાંછિત સીઝે રે.
વીર૦ ૨

તુજ હિતથી સુખ સંપદ આવે, દારિદ્ર દૂર ગમાવે રે;
જગબાંધવ જિન તુંહિ કહાવે, સુર નર તુજ ગુણુ ગાવે રે.
વીર૦ ૩

તું પ્રભુ પ્રીતિ ન હેત જણાવે, પણુ સેવક સુખ પાવે રે;
ગિરૂઆ સેવા ફળ નહિ જાવે, સેવીજે ઈણુ ભાવે રે.
વીર૦ ૪

ત્રિશલાનંદન વીર જિનેશ્વર, વિનતડી અવધારી રે;
કેસર જંપે દરિસન દીજે, દુર્ગતિ દૂર નિવારી રે. વીર૦ ૫

## ૧૬. શ્રી મહાવીરસ્વામીનું હાલરડું.

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે રે,
ગાવે હાલો હાલો હાલરૂવાના ગીત;
સોના રૂપાને વળી રત્ને જડિયું પારણું રે,
રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત.
હાલો હાલો હાલો હાલો મારા નંદને રે. ૧

જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસે અંતરે,
હોશે ચોવીસમા તીર્થંકર જિન પરિમાણ;
કેશી સ્વામી મુખથી એવી વાણી સાંભળી,
સાચી સાચી હુઈ તે મારે અમૃત વાણ. હાલો૦ ૨
ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ,
વીત્યા બારે ચક્રી નહિ હવે ચક્રીરાજ;
જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર,
તેહને વચને જાણ્યા, ચોવીસમા જિનરાજ;
મારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ,
મારી કૂખે આવ્યા તારણ તરણ જહાજ;
હું તો પુન્ય પનોતી ઈન્દ્રાણી થઇ આજ. હાલો૦ ૩
મુજને દોહલો ઉપન્યો બેસું ગજ અંબાડીએ,
સિંહાસન પર બેસું, ચામર છત્ર ધરાય;
એ સહુ લક્ષણ મુજને નંદન તારા તેજનાં,
તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય. હાલો૦ ૪
કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે,
તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ;
નંદન જમણી જંઘે લંછન સિંહ વિરાજતો,
મેં તો પહેલે સ્વપ્ને દીઠો વિસવાવીસ. હાલો૦ ૫
નંદન નવલા બાંધવ નંદિવર્ધનના તમે,
નંદન ભોજાઇઓના દીયર છો સુકુમાલ;
હસશે ભોજાઇઓ કહી દીયર મારા લાડકા,
હસશે રમશે ને વળી ચૂંટી ખણશે ગાલ;
હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ. હાલો૦ ૬

નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો,
નંદન નવલી પાંચસે મામીના ભાણેજ છો;
નંદન મામલીયાના ભાણેજા સુકુમાલ,
હસશે હાથ ઉછાળી કહીને નાના ભાણેજા;
આંખો આંજીને વળી ટપકું કરશે ગાલ. હાલો૦ ૭

નંદન મામા મામી લાવશે ટોપી આંગલા,
રતને જડિયા ઝાલર મોતી કસબી કોર;
નીલાં પીળા ને વળી રાતા સર્વે જાતિના,
પહેરાવશે મામી મારા નંદ કિશોર. હાલો૦ ૮

નંદન મામા મામી સુખલડી બહુ લાવશે,
નંદન ગજવે ભરશે લાડુ મોતીચૂર;
નંદન મૂખડા જોઇને લેશે મામી ભામણા,
નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર. હાલો૦ ૯

નંદન નવલા ચેડા રાજાની સાતે સતી,
મારી ભત્રીજીને બહેન તમારી નંદ;
તે પણ ગજવે ભરવા લાખણસાઇ લાવશે,
તમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ. હાલો૦ ૧૦

રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘૂઘરો,
વળી સૂડા મેના પોપટ ને ગજરાજ;
સારસ હંસ કોયલ તેતર ને વળી મોરજી,
મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હાલો૦ ૧૧

છપ્પન કુમરી અમરી જળ કળશે નવરાવીઆ,
નંદન તમને અમને કેલિ ઘરની માંહી;
ફુલની વૃષ્ટિ કીધી જોજન એકને માંડલે,
બહુ ચિરંજીવો આશિષ દીધી તમને ત્યાંહી. હાલો૦ ૧૨

તમને મેરુગિરિ પર સુરપતિએ નવરાવીઆ,
નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય;
મુખડા ઉપર વારૂ કોટી કોટી ચંદ્રમા,
વળી તન પર વારૂ ગ્રહગણનો સમુદાય. હાલો૦ ૧૩

નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું,
ગજપર અંબાડી બેસાડી મોટે સાજ;
પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું,
સુખલડી લેશું નિશાળીઆને કાજ. હાલો૦ ૧૪

નંદન નવલા મોટા થાશો ને પરણાવશું,
વહુઅર સરખી જોડી લાવશું રાજકુમાર;
સરખે સરખા વેવાઈ વેવાણોને પધરાવશું,
વરવહુ પોંખી લેશું જોઈ જોઇને દેદાર. હાલો૦ ૧૫

પીયર સાસર મારા બેઉ પક્ષ નંદન ઉજળા,
મારી કૂખે આવ્યા તાત પનોતા નંદ;
મારે આંગણે વૂઠયા અમૃત દૂધે મેહુલા,
મારે આંગણે ફળીયા સુરતરુ સુખના કંદ. હાલો૦ ૧૬

એણિ પરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું,
જે કોઇ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ્ય;
બિલીમોરા નગરે વરણવ્યું વીરનું હાલરડું,
જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ. હાલો૦ ૧૭

## ૧૭. શ્રી મહાવીરસ્વામીના સત્તાવીસ ભવનું પંચ ઢાળીયું સ્તવન

### દુહા

શ્રી શુભવિજય સુગુરુ નમી, નમી પદ્માવતી માય;
ભવ સત્તાવીસ વર્ણવું, સુણતાં સમકિત થાય. ૧

સમકિત પામે જીવને, ભવ ગણતીએ ગણાય;
જો વળી સંસારે ભમે, તો પણ મુકતે જાય. ૨

વીર જિનેશ્વર સાહિબો, ભમીઓ કાળ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૩

### ઢાળ પહેલી

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર,
કાષ્ટ લેવા અટવી ગયો રે, ભોજન વેળા થાય રે;
પ્રાણી ધરીએ સમકિત રંગ, જીવ પામીએ સુખ અભંગ રે.
પ્રાણી૦ ૧

મન ચિંતે મહિમા નીલો રે, આવે તપસી કોય;
દાન દેઈ ભોજન કરૂં રે, તો વાંછિત ફળ હોય રે. પ્રાણી૦ ૨
મારગ દેખી મુનિવરા રે, વંદે દેઈ ઉપયોગ;
પૂછે કેમ ભટકો ઇંહા રે, મુનિ કહે સાથ વિયોગ રે. પ્રાણી૦ ૩

હર્ષ ભરે તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ;
ભોજન કરી કહે ચાલીયે રે, સાથ ભેળા કરૂં આજ રે. પ્રાણી૦ ૪

પગવટીએ ભેળા કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ;
સંસારે ભૂલા ભમો રે, ભાવ માર્ગ અપવર્ગ રે. પ્રાણી૦ ૫

દેવ ગુરુ ઓળખાવીયા રે, દીધો વિધિ નવકાર;
પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે. પ્રાણી૦ ૬

શુભ ધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સ્વર્ગ મોઝાર;
પલ્યોપમ આયુ ચવી રે, ભરત ઘરે અવતાર રે. પ્રાણી૦ ૭

નામે મરીચિ યૌવને રે, સંયમ લીયે પ્રભુ પાસ;
દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડિક શુભ વાસ રે. પ્રાણી૦ ૮

## ઢાળ બીજી

નવો વેશ રચે તેણી વેળા, વિચરે આદિશ્વર ભેળા;
જળ થોડે એ સ્નાન વિશેષે, પગે પાવડી ભગવે વેશે. ૧

ધરે ત્રિદંડી લાકડી મોટી, શિર મુંડણ ને ધરે ચોટી;
વળી છત્ર વિલેપન અંગે, સ્થૂલથી વ્રત ધરતો રંગે. ૨

સોનાની જનોઈ રાખે, સહુને મુનિ મારગ ભાખે;
સમવસરણે પૂછે નરેશ, કોઈ આગે હોશે જિનેશ. ૩

જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરીચિ નામ;
વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા. ૪

ચક્રવર્તિ વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે;
મરીચિને પ્રદક્ષિણા દેતાં, નમી વંદીને એમ જ કહેતાં. ૫

તમે પુન્યાઈવંત ગવાશો, હરિ ચક્રી ચરમ જિન થાશો;
નવિ વંદુ ત્રિદંડિક વેષે, નમું ભક્તિએ વીર જિનેશ. ૬

એમ સ્તવના કરી ઘર જાવે, મરીચિ મન હર્ષ ન માવે;
મારે ત્રણ પદવીની છાય, દાદા જિન ચક્રી બાય. ૭

અમે વાસુદેવ ધૂર થઈશું, કુલ ઉત્તમ મારું કહીશું;
નાચે કુલ મદશું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો. ૮

એક દિન તનુ રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે;
ત્યારે વંછે ચેલો એક, તવ મલિઓ કપિલ અવિવેક. ૯

દેશના સુણી દીક્ષા વાંછે, કહે મરીચિ લીઓ પ્રભુ પાસે;
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે. ૧૦

તુમ દર્શને ધર્મનો વહેમ, સુણી ચિંતે મરીચિ એમ;
મુજ યોગ્ય મલ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧

મરીચિ કહે ધર્મ ઉભયમાં, લીએ દીક્ષા યૌવન વયમાં;
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર. ૧૨

લાખ ચોરાસી પૂરવ આય, પાળી પાંચમે સ્વર્ગ સધાય;
દસ સાગર જીવિત ત્યાંહી, શુભવાર સદા સુખમાંહી. ૧૩

## ઢાળ ત્રીજી

પાંચમે ભવે કોલ્લાગ સન્નિવેષ, કૌશિક નામે બ્રાહ્મણ વેષ;
એંસી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી. ૧

કાલ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છઠ્ઠો અવતાર;
બોંતેર લાખ પૂરવને આંય, વિપ્ર ત્રિદંડી વેષ ધરાય. ૨

સૌધર્મે મધ્ય સ્થિતિયે થયો, આઠમે ચૈત્ય સન્નિવેષે ગયો;
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીઓ, પૂર્વ આયુ લાખ સાઠે મુઓ. ૩

મધ્યસ્થિતિએ સુર સ્વર્ગ ઈશાન, દશમે મંદિરપુર દ્વિજ ઠાણ;
લાખ છપ્પન પૂર્વા પુરી, અગ્નિભૂતિ ત્રિદંડીક મરી. ૪

ત્રીજે સ્વર્ગે મધ્ય આયુ ધરી, બારમે ભવે શ્વેતાંબીપુરી;
પૂર્વ લાખ ચુંવાલીસ આય, ભારદ્વાજ ત્રિદંડીક થાય. ૫

તેરમે ચોથે સ્વર્ગે મલી, કાળ ઘણો સંસારે ભમી;
ચૌદમે ભવ રાજગ્રહી જાય, ચોત્રીસ લાખ પૂરવને આય. ૬

થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને ગયો;
સોળમે ભવ ક્રોડ વર્ષ સમાય, રાજકુંવર વિશ્વભૂતિ થાય. ૭

સંભૂતિ મુનિ પાસે અણગારૂ, દુક્કર તપ કરી વર્ષ હજાર;
માસખમણ પારણે ધરી દયા, મથુરામાં ગોચરીએ ગયા. ૮

ગાયે હણ્યા મુનિ પડ્યા વશા, વિશાખનંદી પિતરીયા હસ્યા;
ગૌશૃંગે મુનિ ગર્વે કરી, ગયણ ઉછાળી ધરતી ધરી. ૯

તપ બળથી હોજો બળ ઘણી, કરી નિયાણું મુનિ અણસણી;
સત્તરમે મહાશુક્રે સુરા, શ્રી શુભ**વીર** સત્તર સાગરા. ૧૦

## ઢાળ ચોથી

અઢારમે ભવે સાત સુપન સૂચિત સતી,
પોતનપુરીયે પ્રજાપતિ રાણી મૃગાવતી;
તસ સુત નામે ત્રિપૃષ્ઠ વાસુદેવ નિપજ્યા,
પાપ ઘણું કરી સાતમી નરકે ઉપજ્યા. ૧

વીસમે ભવે થઇ સિંહ ચોથી નરકે ગયા,
તિહાંથી ચવી સંસારે ભવ બહુલા થયા;
બાવીસમે નરભવ લહી પુન્ય દશા વર્યા,
ત્રેવીસમે રાજધાની મુકામે સંચર્યા. ૨

રાય ધનંજય ધારણીયે જનમીયા,
લાખ ચોરાસી પૂરવ આયુ જીવીયા;
પ્રિયમિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી,
કોડી વર્ષ ચારિત્ર દશા પાલી સહી. ૩

મહા શુક્રે થઈ દેવ ઇણ ભરતે ચવી,
છત્રિકા નગરીયે જિતશત્રુ રાજવી;
ભદ્રામાય લાખ પચવીસ વર્ષ સ્થિતિ ધરી,
નંદન નામે પુત્રે દીક્ષા આચરી. ૪

અગીયાર લાખ ને એંશી હજાર છસે વળી,
ઉપર પીસ્તાલીસ અધિક પણ દિન રૂળી;
વીસ સ્થાનક માસક્ષમણે, જાવજીવ સાધતા,
તીર્થંકર નામ કર્મ તિહાં નિકાચતા. ૫

લાખ વર્ષ દીક્ષા પર્યાય તે પાળતા,
છવીસમે ભવ પ્રાણત કલ્પે દેવતા;
સાગર વીસનું જીવિત સુખભર ભોગવે,
શ્રી શુભવિર જિનેશ્વર ભવ સુણજો હવે. ૬

## ઢાળ પાંચમી

નયર માહણકુંડમાં વસે રે, મહાઋદ્ધિ ઋષભદત્ત નામ;
દેવાનંદા દ્વિજ શ્રાવિકા રે, પેટ લીયો પ્રભુ વિસરામ રે.
પેટ લીયો પ્રભુ વિસરામ. ૧

બ્યાસી દિવસને અંતરે રે, સુર હરિણગમેષી આય;
સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિશલા કૂખે છટકાય રે.
ત્રિશલા૦ ૨

નવ માસાંતરે જનમીયા રે, દેવદેવી ઓચ્છવ કીધ;
પરણી યશોદા યૌવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે.
નામે૦ ૩

સંસારલીલા ભોગવી રે, ત્રીસ વર્ષે દીક્ષા લીધ;
બાર વર્ષે હુઆ કેવલી રે; શિવવહુનું તિલક શિર દીધ રે.
શિવ૦ ૪

સંઘ ચતુર્વિધ સ્થાપીયો રે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર;
સંયમ દેઈ શિવ મોકલ્યા રે, ભગવતીસૂત્રે અધિકાર રે.
ભગ૦ ૫

ચોત્રીસ અતિશય શોભતાં રે, સાથે ચૌદ સહસ અણગાર;
છત્રીસ સહસ તે સાધ્વી રે, બીજો દેવ દેવી પરિવાર રે.
બીજો૦ ૬

ત્રીશ વર્ષ પ્રભુ કેવલી રે, ગામ નગર તે પાવન કીધ;
બોંતેર વર્ષનું આઉખું રે, દીવાળીયે શિવપદ લીધ રે.
દીવા૦ ૭

અગુરુલઘુ અવગાહને રે, કીયો સાદિ અનંત નિવાસ;
મોહરાય મલ્લ મૂળશું રે, તન મન સુખનો હોય નાશ રે.
તન૦ ૮

તુમ સુખ એક પ્રદેશનું રે, નવિ આવે લોકાકાશ;
તો અમને સુખીયા કરો રે, અમે ધરી તુમારી આશ રે.
અમે૦ ૯

અક્ષય ખજાનો નાથનો રે, મેં દિઠો ગુરુ ઉપદેશ;
લાલચ લાગી સાહિબા રે, નવિ ભજીએ કુમતિનો લેશ રે.
નવિ૦ ૧૦

મોટાનો જે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ;
દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, શુભવીર સદા સુખવાસ રે.
શુભ૦ ૧૧

કળશ

ઓગણીસ એકે વર્ષ છે, કે પૂર્ણિમા શ્રાવણ વરો,
મેં થુણ્યો લાયક, વિશ્વનાયક, વર્ધમાન જિનેશ્વરો;
સંવેગ રંગ તરંગ ઝીલે જશવિજય સમતા ધરો,
**શુભવિજય** પંડિત ચરણ સેવક, **વીરવિજય** જય જય કરો.

## ૧૮. શ્રી મહાવીરસ્વામીનું પંચકલ્યાણકનું ત્રણ ઢાળનું સ્તવન

દુહા

શાસન નાયક શિવકરણ, વંદુ વીર જિણંદ;
પંચ કલ્યાણક જેહના, ગાશું ધરી આણંદ. ૧

સુણતાં થુણતા પ્રભુ તણા, ગુણ ગીરૂઆ એકવાર;
ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, સફળ હુએ અવતાર. ૨

## ઢાળ પહેલી

સાંભળજો સસનેહી સયણાં, પ્રભુના ચરિત્ર ઉલ્લાસે;
જે સાંભળશે પ્રભુ ગુણ એહના, સમકિત નિર્મળ થાશે રે.
સાંભળજો૦ ૧

જંબૂદ્વીપે દક્ષિણ ભરતે, મહાણકુંડ ગામે;
ઋષભદત્ત બ્રાહ્મણ તસ નારી, દેવાનંદા નામે રે.
સાંભળજો૦ ૨

અસાડ શુદ્દી છઠ્ઠે પ્રભુજી, પુષ્પોત્તરથી ચવીયા;
ઉત્તરાફાલ્ગુની યોગે આવી, તસ કૂખે અવતરીયા રે.
સાંભળજો૦ ૩

તિણ રયણી સા દેવાનંદા, સુપન ગજાદિક નિરખે;
પ્રભાતે સુણી કંથ ઋષભદત્ત, હૈડામાંથી હરખે રે.
સાંભળજો૦ ૪

ભાંખે ભોગ અર્થ સુખ હોશે, હોસ્યે પુત્ર સુજાણ;
તે નિસુણી સા દેવાનંદા, કીધું વચન પ્રમાણ રે.
સાંભળજો૦ ૫

ભોગ ભલા ભોગવતા વિચરે, એહવે અચરિજ હોવે;
શતક્રતુ જીવ સૂરેસર હરખ્યો, અવધિ પ્રભુને જોવે રે.
સાંભળજો૦ ૬

કરી વંદન ને ઈન્દ્ર સનમુખ, સાત આઠ પગ આવે;
શક્રસ્તવ વિધિ સહિત ભણીને, સિંહાસન સોહાવે રે.
સાંભળજો૦ ૭

સંશય પડિઓ એમ વિમાસે, જિન ચક્રી હરિ રામ;
તુચ્છ દરિદ્ર માહણ કુલ નાવે, ઉગ્ર ભોગ વિણ ધામે રે.
સાંભળજો૦ ૮

અંતિમ જિન માહણકુળ આવ્યા, એહ અચ્છેરૂ કહીએ;
ઉત્સર્પિણી અવસર્પિણી અનંતી, જાતાં એહવું લહીએ રે.
સાંભળજો૦ ૯

ઈણ અવસર્પિણી દસ અચ્છેરા, થયાં તે કહીએ તેહ;
ગર્ભહરણ ગોસાળા ઉપસર્ગ, નિષ્કળ દેશના જેહ રે.
સાંભળજો૦ ૧૦

મૂલ વિમાને રવિ શશી આવ્યા, ચમરાનો ઉત્પાત;
એ શ્રી વીર જિનેશ્વર વારે, ઉપના પંચ વિખ્યાત રે.
સાંભળજો૦ ૧૧

સ્ત્રી તીર્થંકર મલ્લિ જિન વારે, શીતલ ને હરિવંશ;
ઋષભને અઠ્ઠોતરસો સીધા, સુવિધિ અસંજતી શંસ રે.
સાંભળજો૦ ૧૨

શંખ શબ્દ મીલીયા હરિ હરિખ્યું, નેમિસરને વારે;
તિમ પ્રભુજી નીચ કુલ અવતરીયા, સુરપતિ એમ વિચારે રે.
સાંભળજો૦ ૧૩

## ઢાળ બીજી

ભવ સત્તાવીસ સ્થુલમાંહિ ત્રીજે ભવે,
મરીચિ કીયો કુલનો મદ, ભરત યદા સ્તવે;
નીચ ગોત્ર કરમ તિહાં બાંધ્યું તે વળી,
અવતરીયા માહણ કુલ અંતિમ જિનપતિ. ૧

અતિ અઘટતું એહ થયું થાશે નહિ,
જે પ્રસવે જિન ચક્રી નીચ કુલે નહિ;
ઈહાં મારો આચાર ધરું ઉત્તમ કુલે,
હરિણગમેષી દેવ તે ઠાવે એટલે. ૨

કહે માહણ કુંડ નયરે જોઈ ઉચિત કરો,
દેવાનંદા કુખેથી પ્રભુને સંહરો;
નયર ક્ષત્રિયકુંડ રાય સિદ્ધારથ ગેહિની,
ત્રિશલા નામે ધરો પ્રભુ કુખે તેહની. ૩
ત્રિશલા ગર્ભ લઈને ધરો માહણી ઉરે,
બ્યાસી રાત વસીને કહ્યું તિમ સુર કરે;
માહણી દેખે સુપન જાણે ત્રિશલા હર્યો,
ત્રિશલા સુપન લહે તવ ચૌદ અલંકર્યા. ૪
હાથી વૃષભ સિંહ લક્ષ્મી માલા સુંદરૂં,
શશી રવિ ધ્વજ કુંભ પદ્મસરોવર સાગરૂં;
દેવવિમાન રયણપુંજ અગ્નિ વિમલે,
એહવે દેખે ત્રિશલા એહકે પિયુને વિનવે. ૫
હરખ્યો રાય સુપન પાઠક તેડાવીઆ,
રાજ ભોગ સુતફળ સુણી તેહ વધાવીયા;
ત્રિશલારાણી વિધિશું ગર્ભ સુખે હવે,
માય તણે હિત કે પ્રભુ નિશ્ચલ રહે. ૬
માય ધરે દુઃખ જોર, વિલાપ ઘણું કરે,
કહે મેં કીધા પાપ અઘોર ભવાંતરે;
ગર્ભ હર્યો મુજ કેણ હવે કેમ પામીએ,
દુઃખનો કારણ જાણી વિચાર્યું સ્વામીએ. ૭
અહો અહો મોહ વિડંબણ જાલમ જગતમેં,
અણ દીઠે દુઃખ એવડો ઉપાયો પલકમેં;
તવ અભિગ્રહ ધારે પ્રભુ તે કહું,
માતા પિતા જીવતાં સંયમ નવિ ગ્રહું. ૮

કરુણા આણી અંગ હલાવ્યું જિનપતિ,
બોલી ત્રિશલા માત હૈયે ઘણું હિસતી;
અહો મુજ જાગ્યા ભાગ્ય ગર્ભ મુજ સલસલ્યો,
સેવ્યો શ્રી જિનધર્મ કે સુરતરુ જિમ ફલ્યો. ૯
સખિય કહે શિખામણ સ્વામીની સાંભળો,
હળવે હળવે બોલો હસો કે રંગે ચલો;
ઈમ આનંદે વિચરતા દોહલા પૂરતે,
નવ મહિના ને સાડા સાત દિવસ થતે. ૧૦
ચૈત્ર તણી સુદ તેરસ નક્ષત્ર ઉત્તરા,
જોગે જન્મ્યા વીર કે તવ વિકસી ધરા;
ત્રિભુવન થયો ઉદ્યોત કે રંગ વધામણા,
સોના રૂપાની વૃષ્ટિ કરે ઘેર સુર ઘણા. ૧૧
આવી છપ્પન કુમારી કે ઓચ્છવ પ્રભુ તણે,
ચલ્યું રે સિંહાસન ઈંદ્ર કે ઘંટા રણઝણે;
મળી સુરની કોડ કે સુરવર આવીયો,
પંચ રૂપ કરી પ્રભુને સુરગિરિ લાવીયો. ૧૨
એક ક્રોડ સાઠ લાખ કલશ જલશું ભર્યાં,
કિમ સહસ્યે લઘુ વીર કે ઈંદ્ર સંશય ધર્યા;
પ્રભુ અંગૂઠે મેરુ ચાંપ્યો, અતિ ધડ ધડે,
ગડ ગડે પૃથ્વી લોક જગતના લડથડે. ૧૩
અનંતબળી પ્રભુ જાણી ઇન્દ્રે ખમાવીઓ,
ચાર વૃષભના રૂપ કરી જલ નામીઓ;
પૂજી અરચી પ્રભુને માય પાસ ધરે,
ધરી અંગૂઠે અમૃત ગયા નંદીશ્વરે. ૧૪

## ઢાળ ત્રીજી

કરી મહોત્સવ સિદ્ધારથ ભૂપ, નામ ધરે વર્ધમાન;
દિન દિન વાધે પ્રભુ સુરતરુ જિમ, રૂપ કલા અસમાન રે.
હમચડી૦ ૧

એક દિન પ્રભુજી રમવા કારણ, પુર બાહિર જબ જાવે;
ઇન્દ્ર મુખે પ્રશંસા સુણી તિહાં, મિથ્યાત્વી સુર આવે રે.
હમચડી૦ ૨

અહિરૂપે વિંટાણો તરૂસ્યું, પ્રભુ નાંખ્યો ઉછાળી;
સાત તાડનું રૂપ કર્યું તબ, મુંઠે નાખ્યો વાળી રે.
હમચડી૦ ૩

પાય લાગીને તે સુર ખામે, નામ ધરે મહાવીર;
જેવો ઇન્દ્રે વખાણ્યો સ્વામી, તેવો સાહસ ધીર રે.
હમચડી૦ ૪

માત પિતા નિશાળે મૂકે, આઠ વરસના જાણી;
ઈન્દ્ર તણા તિહાં સંશય ટાળ્યા, નવ વ્યાકરણ વખાણી રે.
હમચડી૦ ૫

અનુક્રમે પ્રભુ યૌવન પામ્યા, વર્યા યશોદા રાણી;
અઠ્ઠાવીસે વરસે પ્રભુના, માત પિતા નિર્વાણી રે.
હમચડી૦ ૬

દોય વરસ ભાઈને આગ્રહે, પ્રભુ ઘરવાસે વસીયા;
ધર્મ પંથ દેખાડો એમ કહે, લોકાંતિક ઉલ્લસીયા રે.
હમચડી૦ ૭

એક કોડ આઠ લાખ સોનૈયા, દિન દિન પ્રભુજી આપે;
ઈમ સંવત્સરી દાન દેઈને, જગનાં દારિદ્ર કાપે રે.
હમચડી૦ ૮

છાંડ્યા રાજ અંતેઉર પ્રભુજી, ભાઈએ અનુમતિ દીધી;
માગસર વદી દસમી ઉત્તરાયે, વીરે દીક્ષા લીધી રે.
હુમચડી૦ ૯

ચઉનાણી તિણ દિનથી પ્રભુજી, વરસ દિવસ ઝાઝે રે;
ચીવર અર્ધ બ્રાહ્મણને દીધું, ખંડ ખંડ બે ફેરી રે.
હુમચડી૦ ૧૦

ઘોર પરીષહ સાલ બારે, વરસ જે જે સહિઆ;
ઘોર અભિગ્રહ જે જે ધરીઆ, તે નવિ જાએ કહીઆ રે.
હુમચડી૦ ૧૧

શૂલપાણી ને સંગમદેવે, ચંડકોસી ગોશાલે,
દીધું દુઃખ ને પાયસ રાંધી, પગ ઉપર ગોવાલે રે.
હુમચડી૦ ૧૨

કાને ગોપે ખીલા માર્યા, કાઢતાં મૂકી રાડી;
જે સાંભળતાં ત્રિભુવન કંપ્યા, પર્વત શિલા ફાટી રે.
હુમચડી૦ ૧૩

તે તેં દુષ્ટ સહુ ઉદ્ધરીયા, પ્રભુજી પર ઉપગારી;
અડદ તણા બાકુલા લઈને, ચંદનબાળા તારી રે.
હુમચડી૦ ૧૪

દોય છ માસી નવ ચૌમાસી, અઢી માસી ત્રણ માસી;
દોઢ માસી બે બે કીધા, છ કીધાં બે માસી રે.
હુમચડી૦ ૧૫

બાર માસ ને પખ બોંતેર, છઠ્ઠ બસે ઓગણત્રીસ વખાણું;
બાર અઠ્ઠમ ભદ્રાદી પ્રતિમા, દીન દોઈ ચાર દસ જાણું રે.
હુમચડી૦ ૧૬

ઈમ તપ કીધાં બારે વરસે, વીણ પાણી ઉલ્લાસે;
તેમાં પારણાં પ્રભુજીએ કીધાં, ત્રણસે ઓગણપચાસ રે.
હમચડી૦ ૧૭

કર્મ ખપાવી વૈશાખ માસે, શુદ દસમી શુભ જાણ;
ઉત્તરા યોગ શાલિ વૃક્ષ તળે, પામ્યા કેવલનાણ રે.
હમચડી૦ ૧૮

ઈન્દ્રભૂતિ આદિ પ્રતિબોધ્યા, ગણધર પદવી દીધી;
સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા, સંઘ સ્થાપના કીધી રે.
હમચડી૦ ૧૯

ચઉદ સહસ અણગાર સાધ્વી, સહસ છત્રીસ કહીજે;
એક લાખ ને સહસ ગુણ સટ્ઠિ, શ્રાવક શુદ્ધ કહીજે રે.
હમચડી૦ ૨૦

તીન લાખ અઢાર સહસ વલી, શ્રાવિકા સંખ્યા જાણી;
ત્રણસે ચૌદ પૂરવધારી, તેરસે ઓહી નાણી રે.
હમચડી૦ ૨૧

સાત સયાં તે કેવલનાણી, લબ્ધિધારી પણ તેતા;
વિપુલમતિયા પાંચસે કહીયા, ચારસે વાદી જીત્યા રે.
હમચડી૦ ૨૨

સાતસે અંતેવાસી સીધ્યા, સાધ્વી ચૌદસેં સાર;
દિન દિન તેજ સવાયે દીપે એ, પ્રભુજીનો પરિવાર રે.
હમચડી૦ ૨૩

ત્રીસ વરસ ઘરવાસે વસીયા, બાર વરસ છદ્મસ્થે;
તીસ વરસ કેવલ બેંતાલીસ, વરસ સમાણાં મધ્યે રે.
હમચડી૦ ૨૪

વરસ બોંતેર કેરૂ આયુ, વીર જિણંદનું જાણો,
દીવાલી દિન સ્વાતિ નક્ષત્ર, પ્રભુજીનો નિરવાણ રે.
હમચડી૦ ૨૫

પંચ કલ્યાણક એમ વખાણ્યા, પ્રભુજીના ઉલ્લાસે;
સંઘ તણે આગ્રહ હરખ ધરીને, સુરત રહી ચોમાસું રે.
હમચડી૦ ૨૬

### કલશ

ઇસ ચરમ જિનવર, સયલ સુખકર, થયો અતિ ઉલટ ધરી,
અષાડ ઉજ્જવલ પંચમી દિન, સંવત શત ત્રીંહોતરે;
વિમલવિજય ઉવજ્ઝાય પયકજ, ભ્રમર સમ શુભ શિષ્ય એ,
રામવિજય જિનવર નામે, લહે અધિક જગીશ એ.

## ૧૯. સીમંધર પ્રભુના પ્રાચીન સ્તવનો

### (૧)

સુણો ચંદાજી સીમંધર પરમાતમ પાસે જાજો,
મુજ વિનતડી પ્રેમ ધરીને એણી પરે તુમ સંભળાવજો;
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઈંદ્ર પાયક છે,
નાણ દરિસણ જેહને ખાયક છે. સુણો૦ ૧

જેની કંચનવરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે,
પુંડરીગિણી નગરીનો રાયા છે. સુણો૦ ૨

બાર પર્ષદામાંહિ બિરાજે છે, જસ ચોત્રીસ અતિશય છાજે છે,
ગુણ પાંત્રીસ વાણીએ ગાજે છે. સુણો૦ ૩

ભવિજનને જે પડિબોહે છે, તુમ અધિક શીતળ ગુણ સોહે છે,
રૂપ દેખી ભવિજન મોહે છે. સુણો૦ ૪

તુમ સેવા કરવા રસિયો છું, પણ ભરતમાં દૂરે વસિયો છું,
મહા મોહરાયકર ફસિયો છું. સુણો૦ ૫

પણ સાહિબ ચિત્તમાં ધરિયો છે, તુમ આણા ખડગકર ગ્રહિયો છે,
પણ કાંઇક મુજથી ડરિયો છે. સુણો૦ ૬

જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો, કહે પદ્મવિજય થાઉં શૂરો,
તો વાધે મુજ મન અતિ નૂરો. સુણો૦ ૭

(૨)

શ્રી સીમંધર સાહિબા, સુણો સંપ્રતિ હો, ભરતક્ષેત્રની વાત કે;
અરિહા કેવલી કો નહિ, કેને કહીયે હો, મનના અવદાત કે.
શ્રી સીમંધર૦ ૧

ઝાઝું કહેતા જુગતું નહિ, તુમ સોહે હો, જગ કેવલનાણ કે;
ભૂખ્યાં ભોજન માંગતા, આપે ઉલટ હો, અવસરના જાણ કે.
શ્રી સીમંધર૦ ૨

કહેશો તુમે જુગતા નહિ, જુગતાને હો, વળી તારો સાંઇ કે;
યોગ્ય જનનું કહેવું કિશ્યું, ભાવહીનને હો, તારો ગ્રહી બાંહી કે.
શ્રી સીમંધર૦ ૩

થોડું હી અવસરે આપીયે, ઘણાની હો, પ્રભુ છે પછે વાત કે;
પગલે પગલે પાર પામીએ, પછે લહીએ હો, સઘળા અવદાત કે.
શ્રી સીમંધર૦ ૪

મોડું વહેલું તમે આપશો, બીજાનો હો, હું ન કરૂં સંગ કે;
ધીરવિમલ ગુરુ શિષ્યનો, રાખીજે હો, પ્રભુ અવિચળ રંગ કે.
શ્રી સીમંધર૦ ૫

(૩)

પુક્ખલવઇ વિજયે જયો રે, નયરી પુંડરીગિણી સાર,
શ્રી સીમંધર સાહિબા રે, રાય શ્રેયાંસ કુમાર;
જિણંદરાય ધરજો ધર્મ સ્નેહ. ૧
મોટા નાના અંતરો રે, ગિરૂઆ નવિ દાખંત;
શશિ દરિસણ સાયર વધે રે, કૈરવવન વિકસંત. જિણંદ૦ ૨
ઠામ કુઠામ નવિ લેખવે રે, જગ વરસંત જળધાર;
કર દોય કુસુમે વાસીયે રે, છાયા સવિ આધાર. જિણંદ૦ ૩
રાયને રંક સરીખા ગણે રે, ઉદ્યોતે શશી સૂર;
ગંગાજળ તે બિહું તણા રે, તાપ કરે સવિ દૂર. જિણંદ૦ ૪
સરિખા સહુને તારવા રે, તિમ તુમે છો મહારાજ;
મુજશું અંતર કેમ કરો રે, બાંહ્ય ગ્રહ્યાની લાજ. જિણંદ૦ ૫
મુખ દેખી ટીલું કરે રે, તે નવિ હોય પ્રમાણ;
મુજરો માને સવિ તણો રે, સાહિબ તે સુજાણ. જિણંદ૦ ૬
વૃષભ લંછન માતા સત્યકી રે, નંદન રૂક્મણી કંત;
વાચક જસ ઇમ વિનવે રે, ભવભંજન ભગવંત. જિણંદ૦ ૭

(૪)

વિનંતી મારી રે સુણજો સાહિબા, સીમંધર જિનરાજ;
ત્રિભુવન તારક અરજ ઉરે ધરો, દેજો દરિસણ આજ.
વિનંતી૦ ૧

આપ વસ્યા જઈ ક્ષેત્ર વિદેહમાં, હું રહું ભરત મોઝાર;
એ મેળો કેમ હોય જગધણી, એ મુજ સબળ વિચાર.
વિનંતી૦ ૨

વચમાં વન દ્રહ પર્વત અતિ ઘણા, વળી નદીઓના રે ઘાટ;
કિણવિધ ભેટું રે આવી તુમ કને. અતિ વસમી રે એ વાટ.
વિનંતી૦ ૩

કિહાં મુજ દાહિણ ભરતક્ષેત્ર કહ્યું, કિહાં પુક્ખલવઇ રાજ;
મનમાં અળજો રે મળવાનો અતિ ઘણો, ભવજલ તરણ જહાજ.
વિનંતી૦ ૪

નિશદિન આલંબન મુજ તાહરૂં, તું મુજ હૃદય મોઝાર;
ભવદુઃખ ભંજન તુંહી નિરંજનો, કરુણારસ ભંડાર.
વિનંતી૦ ૫

મનવાંછિત સુખસંપદ પૂરજો, ચૂરજો કર્મની રાશ;
નિત નિત વંદન હું ભાવે કરું, એહી જ છે અરદાસ.
વિનંતી૦ ૬

તાત શ્રેયાંસ નરેસર જગનિલો, સત્યકી રાણીનો જાત;
સીમંધર જિન વિચરે મહીતલે, ત્રણ ભુવનમાં વિખ્યાત.
વિનંતી૦ ૭

ભવોભવ સેવા રે તુમ પદ કમલની, દેજો દીન દયાલ;
બે કર જોડી ઉદયરતન વદે, નેક નજરથી નિહાળ.
વિનંતી૦ ૮

( ૫ )

સાહેબ શ્રી સીમંધર સાહિબા, સાહેબ તુમે દેવાધિદેવ;
સન્મુખ જુઓને મારા સાહિબા, સાહેબ મન શુદ્ધ કરું તુમ સેવ.
એકવાર મળોને મારા સાહિબા૦ ૧

સાહેબ સુખ દુઃખની વાતો મારે અતિ ઘણી,
સાહેબ કોણ આગળ કહું નાથ;
સાહેબ કેવળજ્ઞાની પ્રભુ જો મળે,
સાહેબ તો થાઉં હું રે સનાથ. એકવાર૦ ૨

સાહેબ ભરતક્ષેત્રમાં હું અવતર્યો, સાહેબ ઓછું એટલું પુન્ય;
સાહેબ જ્ઞાની વિરહ પડ્યો આકરો,સાહેબ જ્ઞાન રહ્યું અતિ ન્યુન.
એકવાર૦ ૩

સાહેબ દશ દૃષ્ટાંતે દોહિલો, સાહેબ ઉત્તમ કુળ સોભાગ;
સાહેબ પામ્યો પણ હારી ગયો, સાહેબ જેમ રત્ને ઉડાડ્યો કાગ.
એકવાર૦ ૪

સાહેબ ષડ્રસ ભોજન બહુ કર્યા, સાહેબ તૃપ્તિ ન પામ્યો લગાર;
સાહેબ હું રે અનાદિની ભૂલમાં, સાહેબ રઝળ્યો ઘણો સંસાર.
એકવાર૦ ૫

સાહેબ સ્વજન કુટુંબ મળ્યા ઘણાં, સાહેબ તેહને દુઃખે દુઃખી થાય;
સાહેબ જીવ એકને કર્મ જુજુઆં, સાહેબ તેહથી દુર્ગતિ જાય.
એકવાર૦ ૬

સાહેબ ધન મેળવવા હું ધસમસ્યો, સાહેબ તૃષ્ણાનો નાવ્યો પાર;
સાહેબ લોભે લટપટ બહુ કરી, સાહેબ ન જોયો પાપ વ્યાપાર.
એકવાર૦ ૭

સાહેબ જેમ શુદ્ધાશુદ્ધ વસ્તુ છે, સાહેબ રવિ કરે તેહ પ્રકાશ;
સાહેબ તિમહી જ્ઞાની મળે થકે, તે તો આપે રે સમકિત વાસ.
એકવાર૦ ૮
સાહેબ મેઘ વરસે છે વાટમાં, સાહેબ વરસે છે ગામોગામ;
સાહેબ ઠામ કુઠામ જુએ નહિ, સાહેબ એવા મોટાના કામ.
એકવાર૦ ૯
સાહેબ હું વસ્યો ભરતને છેડલે,
સાહેબ તમે વસ્યા મહાવિદેહ મોઝાર;
સાહેબ દૂર રહી કરૂં વંદના,
સાહેબ ભવસમુદ્ર ઉતારો પાર. એકવાર૦ ૧૦
સાહેબ તુમ પાસે દેવ ઘણાં વસે,
સાહેબ એક મોકલજો મહારાજ;
સાહેબ મુખનો સંદેશો સાંભળો,
સાહેબ તો સહેજે સરે મુજ કાજ. એકવાર૦ ૧૧
સાહેબ હું તુમ પગની મોજડી,
સાહેબ હું તુમ દાસનો દાસ;
સાહેબ **જ્ઞાનવિમલસૂરિ** એમ ભણે,
સાહેબ મને રાખો તમારી પાસ. એકવાર૦ ૧૨

( ૬ )

સ્વસ્તિ શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં, જીંહા રાજે તીર્થંકર વીશ;
તેને નમું શીશ, કાગળ લખું કોડથી. ૧
સ્વામિ જઘન્ય તીર્થંકર વીશ છે, ઉતકૃષ્ટા એકસો સીત્તેર;
તેમાં નહિ ફેર. કાગળ૦ ૨

સ્વામિ બાર ગુણે કરી યુક્ત છો, અંગે લક્ષણ એક હજાર;
ઉપર આઠ સાર. કાગળ૦ ૩

સ્વામિ ચોત્રીશ અતિશય શોભતાં, વાણી પાંત્રીસ વચન રસાળ;
ગુણો તણી માળ. કાગળ૦ ૪

સ્વામિ ગંધહસ્તી સમ ગાજતાં, ત્રણ લોક તણા પ્રતિપાળ;
છો દીનદયાળ. કાગળ૦ ૫

સ્વામિ કાયા સુકોમળ શોભતી, શોભે સુંદર સોવન વાન;
કરૂં હું પ્રણામ. કાગળ૦ ૬

સ્વામિ ગુણ અનંત છે આપના, એક જીભે કહ્યાં કેમ જાય;
લખ્યા ન લખાય. કાગળ૦ ૭

ભરતક્ષેત્રથી લિખિતન જાણજો, આપ દર્શન ઈચ્છત દાસ;
રાખું તુમ આશ. કાગળ૦ ૮

મેં તો પૂર્વે પાપ કીધાં ઘણાં, જેથી આપ દરિસણ રહ્યો દૂર;
ન પહોંચું હજૂર. કાગળ૦ ૯

મારા મનમાં સંદેહ અતિ ઘણાં, તુમ વિના કહ્યા કેમ જાય;
અંતર અકળાય. કાગળ૦ ૧૦

આડા પહાડ પર્વત ને ડુંગરા, જેથી નજર નાખી નવ જાય;
દર્શન કેમ થાય. કાગળ૦ ૧૧

સ્વામિ કાગળ પણ પહોંચે નહિ, ન પહોંચે સંદેશો કે સાંઇ;
અમે રહ્યા આંહિ. કાગળ૦ ૧૨

દેવે પાંખ દીધી હોત પીઠમાં, ઉડી આવું દેશાવર દૂર;
તો પહોંચુ હજુર. કાગળ૦ ૧૩

સ્વામિ કેવળજ્ઞાને કરી દેખજો, મારા આતમના છો આધાર;
ઉતારો ભવપાર. કાગળ૦ ૧૪

ઓછું અધિકું કે વિપરીત જે લખ્યું, માફ કરજો જરૂર જિનરાય;
લાગું તુમ પાય. કાગળ૦ ૧૫

સવંત અઢારસો ત્રેપનની સાલમાં, હરખે હર્ષ વિજય ગુણ ગાય;
પ્રેમે પ્રણમું પાય. કાગળ૦ ૧૬

( ૭ )

ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેહજી, ધન્ય પુંડરીગિણી ગામ;
ધન્ય તિહાંના માનવીજી, નિત્ય ઊઠી કરે રે પ્રણામ,
સીમંધરસ્વામિ કહીએ રે, હું મહાવિદેહ આવીશ;
જયવંતા જિનવર કહીએ રે, હું તમને વાંદીશ. સીમંધર૦ ૧

ચાંદલીયા સંદેશડોજી, કહેજો સીમંધર સ્વામ;
ભરતક્ષેત્રના માનવીજી, નિત્ય ઊઠી કરે રે પ્રણામ. સીમંધર૦ ૨

સમવસરણ દેવે રચ્યું, તિહાં ચોસઠ ઈંદ્ર નરેશ;
સોનાતણે સિંહાસન બેઠાં, ચામર છત્ર ધરેશ. સીમંધર૦ ૩

ઈંદ્રાણી કાઢે ગહુંલીજી, મોતીના ચોક પૂરેશ;
લળી લળી લીયે લુંછણાજી, જિનવર દિયે ઉપદેશ. સીમંધર૦ ૪

એહવે સમે મેં સાંભળ્યુંજી, હવે કરવા પચ્ચક્ખાણ;
બારે પર્ષદા આગળેજી, અમૃતવાણી વખાણ. સીમંધર૦ ૫

રાયને વહાલા ઘોડલાજી, વેપારીને વહાલા દામ;
અમને વ્હાલા સીમંધરસ્વામિ. જેમ સીતાને શ્રીરામ. સીમંધર૦ ૬

નહિ માંગુ પ્રભુ રાજઋદ્ધિજી, નહિ માંગુ ગરથ ભંડાર;
હું માંગુ પ્રભુ એટલુંજી, તુમ પાસે અવતાર. સીમંધર૦ ૭

દેવ ન દીધી પાંખડીજી, કેમ કરી આવું હજુર;
મુજરો મારો માનજોજી, પ્રહ ઉગમતે સૂર. સીમંધર૦ ૮

સમયસુંદરની વિનતીજી, માનજો વારંવાર;
બે કર જોડી વિનવુંજી, વિનતડી અવધાર. સીમંધર૦ ૯

(૮)

સ્વામિ સીમંધરા વિનતી, સાંભળો માહરી દેવ રે;
તાહરી આણા હું શિર ધરૂં, આદરૂં તાહરી સેવ રે. સ્વામિ૦ ૧

કુગુરૂની વાસના પાસમાં, હરિણ પરે જે પડ્યા લોક રે;
તેહને શરણ તુજ વિણ નહિ, ટળવળે બાપડા ફોક રે. સ્વામિ૦ ૨

જ્ઞાન દર્શન ચરણ ગુણ વિના, જે કરાવે કુલાચાર રે;
લૂંટિયા તેણે જન દેખતાં, કિહાં કરે લોક પોકાર રે. સ્વામિ૦ ૩

જેહ નવિ ભવ તર્યા નિરગુણી, તારશે કેણી પરે તેહ રે;
ઇમ અજાણ્યા પડે ફંદમાં, પાપ બંધે રહ્યા જેહ રે. સ્વામિ૦ ૪

કામ કુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂળ રે;
દોકડે કુગુરુ તે દાખવે, શું થયું એહ જગ શૂળ રે. સ્વામિ૦ ૫

અર્થની દેશના જે દીયે, ઓળવે ધર્મના ગ્રંથ રે;
પરમપદનો પ્રગટ ચોર તે, તેહથી કિમ વહે પંથ રે? સ્વામિ૦ ૬

વિષયરસમાં ગૃહી માચિયા, નાચીયા–કુગુરૂ મદપૂર રે;
ધૂમધામે ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દુર રે. સ્વામિ૦ ૭

કલહકારી કદાગ્રહ ભર્યા, થાપતા આપના બોલ રે;
જિનવચન અન્યથા દાખવે, આજ તો વાજતે ઢોલ રે સ્વામિ૦ ૮
કેઈ નિજ દોષને ગોપવા, રોપવા કેઈ મત કંદ રે;
ધર્મની દેશના પાલટે, સત્ય ભાષે નહિ મંદ રે. સ્વામિ૦ ૯
બહુ મુખે બોલ એમ સાંભળી, નવિ ધરે લોક વિશ્વાસ રે;
ઢુંઢતા ધર્મને તે થયા, ભ્રમર જેમ કમલની વાસ રે. સ્વામિ૦૧૦

## ૨૦ શ્રી નવપદજીનું સ્તવન

(૧)

અવસર પામીને રે, કીજે નવ આંબેલની ઓળી;
ઓળી કરતાં આપદ જાએ, રિદ્ધિ સિદ્ધિ લહીએ બહુલી. અવ૦ ૧
આસો ને ચૈત્રે આદરશું, સાતમથી સંભાળી રે;
આળસ મેલી આંબેલ કરશે, તસ ઘર નિત્ય દિવાળી. અવ૦ ૨
પૂનમને દિન પૂરી થાતે, પ્રેમ શું પખાલી રે;
સિદ્ધચક્રને શુદ્ધ આરાધી, જાપ જપે જપમાલી. અવ૦ ૩
દહેરે જઈને દેવ જુહારો, આદિશ્વર અરિહંત રે;
ચોવીસે ચાહીને પૂજો, ભાવશું ભગવંત. અવ૦ ૪
બે ટંકે પડિક્કમણું બોલ્યું, દેવવંદન ત્રણ કાળ રે;
શ્રી શ્રીપાલતણી પરે સમજી, ચિત્તમાં રાખો ચાલ. અવ૦ ૫
સમકિત પામી અંતરજામી, આરાધો એકાંત રે;
સ્યાદ્‌વાદ્‌ પંથે સંચરતાં, આવે ભવનો અંત. અવ૦ ૬

સત્તર ચોરાણું શુદિ ચૈત્રીએ, બારસે બનાવી રે;
સિદ્ધચક્ર ગાતાં સુખ સંપત્તિ, ચાલીને ઘેર આવી. અવ૦ ૭

ઉદયરત્ન વાચક એમ જંપે, જે નરનારી ચાલે રે;
ભવની ભાવઠ તે ભાંગીને, મુક્તિપુરીમાં મહાલે. અવ૦ ૮

( ૨ )

અહો ભવિ પ્રાણી રે સેવો, સિદ્ધચક્ર ધ્યાન સમો નહિ મેવો;
જે સિદ્ધચક્ર આરાધે, તેહની કીર્તિ જગમાં વાધે.
અહો૦ ૧

પહેલે પદે રે અરિહંત, બીજે સિદ્ધ બુદ્ધ ધ્યાન મહંત;
ત્રીજે પદે રે સૂરીશ્વર, ચોથે ઉવજ્ઝાય ને પાંચમે મુનિશ્વર.
અહો૦ ૨

છઠ્ઠે દરિસન કીજે, સાતમે જ્ઞાનથી શિવસુખ લીજે;
આઠમે ચારિત્ર પાલો, નવમે તપથી મુક્તિ ભાલો.
અહો૦ ૩

ઓળી આયંબીલની કીજે, નવકારવાલી વીસ ગણીજે;
ત્રણે ટંકના રે દેવ, પડિલેહણ પડિક્કમણું કીજે.
અહો૦ ૪

ગુરુ મુખ કિરિયા કીજે, દેવ ગુરુ ભક્તિ ચિત્ત ધરીજે;
એમ કહે રામનો શિષ્ય, ઓળી ઉજવીએ જગીસ.
અહો૦ ૫

( ૩ )

નવપદ ધરજો ધ્યાન, ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન;
એ નવપદનું ધ્યાન ધરંતા, પામે જીવ વિશ્રામ. ભવિ૦ ૧
અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકળ ગુણખાણ. ,, ૨
દર્શન જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાન. ,, ૩
આસો ચૈતરની સુદિ સાતમથી, પૂનમ લગી પ્રમાણ. ,, ૪
એમ એકાશી આંબિલ કીજે, વરસ સાડા ચારનું માન. ,, ૫
પડિક્કમણાં દોય ટંકના કીજે, પડિલેહણ બે વાર. ,, ૬
દેવવંદન ત્રણ ટંકના કીજે, દેવ પૂજો ત્રિકાળ. ,, ૭
બાર આઠ છત્રીસ પચવીસનો, સત્તાવીસ સડસઠ સાર. ,, ૮
એકાવન સિત્તેર પચાસનો, કાઉસગ્ગ કરો સાવધાન. ,, ૯
એક એક પદનું ગણણું ગણીએ, દોય હજાર. ,, ૧૦
એણે વિધિ જે એ તપ આરાધે, એ પામે ભવનો પાર. ,, ૧૧
કર જોડી સેવક ગુણ ગાવે, મોહન ગુણ મણિ માલ. ,, ૧૨
તાસ શિષ્ય મુનિ હેમ કહે છે, જન્મ મરણ દુઃખ ટાળ. ,, ૧૩

( ૪ )

નવપદનો મહિમા સાંભળજો, સહુને સુખડું થાશેજી;
નવપદ સ્મરણ કરતાં પ્રાણી, ભવ ભવના દુઃખ જાશેજી. નવ૦ ૧
નવપદ મહિમાથી પ્યારે, કુષ્ટ અઢારે જાવેજી;
રોગ ખયનને ખાંસીની પીડા, પાસે કદિ નવ આવેજી. નવ૦ ૨

અરિ કરિ સાગર જલણ જલોદર, બંધનના ભય જાશેજી;
ચોર ચરડ શાકણ ને ડાકણ, તુજ નામે દૂર નાશેજી. નવ૦ ૩
અપુત્રીઆને પુત્રો હોવે, નિરધનીયા ધન પાવેજી;
નિરાશપણે જે ધ્યાન ધરે જે, તે નર મુક્તે જાવેજી. નવ૦ ૪
શ્રીમતીને એ મંત્ર પ્રભાવે, સર્પ થયો કુલમાળાજી;
અમરકુમાર નવપદ મહિમાથી, સુખ પામ્યો સુરસાલાજી. નવ૦ ૫
મયણા વયણાએ સેવ્યા નવપદ, શ્રી શ્રીપાળે ઉલ્લાસેજી;
રોગ ગયો ને સંપદા પામ્યા, નવમે ભવે શિવ જાસેજી. નવ૦ ૬
અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ મહા ગુણવંતાજી;
દર્શન જ્ઞાન ચરણ તપ રૂડાં, એ નવપદ ગુણવંતાજી. નવ૦ ૭
સિદ્ધચક્રનો મહિમા અનંતો, કહેતાં પાર ન આવેજી;
દુઃખ હરે ને વાંછિત પૂરે, વંદન કરીએ ભાવેજી. નવ૦ ૮
ભાવસાગર કહે સિદ્ધચક્રની, જે નર સેવા કરશેજી;
આતમ ગુણ અનુભવીને, મંગળમાળા વરશેજી. નવ૦ ૯

(૫)

નરનારી રે ભમતાં ભવભર દરિએ, નવપદનું ધ્યાન સદા ધરીએ;
સુખકારી રે તો શિવસુંદરી વરીએ, નવપદનું ધ્યાન સદા ધરીએ. ૧
પહેલે પદ શ્રી અરિહંત રે, કરી અષ્ટ રિપુનો અંત રે;
થયા શિવરમણીના કંથ રે, પદ બીજે રે સિદ્ધ ભજી દુઃખ હરીએ રે. નવ૦ ૨
આચાર્ય નમું પદ ત્રીજે રે, ચોથે પાઠક લીજે રે;
પ્રીતિથી પાય પ્રણમીજે રે, પદ પાંચમે રે, મુનિ મહારાજ ઉચ્ચરીએ. નવ૦ ૩

છટ્ઠું પદ દર્શન જાણું રે, જ્ઞાન ગુણ મુખ્ય વખાણું રે;
આ જગમાં ખરૂં નાણું રે, બહુ ખરચ્યો રે તો એ ન ખૂટે જરીએ.
નવ૦ ૪

ચારિત્ર પદ નમું આઠમે, તપ કરો બહુ ઠાઠે રે;
દુઃખ દારિદ્ર જેહથી નાસે રે, જિનવરની રે, પ્યારથી પૂજા કરીએ રે.
નવ૦ ૫

નવદિન શિયળવ્રત પાળો રે, પડિક્કમણું કરી દુઃખ ટાળો રે;
જેમ ચંપાપતિ શ્રીપાલ રે, મનમાંહી રે, શંકા ન રાખો જરીએ.
નવ૦ ૬

ઓગણીસ અટ્ઠાવન વરસે રે, પોષ માસ પૂનમ તિથિ ફરસે રે;
ભાવે ગાવે તે ભવ નવિ ફરસે રે, નિર્ભયથી રે, ધર્મ કહે ભવ તરીએ રે.
નવ૦ ૭

## ૨૧. નવપદની ઢાળોનું સ્તવન

### ઢાળ ૧ લી

આસો માસે તે ઓળી આદરી રે લોલ,
ધર્યું નવપદજીનું ધ્યાન રે;
શ્રીપાળ મહારાજા મયણાસુંદરી રે લોલ. ૧

માલવ દેશનો રાજીયો રે લોલ,
નામે પ્રજાપાલ ભૂપ રે. શ્રીપાળ૦ ૨

સૌભાગ્યસુંદરી રૂપસુંદરી રે લોલ,
રાણી બે રૂપ ભંડાર રે. ,, ૩

એક મિથ્યાત્વી ધર્મની રે લોલ,
બીજી જૈન ધર્મ રાગ રે. શ્રીપાળ૦ ૪
પુત્રી એકેકી બેઉને રે લોલ,
વધે જેમ બીજ કેરો ચંદ રે. ,, ૫
સૌભાગ્યસુંદરીની સુરસુંદરી રે લોલ,
ભણે મિથ્યાત્વી પાસ રે. ,, ૬
રૂપસુંદરીને મયણાસુંદરી રે લોલ,
ભણાવે જૈન ધર્મ સાર રે. ,, ૭
રૂપકલા ગુણે શોભતી રે લોલ,
ચોસઠ કળાની જાણ રે. ,, ૮
બેઠા સભામાં રાજવી રે લોલ,
બોલાવે બાલિકા દોય રે. ,, ૯
સોળે શણગારે શોભતી રે લોલ,
આવી ઉભી પિતાજીની પાસ રે. ,, ૧૦
વિદ્યા ભણ્યાનું જોવા પારખું રે લોલ,
પૂછે તિહાં રાજા પશ્ન રે. ,, ૧૧

સાખી

જીવ લક્ષણ શું જાણવું, કોણ કામદેવ ઘરનાર;
શું કરે પરણી કુમારિકા, ઉત્તમ કૂલ શું સાર. (૧)

રાજા પૂછે ચારનો, આપો ઉત્તર એક;
બુદ્ધિશાળી કુંવરી, આપે ઉત્તર છેક. (૨)

શ્વાસ લક્ષણ પહેલું જીવનું રે લોલ,
રતિ કામદેવ ઘરનાર રે. શ્રીપાળ૦ ૧૨
જાઇનું ફૂલ ઉત્તમ જાતિમાં રે લોલ,
કન્યા પરણીને સાસરે જાય રે. ,, ૧૩

સાખી

પ્રથમ અક્ષર વિના, જીવાડનાર જગનો કહ્યો;
મધ્યમ અક્ષર વિના, સંહાર જગનો તે થયો. (૧)
અંતિમ અક્ષર વિના, સૌ મન મીઠું હોય;
આપો ઉત્તર એકમાં, જેમ સ્ત્રીને વહાલું હોય. (૨)

આપે ઉત્તર મયણાસુંદરી રે લોલ,
મારી આંખોમાં કાજળ સોહાય રે. શ્રીપાળ૦ ૧૪

સાખી

પહેલો અક્ષર કાઢતાં, સોહે નરપતિ હોય;
મધ્યાક્ષર વિના જાણવું, સ્ત્રી મન વહાલું હોય. (૧)
ત્રીજો અક્ષર કાઢતાં, પંડિત પ્યારો ભર્યો;
માગું ઉત્તર એકમાં, તાતે પુત્રીને કહ્યો. (૨)

મયણાએ ઉત્તર આપીયો રે લોલ,
અર્થ ત્રણેનો વાદળ થાય શ્રીપાળ૦ ૧૫
રાજા પૂછે સુરસુંદરી રે લોલ,
કહો પુન્યથી શું શું પમાય રે ? ,, ૧૬

ધન યૌવન સુંદર દેહડી રે લોલ,
ચોથો મન વલ્લભ ભરથાર રે. શ્રીપાળ૦ ૧૭
કહે મયણા નિજ તાતને રે લોલ,
સહુ પામીયે પુન્ય પસાય રે. ,, ૧૮
શિયલવ્રતે શોભે દેહડી રે લોલ,
બીજી બુદ્ધિ ન્યાયે કરી હોય રે. ,, ૧૯
ગુણવંત ગુરુની સંગથી રે લોલ,
મળે વસ્તુ પુન્યને યોગ રે. ,, ૨૦
બોલે રાજા અભિમાન કરી રે લોલ,
કરૂં નિર્ધનને શ્રીમંત રે. ,, ૨૧
સર્વે લોકો સુખ ભોગવે રે લોલ,
એ સઘળો છે મારો પસાય રે. ,, ૨૨
સુરસુંદરી કહે તાતને રે લોલ,
એ સંસારમાં શાનો સંદેહ રે. ,, ૨૩
રાય તુઠ્યો સુરસુંદરી રે લોલ,
પરણાવી પહેરામણી દીધ રે. ,, ૨૪
શંખપુરીનો રાજીયો રે લોલ,
જેનું અરિદમન છે નામ રે. ,, ૨૫
રાય સેવાર્થે આવીયો રે લોલ,
સુરસુંદરી આપી સોય રે ,, ૨૬
રાયે મયણાને પૂછ્યું રે લોલ,
મારી વાતમાં તને સંદેહ રે. ,, ૨૭

મયણા કહે નિજ તાતને રે લોલ,
તને શાને કરો છો અભિમાન રે. શ્રીપાળ૦ ૨૮
સંસારમાં સુખ દુઃખ ભોગવે રે લોલ,
તે તો કર્મનો જાણો પસાય રે. ,, ૨૯
રાજા ક્રોધે બહુ કળકળ્યો રે લોલ,
ભાખે મયણાશું રોષ વચન રે. ,, ૩૦
રત્ન હિંડોળે હિંચતી રે લોલ,
પહેરી રેશમી ઉંચા ચીર રે. ,, ૩૧
જગત સૌ જી જી કરે રે લોલ,
તારી ચાકર કરે પગ સેવ રે. ,, ૩૨
તે મારા પસાયથી જાણજો રે લોલ,
રૂઠે રોળી નાખું પળમાંય રે. ,, ૩૩
મયણા કહે તુમ કુળમાં રે લોલ,
ઉપજવાનો ક્યાં જોયો તો જોષ રે. ,, ૩૪
કર્મ સંયોગે ઉપની રે લોલ,
મળ્યા ખાનપાન આરામ રે. ,, ૩૫
તમે મોટે મને મહલાવતા રે લોલ,
મુજ કર્મ તણો છે પસાય રે. ,, ૩૬
રાજા કહે કર્મ ઉપરે રે લોલ,
દીસે તને ઘણો હઠવાદ રે. ,, ૩૭
કર્મે આણેલા ભરથારને રે લોલ,
પરણાવી ઉતારૂં ગુમાન રે. ,, ૩૮

રાજાના ક્રોધને નિવારવા રે લોલ,
લઈ ચાલ્યો રયવાડી પ્રધાન રે. શ્રીપાળ૦ ૩૯
નવપદ ધ્યાન પસાય રે લોલ,
સવિ સંકટ દૂરે પલાય રે. ,, ૪૦
કહ્યું ન્યાયસાગરે પહેલી ઢાળમાં રે લોલ,
નવપદથી નવનિધિ ધાર રે. ,, ૪૧

## ઢાળ બીજી

રાજા ચાલ્યો રે રયવાડી રે, સાથે લીધો સૈન્યનો પરિવાર રે;
સાહેલી મોરી ધ્યાન ધરો અરિહંતનું.
ઢોલ નિશાન તિહાં ઘુરકે,
બરછીઓ ને ભાલાનો ઝલહલાટ રે. સાહેલી૦ ૧
ધૂળ ઉડે ને લોકો આવતાં,
રાજા પૂછે પ્રધાનને એ કોણ રે ? ,, ૨
કહે પ્રધાન સુણો ભૂપતિ,
એ છે સાતસે કોઢીયાનું સૈન્ય રે. ,, ૩
રાજા રાણીની પાસે યાચવા,
આવે કોઢીયા સ્થાપી રાજા એક રે. ,, ૪
કોઢે ગળી છે જેની અંગુલી,
યાચવા આવ્યો કોઢીયા કેરા દૂત રે. ,, ૫
રાણી નહિ રે અમ રાયને,
ઉંચા કુળની કન્યા મળે કોઇ રે. ,, ૬

દાઢે ખટકે રે જાણે કાંકરો,
નયન ખટકે મયણા બોલે રે. સાહેલી ૭
વયણ ખટકે જાણો પાઉલો,
રાજા હૈડે ખટકે મયણા બોલે રે. ,, ૮
કોઢીયા રાજાને કહેવરાવીયું,
આવજો નગરી ઉજ્જૈનીમાંય રે. ,, ૯
કીર્તિ અવિચલ રાખવા,
આપીશ મારી રાજકુંવરી કન્યાય રે. ,, ૧૦
ઉંબર રાણો હવે આવીયો,
સાથે સાતસો કોઢીયા કેરૂં સૈન્ય રે. ,, ૧૧
આવ્યો વરઘોડો મધ્ય ચોકમાં,
ખચ્ચર ઉપર બેઠાં ઉંબર રાય રે. ,, ૧૨
કોઇ લૂલા ને કોઇ પાંગુળા રે,
કોઈના મોટા સૂપડા જેવા કાન રે. ,, ૧૩
મોંઢે ચાંદા ને ચાઠા ચગ ચગે,
મુખ ઉપર માખીઓનો ભણકાર રે. ,, ૧૪
શોર બકોર સુણી સામટા,
લાખો લોકો જોવા ભેગા થાય રે. ,, ૧૫
સર્વે લોકો મળી પૂછતા,
ભૂત પ્રેત કે રખે હોય પિશાચ રે. ,, ૧૬
ભૂતડા જાણીને ભસે કૂતરા,
લોકોને મન થયો છે ઉત્પાત રે. ,, ૧૭

જાન લઇને અમે આવીયા,
પરણે અમારો રાણો રાજકન્યાય રે. સાહેલી૦ ૧૮

કૌતુક જોવાને લોકો સાથમાં,
ઉંબર રાણો આવ્યો રાયની પાસ રે. ,, ૧૯

હવે રાય મયણાને કહે સાંભળો,
કર્મે આવ્યો કરો તુમ ભરથાર રે. ,, ૨૦

કરો અનુભવ સુખના,
જુઓ તમારા કર્મ તણા પસાય રે. ,, ૨૧

કહ્યું ન્યાયસાગરે બીજી ઢાળમાં,
નવપદ ધ્યાને ચારો મંગળમાળ રે. ,, ૨૨

## ઢાળ ત્રીજી

તાત આદેશે મયણા ચિંતવે રે લોલ, જે જ્ઞાનીએ દીઠું તે થાય રે.
કર્મ તણી ગતી પેખજો રે લોલ. ૧

અંશમાત્ર ખેદ નથી આણતી રે લોલ,
ન મુખડાનો રંગ પલટાય રે. કર્મતણી૦ ૨

હશે જાયો રાજારંકનો રે લોલ,
પિતા સોંપે છે પંચની સાખ રે. ,, ૩

એને દેવની પરે આરાધવો રે લોલ,
ઉત્તમ કુળની સ્ત્રીનો આચાર રે. ,, ૪

એમ વિચારી મયણાસુંદરી રે લોલ,
કર્યું તાતનું વચન પ્રમાણ રે. ,, ૫

મુખ રંગ પૂનમની ચાંદની રે લોલ,
　　　　શાસ્ત્રે લગ્નવેળા જાણી શુદ્ધ રે. કર્મતણી૦ ૬

આવી ઉંબર રાણાની ડાબી બાજુએ રે લોલ,
　　　　જાતે કરે છે હસ્તમેળાપ રે. ,, ૭

કોઢી રાણો કહે રાયને રે લોલ,
　　　　કાગ કંઠે મોતી ન સોહાય રે. ,, ૮

હોય દાસી કન્યા તો પરણાવજો રે લોલ,
　　　　કોઢી સાથે ન રાજકન્યાય રે. ,, ૯

માતા મયણાની ઝૂરતી રે લોલ,
　　　　રોવે કુટુંબ સખી પરિવાર રે. ,, ૧૦

કોઇ રાજાનો રોષ ધિક્કારતા રે લોલ,
　　　　કોઇ કહે કન્યા અપરાધ રે. ,, ૧૧

દેખી રાજકુંવરી અતિ દીપતી રે લોલ,
　　　　રોગી સર્વે થયા રળીયાત રે. ,, ૧૨

ચાલી મયણા ઉંબરની સાથમાં રે લોલ,
　　　　જ્યાં છે કોઢી તણો જાની વાસ રે. ,, ૧૩

હવે ઉંબર રાણો મન ચિંતવે રે લોલ,
　　　　ધિક્ ધિક્ મારો અવતાર રે. ,, ૧૪

સુંદર રંગીલી છબી શોભતી રે લોલ,
　　　　તેનું જીવન કર્યું મેં ધૂળ રે. ,, ૧૫

કહે ઉંબરરાણો મયણાસુંદરી રે લોલ,
તમે ઊંડો કરોને આલોચ રે. કર્મતણી૦ ૧૬

તારી સોના સરખી છે દેહડી રે લોલ,
મારા સંગતથી થાશે વિનાશ રે. ,, ૧૭

તું તો રૂપકેરી રંભા સારીખી રે લોલ,
મુજ કોઢી સાથે શું સ્નેહ રે. ,, ૧૮

પતિ ઉંબરરાણાના વચન સાંભળી રે લોલ,
મયણા હૈડે દુઃખ ન સમાય રે. ,, ૧૯

ઢળક ઢળક આંસુ ઢળે રે લોલ,
કાગ હસવું દેડક જીવ જાય રે. ,, ૨૦

સાખી

કમલિની જળમાં વસે, ચંદ્ર વસે આકાશ;
જે જિહાં રે મન વસે, તે તિહાં રે પાસ.

હવે મયણા કહે ઉંબરરાયને રે લોલ,
તમે વહાલો છો જીવન પ્રાણ રે. કર્મતણી૦ ૨૧

પશ્ચિમ રવિ ઉગે નહિ રે લોલ,
નવિ મૂકે જલધિ મર્યાદ રે. ,, ૨૨

સતિ અવર પુરૂષ ઇચ્છે નહીં રે લોલ,
કદિ પ્રાણ જાય પરલોક રે. ,, ૨૩

પંચની સાખે પરણાવીયો રે લોલ,
અવર પુરૂષ બાંધવ મુજ હોય રે. ,, ૨૪

હવે પાય લાગીને વિનવું રે લોલ,
તમે બોલો વિચારીને બોલ રે. કર્મતણી૦ ૨૫

રાત્રી વીતી એમ વાતમાં રે લોલ,
બીજે દિન થયો પરભાત રે. ,, ૨૬

હવે મયણા આદિશ્વર ભેટવા રે લોલ,
જાય સાથે લઈ ભરથાર રે. ,, ૨૭

ભરી કુસુમ ચંદને જઇ પૂજીયા રે લોલ,
પ્રભુ કંઠે ઠવી ફુલની માળ રે. ,, ૨૮

કરે ચૈત્યવંદન ભાવે ભાવના રે લોલ,
ધરે કાઉસગ્ગ મયણા ધ્યાન રે. ,, ૨૯

પ્રભુ હાથે બીજોરૂં શોભતું રે લોલ,
પ્રભુ કંઠે સોહે ફુલની માળ રે. ,, ૩૦

શાસનદેવ સહુ દેખતાં રે લોલ,
આપ્યું બીજોરૂં ને ફુલમાળ રે. ,, ૩૧

લીધું ઉંબરરાણાએ તે હાથમાં રે લોલ,
મયણા હૈડે હર્ષ ન માય રે. ,, ૩૨

પૌષધશાળામાં ગુરૂ વાંદવા રે લોલ,
ચાલી મયણા સાથે ભરથાર રે. ,, ૩૩

ગુરૂ આપે ધર્મની દેશના રે લોલ,
દોહીલો મનુષ્ય અવતાર રે. ,, ૩૪

પાંચે ભૂલ્યા ને ચારે ચૂકીયો રે લોલ,
ત્રણનું જાણ્યું ન નામ રે. કર્મતણી૦ ૩૫

જગત ઢંઢેરા ફેરીયો રે લોલ,
છે શ્રાવક અમારૂં નામ રે. ,, ૩૬

પપ્પા શું પરખ્યો નહિ રે લોલ,
વહાલો દદ્દો કીધો દૂર રે. ,, ૩૭

લલ્લા શું લાગી રહ્યો રે લોલ,
વહાલો નન્નો રહ્યો હજૂર રે. ,, ૩૮

ઉંબર મયણાએ ગુરુ વાંદીયા રે લોલ,
ગુરુ દીએ છે ધર્મલાભ રે. ,, ૩૯

સખી પરિવારે તું શોભતી રે લોલ,
આજ સખી ન દીસે એક રે. ,, ૪૦

સર્વ વૃતાન્ત સુણાવીયો રે લોલ,
એક વાતનું મને છે દુઃખ રે. ,, ૪૧

જૈન શાસનની હેલના રે લોલ,
કરે મૂરખ મિથ્યાત્વી લોક રે. ,, ૪૨

હવે ગુરુને મયણા વિનવે રે લોલ,
મટે રોગ જો મુજ ભરથાર રે. ,, ૪૩

લોકનિંદા ટળે જેહથી રે લોલ,
ઉપાય કહો ગુરુરાજ રે. ,, ૪૪

યંત્ર જડીબુટ્ટી ઔષધી રે લોલ,
ભણી મંત્ર બીજા ઉપચાર રે. કર્મતણી૦ ૪૫

ગૃહસ્થીને એ કહેવા તણો રે લોલ,
નહિ સાધુનો આચાર રે. ,, ૪૬

ગુરુ કહે મયણાસુંદરી રે લોલ,
આરાધો નવપદ સાર રે. ,, ૪૭

જેથી વિઘ્ન સહુ દૂર થશે રે લોલ,
ધર્મ ઉપર રાખો દૃઢ મન રે. ,, ૪૮

કહે ન્યાયસાગર ત્રીજી ઢાળમાં રે લોલ,
તમે સાંભળજો નરનાર રે. ,, ૪૯

## ઢાળ ચોથી

મયણા સિદ્ધચક્ર આરાધે, ગુલાબે રમતીતી;
નિજ પતિ ઉંબરની સાથે, જાપોને જપતીતી. ૧

પહેલે પદે અરિહંત પૂજ્યા, ગુલાબે રમતીતી;
હલ્યા ઘાતિ અઘાતી ધ્રૂજે, જાપોને જપતીતી. ૨

ત્રણ લોકની ઠકુરાઇ છાજે, ગુલાબે રમતીતી;
વાણીપુર યોજનમાં ગાજે, જાપોને જપતીતી. ૩

બીજે સોહે સિદ્ધ મહારાજ, ગુલાબે રમતીતી;
ત્રણ લોકના થઇ શિરતાજ, જાપોને જપતીતી. ૪

ત્રીજે પદે આચારજ જાણો, ગુલાબે રમતીતી;
મલી લાકડી અંધ પ્રમાણો, જાપોને જપતીતી. ૫

ચોથે પદે ઉપાધ્યાય સોહે, ગુલાબે રમતીતી;
ભણે ભણાવે જન મન મોહે, જાપોને જપતીતી. ૬

પદ પાંચમે સાધુ મુનિરાયા, ગુલાબે રમતીતી;
ગુણ સત્તાવીસ સોહાયા, જાપોને જપતીતી. ૭

મન વચન ગોપવી કાયા, ગુલાબે રમતીતી;
વંદુ તેવા મુનિવરરાયા, જાપોને જપતીતી. ૮

છઠ્ઠે દર્શન પદ છે મૂળ, ગુલાબે રમતીતી;
કોઇ આવે ન તસ તોલે રે, જાપોને જપતીતી ૯

સોહે સાતમું પદ વરનાણ, ગુલાબે રમતીતી;
તેના ભેદ એકાવન જાણ, જાપોને જપતીતી. ૧૦

જ્ઞાન પાંચમું કેવળ થાય, ગુલાબે રમતીતી;
ત્રણ લોકના ભાવ જણાય, જાપોને જપતીતી. ૧૧

પદ આઠમે ચારિત્ર આવે, ગુલાબે રમતીતી;
દેવો ઇચ્છા કરે ના પાવે, જાપોને જપતીતી. ૧૨

ભવિ જીવોને ભાવના ભાવે, ગુલાબે રમતીતી;
કેવી રીતે ઉદયમાં આવે, જાપોને જપતીતી. ૧૩

કરો નવમે પદ તપ ભાવે, ગુલાબે રમતીતી;
આઠ કર્મો બળીને રાખ થાયે, જાપોને જપતીતી. ૧૪

રિદ્ધિ આતમ અનંતી પાવે, ગુલાબે રમતીતી;
દેવ દેવી મળી ગુણ ગાવે, જાપોને જપતીતી. ૧૫

પ્રભુ પૂજો કેસર મદ ઢોળી, ગુલાબે રમતીતી;
ભરી હરખે હેમ કચોલી, જાપોને જપતીતી. ૧૬
ભરી શુદ્ધ જળે અઘોલી, ગુલાબે રમતીતી;
ચઉગતિની આપદા ચોલી, જાપોને જપતીતી. ૧૭
દુર્ગતિના દુઃખ દૂર ઢોલી, ગુલાબે રમતીતી;
આસો શુદી સાતમની ખોલી, જાપોને જપતીતી. ૧૮
કરો નવ આયંબીલની ઓળી, ગુલાબે રમતીતી;
મળી સરખી સહીયરોની ટોળી, જાપોને જપતીતી. ૧૯
મયણા ધરે નવપદ ધ્યાન, ગુલાબે રમતીતી;
પતિ કાયા થઇ કંચનવાન, જાપોને જપતીતી. ૨૦
સૌ મંત્રમાં છે શિરદાર, ગુલાબે રમતીતી;
તમે આરાધો નરનાર, જાપોને જપતીતી. ૨૧
ન્યાયસાગરે કહી ઢાળ ચોથી, ગુલાબે રમતીતી;
સુણો શ્રીપાળ રાજાની પોથી, જાપોને જપતીતી. ૨૨

## ૨૨. શ્રી ગૌતમસ્વામીનું સ્તવન

સેવો સેવો ગુરૂ ગૌતમને દિવાળી દિન આજ;
મારા સિધ્યા સઘળા કાજ.
મગધ દેશમાં ગોબર ગામે, બ્રાહ્મણ વસુભૂતિ નામ;
તસ પૃથ્વી માતાના ઉદર, ઉપન્યો ગૌતમ સ્વામ. મારા૦ ૧

માતપિતાના લાડકડા એ, બન્યા વિદ્યાના ધામ;
ચાર વેદને ચૌદ વિદ્યાના, પાઠ ભણે તમામ. મારા૦ ૨

તે કાલે તે સમયે પ્રભુજી, મહાવીર પામ્યા જ્ઞાન;
પાવાપુરીમાં વીર પધાર્યા, દેવો કરે ગુણ ગાન. મારા૦ ૩

સમવસરણે ચાર મુખે પ્રભુજી, આપે બોધ અપાર;
મધુરી એ વાણીમાં મોહ્યાં, સુરપતિ નર ને નાર. મારા૦ ૪

ઇન્દ્રભૂતિ ચિંતવે મનમાંહી, સૌ યજ્ઞ તજી ક્યાં જાય;
ખબર પડી કે કોઈ સર્વજ્ઞ, આવ્યો છે ઇણ ઠાય. મારા૦ ૫

અભિમાનથી ક્રોધે ચઢિયો, ચાલ્યો વીરની પાસ;
હું છતાં એ કોણ સર્વજ્ઞ, ધરતો મન ઉલ્લાસ. મારા૦ ૬

સમવસરણમાં પ્રભુને જોતાં, ઇન્દ્રભુતિ વિચારે;
આ તો જિન ચોવીશમા છે, કેમ જીતવા મારે. મારા૦ ૭

મીઠા વચને પ્રભુજી બોલાવે, હે ઇન્દ્રભૂતિ આવો;
ચિત્ત ચમકી ઇન્દ્રભૂતિ ચિંતવે, ખોટો છે મુજ દાવો. મારા૦ ૮

વેદના પદનો અર્થ કહીને, પ્રભુજી ત્યાં સમજાવે;
જીવનો સંશય દૂર થયો ને, સમ્યક્દૃષ્ટિ પામે. મારા૦ ૯

શિષ્ય સાથે દીક્ષા લીધી, પ્રભુજી ગણધર પદે સ્થાપે;
છઠ્ઠ અઠ્ઠમ તપ તરવારે, કર્મ કઠિનને કાપે. મારા૦ ૧૦

કારતક વદિ અમાસની રાતે, વીરજી મોક્ષ સિધાવે;
પ્રભુ વિરહે ગૌતમનું મુખડું, આકુળવ્યાકુળ થાવે. મારા૦ ૧૧

કોણ વીર ને કોણ હું વળી, ગૌતમ મનમાં ભાવે;
પણ પરિણતિ પરિણમતા રે, પ્રભાતે કેવલ પામે. મારા૦ ૧૨
એવા ગુરુ ગૌતમને વંદો, ઊઠી નિત્ય સવારે;
કહે હર્ષ ભવજલ તરવા, પહોંચ્યા શિવમંદિર દ્વારે. મારા૦ ૧૩

## ૨૩. શ્રી ગૌતમસ્વામીના વિલાપનું સ્તવન

વીર વેલા આવો રે, ગૌતમ કહી બોલાવો રે;
દરિસન વેલા દીજીયેજી, પ્રભુ તું નિઃસનેહી;
હું સસનેહી અજાણ. વીર૦ ૧

ગૌતમ ભણે ભો નાથ તેં, વિશ્વાસ આપી છેતર્યો;
પરગામ મુજને મોકલી, તું મુક્તિ રમણીને વર્યો;
હે પ્રભુજી ! તારા ગુપ્ત ભેદોથી અજાણ. વીર૦ ૨

શિવનગર થયું શું સાંકડું કે, હતી નહિ મુજ યોગ્યતા;
જો કહ્યું હોત તો મુજને તો, કોઈ કોઈ ન રોકતા;
હે પ્રભુજી ! હું શું માગત ભાગ સુજાણ. વીર૦ ૩

મમ પ્રશ્નના ઉત્તર દઈ, ગૌતમ કહી કોણ બોલાવશે;
સાર કરશે કોણ સંઘની, શંકા બિચારી કયાં જશે;
હે પુણ્ય કહાને પાવન કરો મમ કાન. વીર૦ ૪

જિન ભાણ અસ્ત થતાં તિમિર, મિથ્યાત્વ સઘળે વ્યાપશે,
કુમતિ કુશળ જાગશે વળી, હાં ચોર ચુગલ વધી જશે;
હે ત્રિગડે બેસી દેશના દીયે જિન ભાણ. વીર૦ ૫

મુનિ ચૌદ સહસ છે તાહરે, વીર મારે તું એક છે;
ટળવળતો મને મૂકી ગયા, પ્રભુ ક્યાં તુમારી ટેક છે;
હે પ્રભુ! સ્વપ્નાંતરમાં અંતર, ન ધર્યો સુજાણ. વીર૦ ૬

પણ હું આજ્ઞા વાટ ચાલ્યો, ન મલે કોઈ અવસરે;
હું રાગ વશ રખડું નિરાગી, વીર શિવપુર સંચરે;
હે વીર વીર કહું, વીર ન ધરે કોઈ ધ્યાન. વીર૦ ૭

કોણ વીર ને કોણ ગૌતમ, નહિ કોઈ કોઈનું તદા;
એ રાગગ્રંથી છૂટતાં, વળી જ્ઞાન ગૌતમને થતા;
હે સુરતરૂ મણીસમ, ગૌતમ નામે નિધાન. વીર૦ ૮

કાર્તિક માસ અમાસ રાત્રે, અષ્ટ દ્રવ્ય દીપક મળે;
ભાવ દીપક જ્યોત પ્રગટે, લોક દેવ દિવાળી ભણે;
હે **વીરવિજય**ના નર, નારી ધરે ધ્યાન. વીર૦ ૯

## ૨૪. શ્રી પર્યુષણનું સ્તવન

(૧)

પ્રભુ વીર જિણંદ વિચારી, ભાખ્યા પર્વ પજુષણ ભારી,
આખા વર્ષમાં એ દિન મોટા, આઠે નહિ તેમાં છોટા રે;
એ ઉત્તમ ને ઉપગારી, ભાખ્યા પર્વ પજુષણ ભારી. ૧

જેમ ઔષધમાંહે કહીએ, અમૃતને સારૂ લહીએ રે;
મહામંત્રમાં નવકારવાળી. ભાખ્યા૦ ૨

તારા ગણુમાં જેમ ચંદ્ર, સુરવર માંહે જેમ ઇન્દ્ર રે;
સતીઓ માંહે સીતા નારી. ભાખ્યા૦ ૩

વૃક્ષમાંહે કલ્પતરુ સારો, એમ પર્વ પજુષણ ધારો રે;
સૂત્રમાં કલ્પ ભવ તારી. ભાખ્યા૦ ૪

તે દિવસે રાખી સમતા, છોડ મોહ માયા ને મમતા રે;
સમતારસ દીલમાં ધારી. ભાખ્યા૦ ૫

જો બને તો અઠ્ઠાઈ કીજે, વળી માસખમણ તપ લીજે રે;
સોળ ભત્તાની બલિહારી. ભાખ્યા૦ ૬

નહિ તો ચોથ છઠ્ઠ તો લહીએ, વળી અઠ્ઠમ કરી દુઃખ સહીએ રે;
તે પ્રાણી જુજ અવતારી. ભાખ્યા૦ ૭

નવ પૂર્વ તણો સાર લાવી, જેણે કલ્પસૂત્ર બનાવી રે;
ભદ્રબાહુ વીર અનુસારી. ભાખ્યા૦ ૮

સોના રૂપાના ફુલડે ધરીયે, એ કલ્પની પૂજા કરીએ રે;
એ શાસ્ત્ર અનોપમ ભારી. ભાખ્યા૦ ૯

સુગુરુ મુખથી તે સાર, સુણે અખંડ એકવીશવાર રે;
એ જુવે અષ્ટ ભવે શિવ પ્યારી. ભાખ્યા૦ ૧૦

ગીત ગાન વાજીંત્ર બજાવે, પ્રભુજીની આંગી રચાવે રે;
કરે ભક્તિ વાર હજારી. ભાખ્યા૦ ૧૧

એવા અનેક ગુણના ખાણી, તે પર્વ પજુષણ જાણી રે;
સેવો દાન દયા મનોહારી. ભાખ્યા૦ ૧૨

( ૨ )

સુણજો સાજન સંત, પજુષણ આવ્યા રે;
તમે પુન્ય કરો પુન્યવંત, ભવિક મન ભાવ્યા રે.

વીર જિનેશ્વર અતિ અલવેસર,
વહાલા મારા પરમેશ્વર એમ બોલે રે;
પર્વ માંહે પજુષણ મોટાં, અવર ન આવે તસ તોલે રે. પજુ૦ ૧

ચઉપગ માંહે જેમ કેસરી મોટો,
વા૦ મા૦ ખગમાં ગરૂડ કહીએ રે;
નદી માંહે જેમ ગંગા મોટી, નગમાં મેરૂ લહીએ રે. પજુ૦ ૨

ભૂપતિમાં ભરતેશ્વર ભાખ્યો,
વા૦ મા૦ દેવમાંહે સુર ઈન્દ્ર રે;
તીરથમાં શેત્રુંજો દાખ્યો, ગ્રહ ગણમાં જેમ ચંદ્ર રે. પજુ૦ ૩

દશરા દિવાલી ને વળી હોળી,
વા૦ મા૦ અખાત્રીજ દિવાસો રે;
બળેવ પ્રમુખ બહુલાં છે બીજા,
એ નહિ મુક્તિનો વાસો રે. પજુ૦ ૪

તે માટે તમે અમર પળાવો,
વા૦ મા૦ અટ્ઠાઈ મહોત્સવ કીજે રે;
અટ્ઠમ તપ અધિકાઈએ કરીને,
નરભવ લાહો લીજે રે. પજુ૦ ૫

ઢોલ દદામા ભેરી નફેરી,
વા૦ મા૦ કલ્પસૂત્રને જગાવો રે;

ઝાંઝરના ઝમકાર કરીને.

ગોરીની ટોળી મળી આવો રે. પજુ૦ ૬

સોના રૂપાને ફુલડે વધાવો,

વા૦ મા૦ કલ્પસૂત્રને પૂજો રે;

નવ વખાણુ વિધિએ સાંભળતા,

પાપ મેવાસી ધ્રૂજ્યા રે. પજુ૦ ૭

એમ અઠ્ઠાઇ મહોત્સવ કરતાં,

વા૦ મા૦ બહુ જન જગ ઉદ્ધરીયા રે;

વિબુધ વિમલ વર સેવક એહથી,

નવ નિધિ રિદ્ધિ સિદ્ધિ વરીયા રે. પજુ૦ ૮

( ૩ )

રીઝો રીઝો હે વીર દેખી, શાસનના શિરતાજ;
હરખો હરખો આ મોસમ આવી, પર્વ પજુષણ આજ. રીઝો૦ ૧

પભુજી દેવે પર્ષદામાંહી, ઉત્તમ શિક્ષા એમ;
આળસમાં બહુ કાળ ગુમાવ્યો, પર્વ ન સાધ્યો કેમ. રીઝો૦ ૨

સોનાના રજકણ સંભારે, જિમ સોની એક ચિત્ત;
તેથી પણ આ અવસર અધિકો, કરો આતમ પવિત્ર. રીઝો૦ ૩

જેને માટે નિશદિન રઝળો, તજી ધરમનો નિયમ;
પાપ કરો તો શિરપર બોજો, એ વ્યાજબી કેમ ? રીઝો૦ ૪

કોઈ ન લેશે ભાગ પાપનો, ધનનો લેશે સર્વ;
પરભવ જાતાં સાથ ધરમનો, સાધો આ શુભ પર્વ. રીઝો૦ ૫

સંપીને સમતાએ સુણજો, અઠ્ઠાઇ વ્યાખ્યાન;
છઠ્ઠ કરી શ્રી કલ્પસૂત્ર માંહે, વાર્ષિક અઠ્ઠમ જાણ. રીઝો૦ ૬

નિશીથ સૂત્રની ચૂર્ણીમાંહે, આલોચના વખણાય;
ખમીએ હોંશે સર્વ જીવોને, જીવન નિર્મળ થાય. રીઝો૦ ૭

ઉપકારી શ્રી પ્રભુની કીજે, પૂજા અષ્ટ પ્રકાર;
ચૈત્ય જુહારો ગુરુ વંદીજે, આવશ્યક બે કાળ. રીઝો૦ ૮

પૌષધ ચોસઠ પહોરી કરતાં, જાવે કર્મ જંજાળ;
પદ્મવિજય સમતારસ ઝીલે, ધર્મ મંગળ માળ. રીઝો૦ ૯

## ૨૫. શ્રી સામાન્ય જિન સ્તવન

### (૧)

આજ મારા પ્રભુજી! સામુ જુઓને, સેવક કહીને બોલાવો રે;
એટલે હું મનગમતું પામ્યો, રૂઠડાં બાળ મનાવો મારા સાંઈ રે.
આજ૦ ૧

પતિત પાવન શરણાગત વત્સલ, એ જસ જગમાં ચાવો રે;
મન રે મનાવ્યા વિણ નહિ મૂકું, એહી જ મારો દાવો મારા સાંઇ રે.
આજ૦ ૨

કબજે આવ્યા તે નહિ મૂકું, જ્યાં લગે તુમ સમ થાઉં રે;
જો તુમ ધ્યાન વિના શિવ લહીએ, તો તે દાવ બતાવો મારા સાંઈ રે.
આજ૦ ૩

મહાગોપ ને મહાનિર્યામક, એણી પરે બિરૂદ ધરાવો રે;
તો શું આશ્રિતને ઉદ્ધરતાં, બહુ બહુ શું કહાવો મારા સાંઈ રે.
આજ૦ ૪

જ્ઞાનવિમલ ગુરુનો નિધિ મહિમા, મંગળ એહી વધાવો રે;
અચળ અભેદપણે અવલંબી,
અહનિશ એહી દિલ ધ્યાવું મારા સાંઈ રે. આજ૦ ૫

( ૨ )

વિનતડી મનમોહન મારી સાંભળો,
હું છું પામર પ્રાણી નિપટ અબુઝ જો;
લાંબુ ટૂંકું હું કાંઈ જાણું નહિ,
ત્રિભુવન નાયક તારા ઘરની ગુંજ જો. વિનતડી૦ ૧

પહેલા છેલ્લા ગુણઠાણાનો આંતરો,
તુજ મુજ માંહે આબેહુબ દેખાય જો;
અંતર મેરુ સરસવ બિંદુ સિંધુનો;
શી રીતે હવે ઉભય સંગ સધાય જો. વિનતડી૦ ૨

દોષ અઢારે પાપ અઢારે તેં તજ્યા,
ભાવ દશા પણ દૂરે કીધી અઢાર જો;
સઘળા અવગુણો પ્રભુ મેં અંગી કર્યા,
શી રીતે હવે થાઉં એકાકાર જો. વિનતડી૦ ૩

ત્રાસ વિના પણ આણા માને તાહરી,
જડ ચેતન જે લોકાલોક મંડાણ જો;

હું અજ્ઞાની તુજ આણા માનું નહિ,
કહો સ્વામી હું કિમ પામું નિર્વાણ જો. વિનતડી૦ ૪

અંતર મુખની વાતો વિસ્તારી કહું,
પણ ભીતરમાં કોરો આપો આપ જો;
ભાવ વિનાની ભક્તિ લુખી નાથજી,
આશિષ આપો કાપો સઘળા પાપ જો. વિનતડી૦ ૫

યાદશ આણા સુક્ષ્મતર પ્રભુ તાહરી,
તાદશ રૂપે મુજથી કદી ન પળાય જો;
વાત વિચારી મનમાં ચિંતા મોટકી,
કોઇ બતાવો સ્વામી સરળ ઉપાય જો. વિનતડી૦ ૬

અતિશયધારી ઉપકારી પ્રભુ તું મીલ્યો,
મુજ મનમાંહી પુરો છે વિશ્વાસ જો;
ધર્મ રત્ન ત્રણ નિર્મલ રત્ન આપજો,
કરજો આતમ પરમાતમ પ્રકાશ જો. વિનતડી૦ ૭

## ૨૬. શ્રી જ્ઞાનપંચમીનું સ્તવન

(૧)

શ્રી જિનવરને પ્રગટ થયું રે, ક્ષાયિક ભાવે જ્ઞાન;
દોષ અઢાર અભાવથી રે, ગુણ ઉપન્યા તે પ્રમાણ રે;
ભવિયા વંદો કેવળજ્ઞાન
પંચમી દિન ગુણખાણ રે, ભવિયા વંદો કેવળજ્ઞાન. ૧

અનામીના નામનો રે, કિશ્યો વિશેષ કહેવાય;
એ તો મધ્યમા વૈખરી રે, વચન ઉલ્લેખ ઠરાય રે.
ભવિયા૦ ૨

ધ્યાન ટાણે પ્રભુ તું હોવે રે, અલખ અગોચર રૂપ;
પરા પશ્યંતી પામીને રે, કાંઈ પ્રમાણે મુનિરૂપ રે.
ભવિયા૦ ૩

છતી પર્યાય જે જ્ઞાનના રે, તે તો નવિ બદલાય;
જ્ઞેયની નવ નવિ વર્તના રે, સમયમાં સર્વ જણાય રે.
ભવિયા૦ ૪

બીજા જ્ઞાનતણી પ્રભા રે, એહમાં સર્વ સમાય;
રવિ પ્રભાથી અધિક નહિ રે, નક્ષત્ર ગણ સમુદાય રે.
ભવિયા૦ ૫

ગુણ અનંતા જ્ઞાનના રે, જાણે ધન્ય નર જેહ;
વિજય **લક્ષ્મીસૂરિ** તે લહે રે, જ્ઞાન મહોદય ગેહ.
ભવિયા૦ ૬

(૨)

પંચમી તપ તુમે કરો રે પ્રાણી, જેમ પામો નિર્મળ જ્ઞાન રે;
પહેલું જ્ઞાન ને પછી ક્રિયા, નહિ કોઈ જ્ઞાન સમાન રે.
પંચમી૦ ૧

નંદિસૂત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પાંચ પ્રકાર રે;
મતિ શ્રુત અવધિ ને મનઃપર્યવ, કેવલ એક ઉદાર રે. પંચમી૦ ૨

મતિ અટ્ઠાવીશ શ્રુત ચઉદહ વીશ અવધિ, છ અસંખ્ય પ્રકાર રે;
દોય ભેદે મનઃપર્યવ દાખ્યું, કેવલ એક ઉદાર રે.પંચમી૦ ૩

ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, એકથી એક અપાર રે;
કેવલજ્ઞાન સમું નહિ કોઈ, લોકા લોક પ્રકાશ રે.પંચમી૦ ૪

પારસનાથ પ્રસાદે કરીને, મારી પૂરો ઉમેદ રે;
સમયસુંદર કહે હું પણ પામું, જ્ઞાનનો પાંચમો ભેદ રે.
પંચમી૦ ૫

( ૩ )

ચોવીસ દંડક વારવા હું વારીલાલ,
ચોવીશમો જિનચંદ રે હું વારીલાલ;
પ્રગટ્યો પ્રાણુત સ્વર્ગથી હું વારીલાલ,
ત્રિશલા ઉર સુખ કંદરે હું વારીલાલ.
મહાવીરને કરું વંદના હું વારીલાલ. ૧

પંચમી ગતીને સાધવા હું વારીલાલ,
પંચમ નાણુ વિલાસ રે હું વારીલાલ;
મહાનિશીથ સિદ્ધાંતમાં હું વારીલાલ,
પંચમી તપ પ્રકાશ રે હું વારીલાલ. મહાવીર૦ ૨

અપરાધી પણ ઉદ્ધર્યો હું વારીલાલ,
ચંડકોશિયો સાપ રે હું વારીલાલ;
યજ્ઞ કરંતા બ્રાહ્મણો હું વારીલાલ,
સરખા કીધાં આપ રે હું વારીલાલ. મહાવીર૦ ૩

દેવાનંદા બ્રાહ્મણી હું વારીલાલ,
રિખભદત્ત વલી વિપ્ર હું વારીલાલ;
બ્યાસી દિવસ સંબંધથી હું વારીલાલ,
કામિત પૂર્યો ક્ષિપ્રરે હું વારીલાલ. મહાવીર ૪

કર્મ રોગને ટાળવા હું વારીલાલ,
ભવિ ઔષધનો જાણ રે હું વારીલાલ;
આદર્યો મેં આશાધરી હું વારીલાલ,
મુજ ઉપર હિત આણ રે હું વારીલાલ. મહાવીર૦ ૫

શ્રી વિજયસિંહસૂરીશનો હું વારીલાલ,
સત્યવિજય પંન્યાસ રે હું વારીલાલ;
શિષ્ય કપુરવિજય કવિ હું વારીલાલ,
ચંદ કિરણ જસ જાસ રે હું વારીલાલ. મહાવીર૦ ૬

પાસ પંચાસરા સાનિધ્યે હું વારીલાલ,
ખિમાવિજય ગુરુનામ રે હું વારીલાલ;
જિનવિજય કહે મુજ હજો હું વારીલાલ,
પંચમી તપ પરિણામ રે હું વારીલાલ. મહાવીર૦ ૭

## ૨૭. શ્રી અષ્ટમીનું સ્તવન

(૧)

### ઢાળ પહેલી

શ્રી રાજગૃહી શુભ ઠામ, અધિક દિવાજે રે;
વિચરંતા વીર જિણંદ, અતિશય છાજે રે. ૧

ચોત્રીસ અને પાંત્રીસ, વાણી ગુણુ લાવે રે;
પધાર્યા વધામણી જાય, શ્રેણિક આવે રે. ૨

તિહાં ચોસઠ સુરપતિ, આવીને ત્રિગડું બનાવે રે;
તેમાં બેસીને ઉપદેશ, પ્રભુજી સુણાવે રે. ૩

સુરનર ને તિર્યંચ, નિજ નિજ ભાષા રે;
તિહાં સમજીને ભવતીર, પામે સુખ ખાસા રે. ૪

તિહાં ઈન્દ્રભૂતિ ગણુધર, શ્રી ગુરુ વીરને રે;
પૂછે અષ્ટમીનો મહિમા, કહો પ્રભુ અમને રે. ૫

તવ ભાખે વીર જિણંદ, સુણો સહુ પ્રાણી રે;
આઠમ દિન જિનના કલ્યાણુ, ધરો ચિત્ત આણી રે. ૬

## ( ૨ )

## ઢાળ બીજી

શ્રી ઋષભનું જન્મ કલ્યાણુ રે,
વળી ચારિત્ર લહ્યું ભલે વાન રે;
ત્રીજા સંભવનું ચ્યવન કલ્યાણુ,
ભવિ તમે અષ્ટમી તિથી સેવો રે;
એ છે શિવવધુ વરવાનો મેવો. ભવિ૦ ૧

શ્રી અજિત સુમતિ નમિ જન્મ્યા રે,
અભિનંદન શિવપદ પામ્યા રે;
જિન સાતમા ચ્યવન પામ્યા. ભવિ૦ ૨

વીસમા મુનિસુવ્રત સ્વામી રે,
તેહનો જન્મ હોય ગુણધામી રે;
બાવીસમા શિવ વિશરામી. ભવિ૦ ૩

પારસ જિન મોક્ષ મહંતા રે,
ઇત્યાદિક જિન ગુણવંતા રે;
કલ્યાણક મોક્ષ મહંતા. ભવિ૦ ૪

શ્રી વીર જિણંદની વાણી રે,
નિસુણી સમજ્યા ભવિ પ્રાણી રે;
આઠમ દિન અતિ ગુણખાણી. ભવિ૦ ૫

આઠ કર્મ તે દૂર પલાય રે,
એથી અડીસદ્ધિ અડબુદ્ધિ થાય રે;
તે કારણે સીંચો ચીત્ત લાઇ. ભવિ૦ ૬

શ્રી ઉદયસાગરસૂરિ રાયા રે,
ગુરુ શિષ્ય વિવેકે ધ્યાયા રે;
તસ ન્યાયસાગર ગુણ ગાયા. ભવિ૦ ૭

( ૩ )

વીર જિનવર એમ ઉપદિશે, સાંભળો ચતુર સુજાણ રે;
મોહની નિંદમાં કાં પડો, ઓળખો ધર્મના ઠાણ રે. ૧

વિરતિએ સુમતિ ધરો આદરો, પરિહરો વિષય કષાય રે;
બાપડા પંચ પ્રમાદથી, કાં પડો કુગતિમાં ધાય રે.
વિરતિએ૦ ૨

કરી શકો ધર્મકરણી સદા, તો કરો એ ઉપદેશ રે;
સર્વ કાળે કરી નવિ શકો, તો કરો પર્વ સુવિશેષ રે.
વિરતિએ૦ ૩

જુજુઆં પર્વ ષટ્‌ના કહ્યાં, ફળ ઘણા આગમે જોય રે;
વચન અનુસારે આરાધતાં, સર્વદા સિદ્ધિ ફળ હોય રે.
વિરતિએ૦ ૪

જીવને આયુ પરભવતણું, તિથિ દિને બંધ હોય પ્રાય રે;
તે ભણી એહ આરાધતાં, પ્રાણીઓ સદ્‌ગતિ જાય રે.
વિરતિએ૦ ૫

તે હવે અષ્ટમી ફળ તિહાં, પૂછે ગૌતમ સ્વામ રે;
ભવિક જીવ જાણવા કારણે, કહે વીર પ્રભુ તામ રે.
વિરતિએ૦ ૬

અષ્ટ મહાસિદ્ધિ હોય એહથી, સંપદા આઠની વૃદ્ધિ રે;
બુદ્ધિના આઠ ગુણ સંપજે, એહથી અષ્ટ ગુણ સિદ્ધિ રે.
વિરતિએ૦ ૭

લાભ હોય આઠ પડિહારનો, આઠ પવયણ ફળ હોય રે;
નાશ આઠ કર્મનો મૂળથી, અષ્ટમીનું ફળ જોય રે.
વિરતિએ૦ ૮

આદિ જિન જન્મ દીક્ષા તણો, અજિતનો જન્મ કલ્યાણ રે;
ચ્યવન સંભવતણો એહ તિથે, અભિનંદન પામ્યા નિર્વાણ રે.
વિરતિએ૦ ૯

સુમતિ, સુવ્રત નમિ જનમીયા, નેમનો મુક્તિદિન જાણ રે;
પાર્શ્વજિન એહ તિથે સિદ્ધલા, સાતમા જિન ચ્યવન માન રે.
વિરતિએ૦ ૧૦

એહ તિથિ સાધતો રાજીયો, દંડ વિરજ લહ્યો મુક્તિ રે;
કર્મ હણવા ભણી અષ્ટમી, કહે સૂત્ર નિર્યુક્તિ રે.
વિરતિએ૦ ૧૧

અતિત અનાગત કાળના, જિન તણાં કેઇ કલ્યાણ રે;
એહ તિથે વળી ઘણા સંયમી, પામશે પદ નિર્વાણ રે.
વિરતિએ૦ ૧૨

ધર્મ વાસિત પશુ પંખીયા, એહ તિથે કરે ઉપવાસ રે;
વ્રતધારી જીવ પોસહ કરે, જેહને ધર્મ અભ્યાસ રે.
વિરતિએ૦ ૧૩

ભાંખીઓ વીર આઠમ તણો, ભવિક હિત એહ અધિકાર રે;
જિન મુખે ઉચ્ચરી પ્રાણીઆ, પામશે ભવતણો પાર રે.
વિરતિએ૦ ૧૪

એહથી સંપદા સવિ લહે, ટળે કષ્ટની કોડી રે;
સેવજો શિષ્ય બુધ પ્રેમનો, કહે **કાંતિ** કર જોડી રે.
વિરતિએ૦ ૧૫

## ૨૮. શ્રી એકાદશીનું સ્તવન

અવિચળ વ્રત એકાદશી, એમ ભાંખે હો જિન વર્ધમાન કે;
ગૌતમ ગણધર સાંભળો, એ તિથિનો હો મોટો મંડાણ કે.
અવિ૦ ૧

માગસર શુદ એકાદશી, મલ્લિ જિનના હો ત્રણ કલ્યાણ કે;
જન્મ અને દીક્ષા ગ્રહી, વળી પામ્યા હો પ્રભુ કેવલનાણ કે.
અવિ૦ ૨

શ્રી અરજિને વ્રત આદર્યું, નમિ જિણંદે હો લહ્યું કેવલજ્ઞાન કે;
પંચ કલ્યાણક પ્રગટીઆ, તેણે દિવસે હો હુવા પાંચ પ્રધાન કે.
અવિ૦ ૩

પંચ ભરત પંચ ઐરવતે, દસ ક્ષેત્રે હો ગણવા પચાસ કે;
અતિત અનાગત કાળના, કલ્યાણક હો દોઢસો ઉલ્લાસ કે.
અવિ૦ ૪

અનંત ચોવીસી એણિ પરે, હોવે તપના હો ઉપવાસ અનંત કે;
કીધે લાભ ઘણો હોવે, તે દિવસ હો સહુમાંહે મહંત કે.
અવિ૦ ૫

મૌનવ્રત પાળ્યું ભલું, ગ્રહી સંજમ હો પ્રભુ મલ્લિનાથ કે;
મૌન એકાદશી તિણે થઈ, તપ કરતાં હો લહીએ શિવપુર સાથ કે.
અવિ૦ ૬

જેણે દિન લીજે એકાદશી, જ્ઞાન પૂજા હો કીજીએ વિધિ જાણ કે;
દેહરે સ્નાત્ર જ કીજીએ, ગુરુ મુખથી હો લીજીએ પચ્ચખાણ કે.
અવિ૦ ૭

અહો રાત પોસહ કીજીએ, શુભ ભાવે હો તજી ચાર આહાર કે;
ગણણું ગણીજે ભાવશું, રાત્રી જાગરણ હો આળસ પરીહાર કે.
અવિ૦ ૮

વરસ અગીઆર કીજીએ, જાવજજીવ હો એ તપને સાધ કે;
ઉજમણું એમ કીજીએ, ઘર સારૂં હો લહીએ ધર્મ સમાધ કે.
અવિ૦ ૯

જ્ઞાન તણાં ઉપકરણ ભલા, શુભ ભાવે હો અગીયાર અગીઆર કે;
દાન સુપાત્રે દીજીએ, સ્વામીવત્સલ હો કીજીએ વિધિસાર કે.
અવિ૦ ૧૦

એણે વિધિપૂર્વક ઈહ વ્રતે, પાળંતા હો લહીએ સુખ પર્મ કે;
સુવ્રત શ્રાવકની પરે, પાળંતા હો ટળે આઠે કર્મ કે.
અવિ૦ ૧૧

વીર તણી વાણી સુણી, પ્રતિબૂઝયા હો ભવિજીવ અનેક કે;
વ્રત આરાધન કેઈ કરે, થયો તિથિનો હો મહિમા અતિરેક કે.
અવિ૦ ૧૨

સંવત સત્તર પંચોતરે, સંઘ આગ્રહે હો કીયો સ્તવન આનંદ કે;
નગર સભા અલખાનમાં, એમ પભણે હો જિનેન્દ્રસૂરિન્દ્ર કે.
અવિ૦ ૧૩

## ૨૯. શ્રી પંચતીર્થનું સ્તવન

હે સાહેબજી નેક નજર કરી નાથ સેવકને તારો,
હે સાહેબજી મહેર કરી, પૂજાનું ફળ મને આલો;
પ્રભુ તુજ મૂર્તિ મોહનવેલી, પૂજે સુર અપ્સરા અલબેલી,
વર ઘનસાર કેસર શું ભેળી. હે૦ ૧

સિદ્ધાચલ તિર્થ ભવિ સેવો, ચૌદે ક્ષેત્રે તિરથ નહિ એવો;
એમ બોલે દેવાધિદેવો. હે૦ ૨

ગિરનારે જઈએ નેમ પાસે, ઈહાં ભાવિ જિન સિદ્ધ થાશે;
જસ ધ્યાને પાતિકડા નાસે. હે૦ ૩

આબુગઢે આદિ જિનરાયા, નેમિનાથ શિવાદેવી જાયા;
જસ ચોસઠ ઈન્દ્રે ગુણ ગાયા. હે૦ ૪

વળી સમેતશિખર જગના ઈશ, ગયા મોક્ષે જિનરાજ વીસ;
ધ્યેય ધ્યાવો ભવિજન નિશદીશ. હે૦ ૫

અષ્ટાપદે સફળ કરમ ટાળી, પ્રભુ વરિઆ શિવવધુ લટકાળી;
આદીશ્વર પૂજતાં દિવાળી. હે૦ ૬

એ આદે તીર્થો પ્રણમો મનરંગે, વળી પૂજો પ્રભુને નવરંગે;
કહે ધર્મચન્દ્ર અતિ ઉમંગે. હે૦ ૭

## ૩૦. શ્રી તપનું સ્તવન

તપસ્યા કરતાં કરતાં હો કે ડંકા જોર બજાયા હો.
ઉજમણા તપ કેરા કરતાં, શાસન સોહ ચઢાયા હો;
વિર્ય ઉલ્લાસ વધે તેને કારણ, કર્મ નિર્જરા પાયા. તપ૦ ૧

અડસિદ્ધિ અણિમા લઘિમાદિક, તિમ લબ્ધિ અડવીસા હો;
વિષ્ણુકુમારાદિક પરે જગમાં, પામતા જયત જગીશા. તપ૦ ૨

ગૌતમ અષ્ટાપદ ગિરિ ચઢીઆ, તાપસ આહાર કરાયા હો;
જે તપ કર્મ નિકાચીત તપવે, ક્ષમાસહિત મુનિરાયા. તપ૦ ૩

સાડા બાર વર્ષ જિન ઉત્તમ, વીરજી ભૂમિ ન ઠાયા હો;
ઘોર તપે કેવલ લહ્યા તેહના, પદ્મવિજય નમે પાયા. તપ૦ ૪

## ૩૧. શ્રી તીર્થમાળાનું સ્તવન

શેત્રુંજે ઋષભ સમોસર્યા, ભલા ગુણ ભર્યા રે,
સિધ્યા શ્રી સાધુ અનંત, તીરથ તે નમું રે. ૧

તીન કલ્યાણક તિહાં હુવા, મુગતે ગયા રે;
શ્રી નેમિશ્વર ગિરનાર, તીરથ તે નમું રે. ૨

અષ્ટાપદ એક દેહરો, ગિરિ સેહરો રે;
ભરતે ભરાવ્યા બિંબ, તીરથ તે નમું રે. ૩

આબુ ચૌમુખ અતિ ભલો, ત્રિભુવન તીલો રે;
વિમળ વસહી વસ્તુપાળ, તીરથ તે નમું રે. ૪

સમેતશિખર સોહામણું, રળીયામણું રે;
સિધ્યા તીર્થંકર વીસ, તીરથ તે નમું રે. ૫

નયરી ચંપા નિરખીએ, હૈડે હરખીએ રે;
સિધ્યા શ્રી વાસુપૂજ્ય, તીરથ તે નમું રે. ૬

પૂર્વ દિશે પાવાપુરી, રિદ્ધે ભરી રે;
મોક્ષ ગયા મહાવીર, તીરથ તે નમું રે. ૭

જેસલમેર જુહારીએ, દુઃખ વારીએ રે;
અરિહંત બિંબ અનેક, તીરથ તે નમું રે. ૮

બિકાનેર જ વંદીએ, ચીર નંદીએ રે;
અરિહંત દેહરા આઠ, તીરથ તે નમું રે. ૯

સેરીસરો શંખેશ્વરો, પંચાસરો રે;
ફલોધિ સ્થંભન પાસ, તીરથ તે નમું રે. ૧૦

અંતરિક્ષ અંજાવરો, અમીઝરો રે;
જીરાવલો જગન્નાથ, તીરથ તે નમું રે. ૧૧

ત્રૈલોકય દિપક દેહરો, જાત્રા કરો રે;
રાણકપુરે રિસહેસર, તીરથ તે નમું રે. ૧૨

શ્રી નાડોલાઇ જાદવો, ઘોડીચો સ્તવો રે;
વરકાણો જગન્નાથ, તીરથ તે નમું રે. ૧૩

નંદિશ્વરના દેહરા, બાવન ભલા રે;
રૂચક કુંડલે ચાર ચાર, તીરથ તે નમું રે. ૧૪

શાશ્વતી અશાશ્વતી, પ્રતિમા છતી રે;
સ્વર્ગ મૃત્યુ પાતાળ, તીરથ તે નમું રે. ૧૫

તીરથ યાત્રા ફળ તિહાં હોજો, મુજને ઇહાં રે;
સમયસુંદર કહે એમ, તીરથ તે નમું રે. ૧૬

## ૩૨. શ્રી પોસહ વ્રત પૂજાની ઢાળ

પ્રભુ પડિમા પૂજી પોસહ કરીએ રે,
વાતને વિસારી રે વિકથા ચારની;
પ્રાયે સુરગતિ સાધે પર્વને દિવસે રે,
ધર્મની છાયા રે તરૂ સહુકારની.

શીતળ નહીં છાયા રે આ સંસારની,
કુડી છે માયા રે આ સંસારની;
કાચની કાયા રે છેવટ છારની,
સાચી એક માયા રે જિન અણગારની. ૧

એંસી ભાગે દેશ થકી જે પોસહ રે,
એકાસણું ભાખ્યું રે શ્રી સિદ્ધાંતમેં;
નિજ ઘર જઈને જયણા મંગળ બોલી રે,
ભાજન મુખ પૂજીને શબ્દ વિના જમે. શીતળ૦ ૨

સર્વ થકી આઠ પહોરનો ચોવિહાર રે,
સંથારો નિશિ રે કંબલ ડાભનો;
પાંચે પરવી ગૌતમ ગણધર બોલ્યા રે,
પૂરવ આંક ત્રીશ ઘણો છે લાભનો. શીતળ૦ ૩

કારતિક શેઠ પામ્યો હરિ અવતાર રે,
શ્રાવક દસ વીસ વર્ષે સ્વર્ગે ગયાં;
પ્રેતકુમાર વિરાધકભાવને પામ્યો રે,
દેવકુમાર વ્રત રે આરાધક થયા. શીતળ૦ ૪

પણ અતિચાર તજી જિનજી વ્રત પાળું રે,
　　　　તારક નામ સાચું રે જો મુજ તારશો;
નામ ધરાવો નિર્યામક જો નાથ રે,
　　　　ભવોદધિ પાર રે તો ઉતારશો. શીતળ૦ ૫
સુલસાદિક નવ જણને જિનપદ દીધું રે,
　　　　કર્મે તે વેળાએ વસીઓ વેગળો;
શાસન દીઠું ને વળી લાગ્યું મીઠું રે,
　　　　આશાભર આવ્યો રે સ્વામી એકલો. શીતળ૦ ૬
દાયક નામ ધરાવો તો સુખ આપો રે,
　　　　સુરતરૂની આગે રે શી બહુ માંગણી;
શ્રી શુભવીર પ્રભુજી મોંઘે કાળે રે,
　　　　દીયંતા દાન રે શાબાશી ઘણી. શીતળ૦ ૭

## ૩૩. ત્રણ જિન ચોવીશી સ્તવન

### (૧) અતીત ચોવીશી

(રાગ : સિદ્ધારથના રે નંદન વિનવું)

શ્રી ગુરુ કેરા રે પાય પ્રણમી કરી, અતિત ચોવીસી રે જેહ;
નામ નિક્ષેપે રે તે હું વર્ણવું, જંબૂ ભરતે એહ.
　　　　ભાવ ધરીને ભવિયણ વંદીએ. ૧
કેવલનાણી રે નિરવાણી નમું, સાગર ત્રીજા જિણંદ;
મહાજશ ચોથા રે, વિમલ તે પાંચમા, સર્વાનુભૂતિ મુણિંદ.
　　　　ભાવ૦ ૨

સપ્તમ શ્રીધર, દત્ત તે આઠમા, દામોદર અરિહંત;
દશમા સુતેજા રે સ્વામી અગીયારમા, મુનિસુવ્રત મહંત.
ભાવ૦ ૩

તેરમા સુમતિ રે, શિવગતિ ચૌદમા, પંદરમા અસ્તાગદેવ;
નમિશ્વર વંદુ રે અનિલ તે સત્તરમા, અઢારમા યશોધર સેવ.
ભાવ૦ ૪

કૃતારથ જિનેશ્વર વીસમા, શુદ્ધમતિ એકવીશ;
શિવંકર વળી સ્યંદન ત્રેવીશમા, સંપ્રતિ નામે ચોવીસ.
ભાવ૦ ૫

અતીત ચોવીશી રે જિનપદ ભોગવી, પામ્યા અવિચલ રાજ;
મહિમા સુંદર વિબુધ કલ્યાણને, નમતાં સિધ્યાં રે કાજ.
ભાવ૦ ૬

## (૨) વર્તમાન ચોવીશી

(રાગ : દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે)

વર્તમાન કાળે હવે રે, ચોવીશે જિનવર નામ;
ઋષભ અજીત સંભવ પ્રભુ રે, અભિનંદન અભિરામ રે,
પ્રાણી સેવો મનને રંગ. ૧

સુમતિ પદ્મપ્રભુ વંદીએ રે, સાતમા સોહે સુપાસ;
ચંદ્રપ્રભ સુવિધ નમું રે, શિતલનાથ શ્રેયાંસ રે. પ્રાણી૦ ૨

વાસુપૂજ્ય વિમલ જિના રે, અનંત શ્રી ધર્મનાથ;
શાંતિ કુંથુ અર જાણીએ રે, ઓગણીશમા મલ્લિનાથ રે. પ્રાણી૦ ૩

મુનિસુવ્રત નમિનાથજી રે, નેમિ જિનેશ્વર પાસ;
શ્રી મહાવીર ચોવીશમા રે, પામ્યા શિવપુર વાસ રે. પ્રાણી૦ ૪
જંબૂદ્વીપના ભરતમાં રે, વંદો જિન ચોવીશ;
કલ્યાણ સુંદર પ્રભુ નામથી રે, પહોંચે સયલ જગીશ રે. પ્રાણી૦ ૫

## (૩) અનાગત ચોવીશી

(રાગ–દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે)

હવે ચોવીશી આવતી રે, તેહના નિસુણો નામ;
તીર્થંકર પદ ભોગવી રે, લહેશે શિવપુર ઠામ.
જિનેસર ધ્યાન ધરૂં નિશદિન૦ ૧
પદ્મનાભ પહેલા પ્રભુ રે, શ્રી સુરદેવ સુપાસ;
સ્વયંપ્રભ ચોથા લહું રે, સર્વાનુભૂતિ ઉલ્લાસ. જિને૦ ૨
દેવશ્રુત છઠ્ઠા નમું રે, સાતમા ઉદય જિણંદ;
પેઢાલ પોટીલ સમરીએ રે, શતકીર્તિ સુખકંદ. જિને૦ ૩
સુવ્રત સુણીએ અગીઆરમા રે,અમમ પ્રભુ નિષ્કસાય;
નિષ્પુલાક જિન ચૌદમા રે, પંદરમા નિર્મમ થાય. જિને૦ ૪
ચિત્રગુપ્ત સોળમા પ્રભુ રે, સમાધિ સંવર જોય;
યશોધર ઓગણીશમા રે, વીશમા વિજય જિન હોય. જિને૦ ૫
મલ્લનાથ એકવીશમા રે, દેવનાથ બાવીશ;
અનંતવીર્ય ત્રેવીશમા રે, ભદ્રંકૃત નામ ચોવીશ. જિને૦ ૬
જંબૂ ભરતે એ કહ્યા રે, *અતીત ભાવી વર્તમાન;*
મહિમા સુંદર ગુરુ ધ્યાનથી રે, કર જોડી કહે કલ્યાણ. જિને૦ ૭

## ૩૪. શ્રી જંબૂસ્વામીનું અષ્ટઢાળીયું સ્તવન

### ઢાળ પહેલી

જંબૂસ્વામી યૌવન ગૃહવાસ મેલ્યાં,
તિહાં કનકની કોડીમાંયે મોહ મેલ્યા;
તિહાં અંત માતાજી વળી તપ કરતાં,
તિહાં દોય ઉપવાસ આંબિલ કરતાં. ૧
તિહાં નવમાસ વાડા ઉદર ધરીઆ,
તિહાં જનમીયાં રે જંબૂસ્વામી રૂડાં;
જંબૂસ્વામીના નામ તે નામ રૂડા,
પ્રભાતે તે લેશે ચારિત્ર રૂડાં. ૨
જાયા જન્મથકી રે તુમને ધર્મ વહાલો,
જાયા એકવાર પરણો આઠ નારો;
જાણું હાથે મિંઢલ કોટે વરમાલા સારી,
જાયા ઢોલ દદામા વાજિંત્ર વાજી. ૩

### ઢાળ બીજી

કુંવર કહે સુણો માતાજી,
માજી પરણ્યાની નથી અભિલાષા રે;
માજી બાલપણે રે વ્રત આદર્યા,
તુમારી વહુરો કિમ પામે સુખશાતા રે.
માજી માય રોવંતા ઈમ કહે૦ ૧
સરિખી વય સરિખી ત્વચા, પુત્ર પરણાવું રૂપવંતી રે;
પુત્ર પરણાવી પાય લગાવીએ, ત્યારે હું જાણું ઘર સુત રે.
માજી૦ ૨

## ઢાળ ત્રીજી

કુંવર કહે રે માજી જિમ હોવે સારૂં,
તેડાવો લગનીઆ માજી લગન લખાવો લાલ. કુંવર૦ ૧
લગનીયો જઈ વેવાઇને માંડવે ઉભો,
ગાય સોહાગણ મધુરાં નવ નવા ગીત લાલ. કુંવર૦ ૨
રાયજી દરબારમાંથી વેગે પધાર્યા,
કાગળ વાંચીને રાયજી ડસ ડસ રોયા લાલ. કુંવર૦ ૩
કાગળીયો વાંચી પિતાજી માથું ધુણાવે,
પરણીને લેશે જંબૂ સંજમભાર લાલ. કુંવર૦ ૪
કન્યાનો બાપ લગન પાછા ફગાવે,
તિમ તિમ કન્યાજી લગન ઓરેરાં મંગાવે લાલ;
તાત કહે રે કુંવરી જિમ હોવે સારૂં. ૫
પછે નહિ કાઢશો દીકરી વાંક અમારો,
રોતાં નહિ આવશો દીકરી ઘેર અમારે લાલ. તાત૦ ૬
ચતુર કન્યાજી ચિત્તમાં ચેતીને બોલ્યા,
લાંબીને ટુંકી પિતાજી વાત શી બોલો લાલ. તાત૦ ૭
એકની રીત એહવી આઠેની કીધી,
રંગે ચંગે પરણીને વહેલીમાં બેઠા લાલ. તાત૦ ૮
ચતુર કન્યાજી પરણી ઘેર પધાર્યા,
સાસુએ થાલ ભરી મોતીડે વધાવ્યા લાલ. તાત૦ ૯
સાસુને પાય પડીને શું શું રે આપ્યું,
સવા લાખ સોનૈયા લઇને ભંડારે નાખ્યા લાલ. તાત૦ ૧૦
સાસુનો પાલવ સાહીને મલપતું બોલ્યા,
એકે કાને આપ્યા એકસો બાણું બાણું બોલ લાલ. તાત૦ ૧૧

## ઢાળ ચોથી

સાસુ શીખ દે છે તેણી વેળા, વહુરો કરો રે સતાવી;
જિમ તિમ કરી તુમ પીયુ પલટાવો, હું મતિ જાણું તમારી રે.
માહરી વહુઓ રે વશ કરો વાલમ તોરો૦ ૧

પહેરો પિતાંબર અનોપમ સાડી, સજોને સોળ શણગાર;
જિમ તિમ કરીને મહેલે ચઢીને, રાખો તુમ ભરતાર રે.
માહરી૦ ૨

કલ્લાં ને કાંબી ઝલ ઝબુમકે, કાને લાલ ઝબુકે;
રૂમઝુમ કરતાં મહેલે પધાર્યા, મહેલ ગડગડવા લાગ્યા રે.
માહરી૦ ૩

આઠે મળીને આઠ બારીએ બેઠી, વિચમાં વાલમ ઘેર્યો;
સુખ વચન તુમે કાંઇ નવ બોલો, અમે ફોગટ ફર્યા છે ફેરા રે.
માહરી૦ ૪

આઠે મળીને ઈમજ કહે છે, સુણોને વાલમ વાત;
દુનિયા તુમને ઠપકો દેશે, મૂરખમાં ગણાશો રે.
માહરી૦ ૫

આઠે મળીને વળી ઈમજ કહે છે, અમે શરમે રહ્યાં છે છેટા;
નર ભમર ચતુરાઇ ન શીખ્યા, શું થયા દિલ ધીઠા.
માહરી૦ ૬

માણેક મોતી ને છે મુદ્રિકા, મહેલ મહેલાતો તાહરી
દેવી સારિખી કન્યાઓ તજીને, સંયમશું રંગાણા રે.
માહરી૦ ૭

આઠે મળીને ઇમજ કહે છે, સુણોને વાલમ વાત;
વરચો વૈરાગી કોઇ નવ રાખે, કરીયે કોડી ઉપાય રે.
માહરી૦ ૮

## ઢાળ પાંચમી

સુણો સુણો વાલમ વાતજી વહાલા,
અમ ઉપર નવ કરશોજી ટાલા;
રમણી ગમણી ને મન હરણી,
અમે આઠે તે જોબન વરણી ૧
ઇમ કિમ કરી જાશોજી વહાલા,
તુમ ઉપર માહરી મોહનમાળા;
સહેજે થૂંક પડે રે તુમારૂં,
તિહાં લોહી તપે રે અમારૂં. ૨
નહિ દિયર નહિ જેઠ નગીનો,
તુમ વિના અમારે સંસાર સૂનો;
તુમ ઉપર અમારે આશો ને વાસો,
તુમ વિના અમારે સૂનો રે સાસો. ૩
જો એક બાળક થાશેજી અમને,
તો શિખ દઈશું સાહેબ તુમને;
પ્રભુ રૂઠ્યો તેહ રે ખમાય,
પરણ્યા મેલે તે નવ સહેવાય. ૪
બોલ્યા અણબોલ્યા કીજે,
નારી જાતીનો અંત ન લીજે;
એવું કઠણ હૈયું નવ કીજે,
અબલા સ્રીને છેહ નવ દીજે ૫

## ઢાળ છઠ્ઠી

જંબૂ પ્રત્યે કહે વલી આઠે નાર,
સાંભલોને પ્રીતમ પ્રાણ;
ન કરોજી એવી કઠણ હો ઘાત,
નિરખો તુમે નવલીઓ નિજ નાર.
નાવલીયા વિલુધી રે, ઓલંભડો લીઓ રે. ૧

કેમ છાંડો છો અમને એણીવાર,
તેમાં નહિ કુલની શોભા લગાર;
રાખો મન ઠેકાણે કરો ઘરના કામ,
પછી નહિ લઇએ સાહેબ તુમારૂં નામ. નાવલીયા૦ ૨
સુણો તમે મેરૂ સરિખા હો સ્વામ,
કરીઆં પિતા ઉપરવટ અમે કામ;
કુણ સાંભળશે અંતઃકરણની બૂમ,
તુમારે શીઘ્ર લેવી છે સુખની લુંબ.
રૂઠ્યાં ને ત્રુઠ્યાં હો,
કહોને ઉભા કિહાં રહીએ રે. નાવલીયા૦ ૩
કઠણ સાસુ જ તુમારી કૂખ,
નણદલ વીરે દીધા અમને દુઃખ;
અમ આઠેની આજીજી અપાર,
વિનતિ નથી માનતા એક લગાર.
કઠણ સાસુજી હો;
કઠણ વાલમ જનમીયા રે. નાવલીયા૦ ૪

### ઢાળ સાતમી

ઘણી થઈ ઘણી થઈ વાલમા રે, વિણસો કાંઈ અમારા કાજ,
વિણ ગુન્હે વરજો તુમે રે, તેમાં શી વધશે તુમારી લાજ.
રહો રહો વાલમા રે, બોલો એક મુખ થકી બોલ૦ ૧
અમે માવિત્રના છોરૂડાં રે, નહોતા બેઠા તુમ પાસ;
હાથે ઝાલીને તુમે લાવીયા રે, હવે કેમ કરો છો નિરાશ.
રહો૦ ૨

નારીઓને દુઃખ દઈ જાશો રે, કિમ સરશે તમારા કાજ;
દુઃખ દીધાં આકેરડાં રે, કેમ લેશો મુક્તિપુરીનું રાજ.
રહો૦ ૩

જિમ પસ્તાણો લોહ વાણીયો રે, તિમ પસ્તાશો ભરતાર;
વાનરવત્ પસ્તાવશો રે, કહ્યું માનો અમારૂં લગાર.
રહો૦ ૪

સુહાલીણી સુકુમાલીણી રે, ઝોલો લાગ્યો ઝકોર;
એક એકને બેઠી કરે રે, હૈયુ તારૂં કઠણુ કઠોર.
રહો૦ ૫

આઠે અતિ વિલખી થઇ રે, અમને મેલીને શું જાઓ;
સ્વામી સુલક્ષણા થઇ રે, આહવા નમેરા કિમ થાઓ.
રહો૦ ૬

પહેલો શ્લોક જંબૂએ કહ્યો રે, સુણો તમે કામિનીઓ સુજાણ;
તુમમાં ચતુરાઇ છે ઘણી રે, મારૂં મૃત્યુ દિવસ કે રાત.
સુણો એક કામિની રે, મેં જાણ્યો અથિર સંસાર૦ ૭

બીજો શ્લોક જંબૂએ કહ્યો રે, સુણો તમે કામણગારી ખાસ;
જ્યારે મુજ આયુષ્ય પૂરૂં હુવે રે, ત્યારે મને રાખશો તુમ પાસ.
સુણો૦ ૮

આઠે મળીને ઊભી થઈ રે, જોડ્યા દોનું દોનું હાથ;
એ પહોંચ નથી સ્વામી અમતણાં રે, સંજમ લઇશું તુમ સાથ
સુણો એક વાલમા રે, અમે જાણ્યો અથિર સંસાર૦ ૯

જંબૂ કહે સુણો કામિની રે, ભણી ઇરિયાવહીના પાઠ;
સુધર્માસ્વામી કને જઇને રે, સંજમ લેઇશું સર્વ સાથ.
સુણો એક કામિની રે, મેં જાણ્યો અથિર સંસાર૦ ૧૦

તેણે અવસરે જંબૂ ગૃહે રે, પ્રભવ ચોર શત પંચ સંગાથ,
ધનના બાંધ્યા પોટલાં રે, પ્રભવ રહ્યો પગ થોભ;
સુણો ભવિ પ્રાણીયા, પણ શું થયું તે ધરી કાન. સુણો૦ ૧૧

ઉત્તર પ્રત્યુત્તર સાંભળી રે, પ્રભવે જોડ્યા બેઉ હાથ,
ઘેર જાઉં જુગતું નથી રે, સંજમ લેશું તુમ સાથ;
સુણો ભવિ પ્રાણીયા રે, પછી શું થયું તે ધરી કાન.
સુણો૦ ૧૨

## ઢાળ આઠમી

પ્રભવ ચોર અને વલી પાંચસે, પાંચસે ચોર તસ લોહાર;
તેહને જંબૂસ્વામીએ બુઝવ્યા, બુઝવી આઠે તે નાર.
ધન્ય ધન્ય જંબૂસ્વામીને૦ ૧

સસરા ને સાસુઓ બુઝવ્યા, બુઝવ્યા માય ને બાપ;
પાંચસે સત્તાવીશ સર્વે મળી, આવ્યા સુધર્માસ્વામીની પાસ.
ધન્ય૦ ૨

સુધર્માસ્વામીની પાસે આવીને, લીધોજી સંજમભાર;
કર્મ ખપાવી કેવલ પામીયા, પહોંચ્યા તે મુક્તિ મોઝાર.
ધન્ય૦ ૩

હીરવિજય ગુરુ હીરલો, તસ લબ્ધિવિજય ગુણ ગાય;
ભણે ગણે જે સાંભળે, તેના પાતિક દૂરે પલાય.
ધન્ય૦ ૪

# વિભાગ-૪

## * સ્તુતિઓ *

### શ્રી શત્રુંજય સ્તુતિ

(૧)

શત્રુંજય મંડન, ઋષભ જિણંદ દયાલ,
મરૂદેવા નંદન, વંદન કરું ત્રણ કાળ;
એ તીરથ જાણી, પૂર્વ નવાણું વાર,
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર. ૧

ત્રેવીસ તિર્થંકર, ચઢીયા ઇણ ગિરિરાય,
એ તીરથના ગુણ, સુર અસુરાદિક ગાય;
એ પાવન તીરથ, ત્રિભુવન નહિ તસ તોલે,
એ તીરથના ગુણ, સીમંધર મુખ બોલે. ૨

પુંડરિકગિરિ મહિમા, આગમમાં પ્રસિદ્ધ,
વિમલાચલ ભેટી, લહીએ અવિચલ રિદ્ધ;
પંચમી ગતિ પહોંતા, મુનિવર કોડા કોડ,
ઇણે તીરથે આવી, કર્મ વિપાક વિછોડ. ૩

શ્રી શત્રુંજય કેરી, અહોનિશ રક્ષાકારી,
શ્રી આદિ જિનેશ્વર, આણ હૃદયમાં ધારી;
શ્રી સંઘ વિઘનહર, કવડજક્ષ ગણ ભૂર,
શ્રી રવિબુધસાગર, સંઘના સંકટ ચૂર. ૪

(૨)

શ્રી શત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરૂ ઉદાર,
ઠાકુર રામ અપાર,
મંત્ર માંહે નવકાર જ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું,
જલધર જળમાં જાણું;
પંખીમાં જેમ ઉત્તમ હંસ, કુળ માંહે જેમ ઋષભનો વંશ,
નાભિતણો એ અંશ,
ક્ષમાવંતમાં શ્રી અરિહંત, તપ શૂરા મુનિવર મહંત,
શત્રુંજય ગિરિ ગુણવંત. ૧

ઋષભ અજિત સંભવ અભિનંદા, સુમતિનાથ મુખ પુનમચંદા,
પદ્મપ્રભ સુખકંદા,
શ્રી સુપાર્શ્વ ચંદ્રપ્રભ સુવિધિ, શીતલ શ્રેયાંસ સેવો બહુબુદ્ધિ,
વાસુપૂજ્ય મતિ શુદ્ધિ;
વિમલ અનંત ધર્મ જિન શાંતિ, કુંથુ અર મલ્લિ નમું એકાંતિ,
મુનિસુવ્રત શુદ્ધ પાંતિ,
નમિ નેમ પાર્શ્વ વીર જગદીશ, નેમ વિના એ જિન ત્રેવીશ;
સિદ્ધગિરિ આવ્યા ઈશ. ૨

ભરતરાય જિન સાથે બોલે, સ્વામિ શત્રુંજય ગિરિ કુણ તોલે,
જિનનું વચન અમોલે,

ઋષભ કહે સુણો ભરતરાયજી, છ'રી પાળંતા જે નર જાય,
પાતિક ભૂકો થાય;
પશુ પંખી જે ઈણ ગિરિ આવે, ભવ ત્રીજે તે સિદ્ધ જ થાવે,
અજરામર પદ પાવે,
જિનમતમેં શેત્રુંજો વખાણ્યો, તે મેં આગમ દિલમાંહે આણ્યો,
સુણતાં સુખ ઉર ઠાણ્યો. ૩

સંઘપતિ ભરત નરેસર આવે, સોવનતણાં પ્રાસાદ કરાવે,
મણિમય મૂર્તિ ઠાવે,
નાભિરાયા મરૂદેવા માતા, બ્રાહ્મી સુંદરી બેન વિખ્યાતા,
મૂર્તિ નવાણું ભ્રાતા;
ગોમુખ યક્ષ ચક્કેસરી દેવી, શત્રુંજય સાર કરે નિત્ય મેવી,
તપગચ્છ ઉપર હેવી,
શ્રી વિજયસેનસૂરિશ્વર રાયા, શ્રી વિજયદેવગુરુ પ્રણમી પાયા,
ઋષભદાસ ગુણ ગાયા. ૪

( ૩ )

સકલ મંગલ લીલા મુનિ ધ્યાન, પરભવ ઘૃતનું દીધું દાન,
ભવિજન એક પ્રધાન,
મરુદેવાએ જન્મ જ દીધો, ઈન્દ્રે સેલડી આગળ કીધો,
વંશ ઇક્ખાગ તે સીધો;
સુનંદા સુમંગલા રાણી, પૂરવ પ્રીત ભલી પટરાણી,
પરણાવે ઈન્દ્ર ઇન્દ્રાણી,
સુખ વિલસે રસ અમિરસ ગુંજે, પૂરવ નવાણું વાર શેત્રુંજે,
પ્રભુ જઈ પગલા પૂજે. ૧

આદિ નહિ અંતર કોઇ એહુનો, કેમ વર્ણવીજે સખી ગુણુ એનો,
મોટો મહિમા તેનો,
અનંત તીર્થંકર ઈણુ ગિરિ આવે, વિહરમાન વ્યાખ્યાન સુણાવે,
દિલભરી દિલ સમજાવે;
સકલ તીર્થનું એહિ જ ઠામ, સર્વ ધર્મનું એહી જ ધામ,
એ મુજ આતમરામ;
રે રે મૂરખ મન શું મુંઝે, પૂજીયે દેવ ઘણા શેત્રુંજે,
જ્ઞાનની સુખડી ગૂંજે. ૨

સોવન ડુંગર ટુંક રૂપાની, અનુપમ માણેક ટુંક સોનાની,
દીસે દેરા દધાની,
એક ટૂંકે મુનિ અણુસણુ કરતાં, એક ટુંકે મુનિ વ્રત તપ કરતાં,
એક ટુંકે ઉતરતા;
સુરજકુંડ જલધિપ લગાવો, મહિપાલનો કોઢ ગમાવો,
તેને તે સમુદ્ર નિપાવો,
સવા લાખ શત્રુંજય મહાતમ, પાપ તણી તિહાં ન રહે રાતમ,
સુણતાં પવિત્ર થાય આતમ. ૩

રમણિક ભોંયરૂં ગઢ રઢીઆળો, નવખંડ કુંવર તીર્થ નિહાલો,
ભવિજન પાપ પખાલો,
ચોંખાખાણુ ને વાઘણુપોળ, ચંદન તલાવડી ઓલખા જોર,
કંચન ભરો રે અંઘોળ;
મોક્ષબારીનો જગ જશ મોટો, સિદ્ધશિલા ઉપર જઇ લોટો,
સમકિત સુખડી ઓટો,
સોના ગભારે સોવન જારી, ઝારો જિનની મૂર્તિ રસાલી,
ચક્કેસરી રખવાલી. ૪

❖

## શ્રી આદીશ્વર જિન થોય

(૧)

આદિ જિનવર રાયા, જાસ સોવન કાયા,
મરુદેવી માયા, ધોરી લંછન પાયા;
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા,
કેવલસિરિ રાયા, મોક્ષ નગરે સિધાયા. ૧

સવિજિન સુખકારી, મોહ મિથ્યા નિવારી,
દુર્ગતિ દુઃખ ભારી, શોક સંતાપ વારી;
શ્રેણી ક્ષપક સુધારી, કેવલાનંત ધારી,
નમીએ નર નારી, જેહ વિશ્વોપકારી. ૨

સમવસરણે જે બેઠા, લાગે જે જિનજી મીઠા,
કરે ગણપ પઈઠ્ઠા, ઈન્દ્ર ચંદ્રાદિ દીઠાં;
દ્વાદશાંગી વરિઠ્ઠા, ગુથતાં ટાલે રિઠ્ઠા,
ભવિજન હોય હિઠ્ઠા, દેખી પુણ્યે ગરિઠ્ઠા. ૩

સુર સમકિત વંતા, જેહ ઋદ્ધે મહંતા,
જે સજ્જન સંતા, ટાલીએ મુજ ચિંતા;
જિનવર સેવંતા, વિઘ્ન વારો દૂરંતા,
જિન ઉત્તમ થુણંતાં, પદ્મને સુખ દિન્તા. ૪

(૨)

પ્રહ ઊઠી વંદુ, ઋષભદેવ ગુણવંત,
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;

ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાળે ઇન્દ્ર,
જિનના ગુણ ગાવે, સુર નર નારીના વૃંદ. ૧

બાર પર્ષદા બેસે, ઇંદ્ર ઇંદ્રાણી રાય,
નવ કમલ રચે સુર, તિહાં ઠવતા પ્રભુ પાય;
દેવ દુંદુભિ વાજે, કુસુમ વૃષ્ટિ બહુ હુંત,
એવા જિન ચોવીશ, પૂજો એકણ ચિત્ત. ૨

જિન જોજન ભૂમિ, વાણીનો વિસ્તાર,
પ્રભુ અર્થ પ્રકાશે, રચના ગણધર સાર;
સો આગમ સુણતાં, છેદીજે ગતિ ચાર,
જિન વચન વખાણી, લીજે ભવનો પાર. ૩

જક્ષ ગોમુખ ગિરવો, જિનની ભક્તિ કરેવ,
તિહાં દેવી ચક્કેસરી, વિઘ્ન ક્રોડ હરેવ;
તપગચ્છ નાયક, શ્રી વિજયસેનસૂરિ રાય,
તસ કેરો શ્રાવક, ઋષભદાસ ગુણ ગાય. ૪

## શ્રી સુમતિનાથની થોય

મોટા તે મેઘરથરાય રે, રાણી સુમંગળા,
સુમતિનાથ જિન જનમીઆ એ,
આસન કંપ્યું તામ રે, હરિ મન કંપીયા,
અવધિજ્ઞાને નિરખતા એ;
જાણ્યું જન્મ જિણંદ રે, ઊઠ્યા આસન થકી,
સાત આઠ ડગ ચાલીઆ એ,

કર જોડી હરિ તામ રે, કરે નમુથ્થુણું,
સુમતિનાથના ગુણ સ્તવે એ. ૧

હરિણગમેષી તામ રે, ઇન્દ્રે તેડીયા,
ઘંટ સુઘોષા વજડાવીયા એ,
ઘંટ તે બત્રીસ લાખ રે, વાગે તે વેળા,
સુરપતિ સહુ કો આવીયા એ;
રચ્યું તે પાલક વિમાન રે, લાખ જોજન તણું,
ઉંચુ જોજન પાંચસો એ,
હરિ બેસી તે માંહી રે, આવે વાંદવા,
જિન ઋષભાદિક વંદીઆ એ. ૨

હરિ આવે મૃત્યુલોક રે, સાથે સુર બહુ,
કેતા ગજ ઉપર ચઢ્યા એ,
ગરૂડ ચઢ્યા ગુણવંત રે, નાગ પલાણીયા,
સુર મળી જિનઘર આવીયા એ;
ત્રણ પ્રદક્ષિણા દેઇ રે, પ્રણમી મંગળા,
રત્નકુક્ષી તારી સહી એ,
જન્મ્યા સુમતિ જિણંદ રે, ત્રણ જ્ઞાન સહિત,
ધન્ય વાણી જિનજી તણી એ. ૩

પંચ રૂપ કરી હાથ રે, ઇન્દ્રે તેડીઆ,
ચામર વિંઝે દોય હરિ એ,
એક હરિ છત્ર ધરંત રે, વજ કરે ગ્રહી,
એક હરિ આગળ ચાલતા એ;

આવ્યા મેરૂને શૃંગે રે, પાંડુક વન જિંહા,
નવરાવી ઘર મૂકીઆ એ,
જક્ષ તુંબરૂ દેવ રે, મહાકાળી જક્ષિણી,
ઋષભ કહે રક્ષા કરો એ. ૪

## શ્રી શાંતિનાથ જિન થોય
### (૧)

શાન્તિ સુહંકર સાહિબો, સંયમ અવધારે,
સુમિત્રને ઘેર પારણું, ભવ પાર ઉતારે;
વિચરંતા અવનીતલે, તપ ઉગ્ર વિહારે,
જ્ઞાન ધ્યાન એક તાનથી, તિર્યંચને તારે. ૧

પાસ વીર વાસુપૂજ્યજી, નેમ મલ્લિ કુમારી,
રાજ્ય વિહુણા એ થયા, આપે વ્રત ધારી;
શાન્તિનાથ પ્રમુખા સવિ, લહી રાજ્ય નિવારી,
મલ્લિ નેમ પરણ્યા નહિ, બીજા ઘરબારી. ૨

કનક કમલ પગલા ઠવે, જગ શાન્તિ કરી જે,
રયણ સિંહાસન બેસીને ભલી દેશના દીજે;
યોગાવંચક પ્રાણીયા, ફ્લ લેતાં રીઝે;
પુષ્કરાવર્તના મેઘમાં, મગશેલ ન ભીંજે. ૩

કોડવદન શુકરારૂઢો, શ્યામ રૂપે ચાર,
હાથ બીજોરૂ કમલ છે, દક્ષિણ કર સાર;
જક્ષ ગરૂડ વામ પાણિએ, નકુલાક્ષ વખાણે,
નિર્વાણીની વાત તો, કવિ વીર તે જાણે. ૪

(૨)

શાન્તિ જિનેશ્વર સમરીએ, જેની અચિરા માય,
વિશ્વસેન કુલ ઉપન્યા, મૃગ લંછન પાય;
ગજપુર નયરીનો ધણી, કંચન વરણી કાય,
ધનુષ ચાલીસની દેહડી, લાખ વરસનું આય. ૧
શાન્તિ જિનેશ્વર સોળમા, ચક્રી પંચમ જાણું,
કુંથુનાથ ચક્રી છઠ્ઠા, અરનાથ વખાણું;
એ ત્રણે ચક્રી સહી, દેખીને આણંદુ,
સંજમ લઈ મુગતે ગયા, નિત્ય ઊઠીને વંદુ. ૨
શાન્તિ જિનેશ્વર કેવલી, બેઠા ધર્મ પ્રકાશે,
દાન શિયળ તપ ભાવના, નર સોહે અભ્યાસે;
એહ વચન જિનજી તણા, જેણે હૈડે ધરીયા,
સુણતાં સમકિત નિર્મળા, જેણે કેવલ વરીયા. ૩
સમેતશિખર ગિરિ ઉપરે, જેણે અણસણ કીધાં,
કાઉસ્સગ્ગ ધ્યાન મુદ્રા રહી, જેણે કારજ સિધ્યા;
જક્ષ ગરૂડ સમરું સદા, દેવી નિરવાણી,
ભવિક જીવ તુમ સાંભળો, ઋષભદાસની વાણી. ૪

## શ્રી નેમનાથ જિનની થોય

રાજુલ વરનારી, રૂપથી રતિહારી,
તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી;
પશુઆ ઉગારી, હુઆ ચારિત્રધારી,
કેવલ શ્રી સારી, પામીઆ ઘાતીવારી. ૧

ત્રણ જ્ઞાન સંયુક્તા, માતની કુંખે હુંતા,
જન્મે પુર હુંતા, આવી સેવા કરંતા;
અનુક્રમે વ્રત કરંતા, પંચ સમિતિ ધરંતા,
મહિયલ વિચરંતા, કેવલ શ્રી વરંતા. ૨

સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે,
ત્રિગડુ સોહાવે, દેવછંદો બનાવે;
સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે,
તિહાં જિનવર આવે, તત્ત્વવાણી સુણાવે. ૩

શાસન સૂરિ સારી, અંબિકા નામ ધારી,
જે સમકિત નરનારી, પાપ સંતાપ વારી;
પ્રભુ સેવા કારી, જાપ જપીએ સવારી,
સંઘ દૂરિત નિવારી, પદ્મને જેહ પ્યારી. ૪

( ૨ )

જાદવકુલ શ્રી નંદ સમો એ, જોગીશ્વર એ દેવ તો,
કૃષ્ણ આદેશે ચાલીયા એ, વરવા રાજુલ નાર તો;
અનુક્રમે તિહાં આવીયા એ, ઉગ્રસેન દરબાર તો,
ઇન્દ્ર ઇન્દ્રાણી નાચતા એ, નાટક થાય તેણી વાર તો. ૧

તોરણ પાસે આવીયા એ, પશુઓનો પોકાર તો,
સાંભળીને મુખ મરડીયું એ, રાજુલ મન ઉચાટ તો;
આદિનાથ આદિ તીર્થંકર એ, પરણ્યા છે બેઉ નાર તો,
તેણે કારણ તુમે કયાં ડરો એ, પરણો રાજુલ નાર તો. ૨

રથ ફેરી સંજમ લીયો એ, ચઢિયા ગઢ ગિરનાર તો,
નેમિશ્વર કાઉસ્સગ્ગ રહ્યા એ, પામ્યા કેવલજ્ઞાન તો;
સોળ પહોર દીયે દેશના એ, આપી અખંડા ધાર તો,
ભવિક જીવ પ્રતિબોધીયા એ, બૂઝી રાજુલ નાર તો. ૩

અથિર જાણી સંજમ લીયો એ, અંબા જય જયકાર તો,
શ્યામ વરણના નેમજી એ, શંખ લંછન શ્રીકાર તો;
પાયે ઝાંઝર ધમધમે એ, નાચે નેમ દરબાર તો,
કવિ નમિ કહે રાયને એ, પરણ્યા શિવસુંદરી નાર તો. ૪

( ૩ )

ગિરનારે તે નેમનાથ ગાજે રે, રાણી રાજુલ ધ્રૂસકે રૂવે રે;
મારો શામલિયો ગિરધારી રે, એણે હરણો ને હરણી બચાવી રે. ૧

એક ચડતા ચડતી દીસે રે, અષ્ટાપદ જિન ચોવીસે રે;
શેત્રુંજે જઈને જુહારી રે, આબુજી જઈ દુઃખ વારો રે. ૨

જ્યાં ચોત્રીસ અતિશય છાજે રે, ત્યાં બેઠા ઢીંગડમલ ગાજે રે;
ઢીંગડમલની વાણી મીઠી રે, સહુ સુણજો સમકિતી પ્રાણી રે. ૩

ત્યાં બેઠા અંબિકા ભારી રે, એને નાકે સોનાની વાળી રે;
સહુ સંઘના સંકટ ચૂરે રે, નયવિમલના વાંછિત પૂરો રે. ૪

( ૪ )

શ્રી ગિરનાર શિખર શણગાર, રાજીમતી હૈડાનો હાર,
જિનવર નેમકુમાર,
પૂરણ કરુણા રસ ભંડાર, ઉગાર્યા પશુઆ એ વાર,
સમુદ્રવિજય મલ્હાર;

મોર કરે મધુરો કિંકાર, વિચે વિચે કોયલના ટહુકાર,
સહસ્રગમે સહકાર,
સહસાવનમાં હુવા અણગાર, પ્રભુજી પામ્યા કેવલસાર,
પહોંતા મુક્તિ મોઝાર. ૧

સિદ્ધગિરિ એ તીરથ સાર, આબુ અષ્ટાપદ સુખકાર,
ચિત્રકુટ વૈભાર,
સોવનગિરિ સમેત શ્રીકાર, નંદીશ્વર વર દ્વીપ ઉદાર,
જિહાં બાવન વિહાર;
કુંડલ રુચક ને ઇક્ષુકાર, શાશ્વતા અશાશ્વતા ચૈત્ય વિચાર,
અવર અનેક પ્રકાર,
કુમતિ વચણે મ ભૂલ ગમાર, તીરથ ભેટે લાભ અપાર,
ભવિયણ ભાવે જુહાર. ૨

પ્રગટ છ અંગે વખાણી, દ્રૌપદી પાંડવની પટરાણી,
પૂજા જિન પ્રતિમાની,
વિધિશું કીધી ઉલટ આણી, નારદ મિથ્યાદૃષ્ટિ અન્નાણી,
છાંડ્યો અવિરતિ જાણી;
શ્રાવક કુલની એ સહિ નાણી, સમકિત આલાવે આખ્યાણી,
સાતમે અંગ વખાણી,
પૂજનિક એ પ્રતિમા અંકાણી, ઇમ અનેક આગમની વાણી,
તે સુણજો ભવિ પ્રાણી. ૩

કેડે કટિ મેખલા ઘુઘરીયાલી, પાયે નેઉર રમઝમ ચાલી,
ઉજ્જિતગિરિ રખવાલી,
અધર લાલ જિસ્યા પરવાલી, કંચનવાન કાયા સુકુમાલી,
કરે લહકે અંબડાલી;

વૈરીને લાગે વિકરાલી, સંઘના વિઘ્ન હરે ઉજમાળી,
અંબાદેવી મયાલી,
મહિમા એ દશ દિશિ અજુઆલી, ગુરુ શ્રી સંઘ વિજય સંભાલી,
દિન દિન નિત્ય દિવાલી. ૪

(૫)

સુર અસુર વંદિત પાય પંકજ, મયણમલ્લં ક્ષોભિતં,
ઘન સુઘન શ્યામ શરીર સુંદર, શંખ લંછન શોભિતં;
શિવાદેવીનંદન ત્રિજગવંદન, ભવિક કમલ દિનેશ્વરં,
ગિરનાર ગિરિવર શિખર વંદુ, શ્રી નેમિનાથ જિનેશ્વરં. ૧

અષ્ટાપદે શ્રી આદિ જિનવર, વીર પાવાપુરી વરૂ,
વાસુપૂજ્ય ચંપાનયર સિદ્ધા, નેમ રેવા ગિરિવરૂ;
સમેતશિખર વીશ જિનવર, મુક્તિ પહોતા મુનિવરૂ,
ચોવીસ જિનવર નિત્ય વંદુ, સયલ સંઘ સુહંકરૂ. ૨

અગ્યાર અંગ ઉપાંગ બાર, દશ પયન્ના જાણીએ,
છ છેદ ગ્રન્થ પસથ્થસથ્થા, ચાર મૂલ વખાણીએ;
અનુયોગદ્વાર ઉદ્ધાર નંદી, સૂત્ર જિનમત ગાઇએ,
વૃત્તિ ચૂર્ણિ ભાષ્ય પીસ્તાલીસ, આગમ ધ્યાયીએ, ૩

દોય દિશિ બાલક દોય જેહને, સદા ભવિયણ સુખકરૂં,
દુઃખ હરી અંબા લુંબ સુંદર, દુરિત દોહગ અપહરૂ;
ગિરનાર મંડન નેમિ જિનવર, ચરણ પંકજ સેવીએ,
શ્રી સંઘ સુપ્રસન્ન મંગલ, કરો તે અંબાદેવી એ. ૪

## શ્રી પાર્શ્વનાથ જિન થાય

(૧)

શંખેશ્વર પાસજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ;
મનવાંછિત પૂરણ સુરતરૂ, જય વામાસુત અલવેસરૂ. ૧
દોય રાતા જિનવર અતિ ભલા, દોય ધોળા જિનવર ગુણ નીલા;
દોય નીલા દોય શામળ કહ્યા, સોળે જિન કંચન વર્ણ લહ્યા. ૨
આગમ તે જિનવર ભાંખીઓ, ગણધર તે હૈડે રાખીયો;
તેહનો રસ જેણે ચાખીઓ, તે હુવો શિવસુખ સાખીયો. ૩
ધરણેન્દ્રરાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વતણા ગુણ ગાવતી;
સહુ સંઘના સંકટ ચૂરતી, જ્ઞાનવિમલના વાંછિત પૂરતી. ૪

(૨)

પાસ જિણંદા વામાનંદા, જબ ગરભે ફલી,
સુપના દેખે અર્થ વિશેષે, કહે મઘવા મલી;
જિનવર જાયા સુર હુલરાયા, હુવા રમણી પ્રિયે,
નેમિરાજી ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લીયે. ૧
વીર એકાકી ચાર હજારે, દીક્ષા ધૂર જિનપતિ,
પાસ ને મલ્લિ ત્રય શત સાથે, બીજા સહસે વ્રતી;
ષટ્ શત સાથે સંયમ ધરતાં, વાસુપૂજ્ય જગધણી,
અનુપમ લીલા જ્ઞાન રસીલા, દેજો મુજને ઘણી. ૨
જિનમુખ દીઠી વાણી મીઠી, સુરતરુ વેલડી,
દ્રાક્ષ વિહાસે ગઇ વન વાસે, પીલે રસ સેલડી;
સાકર સેંતી તરણા લેતી, મુખે પશુ ચાવતી,
અમૃત મીઠું સ્વર્ગે દીઠું, સુર વધૂ ગાવતી. ૩

ગજમુખ દક્ષૌ વામન યક્ષૌ, મસ્તકે ફણાવલી,
ચાર તે બાંહી કચ્છપ વાહી, કાયા જસ શામલી;
ચઉકર પ્રૌઢા નાગારૂઢા, દેવી પદ્માવતી,
સોવન કાંતિ પ્રભુ ગુણ ગાતી, વીર ઘરે આવતી. ૪

(૩)

શંખેશ્વર પાર્શ્વ જુહારીએ, રિદ્ધિ દેખી લોચન ઠારીજી;
પૂજી પ્રણમીને સેવા સારીએ, ભવસાગર પાર ઉતરીએ. ૧

શત્રુંજય ગિરનાર ગિરિ વર્યા, પ્રભુ આબુ અષ્ટાપદ શિવ વર્યા;
એવા તીરથ પાય લાગીએ, આજ્ઞા મુક્તિતણાં સુખ મંગીએ. ૨

સમોવસરણ આવી પર્ષદા મળે, સ્વામી ઉપર છત્ર ચામર ઢળે;
વાણી સુણતાં સવિ પાતક ટળે, ભવિ જીવના મનવાંછિત ફળે. ૩

પદ્માવતી પરતો પૂરતી, સેવકના સંકટ ચૂરતી;
પાર્શ્વ જિનનો મહિમા વધારતી, વીર જિનના વાંછિત પૂરતી. ૪

(૪)

સકલ સુરાસુર સેવે પાયા, નયરી વાણારસી નામ સોહાયા,
અશ્વસેન કુલ આયા,
દશ ને ચાર સુપન દીખલાયા, વામાદેવી માતાએ જાયા,
લંછન નાગ સોહાયા;
છપન દિગ્કુમરી હુલરાયા, ચોસઠ ઇંદ્રાસન ડોલાયા,
મેરુ શિખર નવરાયા,
નીલ વરણ તનુ સોહે કાયા, શ્રી વિજયસેનસૂરિશ્વરરાયા,
પાર્શ્વ જિનેશ્વર ગાયા. ૧

વિદ્રુમવરણા દોય જિણંદા, દો નીલા દો ઉજ્જવલ ચંદા,
દો કાળા સુખકંદા,
સોળે જિનવર સોવન વરણાં, શિવપુરવાસી શ્રી પ્રસન્ના,
જે પૂજે તે ધન્ના;
મહાવિદેહે જિન વિચરંતા, વીશે પુરા શ્રી ભગવંતા,
ત્રિભુવન તે અરિહંતા;
તીરથ સ્થાનક નમું એ શિશ, ભાવ ધરીને વિશ્વાવીશ,
શ્રી વિજયસિંહ સૂરીશ. ૨

સાંભળ સઘળા અંગ અગ્યાર, મન શુદ્ધે ઉપાંગજ બાર,
દશ પયન્ના સાર,
છેદ ગ્રન્થ વળી ષટ્ વિચાર, મૂલસૂત્ર બોલ્યા જિન ચાર,
નંદી અનુયોગદ્વાર;
પયણાલીસ જિન આગમ નામ, શ્રી જિન અર્થે ભાંખ્યા જામ,
ગણધર ગુંથે તામ,
શ્રી વિજયસેન સુરિંદ વખાણે, જે ભવિકા નીજ ચિત્તમાં આણે,
તસ ઘર લક્ષ્મી આણે. ૩

વિજાપુરમાં સ્થાનક જાણી, મહિમા મોટે તું મંડાણી;
ધરણેન્દ્ર ધણીયાણી,
અહનિંશ સેવે સુર વૈમાની, પરતો પૂરણ તું સપરાણી,
પૂરવ પુણ્ય કમાણી;
સંઘ ચતુર્વિધ વિઘ્ન નિવારો, પાર્શ્વનાથની સેવા સારો,
સેવક પાર ઉતારો,
શ્રી વિજયસેનસૂરિશ્વર રાયા, શ્રી વિજયદેવ ગુરુપ્રણમી પાયા,
ઋષભદાસ ગુણ ગાયા. ૪

## શ્રી મહાવીર જિન થોય

(૧)

જય જય ભવિ હિતકર, વીર જિનેશ્વર દેવ,
સુર નરના નાયક, જેહની સારે સેવ;
કરુણારસ કંદો, વંદો આણંદ આણી,
ત્રિશલાસુત સુંદર, ગુણ મણિ કેરો ખાણી. ૧
જસ પંચ કલ્યાણક, દિવસ વિશેષ સુહાવે,
પણ થાવર નારક, તેહને પણ સુખ થાવે;
તે ચ્યવન જન્મ વ્રત, નાણ અને નિર્વાણ,
સવિ જિનવર કેરાં, એ પાંચે અહિ ઠાણ. ૨
જિહાં પંચ સમિતિ યુત, પંચ મહાવ્રત સાર,
જેહમાં પ્રકાશ્યા, વળી પાંચે વ્યવહાર;
પરમેષ્ઠિ અરિહંત, નાથ સર્વજ્ઞ ને પાર,
એહ પંચ પદે લહ્યો, આગમ અર્થ ઉદાર. ૩
માતંગ સિદ્ધાઈ, દેવી જિનપદ સેવી,
દુઃખ દુરિત ઉપદ્રવ, જે ટાલે નિત મેવી;
શાસન સુખદાઈ, આઈ સુણો અરદાસ,
**શ્રી જ્ઞાનવિમલ** ગુણ, પૂરો વંછિત આશ. ૪

(૨)

મનોહર મૂર્તિ મહાવીર તણી,
જેણે સોળ પહોર દેશના પભણી;
નવ મલ્લી નવ લચ્છી નૃપતિ સુણી,
કહે શિવ પામ્યા ત્રિભુવન ધણી. ૧

ઋષભ શિવ પામ્યા ચઉદસ ભકતે,
બાવીશ લહ્યા શિવ માસ તીર્થે;
છઠ્ઠે શિવ પામ્યા વીર વળી,
કાર્તિક વદી અમાવાસ્યા નિર્મળી. ૨

આગામી ભાવે ભાવ કહ્યા,
દિવાળી કલ્પે જેહ લહ્યા;
પુણ્ય પાપ અજઝયણે કહ્યા,
સવિ તહત્તિ કરીને સદ્દહ્યાં. ૩

સવિ દેવ મળિ ઉદ્યોત કરે,
પ્રભાતે ગૌતમ જ્ઞાન વરે;
જ્ઞાનવિમલ સદા ગુણ વિસ્તરે,
જિન શાસનમાં જયકાર કરે. ૪

( ૩ )

ઉપશમ રસમાં મગ્ન સદા જે, પ્રસન્ન દૃષ્ટિ સદા,
વિકસીત કમલ સમ જસ વદન, સ્ત્રી સંગ નહિ કદા;
અહોકર જુગલ તે પણ જાસ, શસ્ત્રાદિકે વર્જીત,
શ્રી મહાવીર સત્યહી દેવ, રાગદ્વેષ નિર્જીત. ૧

જિન અરિહંત સમ દમવંત, સેવે સંત માનમાં,
પરતણી આશ જે ભવ વાસ, કીધ નિરાશ સ્વધ્યાનમાં;
કામ ને કોહ વિદલતી મોહ, નિંદ વિછોહ સુજ્ઞાનમાં,
સયલ ગુણ ભુપ પરમાતમ રૂપ, સદોદભૂત તાનમાં. ૨

નમો તત્ત્વાવભાસી જગભાવ વિકાસી, સ્વપર પ્રકાશી નાણને,
પશુપણું ટાળી સુરરૂપ કરે જે, પલ્લવ આણે પહાણને;

ભૂલ અનાદિ ટળે જાસ પ્રભાવે, રક્ષે ભાવ પ્રાણને,
પ્રણમો જિનવાણી મહા કલ્યાણી, આપે પદ નિર્વાણને. ૩

જિનાજ્ઞાકારી દંભ નિવારી, શુદ્ધ મને સેવતાં,
જિનગુણ રાગી, નિર્ગુણ ત્યાગી, સુવિધિ આ સેવતાં;
નિજ ભાવે મગ્ના, વિભાવે અલગ્ના, શ્યામતા દૂરે ખેવતાં,
શુદ્ધ સમકિતધારી, જાઉં બલિહારી, જસ સાનિધ્યકારી દેવતા. ૪

(૪)

વંદુ વીર જિનેશ્વર નમી કરી,
બોંતેર વર્ષનું આયુ પૂરણ કરી;
કાર્તિક વદી અમાવાસ્યા નિર્મળી,
વીર મોક્ષે પહોંચ્યા પાવાપુરી. ૧

ચોવીસે જિન મોક્ષે ગયા,
મુજ શરણ હોજો નિર્મળ થવા;
એકવાર જિનવર જો મલે,
મારા મનના મનોરથ સવિ ફલે. ૨

મહાવીરે તે દીધી દેશના,
સોળ પ્રહર સુણી નર તે જના;
તેનો અર્થ ગણધર મુખથી સુણી,
સિદ્ધાંતને વંદુ લળી લળી. ૩

દિવાળી મહાપર્વ જાણીએ,
મહાવીર થકી મન આણીયે;
ગણણું ગણી છઠ્ઠ તપ જે કરે,
લાભવિજય સિદ્ધાઇ સંકટ હરે. ૪

(૫)

ગંધારે મહાવીર જિણંદા, જેને સેવે સુરનર ઈંદા,
દીઠે પરમાનંદા,
ચૈતર શુદી તેરસ દિન જાયા, છપન્ન દિગ્કુમરી ગુણ ગાયા,
હરખ ધરી હુલરાયા;
ત્રીશ વરસ પાળી ઘરવાસ, માગસર વદી દશમી વ્રત જાસ,
વિચરે મન ઉલ્લાસ,
એ જિન સેવો હિતકર જાણી, એહથી લહીએ શિવપટરાણી,
પુણ્યતણી એ ખાણી. ૧

ઋષભ જિનેશ્વર તેર ભવ સાર, ચંદ્રપ્રભ ભવ આઠ ઉદાર,
શાન્તિકુમાર ભવ બાર,
મુનિસુવ્રત ને નેમકુમાર, તે જિનના નવ નવ ભવ સાર,
દશ ભવ પાર્શ્વકુમાર;
સત્તાવીશ ભવ વીરના કહીએ, સત્તર જિનના ત્રણ ત્રણ લહીએ,
જિન વચને સદહીએ,
ચોવીસ જિનનો એહ વિચાર, એહથી લહીએ ભવનો પાર,
નમતાં જય જયકાર. ૨

વૈશાખ શુદી દશમી લહી નાણ, સિંહાસન બેઠા વર્ધમાન,
ઉપદેશ દે પ્રધાન,
અગ્નિ ખૂણે હવે પર્ષદા સુણીએ, સાધ્વી વૈમાનિક સ્ત્રી ગણીએ,
મુનિવર ત્યાંહીજ ભણીએ;
વ્યંતર જ્યોતિષી ભુવનપતિ સાર, એહને નૈઋત્ય ખૂણે અધિકાર,
વાયવ્ય ખૂણે એની નાર,
ઈશાને સોહીએ નરનાર, વૈમાનિક સુર થઈ પર્ષદા બાર,
સુણે જિનવાણી ઉદાર. ૩

ચક્કેસરી અજિયા દુરિઆરી, કાલી મહાકાલી મનોહારી,
અચ્ચુઆ સંતા જારી,
જ્વાલા સુતારયા ને અસોયા, સિરિવત્સા વરચંડા માયા,
વિજયાંકુસી સુખદાયા;
પન્નતિ નિવ્વાણી અચ્ચુઆ ધરણી, વૈરૂટ દત્ત ગંધારી અઘહરણી,
અંબા પઉમા સુખકરણી,
સિદ્ધાઇ શાસન રખવાલી, કનકવિજય બુધ આનંદકારી,
જસવિજય જયકારી. ૪

## શ્રી ગૌતમસ્વામિની થોય

ઇન્દ્રભૂતિ અનુપમ ગુણ ભર્યા, જે ગૌતમ ગોત્રે અલંકર્યા;
પંચ શત છાત્રશું પરિવર્યા, વીર ચરણ લહી ભવજલ તર્યા. ૧

ચઉ અઠ દસ દોય જિનને સ્તવે, દક્ષિણ પશ્ચિમ ઉત્તર પૂર્વે;
સંભવ આદિ અષ્ટાપદ ગિરિએ વળી, જે ગૌતમ વંદે લળી લળી. ૨

ત્રિપદી પામીને જેણે કરી, દ્વાદશાંગી સકલ ગુણે ભરી;
દિયે દીક્ષા તે લહે કેવલસીરી, તે ગૌતમને રહું અનુસરી. ૩

જક્ષ માતંગ ને સિદ્ધાઇકા, સૂરિ શાસનની પરભાવિકા;
શ્રી જ્ઞાનવિમલ દીપાલિકા, કરો નિત્ય નિત્ય મંગલમાલિકા. ૪

## શ્રી બીજની થોય

(૧)

દિન સકળ મનોહર, બીજ દિવસ સુવિશેષ,
રાય રાણા પ્રણમે, ચંદ્રતણી જિહાં રેખ;

તિહાં ચંદ્ર વિમાને, શાશ્વત જિનવર જેહ,
હું બીજ તણે દિન, પ્રણમું આણી નેહ. ૧
અભિનંદન ચંદન, શીતલ શીતલનાથ,
અરનાથ સુમતિ જિન, વાસુપૂજ્ય શિવ સાથ;
ઇત્યાદિક જિનવર, જન્મ જ્ઞાન નિરવાણ,
હું બીજ તણે દિન, પ્રણમું તે સુવિહાણ. ૨
પ્રકાશ્યો બીજે, દુવિધ ધર્મ ભગવંત,
જિમ વિમલ કમલ, હોય વિપુલ નયન વિકસંત;
આગમ અતિ અનુપમ, જિહાં નિશ્ચય વ્યવહાર,
બીજે સવિ કીજે, પાતકનો પરિહાર. ૩
ગજ ગામિનિ કામિની, કમલ સુકોમલ ચીર,
ચક્કેસરી કેસર, સરસ સુગંધ શરીર;
કર જોડી બીજે, હું પ્રણમું તસ પાય,
એમ લબ્ધિવિજય કહે, પૂરો મનોરથ માય. ૪

( ૨ )

અજુઆલી તે બીજ સોહાવે રે, ચંદા રૂપ અનુપમ લાવે રે;
ચંદા વિનતડી ચિત્ત ધરજો રે, સીમંધરને વંદના કહેજો રે. ૧
વીસ વિહરમાન જિનને વંદો રે, જિનશાસન પૂજી આણંદો રે;
ચંદા એટલું કામ તુમે કરજો રે, સીમંધરને વંદના કહેજો રે. ૨
સીમંધર જિનની વાણી રે, તે તો અમિય પાન સમાણી રે;
ચંદા તમે સુણી અમને સુણાવો રે, ભવ સંચિત પાપ ગમાવો રે. ૩
સીમંધર જિનની સેવા રે, જિન શાસન ભાસન મેવા રે;
ચંદા હોજો સંઘની માતા રે, ગજ લંછન ચંદ્ર વિખ્યાતા રે. ૪

## ચોથની થોય

સર્વાર્થ સિદ્ધથી ચવિ એ, મરુદેવી ઉરે ઉત્પન્ન તો;
યુગલાધર્મ શ્રી ઋષભજીએ, ચોથ તણો દિન ધન્ન તો. ૧

મલ્લિ પાસ અભિનંદન એ, ચવિયા વલી પાસ નાણ તો;
વિમલ દીક્ષા ઈમ ખટ થયા એ, સંપ્રતિ જિન કલ્યાણ તો. ૨

ચાર નિક્ષેપે સ્થાપના એ, ચઉવિહ દેવ નિકાય તો;
ચઉમુખ ચઉવિધ દેશના એ, ભાંખે સૂત્ર સમુદાય તો. ૩

ગૌમુખ યક્ષ ચક્કેસરી એ, શાસનની રખવાળ તો;
સુમતિ સંયોગ સુવાસના એ, નય ધરી નેહ નિહાળ તો. ૪

## પંચમીની થોય

(૧)

શ્રાવણ શુદિ દિન પંચમીએ, જન્મ્યા નેમ જિણંદ તો,
શ્યામ વરણ તનુ શોભતું એ, મુખ શારદકો ચંદ તો;
સહસ વરસ પ્રભુ આઉખું એ, બ્રહ્મચારી ભગવંત તો,
અષ્ટ કરમ હેલા હણીએ, પહોતા મુક્તિ મહંત તો. ૧

અષ્ટાપદ આદિજિન એ, પહોતા મુક્તિ મોઝાર તો,
વાસુપૂજ્ય ચંપાપુરીએ, નેમ મુક્તિ ગિરનાર તો;
પાવાપુરી નગરીમાં વળી એ, શ્રી વીર તણું નિર્વાણ તો,
સમેતશિખર વીશ સિદ્ધ હુવા એ, શિવ વહુ તેહની આણ તો. ૨

નેમનાથ જ્ઞાની હુઆ એ, ભાખે સાર વચન તો,
જીવદયા ગુણ વેલડી એ, કીજે તાસ જતન તો;

મૃષા ન બોલો માનવી એ, ચોરી ચિત્ત નિવાર તો,
અનંત તીર્થંકર એમ કહે એ, પરિહરીએ પરનાર તો. ૩
ગોમેઘ નામે યક્ષ ભલો એ, દેવી શ્રી અંબીકા નામ તો,
શાસન સાનિધ્ય જે કરે એ, કરે વળી ધર્મના કામ તો;
તપગચ્છ નાયક ગુણનીલો એ, શ્રી વિજયસેન સૂરિ રાય તો,
**ઋષભદાસ** પાય સેવતા એ, સફલ કરો અવતાર તો. ૪

(૨)

પાંચમને દિન ચોસઠ ઈંદ્રે, નેમિ જિન મહોત્સવ કીધો જી,
રૂપે રંભા રાજીમતીને, છંડી ચારિત્ર લીધો જી;
અંજન રત્ન સમ કાયા દીપે, શંખ લંછન પ્રસિદ્ધા જી,
કેવલ પામી મુક્તિ પહોંચ્યા, સઘળા કારજ સિધ્યા જી. ૧
આબુ અષ્ટાપદ ને તારંગા, શત્રુંજયગિરિ સોહે જી,
રાણકપુર ને પાર્શ્વ શંખેશ્વર, ગિરનારે મન મોહે જી;
સમેતશિખર ને વૈભાર ગિરિવર, ગોડી સ્થંભન વંદો જી,
પંચમીને દિન પૂજા કરતાં, અશુભ કર્મ નિકંદો જી. ૨
નેમિ જિનેશ્વર ત્રીગડે બેઠાં, પંચમી મહિમા બોલે જી,
બીજા તપ જપ છે અતિ બહોળા, નહિ કોઈ પંચમી તોલે જી;
પાટી પોથી ઠવણી કવળી, નવકારવાળી સારી જી,
પચમીનું ઉજમણું કરતાં, લહીએ શિવવધૂ પ્યારી જી. ૩
શાસનદેવી સાનિધ્યકારી, આરાધી અતિ દીપે જી,
કાને કુંડળ સુવર્ણ ચૂડી, રૂપે રૂમઝુમ દીપે જી;
અંબિકાદેવી વિઘ્ન હરેવી, શાસન સાનીધ્યકારી જી,
પંડિત **હેતવિજય** જયકારી, જિન જપે જયકારી જી. ૪

## આઠમની થોય

ચોવીસે જિનવર, હું પ્રણમું નિત્ય મેવ,
આઠમ દિન કરીએ, ચંદ્રપ્રભુની સેવ;
મૂર્તિ મનમોહન, જાણે પૂનમ ચંદ,
દીઠે દુઃખ જાયે, પામીએ પરમાનંદ. ૧

મળી ચોસઠ ઇન્દ્ર, પૂજે પ્રભુના પાય,
ઇન્દ્રાણી અપ્સરા, કર જોડી ગુણ ગાય;
નંદિશ્વર દ્વીપે, મળી સુરવરની કોડ,
અઠ્ઠાઈ મહોત્સવ, કરતા હોડા હોડ. ૨

શત્રુંજય શિખરે, જાણી લાભ અપાર,
ચોમાસુ રહીઆ, ગણધર મુનિ પરિવાર;
ભવિયણને તારે, દેઇ ધર્મ ઉપદેશ,
દુધ સાકરથી પણ, વાણી અધિક વિશેષ. ૩

પોસહ પડિક્કમણું, કરીએ વ્રત પચ્ચક્ખાણ,
આઠમ દિન કરીએ, અષ્ટ કર્મની હાણ;
અષ્ટ મંગલ થાયે, દિન દિન ક્રોડ કલ્યાણ,
એમ સુખસૂરિ કહે, જીવિત જન્મ પ્રમાણ. ૪

## એકાદશીની થોય

(૧)

નિરૂપમ નેમિ જિનેશ્વર ભાખે, એકાદશી અભિરામજી,
એક મને કરી જેહ આરાધે, તે પામે શિવ ઠામજી;
તેહ નિસુણી માધવ પૂછે, મન ધરી અતિ આનંદાજી,
એકાદશીનો એવો મહિમા, સાંભળી કહો જિણંદાજી. ૧

એક શત અધિક પચાસ પ્રમાણુ, કલ્યાણક સવિ જિનનાજી,
તેહ ભણી તે દિન આરાધો, પાપ છંડો સવિ મનનાજી;
પોસહ કરીએ મૌન આદરીએ, પરિહરીએ અભિમાનજી,
તે દિન માયા મમતા તજીએ, ભજીએ શ્રી ભગવાનજી. ૨

પ્રભાતે પડિક્કમણું કરીને, પોસહ પણ તિહાં પારીજી,
દેવ જુહારૂં ગુરુને વાંદું, દેશનાની સુણું વાણીજી;
સ્વામી જમાડું કર્મ ખપાવું, ઉજમણું ઘર માંડુંજી,
અશનાદિક ગુરુને વહોરાવી, પારણું કરૂં પછી વારૂંજી. ૩

બાવીશમા જિન એણીપરે બોલે, સુણ તું કૃષ્ણ નરિંદાજી,
એમ એકાદશી જેહ આરાધે, તે પામે સુખ વૃંદાજી;
દેવી અંબા પુણ્ય પસાયે, નેમિશ્વર હિતકારીજી,
પંડિત હરખવિજય તસ શિષ્ય, **માનવિજય** જયકારીજી. ૪

(૨)

ગૌતમ બોલે ગ્રન્થ સંભાલી, વર્ધમાન આગળ રઢીઆલી,
વાણી અતિહી રસાળી;

મૌનઅગીઆરશ મહિમા ભારી, કોણે કીધી ને કહો કોણે પાળી,
પ્રશ્ન કરે ટંકશાળી;
કહોને સ્વામિ પર્વ પંચાલી, મહિમા અધિક અધિક સુવિશાલી,
કુણ કહે કહો તુમ ટાલી;
વીર કહે માગસર અજુઆલી, દોઢસો કલ્યાણક નિહાલી,
અગીઆરસ કૃષ્ણે પાળી. ૧

નેમિનાથને વારે જાણો, કાનુડો ત્રણ ખંડનો રાણો,
વાસુદેવ સપરાણો;
પરિગ્રહને આરંભે ભરાણો, એક દિન આતમ કીધો શાણો,
જિનવંદન ઉજાણો;
નેમિનાથને કહે હિત આણો, વરસી વારૂ દિવસ વખાણો,
પાલી થાઉં શિવરાણો;
અતીત અનાગત ને વર્તમાન, નેવું જિનના હુવા કલ્યાણક,
અવર ન એહ સમાન. ૨

આગમ આરાધો ભવિ પ્રાણી, જેહમાં તીર્થંકરની વાણી,
ગણધર દેવ કહાણી;
દોઢસો કલ્યાણકની ખાણી, એક અગીઆરસનો દિન જાણી,
એમ કહે કેવલનાણી;
પુન્ય પાપની જિહાં કહાણી, સાંભળતા સુખ લેખ લખાણી,
તેહની સ્વર્ગ નિશાની;
વિદ્યા પૂર્વ ગ્રન્થે રચાણી, અંગ ઉપાંગ જે સૂત્રે ગુંથાણી,
સુણતાં દીયે શિવરાણી. ૩

જિનશાસનમાં જે અધિકારી, દેવ દેવી હોવે સમકિત ધારી,
સાનિધ્ય કરે સંભાલી;
ધર્મ કરે તસ ઉપર પ્યારી, નિશ્ચલ ધર્મ કરે સુવિચારી,
જે છે પર ઉપકારી;
વીર મંડન મહાવીર જુહારી, પાપ પખાલી જિનને જુહારી,
લાભવિજય હિતકારી;
માતંગ યક્ષ સિદ્ધાયિકા સારી, ઓલગ સારે સુર અવતારી,
સંઘના વિઘન નિવારી. ૪

## ચૈત્રી પૂનમની થોય

જિહાં અગણ્યોતેર કોડાકોડી, તિમ પંચાસી લાખ વળી કોડી,
ચુંમાલીસ સહસ્ર કોડી;
સમવસર્યા જિહાં એતિ વાર, પૂર્વ નવાણું એમ પ્રકાર,
નાભિ નરેન્દ્ર મલ્હાર. ૧

સહસ્રકૂટ અષ્ટાપદ સાર, જિન ચોવીસ તણા ગણધાર,
પગલાંનો વિસ્તાર;
વળી જિન બિંબ તણો નહિ પાર, દેહરી થભે બહુ આકાર,
વંદુ વિમલગિરિ સાર. ૨

એંસી સીત્તેર સાઠ પચાસ, બાર જોજન માને જસ વિસ્તાર,
ઈગ બિ તિ ચઉ પણ આર;
માન કહ્યું તેનું નિરધાર, મહિમા એહનો અગમ અપાર,
આગમ માંહે ઉદાર. ૩

ચૈત્રી પૂનમ દિન શુભ ભાવે, સમકિતદૃષ્ટિ સુર નર આવે,
પૂજા વિવિધ રચાવે;
જ્ઞાનવિમલસૂરિ ભાવના ભાવે, દુર્ગતિ દોહગ દૂર ગમાવે,
બોધિબીજ જસ પાવે. ૪

## શ્રી સિદ્ધચક્રની થોય

### (૧)

શ્રી સિદ્ધચક્ર સેવો સુવિચાર, આણી હૈડે હરખ અપાર,
જિમ લહો સુખ શ્રીકાર;
મનશુદ્ધે ઓળી તપ કીજે, અહોનિશ નવપદ ધ્યાન ધરીજે,
જિનવર પૂજા કીજે;
પડિક્કમણા દોય ટંકના કીજે, આઠે થુઇએ દેવ વાંદીજે,
ભૂમિ સંથારો કીજે;
મૃષા તણો કીજે પરિહાર, અંગે શિયલ ધરીજે સાર,
દીજે દાન અપાર. ૧

અરિહંત સિદ્ધ આચાર્ય નમીજે, વાચક સર્વ સાધુ વંદીજે,
દંસણ નાણ સુણીજે;
ચારિત્ર તપનું ધ્યાન ધરીજે, અહોનિશ નવપદ ગણણું ગણીજે,
નવ આંબિલ પણ કીજે;
નિશ્ચલ રાખી મન અહર્નિશ, જપીએ પદ એક એક ઇશ,
નવકારવાલી વીસ;
છેલ્લે આંબિલ મોટો તપ કીજે, સત્તરભેદી જિન પૂજા રચીજે,
નરભવ લાહો લીજે. ૨

સાતસે કુષ્ટીઆના રોગ, નાઠા મંત્ર નમણુ સંજોગ,
દૂર હુઆ કર્મના ભોગ;
અઢારે કુષ્ટ દૂરે જાએ, દુઃખ દોહગ દૂરે પલાએ,
મન વાંછિત સુખ થાએ;
નિરધનીયાને દે બહુ ધન, અપુત્રિયાને દે પુત્ર રતન,
જે સેવે શુદ્ધ મન;
નવકાર સમો નહિ કોઈ મંત્ર, સિદ્ધચક્ર સમો નહિ કોઈ યંત્ર,
સેવો ભવિ હરખંત. ૩

જીમ સેવ્યા મયણા શ્રીપાલ, ઉંબર રોગ ગયો સુખ રસાલ,
પામ્યા મંગલ માળ;
શ્રીપાલતણી પરે જે આરાધે, દિન દિન દોલત તસ ઘર વાધે,
અતિ શિવસુખ સાધે.
વિમલેશ્વર યક્ષ સેવા સારે, આપદા કષ્ટ દૂર નિવારે,
દોલત લક્ષ્મી વધારે;
મેઘવિજય કવિયણના શિષ્ય, આણી હૈડે ભાવ જગદીશ,
વિનય વંદે નિશદીશ. ૪

( ૨ )

વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરિયાજી,
એક દિન આણા વીરની લઇને, રાજગૃહી સંચરીયાજી;
શ્રેણિક રાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણીજી,
પર્ષદા આગળ બાર બિરાજે, હવે સુણો ભવિ પ્રાણીજી. ૧

માનવ ભવ તુમે પુન્યે પામ્યા, શ્રી સિદ્ધચક્ર આરાધોજી,
અરિહંત સિદ્ધ સૂરિ ઉવજ્ઝાયા, સાધુ દેખી ગુણ વાધોજી;

દર્શન નાણ ચારિત્ર તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી,
ધૂર આસોથી કરવા આંબિલ, સુખ સંપદા પામીજેજી. ૨

શ્રેણિકરાય ગૌતમને પૂછે, સ્વામી એ તપ કોણે કીધોજી,
નવ આંબિલ તપ વિધિશું કરતાં, વાંછિત સુખ કોણે લીધોજી;
મધુર ધ્વની બોલ્યા શ્રી ગૌતમ, સાંભળો શ્રેણિકરાય વયણાજી,
રોગ ગયો ને સંપદા પામ્યા, શ્રી શ્રીપાલ ને મયણાજી. ૩

રૂમઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રૂપાલીજી,
નામ ચક્કેસરી ને સિદ્ધાઇ, આદિ જિન વીર રખવાલીજી;
વિઘ્ન કોડ હરે સહુ સંઘના, જે સેવે એના પાયજી,
ભાણવિજય કવિ સેવક નય કહે, સાનિધ્ય કરજો માયજી. ૪

( ૩ )

અરિહંત નમો વલી સિદ્ધ નમો, આચારજ વાચક સાહુ નમો;
દર્શન નાણ ચારિત્ર નમો, તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો. ૧

અરિહંત અનંત થયા થાશે, વળી ભાવ નિક્ષેપે ગુણ ગાશે;
પડિક્કમણાં દેવવંદન વિધિશું, આંબિલ તપ ગણણું ગણો વિધિશું. ૨

છ’રી પાળી જે તપ કરશે, શ્રીપાળ તણી પરે ભવ તરશે;
સિદ્ધચક્રને કુણ આવે તોલે, એવા જિન આગમ ગુણ બોલે. ૩

સાડા ચાર વરસે તપ પૂરો, એ કર્મ વિદારણ તપ શૂરો;
સિદ્ધચક્રને મનમંદિર સ્થાપો, નય વિમલેસર વર આપો. ૪

( ૪ )

પ્રહ ઊઠી વંદુ, સિદ્ધચક્ર સદાય,
જપીએ નવપદનો જાપ, સદા સુખદાય;
વિધિપૂર્વક એ તપ, જો કરે થઇ ઉજમાળ,
તે સવિ સુખ પામે, જિમ મયણા શ્રીપાળ. ૧

માલવપતિ પુત્રી, મયણા અતિ ગુણવંત,
તસ કર્મ સંયોગે, કોઢિ મલીયો કંથ;
ગુરુ વયણે તેણે, આરાધ્યું તપ એહ,
સુખ સંપદા વરીઆ, તરિયા ભવ જલ તેહ. ૨

આંબેલ ને ઉપવાસ, છટ્ઠ વળી અટ્ઠમ,
દસ અટ્ઠાઇ પંદર, માસ છમાસી વિશેષ;
ઇત્યાદિક તપ બહુ, સહુમાંહી શિરદાર,
જે ભવિયણ કરશે, તે તરશે સંસાર. ૩

તપ સાનિધ્ય કરશે, શ્રી વિમલેશ્વર યક્ષ,
સહુ સંઘના સંકટ, ચૂરે થઇ પ્રત્યક્ષ;
પુંડરિક ગણધાર, કનકવિજય બુધ શિષ્ય,
બુધ દર્શનવિજય કહે, પહોંચે સકલ જગીશ. ૪

( ૫ )

જિન શાસન વંછિત, પૂરણ દેવ રસાલ,
ભાવે ભવિ ભણીએ, સિદ્ધચક્ર ગુણમાલ;
તિંહુ કાલે એહની, પૂજા કરે ઉજમાળ,
તે અજર અમર પદ, સુખ પામે સુવિશાલ. ૧

અરિહંત સિદ્ધ વંદો, આચારજ ઉવજ્ઝાય,
મુનિ દર્શન નાણ, ચરણ તપ એ સમુદાય;
એ નવપદ સમુદિત, સિદ્ધચક્ર સુખદાય,
એ ધ્યાને ભવિના, ભવ કોટિ દુઃખ જાય. ૨

આસો ચૈતરમાં, શુદિ સાતમથી સાર,
પૂનમ લગે કીજે નવ આંબિલ નિરધાર;
દોય સહસ ગણણું, પદ સમ સાડાચાર,
એકાશી આંબિલ, તપ આગમ અનુસાર. ૩

સિદ્ધચક્રનો સેવક, શ્રી વિમલેશ્વર દેવ,
શ્રીપાલતણી પરે, સુખ પુરે સ્વયમેવ;
દુઃખ દોહગ નાવે, જે કરે એહની સેવ,
શ્રી સુમતિ સુગુરુનો, રામ કહે નિત્ય મેવ. ૪

## શ્રી પર્યુષણ પર્વની થોય

### (૧)

પુન્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજુષણ પામીજી,
કલ્પધર પધરાવો સ્વામી, નારી કહે શિર નામીજી;
કુંવર ગયવર ખંધ ચઢાવી, ઢોલ નિશાન વજડાવોજી,
સદ્ગુરુ સંગે ચઢતે રંગે, વીર ચરિત્ર સુણાવોજી. ૧

પ્રથમ વખાણ ધર્મ સારથી પદ, બીજે સુપના ચારજી,
ત્રીજે સુપન પાઠક વલી ચોથે, વીર જનમ અધિકારજી;

પાંચમે દીક્ષા છઠ્ઠે શિવપદ, સાતમે જિન ત્રેવીસજી,
આઠમે થીરાવલી સંભળાવી, પિયુડા પુરો જગીશજી. ૨

છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઈ કીજે, જિનવર ચૈત્ય નમીજેજી,
વરસી પડિક્કમણું મુનિ વંદન, સંઘ સયલ ખામીજેજી;
આઠ દિવસ લગે અમર પળાવી, દાન સુપાત્રે દીજેજી,
ભદ્રબાહુ ગુરુ વયણ સુણીને, જ્ઞાન સુધારસ પીજેજી. ૩

તીરથમાં વિમલાચલ ગિરિમાં, મેરુ મહિધર જેમજી,
મુનિવર માંહી જિનવર મોટાં, પર્વ પજ્જુષણ તેમજી;
અવસર પામી સાહમ્મીવચ્છલ, બહુ પકવાન વડાઈજી,
ખિમાવિજય જિન દેવી સિદ્ધાઈ, દિન દિન અધિક વધાઈજી. ૪

( ૨ )

વરસ દિવસમાં અષાડ ચોમાસું, તેમાં વલી ભાદરવો માસ,
આઠ દિવસ અતિ ખાસ;
પર્વ પજ્જુષણ કરો ઉલ્લાસ, અઠ્ઠાઈધરનો કરવો ઉપવાસ,
પોસહ લીજે ગુરુ પાસ;
વડાકલ્પનો છઠ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે,
ચૌદ સુપન વાચીજે;
પડવે ને દિન જન્મ વંચાય, ઓચ્છવ મહોચ્છવ મંગલ ગવાય,
વીર જિનેશ્વર રાય. ૧

બીજ દિને દીક્ષા અધિકાર, સાંજ સમય નિરવાણ વિચાર,
વીર તણો પરિવાર;
ત્રીજ દિને શ્રી પાર્શ્વ વિખ્યાત, વળી નેમિસરનો અવદાત,
વળી નવ ભવની વાત;

ચોવીસે જિન અંતર ત્રેવીશ, આદિ જિનેશ્વર શ્રી જગદીશ;
તાસ વખાણ સુણીશ;
ધવલ મંગલ ગીત ગહુંલી કરીએ, વળી પ્રભાવના નિત અનુસરીએ,
અટ્ઠમ તપ જય વરીએ. ૨

આઠ દિવસ લગે અમર પળાવો, તેહ તણો પડહો વજડાવો,
ધ્યાન ધરમ મન ભાવો;
સંવત્સરી દિન સાર કહેવાય, સંઘ ચતુર્વિધ ભેળો થાય,
બારસા સૂત્ર સુણાય;
થિરાવલી ને સમાચારી, પટ્ટાવલી પ્રમાદ નિવારી,
સાંભલજો નરનારી;
આગમસૂત્રને પ્રણમીશ, કલ્પસૂત્રશું પ્રેમ ધરીશ,
શાસ્ત્ર સર્વે સુણીશ. ૩

સત્તરભેદી જિન પૂજા રચાવો, નાટક કેરા ખેલ મચાવો,
વિધિશું સ્નાત્ર ભણાવો;
આડંબરશું દેહરે જઈએ, સંવત્સરી પડિક્કમણું કરીએ,
સંઘ સર્વને ખમીએ;
પારણે સાહમ્મિ વચ્છલ કીજે, યથાશક્તિએ દાન જ દીજે,
પૂન્ય ભંડાર ભરીજે;
શ્રી વિજય ક્ષેમસૂરિ ગણધાર, જસવંતસાગર ગુરુ ઉદાર,
જિણંદસાગર જયકાર. ૪

## શ્રી અધ્યાત્મ સ્તુતિ

સોવન વાડી ફુલડે છાઈ, છાબ ભરી હું લાવુંજી,
ફુલ જ લાવું ને હાર ગૂંથાવું, પ્રભુજીને કંઠે સોહાવુંજી;
ઉપવાસ કરૂં તો ભૂખ જ લાગે, ઉનું પાણી નવિ ભાવેજી,
આંબિલ કરૂં તો લુખું ન ભાવે, નીવીએ ડુમા આવેજી. ૧
એકાસણું કરૂં તો ભૂખે રહી ન શકું, સુખે ખાઉં ત્રણ ટંકજી,
સામાયિક કરૂં તો બેસી ન શકું, નિંદા કરૂં સારી રાતજી;
દેરે જાઉં તો ખોટી જ થાઉં, ઘરનો ધંધો ચૂકુંજી,
દાન દઉં તો હાથ જ ધ્રૂજે, હૈયે કંપ વછૂટેજી. ૨
જીવને જમડાનું તેડું આવ્યું, સર્વ મેલીને ચાલેજી,
રહો જમડાજી આજનો દહાડો, શેત્રુંજે જઈને આવુંજી;
શેત્રુંજે જઈને દ્રવ્ય જ ખર્ચું, મોક્ષ માર્ગ હું માંગુજી,
ઘેલા જીવડા ઘેલું શું બોલે, એટલા દિવસ શું કીધુંજી. ૩
જાતે જે જીવ પાછળ ભાતું, શું શું સાથે આવેજી,
કાચી કુલેર ખોખરી હાંડી, કાઠીના ભારા સાથેજી;
**જ્ઞાનવિમલસૂરિ** એણી પરે ભાખે, ધ્યાવો અધ્યાત્મ ધ્યાનજી,
ભાવ ભક્તિશું જિનજીને પૂજો, સમકિતને અજવાળોજી. ૪

## શ્રી રાત્રિભોજનની થોય

શાસન નાયક વીરજી એ, પામી પરમ આધાર તો,
રાત્રિભોજન મત કરો એ, જાણી પાપ અપાર તો;
ઘુવડ કાગ ને નાગના એ, તે પામે અવતાર તો,
નિયમ નોકારસી નિત્ય કરો એ, સાંજે કરો ચોવિહાર તો. ૧

વાસી બોળો ને રીંગણા એ, કંદમૂળ તું ટાળતો,
ખાતા ખોટ ઘણી કહી એ, તે માટે મન વાળતો;
કાચા દુધ ને છાશમાં એ, કઠોળ જમવું નિવારતો,
ઋષભાદિક જિન પૂજતા એ, રાગ ધરે શિવનાર તો. ૨

હોળી બળેવ ને નોરતા એ, પીંપળે પાણી મ રેડતો,
શીલ સાતમના વાસી વડા એ, ખાતાં મોટી ખોડ તો;
સાંભળી સમકિત રૂઢ કરો એ, મિથ્યાત્વ પર્વ નિવારતો,
સામાયિક પડિક્કમણું નિત કરો એ, જિનવાણી જગ સાર તો. ૩

ઋતુવંતી અડકે નહિ એ, નવિ કરે ઘરના કામ તો,
તેના વાંછિત પૂરશે એ, દેવી સિદ્ધાયિકા નામ તો;
હિત ઉપદેશે હર્ષ ધરી એ, કોઈ ન કરશો રીશ તો,
કીર્તિ કમલા પામશો એ, જીવ કહે તસ શિષ્ય તો. ૪

## શ્રી શાશ્વતા અશાશ્વતા જિનની થોય

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિષેણ દુઃખ વારેજી,
વર્ધમાન જિનવર વળી પ્રણમો, શાશ્વત નામે એ ચારેજી;
ભરતાદિક ક્ષેત્રે મલી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી,
તેણે ચારે એ શાશ્વત જિનવર, નમિયે નિત્ય સવારેજી. ૧

ઉર્ધ્વ અધો તિર્છા લોકે થઇ, કોડિ પન્નરસે જાણોજી,
ઉપર કોડિ બ્હેંતાલીસ પ્રણમો, અડવન લખ મન આણોજી;
છત્તીસ સહસ અશીતિ તે ઉપરે, બિંબ તણો પરિમાણોજી,
અસંખ્યાત વ્યંતર જ્યોતિષીમાં, પ્રણમું તે સુવિહાણોજી. ૨

રાયપસેણી જીવાભિગમેં, ભગવતી સૂત્રે ભાખીજી,
જંબુદ્વિપ પન્નતિ ઠાણાંગે, વિવરીને ઘણું દાખીજી;
વળી અશાશ્વતી જ્ઞાતાકલ્પમાં, વ્યવ્હાર પ્રમુખે આખીજી,
તે જિન પ્રતિમા લોપે પાપી, જિંહા બહુ સૂત્ર છે સાખીજી. ૩

એ જિનપૂજાથી આરાધક, ઇશાન ઇન્દ્ર કહાયાજી,
તેમ સૂર્યાભ પ્રમુખ બહુ સુરવર, દેવી તણા સમુદાયાજી;
નંદિશ્વર અઠ્ઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયાજી,
જિન ઉત્તમ કલ્યાણક દિવસે, પદ્મવિજય નમે પાયાજી. ૪

## શ્રી સીમંધરજિન થોય

(૧)

શ્રી સીમંધર સેવિત સુરવર, જિનવર જય જયકારીજી,
ધનુષ પાંચસે કંચનવરણી, મૂર્તિ મોહનગારીજી;
વિચરંતા પ્રભુ મહાવિદેહે, ભવિજનને હિતકારીજી,
પ્રહ ઊઠી નિત્ય નામ જપીજે, હૃદયકમલમાં ધારીજી. ૧

સીમંધર યુગમંધર બાહુ સુબાહુ, સુજાત સ્વયંપ્રભ ઋષભજી,
અનંત સુર વિશાલ વજ્રધર, ચંદ્રાનન અભિરામજી;
ચંદ્ર ભુજંગ ઇશ્વર નેમિપ્રભ, વીરસેન ગુણધામજી,
મહાભદ્ર ને દેવયશા વળી, અજિત કરૂં પ્રણામજી. ૨

પ્રભુ મુખવાણી બહુ ગુણખાણી, મીઠી અમિય સમાણીજી,
સૂત્ર અને અર્થે ગૂંથાણી, ગણધરથી વીરવાણીજી;
કેવલનાણી બીજ વખાણી, શિવપુરની નિશાનીજી,
ઉલટ આણી દિલમાંહી જાણી, વ્રત કરો ભવિ પ્રાણીજી. ૩

પહેરી પટોલી ચરણાં ચોલી, ચાલી ચાલ મરાલીજી,
અતિ રૂપાલી અધર પ્રવાલી, આંખલડી અણીઆલીજી;
વિઘ્ન નિવારી સાનિધ્યકારી, શાસનની રખવાળીજી,
ધીરવિમલ કવિરાયનો સેવક, બોલે નય નિહાલીજી. ૪

( ૨ )

શ્રી સીમંધર જિનવર સુખકર સાહિબ દેવ,
અરિહંત સકલની ભાવ ધરી કરૂં સેવ;
સકલાગમ પારગ ગણધર ભાષીત વાણી,
જયવંતી આણા જ્ઞાનવિમલ ગુણ ખાણી.

( ૩ )

સો ક્રોડ સાધુ, સો ક્રોડ સાધ્વી જાણ,
ઐસે પરિવારે, સીમંધર ભગવાન;
દસ લાખ કહ્યા કેવળી, પ્રભુજીનો પરિવાર,
વાચક યશ કહે વંદુ, નિત્ય નિત્ય વાર હજાર.

## ચાર વખત બોલાય તેવી થોયો

( ૧ )

ભીડભંજન પાર્શ્વ પ્રભુ સમરો,
અરિહંત અનંતનું ધ્યાન ધરો;
જિનાગમ અમૃતં પાન કરો,
શાસનદેવી સવિ વિઘ્ન હરો.

( ૨ )

પુંડરીક મંડણ પાય પ્રણમીજે, આદિશ્વર જિનચંદાજી,
નેમ વિના ત્રેવીસ તીર્થંકર, ગિરિ ચઢિયા આણંદાજી;
આગમ માંહે પુંડરિક મહિમા, ભાખ્યો જ્ઞાન દીણંદાજી,
ચૈત્રી પુનમ દિન દેવી ચક્કેસરી, સૌભાગ્ય દો સુખકંદાજી.

( ૩ )

વીરમ્ દેવમ્ નિત્યં વંદે. (૧)
જૈના પાદા યુષ્માન્ પાન્તુ. (૨)
જૈનમ્ વાક્યં ભૂયાદ્ ભૂત્યૈ. (૩)
સિદ્ધાદેવી દદ્યાત્ સૌખ્યમ્. (૪)

# વિભાગ-૫

## 卐 સજઝાય 卐

* શત્રુંજયના ૨૧ ખમાસમણના દુહા
* પુણ્યપ્રકાશનું સ્તવન
* રત્નાકર પચ્ચીશી
* આરાધનાદિ

### ક્રોધની સજઝાય

કડવા ફળ છે ક્રોધના, જ્ઞાની એમ બોલે;
રીસ તણો રસ જાણીએ, હલાહલ તોલે. કડવા૦ ૧

ક્રોધે ક્રોડ પૂરવતણું, સંજમ ફળ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય. કડવા૦ ૨

સાધુ ઘણો તપીઓ હતો, ધરતો મન વૈરાગ;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશિઓ નાગ. કડવા૦ ૩

આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે;
જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પ્રજાળે. કડવા૦ ૪

ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવલનાણી;
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી. કડવા૦ ૫
ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાંહી;
કાયા કરજો નિર્મળી, ઉપશમ રસે નાહી. કડવા૦ ૬

## માનની સજઝાય

રે જીવ માન ન કીજીએ, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહિ, તો કિમ સમકિત પાવે રે રે૦ ૧
સમકિત વિણ ચારિત્ર નહિ,ચારિત્ર વિના નહિ મુક્તિ રે;
મુક્તિના સુખ છે શાશ્વતા, તે કિમ લહીએ જુક્તિ રે. રે૦ ૨
વિનય વડો સંસારમાં, ગુણ માંહે અધિકારી રે;
માને ગુણ જાએ ગળી, પ્રાણી જો જો વિચારી રે. રે૦ ૩
માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો રે;
દુર્યોધન ગર્વે કરી, અંતે સવિ હાર્યો રે. રે૦ ૪
સૂકાં લાકડાં સારિખો, દુઃખદાયી એ ખોટો રે;
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે. રે૦ ૫

## શ્રી માયાની સજઝાય

(૧)

સમકિતનું મૂળ જાણીએ જી, સત્ય વચન સાક્ષાત,
સાચામાં સમકિત વસે જી, માયામાં મિથ્યાત્વ રે;
પ્રાણી મ કરીશ માયા લગાર. ૧

મુખ મીઠો જૂઠો મને જી, કુડ કપટનો રે કોટ;
જીભે તો જી જી કરે જી, ચિત્ત માંહે તાકે ચોટ રે. પ્રાણી૦ ૨
આપ ગરજે આઘો પડે જી, પણ ન ધરે વિશ્વાસ;
મનશું રાખે આંતરો જી, એ માયાનો પાસ રે. પ્રાણી૦ ૩
જેહશું બાંધે પ્રીતડી જી, તેહશું રહે પ્રતિકુળ;
મેલ ન છંડે મનતણો જી, એ માયાનું મૂળ રે. પ્રાણી૦ ૪
તપ કીધો માયા કરી જી, મિત્રશું રાખ્યો રે ભેદ;
મલ્લિ જિનેશ્વર જાણજો જી, તે પામ્યા સ્ત્રીવેદ રે. પ્રાણી૦ ૫
ઉદયરત્ન કહે સાંભળો જી, મેલો માયાની બુધ;
મુક્તિપુરી જાવા તણો જી, એ મારગ છે શુદ્ધ રે. પ્રાણી૦ ૬

( ૨ )

માયા કારમી રે, માયા મ કરો ચતુર સુજાણ,
માયાએ વાહ્યા જગત વિલુદ્ધા, દુઃખીયા થાય અજાણ;
જે નર માયાએ મોહી રહ્યા, તેને સ્વપ્ને નહિ સુખ ઠામ. માયા૦ ૧
માયા કામણ માયા મોહન, માયા જગધૂતારી;
માયાથી મન સહુનું ચળીયું, લોભીને બહુ પ્યારી. માયા૦ ૨
નાના મોટા નરને માયા, નારીને અધિકેરી;
વળી વિશેષે અતિ ઘણી વ્યાપે, ઘરડાને ઝાઝેરી. માયા૦ ૩
જોગી જંગમ યતિ સન્યાસી, નગ્ન થઇ પરવરીઆ;
ઉંધે મસ્તકે અગ્નિ ધખંતી, માયાથી નવિ ડરીઆ. માયા૦ ૪
માયા માટે નાનકસાહી ડંડા બહોત લગાવે;
કોઈ લઇ શંકરના વેષો, ભુંડી ભીખ મંગાવે. માયા૦ ૫

માયા મેળી કરી બહુ ભેળી, લોભે લક્ષણ જાય;
ભયથી ધન ધરતીમાં ઘાલે, મરીને વિષધર થાય. માયા૦ ૬

માયા કારણ દૂર દેશાંતર, અટવી વનમાં જાય;
પ્રવહણ બેસી દ્વીપ દ્વીપાંતર, સાગરમાં ઝંપલાય. માયા૦ ૭

માયા માત પિતા ભાઈ બ્હેનને, ભેદ પડાવણહાર;
માયા માટે સગા બંધુઓ, લડી મરે બહુ વાર. માયા૦ ૮

માયા દેખી ધર્મને છોડે, મમતા શું લેપાય;
માયા ઉપર મૂર્છા કરીને, મરી અવગતિઓ થાય. માયા૦ ૯

શિવભૂતિ સરખા સત્યવાદી, સત્યઘોષ કહાવે;
રત્ન દેખી તેહનું મન ચળીયું, મરીને દુર્ગતિ જાય. માયા૦ ૧૦

લબ્ધિદત્ત માયાએ નડિઓ, પડીઓ સમુદ્ર મોઝાર;
મુખમાં ખણીઓ થઇને મરીઓ, પડીઓ નરક દુવાર. માયા૦ ૧૧

ઝાઝે પૈસે સુખ ન દેખે, થોડે પૈસે દુઃખીયા;
તૃષ્ણા તરૂણી ત્યાગ કરે તો, સદા રહે છે સુખીયા. માયા૦ ૧૨

મન વચન કાયાએ માયા, મૂકી વનમાં જાય;
ધન્ય ધન્ય તેહ મુનિશ્વર જેહના, દેવ ગાંધર્વ જસ ગાય. માયા૦ ૧૩

## લોભની સજઝાય

તુમે લક્ષણ જોજો લોભના રે, લોભે મુનિજન પામે ક્ષોભના રે;
લોભે ડાહ્યા મન ડોલ્યા કરે રે, લોભે દુર્ઘટ પંથ સંચરે રે.
તુમે૦ ૧

તજે લોભ તેહના લેઉં ભામણાં રે, વળી પાયે નમી કરૂં ખામણા રે;
લોભે મર્યાદા ન રહે કેહની રે, તમે સંગત મેલો તેહની રે.
તુમે૦ ૨

લોભે ઘર મેલી રણમાં મરે રે, લોભે ઉચ્ચ તે નીચું આચરે રે;
લોભે પાપભણી પગલાં ભરે રે, લોભે અકારજ કરતા ન ઓસરે રે.
તુમે૦ ૩

લોભે મનડું ન રહે નિર્મળું રે, લોભે સગપણ નાસે વેગળું રે;
લોભે ન રહે પ્રીતી ને પાવડું રે, લોભે ધન મેળવે બહુ એકઠું રે.
તુમે૦ ૪

લોભે પુત્ર પ્રત્યે પિતા હણે રે, લોભે હત્યા પાતિક નવિ ગણે રે;
તે તો દામતણે લોભે કરી રે, ઉપર મણિધર થાએ મરી રે.
તુમે૦ ૫

જોતાં લોભનો થોભ દીસે નહિ રે, એવું સૂત્ર સિદ્ધાંતે કહ્યું સહી રે;
લોભે ચક્રી સુભુમ નામે જુઓ રે, તે તો સમુદ્રમાંહે ડૂબી મુઓ રે.
તુમે૦ ૬

એમ જાણીને લોભને છંડજો રે, એક ધર્મ શું મમતા માંડજો રે;
કવિ ઉદયરત્ન ભાખે મુદારે, વંદુ લોભ તજે તેહને સદા રે.
તુમે૦ ૭

## વૈરાગ્યની સજઝાય

ઉંચા મંદિર માળીયાં, સોડ વાળીને સૂતો;
કાઢો કાઢો એને સહુ કહે, જાણે જન્મ્યો જ નહોતો.
એક રે દિવસ એવો આવશે, મન સબળોજી સાલે;
મંત્રી મળ્યા સવિ કારમાં, તેનું કાંઈ ન ચાલે. એક૦ ૧

સાવ સોનાનાં સાંકળા, પહેરણુ નવ નવા વાઘા;
ધોળું રે વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા. એક૦ ૨

ચરૂ કઢાઇઓ અતિ ઘણાં, બીજાના નહિ લેખું;
ખોખરી હાંડી એના કર્મની, તે તો આગળ દેખું. એક૦ ૩

કેનાં છોરૂં ને કેના વાછરૂં, કેના માય અને બાપ;
અંતઃકાળે જવું જીવને એકલું, સાથે પૂન્ય ને પાપ. એક૦ ૪

સગી રે નારી એની કામિની, ઉભી ટગમગ જુએ;
તેનું કાંઇ પણ ચાલે નહિ, બેઠી ધ્રૂસકે રૂવે. એક૦ ૫

વહાલા તે વહાલા શું કરો, વહાલા વોળાવી વળશે;
વહાલા તે વન કેરાં લાકડાં, તે તો સાથે જ બળશે. એક૦ ૬

નહિ ત્રાપો નહિ તુંબડી, નથી તરવાનો આરો;
ઉદયરત્ન પ્રભુ ઈમ ભણે, મને ભવપાર ઉતારો. એક૦ ૭

(૨)

પૂન્ય સંયોગે પામીઓજી રે, નર ભવ આર જ ખેત;
શ્રાવક કુળ ચિંતામણિ જીરે, ચેતી શકે તો ચેત રે;
જીવડા, એ સંસાર અસાર.
સાર માત્ર શ્રી જિન ધર્મ છે રે, આપનું ઘર સંભાળ રે. જીવડા૦ ૧

માત પિતા સુત બાંધવા જીરે, દાસ દાસી પરિવાર;
સ્વાર્થ સાધે સહુ આપણો જી, મતલબના સૌ ધાર રે. જીવડા૦ ૨

સરોવર જળનો મિંડકો જીરે, તાકે આપણો ભક્ષ;
સાપ તાકે છે મિંડકો જીરે, સહુને આપણો લક્ષ રે. જીવડા૦ ૩

મયુર તાકે છે સાપને જીરે, આહેડી તાકે છે મોર;
મચ્છ ગળાગળ ન્યાય છે જીરે, નિર્ભય નહિ કોઇ હોય રે. જીવડા૦ ૪

કર્મે નાટક માંડીઓ જીરે, જીવડો નાચણહાર;
નવા નવા બે બાથમાં જીરે, ખેલે વિવિધ પ્રકાર રે. જીવડા૦ ૫

ચોરાસી ચોગાનમાં જીરે, રૂપ રંગના રે ઠાઠ;
તમાસા ત્રણ લોકના જીરે, બાજીગરના પાઠ રે. જીવડા૦ ૬

બોત ગઈ થોડી રહી જીરે, પરભવનું ભાતું રે બાંધ;
સમતા સુખની વેલડી જીરે, ધર્મરતન પદ સાધ રે. જીવડા૦ ૭

( ૩ )

તન ધન જોબન કારમું જીરે, કોના માત ને તાત;
કોના મંદિર માળીયા જીરે, તે સહુ સ્વપ્નની વાત.
સૌભાગી શ્રાવક સાંભળો ધર્મ.. ૧

ફોગટ ફાંફાં મારવાજી, અંતે સગુ નહિ કોઈ;
બેબર જમાઇ ખાઇ ગયોજી, કૂટાઈ ગયો કંદોઈ. સૌભાગી૦ ૨

પાપ અઢારને સેવીનેજી, લાવે પૈસો એક;
પાપના ભાગી કો નહિજી, ખાવાવાળા છે અનેક. સૌભાગી૦ ૩

જીવતાં જસ લીધો નહિજી, મુવા પછી શી વાત;
ચાર ઘડીનું ચાંદણુંજી, પછી અંધારી રાત. સૌભાગી૦ ૪

ધન્ય તે મોટા શ્રાવકોજી, આણંદ ને કામદેવ;
ઘરનો બોજો છોડીનેજી, વીર પ્રભુની કરે સેવ. સૌભાગી૦ ૫

બાપ દાદા ચાલ્યા ગયાજી, પૂરા થયા નહિ કામ;
કરવી ઘરની વેઠડીજી, શેખચલ્લીના પરિણામ. સૌભાગી૦ ૬

જો સમજો તો સાનમાંજી, સદ્‌ગુરુ આપે છે જ્ઞાન;
જો સુખ ચાહો મોક્ષનાજી, ધર્મરતન કરો ધ્યાન. સૌભાગી૦ ૭

(૪)

જોબનીયાની મોજો ફોજો, જાય નગારાં દેતી રે;
ઘડી ઘડી ઘડિઆળા વાગે તોય ન જાગે તેથી રે. જોબન૦ ૧

જરા રાક્ષસી જોર કરે છે, ફેલાવે ફજેતી રે;
આવી અવધે ઉચકી લેશે, લખપતીને લેતી રે. જોબન૦ ૨

મહેલે બેઠો મોઝ કરે છે, ખાંતે જુએ ખેતી રે;
જમડો ભમરો તાણી લેશે, ગોફણ ગોળા સેતી રે જોબન૦ ૩

જિનરાજાને શરણે જાવું, યમ રહે દૂરે જેથી રે;
દુનિયામાં દૂજો દીસે નહિ, આખર તરશો તેથી રે. જોબન૦ ૪

દાંત પડ્યો ને ડોસો થયો, કાજ સર્યું નહિ જેથી રે;
ઉદયરત્ન કહે આપે સમજો, કહીએ વાતો કેતી રે. જોબન૦ ૫

(૫)

જીવડલા આજે જવું કે કાલે,
મરણ ભય સર્વને માથે ચાલે;
પડ્યા જળ પંખીડા તિહાં પકડાશે,
કમલ ખીલ્યાં તે તો ખચીત કરમાશે;
જન્મ્યા તે તો જરૂર મરી જાશે. જીવ૦ ૧

કાને રે કુંડળ લટકાવી ફાંકડા ફરતાં,
ધમક સહુ ધરતી ઉપર પગ ધરતા;
એવા નરને દીઠા ઠાઠડીઓમાં ઠરતાં. જીવ૦ ૨

ગયા રે જાણે ગાદિપતિ મેલી ઠોઠાં,
ગયા રે પંડિત પડ્યા મેલી પોથાં;
એ તો સડી સડી થઈ ગયાં થોથાં. જીવ૦ ૩

નવા રે નવા પોશાક પહેરી નિસરતા,
મોટા રે મોટા મહીપતીને જઈ મળતા;
એવા નરને દીઠા મસાણમાં બળતા. જીવ૦ ૪

ખમા રે ખમા કહેવાતા પડતા આખડતા;
રતનમુનિ દુર્યોધન પુંઠે ફરતા;
એવા નરના નામ શોધ્યા નથી જડતા. જીવ૦ ૫

## કર્મની સજઝાય

સુખ દુઃખ સરજ્યાં પામીએ રે, આપદ સંપદ હોય,
લીલા દેખી પરતણી રે, રોષ મ ધરજો કોય રે;
પ્રાણી મન નાણો વિખવાદ.
એ તો કર્મતણા પરસાદ રે, પ્રાણી મન નાણો વિખવાદ. ૧

ફળના આહારે જીવીયા રે, બાર વરસ વન રામ;
સીતા રાવણ લેઇ ગયો રે, કર્મતણા એ કામ રે. પ્રાણી૦ ૨

નીર પાંખે વન એકલો રે, મરણ પામ્યો રે મુકુંદ;
નીચતણે ઘર જળ વહ્યાં રે, શીર ધરી હરિશ્ચંદ્ર રે. પ્રાણી૦ ૩

નળે દમયંતી પરિહરી રે, રાત્રિ સમય વન બાલ;
નામ ઠામ કુળ ગોપવી રે, નળે નિરવાહ્યો કાલ રે. પ્રાણી૦ ૪

રૂપે અધિક જગ જાણીએ રે, ચક્રી સનતકુમાર;
વરસ સાતસે ભોગવી રે, વેદના વિવિધ પ્રકાર રે. પ્રાણી૦ ૫

રૂપે વળી સુર સારિખા રે, પાંડવ પાંચ વિચાર;
તે રણુવાસે રડવડ્યાં રે, પામ્યા દુઃખ સંસાર રે. પ્રાણી૦ ૬

સુર નર જસ સેવા કરે રે, ત્રિભુવનપતિ વિખ્યાત;
તે પણ કર્મે વિટંબીયા રે, તો માણુસ કેઇ માત્ર રે. પ્રાણી૦ ૭

દોષ ન દીજે કેહને રે, કર્મ વિટંબનહાર;
દાન મુનિ કહે જીવને રે, ધર્મ સદા સુખકાર રે. પ્રાણી૦ ૮

## આઠ કર્મની સજઝાય

પ્રભુ મારા કર્મ લાગ્યા છે મારે કેડલે,
ઘડીએ ઘડીએ આતમરામ મૂંઝાય રે. પ્રભુ૦ ૧

જ્ઞાનાવરણીએ જ્ઞાન રોકીયું,
દર્શનાવરણીએ કર્યો દર્શન ઘાત રે. પ્રભુ૦ ૨

વેદનીય કર્મે વેદના મોકલી,
મોહનીય કર્મે ખવડાવ્યો માર રે. પ્રભુ૦ ૩

આયુષ્ય કર્મે તાણી બાંધીયું,
નામ કર્મે નચાવ્યો નાચ રે. પ્રભુ૦ ૪

ગોત્ર કર્મે બહુ રખડાવીઓ,
અંતરાય કર્મે વાળ્યો છે આડો આંક રે. પ્રભુ૦ ૫

આઠે કર્મને જે વશ કરે,
તેને ઘેર હોજો મંગળમાળ રે. પ્રભુ૦ ૬
આઠે કર્મને જે જીતશે,
તેનો હોશે મુક્તિપુરીમાં વાસ રે. પ્રભુ૦ ૭
હીરવિજય ગુરુ હીરલો,
પંડિત રત્નવિજય ગુણ ગાય રે. પ્રભુ૦ ૮

## મોક્ષનગરની સજ્ઝાય

મોક્ષનગર મારૂં સાસરૂં, અવિચળ સદા સુખવાસ રે;
આ પદ જિનવર ભેટીએ, તીહાં કરો લીલ વિલાસ રે.
મોક્ષ૦ ૧
જ્ઞાન દર્શન આણા આવીયા, કરો કરો ભક્તિ અપાર રે;
શિયળ શણગાર પહેરી શોભતા, ઉઠી ઉઠી જિન સમરંત રે.
મોક્ષ૦ ૨
વિવેક સોવન ટીલું તપ તપે, જીવદયા કુમકુમ રોળ રે;
સમતા કાજળ નયણ લો, સાચું સાચું વયણ તંબોલ રે.
મોક્ષ૦ ૩
સમતા વાર સોહામણી, ચારિત્ર વેલ જોડાવો રે;
તપ જપ બળદ ધોરી જોતરો, ભાવના ભાવો રસાળ રે.
મોક્ષ૦ ૪
કારમું સાસરૂં પરિહરો, ચેતો ચેતો ચતુર સુજાણ રે;
જ્ઞાનવિમલ મુનિ એમ કહે, એ છે મુક્તિનું ઠામ રે.
મોક્ષ૦ ૫

## મનુષ્યભવની સજઝાય

મનુષ્ય ભવનું ટાણું રે, કાલે વહી જશે રે,
અરિહંત ગુણ ગાવો નરનાર;
રત્ન ચિંતામણિ આવ્યું હાથમાં રે,
ભગવંત ગુણ ગાવો નરનાર. મનુષ્ય૦ ૧

બળદ થઇને ચીલા ચાંપસો રે, ચડશો વળી ચોરાસીની ચાલ;
નેતરે બાંધીને ઘાણીએ ફેરવશે રે, ઉપર બેસી મૂર્ખ દેશે માર.
મનુષ્ય૦ ૨

કૂતરા થઇને ઘર ઘર ભટકશો રે, ઘરમાં પેસવા નહિ દે કોય;
કાનમાં કીડા પડશે અતિ ઘણા રે, ઉપર પડશે લાકડીઓના માર.
મનુષ્ય૦ ૩

ગધેડા થઇને ગલીઓમાં ભટકશો રે, ઉપાડશો અણુતોલ્યા ભાર;
ઉકરડાની ઓથે રે જઇને ભૂંકશો રે,
સાંજ પડે ધણી નહિ લે સંભાળ. મનુષ્ય૦ ૪

ભૂંડ થઇને પાદર ભટકશો રે, કરશો વળી અશુચિનો આહાર;
નજરે દીઠા રે કોઇને નવિ ગમો રે, દેશે વળી પત્થરના પ્રહાર.
મનુષ્ય૦ ૫

ઉંટ થઇને બોજો ઉપાડશો રે, ચરશો વળી કાંટા ને કંથેર;
હાથને હડસેલે રે ઘર ભેગા થશો રે, ઉપર પડશે પાટુના પ્રહાર.
મનુષ્ય૦ ૬

ઘોડા થઇને રે ગાડીઓ ખેંચશો રે, ઉપર પડશે ચાબુકના પ્રહાર;
ચોકડું બાંધીને ઉપર બેસશે રે, રાયજાદા અસવાર.
મનુષ્ય૦ ૭

ઝાડ થઈને રે વનમાં ધ્રૂજશો રે, સહેશો વળી તડકા ને ટાઢ;
ડાળે ને પાંદડે રે પંખી માળા ઘાલશે રે, ઉપર પડશે કુહાડાના ઘા.
મનુષ્ય૦ ૮

ઉત્તમ નરભવ ફરી ફરી આતમા રે, મળવો બહુ છે મુશ્કેલ;
હર્ષવિજયની એણી પરે શીખડી રે, સાંભળો અમૃતવેલ.
મનુષ્ય૦ ૯

## તપની સજઝાય

કીધાં કર્મ નિકંદવા રે, લેવા મુક્તિનું દાન,
હત્યા પાતિક છૂટવા રે, નહિ કોઈ તપ સમાન;
ભવિકજન તપ કરજો મન શુદ્ધ. ૧

ઉત્તમ તપના યોગથી રે, સુર નર સેવે પાય;
લબ્ધિ અઠ્ઠાવીસ ઉપજે રે, મન વાંછિત ફળ થાય. ભવિ૦ ૨

તીર્થંકર પદ પામીએ રે, નાસે સઘળા રોગ;
રૂપ લીલા સુખ સાહિબી રે, લહીએ તપ સંજોગ. ભવિ૦ ૩

તે શું છે સંસારમાં રે, તપથી ન હોવે જેહ;
જે જે મનમાં કામીએ રે, સફલ ફલે સહી તેહ. ભવિ૦ ૪

અષ્ટ કર્મના ઓઘને રે, તપ ટાળે તતકાળ;
અવસર લઈને એહનો રે, ખપ કરજો ઉજમાળ. ભવિ૦ ૫

બાહ્ય અભ્યંતર જે કહ્યા રે, તપના બાર પ્રકાર;
હોજો તેહની ચાલમાં રે, જેમ ધન્નો અણગાર. ભવિ૦ ૬

ઉદયરત્ન કહે તપ થકી રે, વાધે સુજસ સનૂર;
સ્વર્ગ હોવે ઘર આંગણું રે, દુર્ગતિ જાએ દૂર. ભવિ૦ ૭

## આપ સ્વભાવની સજઝાય

આપ સ્વભાવમાં રે, અવધૂ સદા મગનમે રહેના;
જગત જીવ હે કરમાધીના, અચરિજ કછુઅ ન લીના. આપ૦ ૧
તું નહિ કેરા, કોઈ નહિ તેરા, કયા કરે મેરા મેરા;
તેરા હય સો તેરી પાસે, અવર સબ અનેરા. આપ૦ ૨
વપુ વિનાશી તું અવિનાશી, અબ હે ઇનકા વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. આપ૦ ૩
રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઇનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઈસા. આપ૦ ૪
પર કી આશા સદા નિરાશા, એ હે જગ જન પાસા;
વો કાટનકો કરો અભ્યાસા, લહો સદા સુખવાસા આપ૦ ૫
કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી;
કબહીક જગમે કીર્તિ ગાજી, સબ પુદગલકી બાજી. આપ૦ ૬
શુદ્ધ ઉપયોગ ને સમતાધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી. આપ૦ ૭

## આત્મા વિષે સજઝાય

તુમે શ્રી જિનના ગુણ ગાજો રે, તમે મનખા દેવમાં જાજો રે;
બાજીગર બાજી રમી રે, તારી કાયા પડશે કાચી રે.
તુમે૦ ૧
જોબનમાં બાજી રમી રે, સહુ જનને મેલ્યા વિસારી રે;
તું પરનારી શું મોહ્યો રે, તેં તારો જન્મારો ખોયો રે.
તુમે૦ ૨

ચાલીસે ચિત્તડું ચલીયું રે, તારૂં માયામાં મનડું ભાયું રે;
પચાસે આવ્યા પરિઆ રે, તારા મુખના ડાચા મલિઆ રે.
તુમે૦ ૩

સાઠે બુદ્ધિ નાઠી રે, તારી ભમતા જીભડી ગાંઠી રે;
સિત્તેરે કાંઈ ન સૂઝે રે, તારી કાયા થર થર ધ્રૂજે રે.
તુમે૦ ૪

એંસીએ અઘરૂં લાગ્યું રે, તારૂં ઘરમાંથી તોલ ભાંગ્યું રે;
નેવું વરસે થયો ઘરડો રે, તું તો બેઠો રહે ને તગડો રે.
તુમે૦ ૫

સો વરસે સોડ તાણીને સૂતો રે, એને સર્વે મળીને કુટ્યો રે;
જીવ થૈ થૈ કરે પોકાર રે, પેલા જમડાને કોઇ વારો રે.
તુમે૦ ૬

એવા ધર્મરાજાએ પૂછ્યું રે, ભાઇ શું છે તારૂં પૂન્ય રે;
મેં નથી કીધાં પૂન્યના કામ રે, મેં નથી દીધાં સુપાત્ર દાન રે.
તુમે૦ ૭

એના પૂન્યના પાના જોયાં રે, એને કાઢી સર્વે આ પાર રે;
એવી હીરવિજયની વાણી રે, જન ભજો સહુ કો વારી રે.
તુમે૦ ૮

## દીવાની સજઝાય

દીવામાંથી દીવેલ ખૂટ્યું, હવે નથી વાર;
મનમાં મસ્તાન હીંડે, છોગા મેલ્યા ચાર.
મૂરખ મનમાં વિચાર. ૧

મરણ તારે માથે ભમે, કોપી રહ્યો કાળ;
ઓચિંતાની આવી પડશે, જમ કેરી ધાડ. મૂરખ૦ ૨

ઉંચા મંદિર માળીઆં, ગોખના નહિ પાર;
પંડ જ્યારે પડી રહેશે, કાઢશે ઘરની બહાર. મૂરખ૦ ૩

લીલા વાંસની પાલખી, નાળિએર જોઇએ ચાર;
મુજની દોરીએ તાણી બાંધશે, ઉચકનારા ચાર. મૂરખ૦ ૪

વન કેરી કાઠી, છાતી ઉપર ભાર;
સુંદરવર્ણી કાયા બળે, ઉડી જાશે રાખ. મૂરખ૦ ૫

સગુ વહાલું સ્વારથીયું, કરે કાગા રોળ;
ઝાંપા સુધી વળાવીને, ઝટ પાછું વળે. મૂરખ૦ ૬

સંભાળે અરિહંત તેને, ઉતારે ભવ પાર;
લબ્ધિવિજય ગુણ ગાવે, કરો ધર્મના કામ. મૂરખ૦ ૭

## બાર વ્રતની સજ્ઝાય

ગૌતમ ગણધર પાય નમીજે, સુગુરુ વચન હૈડે ધરીજે;
એણી પરે પ્રાણી બારે વ્રત લીજે. ૧

પહેલે જીવદયા પાળીજે,
તો નિરોગી કાયા પામીજે. એણી૦ ૨

બીજે મૃષાવાદ ન કીજે,
દીઠું અણદીઠું આળ ન દીજે. ,, ૩

ત્રીજે અદત્તાદાન ન કીજે,
પડયું વિસર્યું હાથ ન લીજે. ,, ૪

ચોથે નિર્મળ શિયળ પાળીજે,
રત્ન પાવડીએ મુક્તિ સુખ લીજે. એણી૦ ૫
પાંચમે પરિગ્રહનું માન કરીજે,
પાંચે ઇન્દ્રિય પોતા વશ કીજે. ,, ૬
છઠ્ઠે દિશિનું માન કરીજે,
પચ્ચક્ખાણ કર્યા ઉપર પાય ન દીજે. ,, ૭
સાતમે સચિત્તનો ત્યાગ કરીજે,
સચિત્ત મિશ્રનો આહાર ન લીજે. ,, ૮
આઠમે અનર્થદંડ ન દીજે,
હિંસાતણો ઉપદેશ ન દીજે. ,, ૯
નવમે નિર્મળ સામાયિક કીજે,
અવ્રતીને આવકાર ન દીજે. ,, ૧૦
દશમે દેશાવગાશિક કીજે,
એક આસને બેસીને ભણીજે. ,, ૧૧
અગીઆરમે પોસહ વ્રત કીજે,
છક્કાય જીવને અભયદાન દીજે. ,, ૧૨
બારમે અતિથી સંવિભાગ કીજે.
સાધુ સાધ્વીને સૂઝતું દીજે. ,, ૧૩
સંલેષણાનો પાઠ ભણીજે,
પાદપોગમ અણસણ કીજે. ,, ૧૪
દસ શ્રાવકે સંથારો કીધો,
મનુષ્ય જન્મનો લાહો લીધો. ,, ૧૫
બારે વ્રત એણી પરે કીજે,
નરક તિર્યંચના બારણા દીજે. ,, ૧૬
કાંતિવિજય ગુરુ એણી પરે બોલે,
નહિ સાધુ સાધ્વીને તોલે. ,, ૧૭

## નવકારવાળીની સજ્ઝાય

કહેજો ચતુર નર એ કોણ નારી, ધર્મીજનને પ્યારી રે;
જેણે જાયા બેટા સુખકારી, પણ છે બાળકુંવારી રે. કહેજો૦ ૧

કોઈ ઘેર રાતી ને કોઈ ઘેર લીલી, કોઈ ઘેર દીસે પીળી રે;
પંચ રૂપી તે બાલકુમારી, મનરંજન મતવાલી રે. કહેજો૦ ૨

હૈડા આગળ ઉભી રાખી, નયણાંશું મંડાણી રે;
નારી નહિ પણ કામણગારી, જોગીસરને પ્યારી રે. કહેજો૦ ૩

એક પુરૂષ તસ ઉપર ઠાહે, ચાર સખીશું ખેલે રે;
એક બેર છે તેહને માથે, તે તસ કેડ ન મેલે રે. કહેજો૦ ૪

નવ નવ નામે સહુ કોઇ માને, કહેજો અર્થ વિચારી રે;
વિનયવિજય ઉવજ્ઝાયનો સેવક,
રૂપવિજય બુદ્ધિ સારી રે. કહેજો૦ ૫

卐

## છઠ્ઠા આરાની સજ્ઝાય

છઠ્ઠો આરો એવો આવશે, જાણશે જિનવર દેવ,
પૃથ્વી પ્રલય થાશે, વરસશે વિરૂહા મેહ;
રે જીવ જિનધર્મ કીજીએ. ૧

તાવડે ડુંગર તરડશે, વાયે ઉડી ઉડી જાય;
ત્યાં પ્રભુ ગૌતમ પૂછીઓ, પૃથ્વી બીજે કેમ થાય. રે જીવ૦ ૨

વૈતાઢ્ય ગિરિ નામે શાશ્વતી, ગંગા સિંધુ નદી નામ;
તેણે બેકે બેહું ભેખડ, બ્હોંતેર બીલની ખાણ. રે જીવ૦ ૩

સર્વે મનુષ્ય તિહાં રહેશે, મનકા કેરી ખાણ;
સોળ વરસનું આઉખું, મુઢા હાથની કાય. રે જીવ૦ ૪

છ વર્ષની સ્ત્રી ગર્ભ ધરે, દુઃખી મહાદુઃખી થાય;
રાત્રે ચરવા નીકળે, દિવસે બીલમાંહે જાય. રે જીવ૦ ૫

સર્વ ભક્ષી સર્વે માછલાં, મરી મરી દુર્ગતિ જાય;
નરનારી હોંશે બહુ, દુર્ગંધી તસ કાય. રે જીવ૦ ૬

પ્રભુ બાલની પરે વિનવું, છઠ્ઠે આરે જનમ નિવાર;
કાંતિવિજય કવિરાયનો, મેઘ ભણે સુખમાલ. રે જીવ૦ ૭

## મનોરમા સતીની સજઝાય

મોહનગારી મનોરમા, શેઠ સુદર્શન નારી રે;
શીલ પ્રભાવે શાસન શૂરી, થઈ જસ સાનિધ્યકારી રે. મોહન૦ ૧

દધિવાહન નૃપની પ્રિયા, અભયા દીયે કલંક રે;
કોપ્યો ચંપાપતિ કહે, શૂળી રોપણ વંક રે. મોહન૦ ૨

તે સુણીને મનોરમા, કરે કાઉસગ્ગ ધરી ધ્યાન રે;
દંપતિ શીલ જો નિર્મળું, તો વધો શાસન માન રે. મોહન૦ ૩

શૂળી સિંહાસન થઈ, શાસનદેવી હજૂર રે;
સંયમ ગ્રહી થયા કેવલી, દંપતી હોય સનૂર રે. મોહન૦ ૪

જ્ઞાનવિમલ ગુણ શીલથી, શાસન સોહ ચઢાવે રે;
સુર નર તસ કિંકરા, શિવસુંદરી તે પાવે રે. મોહન૦ ૫

## પર્યુષણ પર્વની સજઝાય

પર્વ પર્યુષણ આવીયા, આનંદ અંગે ન માય રે;
ઘર ઘર ઉત્સવ અતિ ઘણા, શ્રી સંઘ આવે ને જાય રે.
પર્વ પર્યુષણ આવીયા. ૧

જીવ અમારી પળાવીએ, કીજીએ વ્રત પચ્ચક્ખાણ રે;
ભાવ ધરી ગુરૂ વંદીયે, સુણીએ સૂત્ર વ્યાખ્યાન રે. પર્વ૦ ૨
આઠ દિવસ એમ પાળીએ, આરંભને પરિહારો રે;
નાવણ ધોવણ ખાંડણ, લીંપણ પીસણ વારો રે. પર્વ૦ ૩
શક્તિ હોય તો પચ્ચખીએ, અઠ્ઠાઇ અતિ સારો રે;
પરમ ભક્તિ પ્રીતિ લાવીએ, સાધુને ચાર આહારો રે. પર્વ૦ ૪
ગાય સોહાગણ સવિ મલી, ધવલ મંગલ ગીત રે;
પકવાને કરી પોષીએ, પારણે સાહમ્મી મન પ્રીત રે. પર્વ૦ ૫
સત્તર ભેદી પૂજા રચી, પૂજીએ શ્રી જિનરાય રે;
આગળ ભાવના ભાવીએ, પાતક મલ ધોવાય રે. પર્વ૦ ૬
લોચ કરાવે રે સાધુજી, બેસે બેસણાં માંડી રે;
શિર વિલેપન કીજીએ, આળસ અંગથી છંડી રે. પર્વ૦ ૭
ગજપતિ ચાલે ચાલતી, સોહાગણ નારી તે આવે રે;
કુંકુમ ચંદન ગહૂંલી, મોતીયે ચોક પુરાવે રે. પર્વ૦ ૮
રૂપા મોહર રે પ્રભાવના, કરીએ તવ સુખકારી રે;
શ્રી ક્ષમાવિજય કવિરાયનો,
બુધ માણેકવિજય જયકારી રે. પર્વ૦ ૯

ચોથે નિર્મળ શિયળ પાળીજે,
રત્ન પાવડીએ મુક્તિ સુખ લીજે. એણી૦ ૫
પાંચમે પરિગ્રહનું માન કરીજે,
પાંચે ઇન્દ્રિય પોતા વશ કીજે. ,, ૬
છઠ્ઠે દિશિનું માન કરીજે,
પચ્ચક્ખાણ કર્યા ઉપર પાય ન દીજે. ,, ૭
સાતમે સચિત્તનો ત્યાગ કરીજે,
સચિત્ત મિશ્રનો આહાર ન લીજે. ,, ૮
આઠમે અનર્થદંડ ન દીજે,
હિંસાતણો ઉપદેશ ન દીજે. ,, ૯
નવમે નિર્મળ સામાયિક કીજે,
અવ્રતીને આવકાર ન દીજે. ,, ૧૦
દશમે દેશાવગાશિક કીજે,
એક આસને બેસીને ભણીજે. ,, ૧૧
અગીઆરમે પોસહ વ્રત કીજે,
છક્કાય જીવને અભયદાન દીજે. ,, ૧૨
બારમે અતિથી સંવિભાગ કીજે.
સાધુ સાધ્વીને સૂઝતું દીજે. ,, ૧૩
સંલેષણાનો પાઠ ભણીજે,
પાદપોગમ અણસણ કીજે. ,, ૧૪
દસ શ્રાવકે સંથારો કીધો,
મનુષ્ય જન્મનો લાહો લીધો. ,, ૧૫
બારે વ્રત એણી પરે કીજે,
નરક તિર્યંચના બારણા દીજે. ,, ૧૬
કાંતિવિજય ગુરુ એણી પરે બોલે,
નહિ સાધુ સાધ્વીને તોલે. ,, ૧૭

## નવકારવાળીની સજ્ઝાય

કહેજો ચતુર નર એ કોણ નારી. ધર્મીજનને પ્યારી રે;
જેણે જાયા બેટા સુખકારી, પણ છે બાળકુંવારી રે. કહેજો૦ ૧

કોઈ ઘેર રાતી ને કોઈ ઘેર લીલી, કોઈ ઘેર દીસે પીળી રે;
પંચ રૂપી તે બાલકુમારી, મનરંજન મતવાલી રે. કહેજો૦ ૨

હૈડા આગળ ઉભી રાખી, નયણાંશું મંડાણી રે;
નારી નહિ પણ કામણગારી, જોગીસરને પ્યારી રે. કહેજો૦ ૩

એક પુરૂષ તસ ઉપર ઠાહે, ચાર સખીશું ખેલે રે;
એક બેર છે તેહને માથે, તે તસ કેડ ન મેલે રે. કહેજો૦ ૪

નવ નવ નામે સહુ કોઇ માને, કહેજો અર્થ વિચારી રે;
વિનયવિજય ઉવજ્ઝાયનો સેવક,
રૂપવિજય બુદ્ધિ સારી રે. કહેજો૦ ૫

卐

## છઠ્ઠા આરાની સજ્ઝાય

છઠ્ઠો આરો એવો આવશે, જાણશે જિનવર દેવ,
પૃથ્વી પ્રલય થાશે, વરસશે વિરૂહા મેહ,
રે જીવ જિનધર્મ કીજીએ. ૧

તાવડે ડુંગર તરડશે, વાયે ઉડી ઉડી જાય;
ત્યાં પ્રભુ ગૌતમ પૂછીઓ, પૃથ્વી બીજે કેમ થાય. રે જીવ૦ ૨

વૈતાઢ્ય ગિરિ નામે શાશ્વતી, ગંગા સિંધુ નદી નામ;
તેણે બેકે બેહું ભેખડ, બ્હોંતેર બીલની ખાણ. રે જીવ૦ ૩

સર્વે મનુષ્ય તિહાં રહેશે, મનકા કેરી ખાણ;
સોળ વરસનું આઉખું, મુઢા હાથની કાય. રે જીવ૦ ૪

છ વર્ષની સ્ત્રી ગર્ભ ધરે, દુઃખી મહાદુઃખી થાય;
રાત્રે ચરવા નીકળે, દિવસે બીલમાંહે જાય. રે જીવ૦ ૫

સર્વ ભક્ષી સર્વે માછલાં, મરી મરી દુર્ગતિ જાય;
નરનારી હોંશે બહુ, દુર્ગંધી તસ કાય. રે જીવ૦ ૬

પ્રભુ બાલની પરે વિનવું, છઠ્ઠે આરે જનમ નિવાર;
કાંતિવિજય કવિરાયનો, મેઘ ભણે સુખમાલ. રે જીવ૦ ૭

## મનોરમા સતીની સજ્ઝાય

મોહનગારી મનોરમા, શેઠ સુદર્શન નારી રે;
શીલ પ્રભાવે શાસન શૂરી, થઈ જસ સાનિધ્યકારી રે. મોહન૦ ૧

દધિવાહન નૃપની પ્રિયા, અભયા દીયે કલંક રે;
કોપ્યો ચંપાપતિ કહે, શૂળી રોપણ વંક રે. મોહન૦ ૨

તે સુણીને મનોરમા, કરે કાઉસગ્ગ ધરી ધ્યાન રે;
દંપતિ શીલ જો નિર્મળું, તો વધો શાસન માન રે. મોહન૦ ૩

શૂળી સિંહાસન થઈ, શાસનદેવી હજૂર રે;
સંયમ ગ્રહી થયા કેવલી, દંપતી હોય સનૂર રે. મોહન૦ ૪

જ્ઞાનવિમલ ગુણ શીલથી, શાસન સોહ ચઢાવે રે;
સુર નર તસ કિંકરા, શિવસુંદરી તે પાવે રે. મોહન૦ ૫

## પર્યુષણ પર્વની સજ્ઝાય

પર્વ પર્યુષણ આવીયા, આનંદ અંગે ન માય રે;
ઘર ઘર ઉત્સવ અતિ ઘણા, શ્રી સંઘ આવે ને જાય રે.
પર્વ પર્યુષણ આવીયા. ૧

જીવ અમારી પળાવીએ, કીજીએ વ્રત પચ્ચક્ખાણ રે;
ભાવ ધરી ગુરૂ વંદીયે, સુણીએ સૂત્ર વ્યાખ્યાન રે. પર્વ૦ ૨
આઠ દિવસ એમ પાળીએ, આરંભને પરિહારો રે;
નાવણ ધોવણ ખાંડણ, લીંપણ પીસણ વારો રે. પર્વ૦ ૩
શક્તિ હોય તો પચ્ચખીએ, અઠ્ઠાઇ અતિ સારો રે;
પરમ ભક્તિ પ્રીતિ લાવીએ, સાધુને ચાર આહારો રે. પર્વ૦ ૪
ગાય સોહાગણ સવિ મલી, ધવલ મંગલ ગીત રે;
પકવાને કરી પોષીએ, પારણે સાહમ્મી મન પ્રીત રે. પર્વ૦ ૫
સત્તર ભેદી પૂજા રચી, પૂજીએ શ્રી જિનરાય રે;
આગળ ભાવના ભાવીએ, પાતક મલ ધોવાય રે. પર્વ૦ ૬
લોચ કરાવે રે સાધુજી, બેસે બેસણાં માંડી રે;
શિર વિલેપન કીજીએ, આળસ અંગથી છંડી રે. પર્વ૦ ૭
ગજપતિ ચાલે ચાલતી, સોહાગણ નારી તે આવે રે;
કુંકુમ ચંદન ગહૂંલી, મોતીયે ચોક પુરાવે રે. પર્વ૦ ૮
રૂપા મોહ રે પ્રભાવના, કરીએ તવ સુખકારી રે;
શ્રી ક્ષમાવિજય કવિરાયનો,
બુધ માણેકવિજય જયકારી રે. પર્વ૦ ૯

સાચું સગપણુ મા તણું, બીજા કારમા લોક;
રડતાં પડતાં મેળો નહિ, હૃદય વિચારીને જો મરુ૦ ૬

ધન્ય માતા ધન્ય બેટડો, ધન્ય તેમનો પરિવાર;
વિનયવિજય ઉવજ્ઝાયના, વર્ત્યો જય જયકાર. મરુ૦ ૭

## ત્રિશલા માતાની સજ્ઝાય

શીખ સુણો સખી માહરી, બોલોને વચન રસાળ;
તુમ કુખડીએ ઉપજ્યા, સૌભાગી સુકુમાર.
ત્રિશલા ગર્ભને સાચવે. ૧

તીખું કડવું કસાયલું, ખાટા ખારાની જાત;
મધુરા રસ નવિ સેવીએ, વપુ મલય પરિહાર. ત્રિશલા૦ ૨
અતિ ઉનું અતિ શિતલડું, નયણે કાજળ રેખ;
અતિ ભોજન નવિ કીજીએ, તેલ ન ચોપડીએ રેખ. ત્રિશલા૦ ૩
સ્નાન વિલેપન તાહરૂં, મન જાણી દુઃખ માંય;
હળવે મધુરે બોલીએ, આસી સુખની વાડ. ત્રિશલા૦ ૪
ગાડા વ્હેલ વિડોળતા, ધબ ધબ બંધન મ ચાલ;
અતિ શિયળ જગ સેવના, વિણસે પુત્રના કાજ. ત્રિશલા૦ ૫
જેમ જેમ દોહલા ઉપજે, તેમ તેમ દેજો બહુમાન;
ભોગ સંયોગને વારજો, હોંશે પુત્ર નિદાન. ત્રિશલા૦ ૬
એણિ પૂરે ગર્ભને પાળતાં, પુત્ર થયો શુભ ધ્યાન;
સંઘમાં જે જે રે સહુ કરે, હીરવિજય ગુણ ગાય. ત્રિશલા૦ ૭

## શ્રી દેવાનંદાની સજઝાય

જિનવર રૂપ દેખી મન તરખી, સ્તનસે દૂધ ઝરાયા;
તબ ગૌતમકું ભર્યા અચંબા, પ્રશ્ન કરણકું આયા.
ગૌતમ એ તો મેરી અમ્મા. ૧

તવ કૂખે તુમે કાહુ ન વસીયા, કવણ કિયા ઇણ કમ્મા;
તવ શ્રી વીર જિણંદ એમ બોલે, એહ કિયા એણે કમ્મા.
ગૌતમ૦ ૨

ત્રિશલાદે દેરાણી હતી, દેવાનંદા જેઠાણી;
વિષય લોભ કરી કાંઈ ન જાણ્યો, કપટ વાત મન આણી.
ગૌતમ૦ ૩

એસા શ્રાપ દિયા દેરાણી, તુમ સંતાન ન હોજો;
કર્મ આગળ કોઈનું નવિ ચાલે, ઇન્દ્ર ચક્રવર્તિ જોજો.
ગૌતમ૦ ૪

દેરાણીકી રત્ન ડાબલી, બહુલા રત્ન ચોરાયા;
ઝગડો કરતાં ન્યાય હુઓ, તબ કછુ નાણા પાયા.
ગૌતમ૦ ૫

ભરતરાય જબ ઋષભને પૂછે, એહમેં કોઇ જિણંદા;
મરીચી પુત્ર ત્રિદંડી તેરો, હોંશે ચોવીસમો જિણંદા.
ગૌતમ૦ ૬

કુળનો ગર્વ કીયો મેં ગૌતમ, ભરતરાય જબ વંદા;
મન વચન કાયાએ કરીને, હરખ્યો અતિ આણંદા.
ગૌતમ૦ ૭

કર્મ સંયોગે ભિક્ષુકુળ પાયા, જનમ ન હોવે કબહી;
ઇન્દ્ર અવધિએ જોતાં અપહર્યો, દેવ ભુજંગમ તબહી.
ગૌતમ૦ ૮

ત્યાસી દિન તિહાં કને વસીયો, હરિણ ગમેષી જબ આયા;
સિદ્ધારથરાય ત્રિશલાદે રાણી, તસ કૂખે છટકાયા.
ગૌતમ૦ ૯

ઋષભદત્ત ને દેવાનંદા. લેશે સંયમ ભારા;
તબ ગૌતમ એ મુગતે જાશે, ભગવતી સૂત્ર વિચારા.
ગૌતમ૦ ૧૦

સિદ્ધારથરાય ત્રિશલાદે રાણી, અચ્યુત દેવલોકે જાશે;
બીજે ખંડે આચારાંગે, તે સૂત્રે કહેવાશે.
ગૌતમ૦ ૧૧

તપગચ્છ શ્રી હીરવિજયસૂરિ, દિયો મનોરથ વાણી;
સકળચંદ્ર પ્રભુ ગૌતમ પૂછે, ઉલટ મનમાં આણી.
ગૌતમ૦ ૧૨

## અમકા સતીની સજઝાય

અમકા તે વાદળ ઉગીયો સૂર, અમકાં તે પાણીડા સંચર્યા રે;
સામા મળ્યા દોય મુનિરાય, માસખમણનાં પારણાં રે. ૧

બેડું મેલ્યું સરોવરીયા પાળ, અમકાએ મુનિને વાંદિયા રે;
ચાલો મુનિરાજ આપણે ઘેર, માસખમણના પારણાં રે. ૨

ત્યારે ઢળાવું સોવન પાટ, ચાવલ ચાકળા અતિ ઘણાં રે;
આછા માંડાને ખોબલે ખાંડ, માંહી તે ઘી ઘણા લચપચા રે. ૩

લ્યો લ્યો મુનિરાય ન કરો ઢીલ, અમઘર સાસુજી ખીજશે રે;
બાઈ રે પડોશણ તું મારી બેન,
મારી સાસુ આગળ ન કરીશ વાતડી રે. ૪

કહે તો તને આપું મારા કાનની ઝાલ, હાર આપું હીરાતણો રે;
કાનની ઝાલ તારે કાને સોહાય, હીરાનો હાર મારે અતિ ઘણો રે. ૫

મારે છે વાત કર્યાની ઘણી ટેવ, વાત કર્યા વિના હું નહિ રહું રે;
પાડોશણ આવી રે ખડકીમાંહી, બાઇ રે પડોશણ સામી ગઇ રે. ૬

પડોશણ બાઈ તને કહું એક વાત,
તારી વહુએ મુનિને વહોરાવીઆ રે;
નથી ઉગ્યો હજી તુલસીનો છોડ, બ્રાહ્મણે નથી કર્યા પારણાં રે. ૭

સોવન સોવન મારો પુત્ર, ઘરમાંથી કાઢો ધર્મ ઘેલડી રે;
લાતો મારી ગડદા મારો રે માય, પાટુએ પરિસહ કરો રે. ૮

બે બાળક ગોરીએ લીધા સાથ, અમકા તે બારણે નિસર્યા રે;
ગાયના ગોવાળ ગાયના ચારણહાર,
કોઇએ દીઠી મહિઅર વાટડી રે. ૯

ડાબી દિશે ડુંગરીઆ હેઠ, જમણી દિશે મહિઅર વાટડી રે;
આણા વિના કેમ મહિઅર જાઉં, ભોજાઇઓ મહેણાં મારશે રે. ૧૦

ગાયના ગોવાળ ગાયના ચારણહાર, કોઇએ દીઠી મહિઅર વાટડી રે;
ડાભી દિશે ડુંગરીઆ હેઠ, ઉજ્જડ વાટે જઇ વસ્યા રે. ૧૧

સૂકાં સરોવર લહેરે જાય, વાંઝીયો આંબો ફળ્યો રે;
નાના ઋષભજી તરસ્યા થાય, મોટાં ઋષભજી ભૂખ્યા થયા રે. ૧૨

સાચું સગપણ મા તણું, બીજા કારમા લોક;
રડતાં પડતાં મેળો નહિ, હૃદય વિચારીને જો મરુ૦ ૬

ધન્ય માતા ધન્ય બેટડો, ધન્ય તેમનો પરિવાર;
વિનયવિજય ઉવજ્ઝાયના, વર્ત્યો જય જયકાર. મરુ૦ ૭

## ત્રિશલા માતાની સજ્ઝાય

શીખ સુણો સખી માહરી, બોલોને વચન રસાળ;
તુમ કુખડીએ ઉપજ્યા, સૌભાગી સુકુમાર.
ત્રિશલા ગર્ભને સાચવે. ૧

તીખું કડવું કસાયલું, ખાટા ખારાની જાત;
મધુરા રસ નવિ સેવીએ, વપુ મલય પરિહાર. ત્રિશલા૦ ૨
અતિ ઉનું અતિ શિતલડું, નયણે કાજળ રેખ;
અતિ ભોજન નવિ કીજીએ, તેલ ન ચોપડીએ રેખ. ત્રિશલા૦ ૩
સ્નાન વિલેપન તાહરૂં, મન જાણી દુઃખ માંય;
હળવે મધુરે બોલીએ, આસી સુખની વાડ. ત્રિશલા૦ ૪
ગાડા વ્હેલ વિડોળતા, ધબ ધબ બંધન મ ચાલ;
અતિ શિયળ જગ સેવના, વિણસે પુત્રના કાજ. ત્રિશલા૦ ૫
જેમ જેમ દોહલા ઉપજે, તેમ તેમ દેજો બહુમાન;
ભોગ સંયોગને વારજો, હોંશે પુત્ર નિદાન. ત્રિશલા૦ ૬
એણિ પરે ગર્ભને પાળતાં, પુત્ર થયો શુભ ધ્યાન;
સંઘમાં જે જે રે સહુ કરે, હીરવિજય ગુણ ગાય. ત્રિશલા૦ ૭

## શ્રી દેવાનંદાની સજઝાય

જિનવર રૂપ દેખી મન તરખી, સ્તનસે દૂધ ઝરાયા;
તબ ગૌતમકું ભર્યા અચંબા, પ્રશ્ન કરણકું આયા.
ગૌતમ એ તો મેરી અમ્મા. ૧

તવ કૂખે તુમે કાહુ ન વસીયા, કવણ કિયા ઇણ કમ્મા;
તવ શ્રી વીર જિણંદ એમ બોલે, એહ કિયા એણે કમ્મા.
ગૌતમ૦ ૨

ત્રિશલાદે દેરાણી હતી, દેવાનંદા જેઠાણી;
વિષય લોભ કરી કાંઈ ન જાણ્યો, કપટ વાત મન આણી.
ગૌતમ૦ ૩

એસા શ્રાપ દિયા દેરાણી, તુમ સંતાન ન હોજો;
કર્મ આગળ કોઈનું નવિ ચાલે, ઇન્દ્ર ચક્રવર્તિ જોજો.
ગૌતમ૦ ૪

દેરાણીકી રત્ન ડાબલી, બહુલા રત્ન ચોરાયા;
ઝગડો કરતાં ન્યાય હુઓ, તબ કછુ નાણા પાયા.
ગૌતમ૦ ૫

ભરતરાય જબ ઋષભને પૂછે, એહમે કોઇ જિણંદા;
મરીચી પુત્ર ત્રિદંડી તેરો, હોંશે ચોવીસમો જિણંદા.
ગૌતમ૦ ૬

કુળનો ગર્વ કીયો મે ગૌતમ, ભરતરાય જબ વંદ્યા;
મન વચન કાયાએ કરીને, હરખ્યો અતિ આણંદા.
ગૌતમ૦ ૭

કર્મ સંયોગે ભિક્ષુકુળ પાયા, જનમ ન હોવે કબહી;
ઇન્દ્ર અવધિએ જોતાં અપહર્યો, દેવ ભુજંગમ તબહી.
ગૌતમ૦ ૮

ત્યાસી દિન તિહાં કને વસીયો, હરિણ ગમેષી જબ આયા;
સિદ્ધારથરાય ત્રિશલાદે રાણી, તસ કૂખે છટકાયા.
ગૌતમ૦ ૯

ઋષભદત્ત ને દેવાનંદા, લેશે સંયમ ભારા;
તબ ગૌતમ એ મુગતે જાશે, ભગવતી સૂત્ર વિચારા.
ગૌતમ૦ ૧૦

સિદ્ધારથરાય ત્રિશલાદે રાણી, અચ્યુત દેવલોકે જાશે;
બીજે ખંડે આચારાંગે, તે સૂત્રે કહેવાશે.
ગૌતમ૦ ૧૧

તપગચ્છ શ્રી હીરવિજયસૂરિ, દિયો મનોરથ વાણી;
સકળચંદ પ્રભુ ગૌતમ પૂછે, ઉલટ મનમાં આણી.
ગૌતમ૦ ૧૨

## અમકા સતીની સજ્ઝાય

અમકા તે વાદળ ઉગીયો સૂર, અમકાં તે પાણીડા સંચર્યા રે;
સામા મળ્યા હોય મુનિરાય, માસખમણનાં પારણાં રે. ૧

બેડું મેલ્યું સરોવરીયા પાળ, અમકાએ મુનિને વાંદિયા રે;
ચાલો મુનિરાજ આપણે ઘેર, માસખમણના પારણાં રે. ૨

ત્યાંરે ઢળાવું સોવન પાટ, ચાવલ ચાકળા અતિ ઘણાં રે;
આછા માંડાને ખોબલે ખાંડ, માંહી તે ઘી ઘણા લચપચ્યા રે. ૩

લ્યો લ્યો મુનિરાય ન કરો ઢીલ, અમઘર સાસુજી ખીજશે રે;
બાઈ રે પડોશણ તું મારી બેન,
મારી સાસુ આગળ ન કરીશ વાતડી રે. ૪

કહે તો તને આપું મારા કાનની ઝાલ, હાર આપું હીરાતણો રે;
કાનની ઝાલ તારે કાને સોહાય, હીરાનો હાર મારે અતિ ઘણો રે. ૫

મારે છે વાત કર્યાની ઘણી ટેવ, વાત કર્યા વિના હું નહિ રહું રે;
પાડોશણ આવી રે ખડકીમાંહી, બાઇ રે પડોશણ સામી ગઇ રે. ૬

પડોશણ બાઈ તને કહું એક વાત,
તારી વહુએ મુનિને વહોરાવીઆ રે;
નથી ઉગ્યો હજી તુલસીનો છોડ, બ્રાહ્મણે નથી કર્યા પારણાં રે. ૭

સોવન સોવન મારો પુત્ર, ઘરમાંથી કાઢો ધર્મ ઘેલડી રે;
લાતો મારી ગડદા મારો રે માય, પાટુએ પરિસહ કરો રે. ૮

બે બાળક ગોરીએ લીધા સાથ, અમકા તે બારણે નિસર્યા રે;
ગાયના ગોવાળ ગાયના ચારણહાર,
કોઇએ દીઠી મહિઅર વાટડી રે. ૯

ડાબી દિશે ડુંગરીઆ હેઠ, જમણી દિશે મહિઅર વાટડી રે;
આણા વિના કેમ મહિઅર જાઉં, ભોજાઇઓ મહેણાં મારશે રે. ૧૦

ગાયના ગોવાળ ગાયના ચારણહાર, કોઇએ દીઠી મહિઅર વાટડી રે;
ડાબી દિશે ડુંગરીઆ હેઠ, ઉજ્જડ વાટે જઇ વસ્યા રે. ૧૧

સૂકાં સરોવર લહેરે જાય, વાંઝીયો આંબો ફળ્યો રે;
નાના ઋષભજી તરસ્યા થાય, મોટાં ઋષભજી ભૂખ્યા થયા રે. ૧૨

નાના ઋષભજીને પાણી પાય, મોટા ઋષભજીને ફળ આપીયા રે;
સાસુજી જુએ ઓરડામાંહી, વહુ વિના સૂના ઓરડા રે. ૧૩
સાસુજી જુએ પડસાલમાંહી, પુત્ર વિના સૂના પારણાં રે;
સાસુજી જુએ રસોડામાંહી, રાંધી રસોઇઓ સેગે ભરી રે. ૧૪
સાસુજી જુએ માટલામાંહી, લાડુડાના ઢગ વળ્યા રે;
સાસુજી જુએ કોઠલામાંહી, ખાજાના ખડકલા થયા રે. ૧૫
સોવન સોવન મારો પુત્ર, તેડી લાવો ધર્મ ઘેલડી રે;
ચાલો ગોરા દેવી આપણે ઘેર, તુમ વિના સૂના ઓરડા રે. ૧૬
ગાયના ગોવાળ ગાયના ચારણહાર, કિહાં રે વસે ધર્મ ઘેલડી રે;
ડાબી દિશે ડુંગરીઆને હેઠ, જમણી દિશે ધર્મ ઘેલડી રે. ૧૭
ચાલો ઋષભદેવ આપણે ઘેર, તુમ વિના સૂના પારણાં રે;
સાસુજી ફીટીને માય જ થાય. તોય ન આવું તુમ ઘર રે ૧૮
પાડોશણ ફીટીને બેન જ થાય, તોય ન આવું તુમ ઘર રે;
બાઈ રે પાડોશણ તું મારી બેન, ઘર રે ભાંગવા કયાં મળી રે. ૧૯
ફણિધર ફીટીને ફુલમાળા થાય, તોય ન આવું તુમ ઘર રે;
કાંકરો ફીટીને રત્ન જ થાય, તોય ન આવું તુમ ઘર રે. ૨૦
એ બાળક ગોરીએ લીધા છે સાથ, અમકાએ જળમાં ઝંપલાવીયું રે;
એ બાળક ગોરીનો પડ્યો રે વિયોગ, ઘરે રે જઇને હવે શું કરૂં રે. ૨૧
સગા સબંધી હસશે લોક, પિતરાઈ મેણાં મારશે રે;
પછવાડેથી પડ્યો બાઇનો કંથ, પડતા વેંત જ થયો ફેંસલો રે. ૨૨
આળ દીધાના એ ફળ હોય, તે મરી થયો કાચબો રે;
હીરવિજય ગુરુ હીરલો હોય, વીરવિજય ગુણ ગાવતાં રે. ૨૩

## શ્રી તિલકસુંદરીની સજ્ઝાય

વહાણમાં રૂવે રે તિલકસુંદરી, કરતી અતિશે વિલાપ;
પીયુજી પીયુજી એ ઝંખે ઘણું, ધરતી મનમાં સંતાપ. વહાણ૦ ૧

મધ્ય દરીએ વહાણ ચલાવતાં, ઉદય થયા સર્વે આજ;
પડતા પીયુ આ સમુદ્રમાં, અબળા થઇ આપો આપ. વહાણ૦ ૨

ખરો વૈરી થયો આ વાણીઓ, જેણે કીધો કાળો કેર;
નિરાધાર મૂકી તે મુજને, લીધું કીયા જન્મનું વેર. વહાણ૦ ૩

મુજ રૂપે મોહ્યો તો પાપીઓ, કુબુદ્ધિનો કરનાર;
કાળી રાતે તે મુજ કંથને, નાખ્યા સમુદ્ર મોઝાર. વહાણ૦ ૪

ઉંચે આભ નીચે નીર છે, અંધારી છે તેમજ રાત;
નજરે ન દેખું મારા નાથને, પામ્યા સમુદ્ર વિઘાત. વહાણ૦ ૫

દૂર રહ્યા પિયર સાસરા, ખૂટી બેઠો જન્મ દુવાર;
પ્રભુજી વિના મારૂં કોઈ નથી, છો તુમે જગનાથ આધાર. વહાણ૦ ૬

કુશળ હોજો મુજ કંથને, આજની છે અર્ધ રાત;
વેળાપડી વિષમ દુઃખની, હું છું અજ્ઞાની બાળ. વહાણ૦ ૭

અન્ન જળ લેવા તે મુજને, છો પ્રભુ દીન દયાલ;
ધ્યાન ધરૂં જિનરાજનું, વાંછુ પ્રભુજીની છાંય. વહાણ૦ ૮

હીરવિજય ગુરુ હીરલો, વીરવિજય ગુણ ગાય;
વિનયવિજય ગુરુ રાજીઆ, તેહના વંદુ નિત્ય પાય. વહાણ૦ ૯

## શ્રી અંજના સતીની સજઝાય

અંજના વાત કરે છે મારી સખી રે, મને મેલી ગયા મારા પતિ રે;
અંતે રંગ મહેલમાં મૂકી રોતી, સાહેલી મોરી, કર્મે મલ્યો વનવાસ.
સાહેલી મોરી પુન્ય જોગ તુમ પાસ. ૧

લશ્કર ચઢતાં મેં શુકન જ દીઠાં, તે તો નાથ મારે નવિ લીધાં;
ઢીંકા પાટુ પોતે મને દીધા. સાહેલી૦ ૨

સખી ચકલી ચકલાનો સુણી પોકાર, રાતે આવ્યા પવનજી દરબાર;
બાર વરસે લીધી છે સંભાળ. સાહેલી૦ ૩

સખી કલંક ચઢાવ્યું મારે માથે, મારી સાસુએ રાખી નહિ પાસે;
મારે સસરે મેલી વનવાસે સાહેલી૦ ૪

પાંચ રાય સખી દીધી છે મારે બાપે, તેમાં એકે નથી મારી પાસે;
એક વસંતમાલા મારી પાસે. સાહેલી૦ ૫

કાળો ચાંદલો ને રાખડી કાળી, રથ મેલ્યો છે વન મોઝારી;
સહાય કરો દેવ મોરારી. સાહેલી૦ ૬

મારી માતાએ લીધી નહિ સાર, મારા પિતાએ કાઢી ઘરબાર;
સખી ન મેલ્યો પાણીનો પાનાર. સાહેલી૦ ૭

મને વાત ન પૂછી મારા વીરે, મારા મનમાં નથી રહેતી ધીરે;
મારા અંગે ફાટી ગયા ચીરે. સાહેલી૦ ૮

મને દિશા લાગે છે કાળી, મારી છાતી જાય છે ફાટી;
અંતે અંધારી અટવીમાં કર્મે નાખી. સાહેલી૦ ૯

મારૂં જમણું ફરકે છે અંગ, નથી બેઠી કોઇની સંગ;
અંતે રંગમાં પડ્યો શો ભંગ. સાહેલી૦ ૧૦

સખી ધાવતાં છોડાવ્યા બાળ, નહિતર કાપી હશે કુંપળ ડાળ;
તેના કર્મે પામ્યા ખોટી આળ. સાહેલી૦ ૧૧

વનમાં ભમતા મુનિ દીઠા, આજે પૂર્વભવની પૂછે છે વાત;
જીવે કેવા રે કીધા હશે પાપ. સાહેલી૦ ૧૨

બેની હસતાં રે રજોહરણ તમે લીધા, મુનિરાજને દુઃખ જે દીધાં;
તેને કર્મે વનવાસ તમે લીધાં. સાહેલી૦ ૧૩

પૂર્વે હતો શોકયનો બાળ તેને દેખી મનમાં ઉછળતી ઝાળ;
તેના કર્મે જોયાં વનના ઝાડ. સાહેલી૦ ૧૪

સખી વનમાં જન્મ્યો છે બાળ, કયારે ઉતરશે મારી આળ;
ઓચ્છવ કરશું માને મોસાળ સાહેલી૦ ૧૫

વનમાં ભમતા મુનિ દીઠા આજ, અમને ધર્મ બતાવો મુનિરાજ;
કયારે સરશે અમારા કાજ. સાહેલી૦ ૧૬

વનમાં મળશે મામો મામી આજ, ત્યાં પવનજી કરશે રે સાર;
પછી સરશે તમારા કાજ. સાહેલી૦ ૧૭

મુનિરાજની શીખ જ સારી, સર્વે લેજો ઉરમાં અવધારી;
માણેકવિજયને જાઉં બલિહારી. સાહેલી૦ ૧૮

## શ્રી કલાવતી સતીની સજઝાય

નગરી કૌશાંબીનો રાજા કહીએ, નામે જેસંગરાય;
બેન જાણી રે જેણે બેરખડા મોકલ્યા, કરમે ભાઈના કહેવાય રે.
કલાવતી સતીય શિરોમણી નાર. ૧

પહેલીને રયણીએ રાજા મહેલે પધાર્યા, પૂછે બેરખડાની વાત;
કહોને સ્વામી તમે બેરખડા ઘડાવ્યાં, સરખી ન રાખી નાર રે.
કલા૦ ૨

બીજીને રયણીએ રાજા મહેલે પધાર્યા, પૂછે બેરખડાની વાત;
કહોને તમને કેણે બેરખડા ઘડાવ્યા, તું નથી શિયલવંતી નાર રે.
કલા૦ ૩

ઘણું જીવો રે જેણે બેરખડા ઘડાવ્યાં, અવસર આવ્યા એહ;
અવસર જાણીને જેણે બેરખડા મોકલ્યાં, અમે પહેર્યાં છે આજ રે.
કલા૦ ૪

ચીરામન એહને તેહને મન, તેને મોકલ્યા છે એહ રે;
રાત દિવસ મારા હૈડે ન વિસરે, દીઠે હરખ ન માય રે.
કલા૦ ૫

તેણે અવસરે રાજા રોષે ભરાણો, તેડાવ્યા સુભટ બે ચાર;
સૂકી રે નદીમાં છેદન કરાવ્યાં, કર લઇ વહેલો રે આવ રે.
કલા૦ ૬

બેરખડા જોઇને રાજા મનમાં વિમાસે, મેં કીધો અપરાધ;
વિણ અપરાધે છેદન કરાવ્યા, મેં કીધો અન્યાય રે.
કલા૦ ૭

તેણે અવસરે રાજા ધાન ન ખાધું, તેડાવ્યા મંત્રી બે ચાર;
રાત દિવસ રાજા મનમાં વિમાસે, જો આવે શિયલવંતી નાર રે.
કલા૦ ૮

સુકુ સરોવર લહેરે રે જાય, વૃક્ષ નવપલ્લવ થાય;
કર નવા આવે ને બેટડો ધવરાવે, તે શિયલતાનો પ્રભાવ રે.
કલા૦ ૯

તીણે અવસરે મહાવીરજી પધાર્યા, પૂછે પરભવની વાત;
શા શા કીધાં અપરાધ પ્રભુજી, તે મને કહો આજ રે.
કલા૦ ૧૦

તું રે હતી બાઇ રાજાની કુંવરી, એ હતો સૂડાની તે જાત;
સહેજે સહેજે તેં બાણ જ નાખ્યું, ભાંગી સૂડાની તેં પાંખ.
કલા૦ ૧૧

તમે તમારા વારસને સંભાળો, મારે સંજમ કેરો ભાવ;
દીક્ષા લઈશું મહાવીરજીની પાસે, પહોંચશું મુક્તિ મહેલ રે.
કલા૦ ૧૨

પુત્ર હતો તે તો રાયને સોંપ્યો, પોતે લીધો સંયમ ભાર રે;
હીરવિજય ગુરુ ઈમ ભણે રે, સ્વામી આવાગમન નિવાર રે.
કલા૦ ૧૩

## શ્રી સુભદ્રા સતીની સજઝાય

મુનિવર પેખે રે ઇરિયા, જીવના જતન કરંત;
તરણું ખુંતું રે આંખમાં, નયને નીર ઝરંત. મુનિ૦ ૧

કલ્પવૃક્ષ જેણે ઓળખ્યો, આંગણે ઉભો રે એહ;
જીહ્વાએ તરણું કાઢીયું, સાસુને પડ્યો રે સંદેહ. મુનિ૦ ૨

તે સજ્જન શું કીજીએ, જેણે કુળ આવે રે લાજ;
પુત્રવધૂ સોનાસમી, નહિ અમારે ઘર કાજ. મુનિ૦ ૩

ગુણવિણસી ગુણ લાકડી, ગુણ વિણ નાર કુનાર;
મન ભાંગ્યો ભરથારનો, નહિ અમારે ઘરબાર. મુનિ૦ ૪

પિયુ વચન શ્રવણે સુણી, સતી મન ચિંતવે એમ;
જૈન ધર્મ કલંક જાણી કરી, કાઉસગ્ગ કીધો રે તેમ. મુનિ૦ ૫

ઈંદ્રતણું આસન ચળ્યું, સતી શીર આવ્યું રે આળ;
પોળ ચડાવે નગરતણી, તો ઉતરશે એ ગાળ. મુનિ૦ ૬

ભોગળ તો ભાંગે નહિ, ઘણુ નવિ લાગે રે ઘાય;
ચંપાપોળ ન ઉઘડે, આકુળ વ્યાકુળ થાય. મુનિ૦ ૭

આકાશે ઉભા રે દેવતા, બોલે એવા રે બોલ;
સતી જળ સિંચે ચાલણી, તો ઉઘડશે એ પોળ. મુનિ૦ ૮

રાજા મન આણંદીયો, નગરમાં ઘણી છે નાર;
અંતેઉર છે વળી માહરે, સતી શીરોમણિ સાર. મુનિ૦ ૯

અંતે ઉર કીધું એકઠું, કુવા કાંઠે નહિ માગ;
કાચે તાંતણે ચાલણી, ત્રુટી જાએ એ ત્રાગ. મુનિ૦ ૧૦

અંતે ઉર થયું દયામણું, રાજા થયો નિરાશ;
મોટપણું મનમાં રહ્યું, ધિક્ પડ્યો ઘરવાસ. મુનિ૦ ૧૧

નગરપડો વજડાવીયો, નગરી દીસે હેરાન;
પ્રજાને પીડા ઘણી, કોઈ દિયો જીવિતદાન. મુનિ૦ ૧૨

પડો આવ્યો ઘર આંગણે, નગરી હાલક લોલ;
જો સાસુ અનુમતી દીયે, તો હું ઉઘાડું એ પોળ. મુનિ૦ ૧૩

વળી વળી વહુઅર શું કહું, નિર્લજને નહિ લાજ;
નવ નંદકુળ એળે ગયા, આવ્યું કાકીડે રાજ. મુનિ૦ ૧૪

દોષ તે દીજે કરમને, કલંક ચઢાવ્યું રે માય;
પડો છબી ઉભી રહી, જઈ સંભળાવો રે રાય. મુનિ૦ ૧૫

વેગે ગઈ રે વધામણી, રાજાને નહિ વિશ્વાસ;
પ્રત્યક્ષ જુઓ પારખું, આવી કરો રે તપાસ. મુનિ૦ ૧૬

સુખ સિંહાસન બેસી કરી, આવી જીહાં છે રે કૂપ;
વદન પૂનમનો ચંદલો, દેખી હરખ્યો ભૂપ. મુનિ૦ ૧૭

રાજા મન આણંદીયો, હૈડે હરખ ન માય;
પ્રજાને પીડા ઘણી, સાર કરો મોરી માય. મુનિ૦ ૧૮

અવર પુરુષ બાંધવ પિતા, સતી મન સકલા રે સોય;
માનવ સહુ મેડીએ ચડયું, સતી જુએ સહુ કોઇ. મુનિ૦ ૧૯

કાચે તાંતણે ચાલણી, સતી કળા ચડી સોળ;
કામિની કૂપ જળે કરી, ઉઘાડી ત્રણ પોળ. મુનિ૦ ૨૦

કોઇ પીયર કોઇ સાસરે, કોઈ હોશે માને મોસાળ;
ચોથી પોળ ઉઘાડશે, જે હશે શીલવંતી નાર. મુનિ૦ ૨૧

ચોથી પોળ ઉઘાડશે, જે હોશે નિષ્કલંક;
સુરનર હોજો સાખીયા, સુભદ્રાએ ટાળ્યું કલંક. મુનિ૦ ૨૨

નાક રાખ્યું નગરીતણું, ગામ ઉતારી રે ગાળ;
રાય રાણી પ્રશંસા કરે, સતી શીરોમણિ સાર. મુનિ૦ ૨૩

જે નર નારી શીલ પાળશે, તે તરશે સંસાર;
સિદ્ધિતણાં સુખ પામશે, અમર તણો અવતાર. મુનિ૦ ૨૪

વાઘણ કેરા રે દૂધડાં, રહેશે સોના કેરે ઠામ;
જે રે ભણે જે સાંભળે, કાન્તિવિજય ગુણ ગાય. મુનિ૦ ૨૫

## શ્રી રૂક્ષ્મણીની સજ્ઝાય

વિચરંતા ગામો ગામ, નેમિ જિનેશ્વર શામ, આ છે લાલ;
નયરી દ્વારામતી આવીયાજી. ૧
વનપાલક સુખદાય, દીએ વધામણી આય, આ છે લાલ;
નેમિ જિણંદ પધારીઆજી. ૨
કૃષ્ણાદિક નરનાર, સહુ મલી પર્ષદા બાર, આ છે લાલ;
નેમને વંદન આવીયાજી. ૩
દેશના દીયે જિનરાય, સહુને આપે સદાય, આ છે લાલ;
રૂક્ષ્મણી પૂછે નેમનેજી. ૪
પુત્રને મારે વિજોગ, શો હશે કર્મ સંજોગ, આ છે લાલ;
ભગવંત મુજને ઉપદીશોજી. ૫
ભાખે તવ ભગવંત, પૂરવ ભવ વીરતંત, આ છે લાલ;
કીધો કરમ નવિ છૂટીઓજી. ૬
પૂરવ ભવે એકવાર, તું હતી નરપતિ નાર, આ છે લાલ;
ઉપવન રમવા સંચર્યાજી. ૭
જોતાં વન મોઝાર, દીઠો એક સહકાર, આ છે લાલ;
મોરલી વીયાણી તે બાઉ પરેજી. ૮
સાથે તમારો નાથ, ઈંડા ઝાલ્યા હાથ, આ છે લાલ;
કુંકુંમવરણ તે થયાજી. ૯
એહવે આવી મોર, કરવા લાગી શોર, આ છે લાલ;
સોળ ઘડી નવિ સેવીયાજી. ૧૦
એને અવસરે ઘમઘોર, ઉંડો ગાજ્યો જોર, આ છે લાલ;
ચઉદીશી ચમકે વિજળીજી. ૧૧

પછી વૂઠ્યો મેહ, ઈંડા ધોવાણાં તેહ, આ છે લાલ;
પછી મોરલીયે સેવીયાજી. ૧૨
તિહાં બાંધ્યો અંતરાય, એમ ભાખે જિનરાય, આ છે લાલ;
સોળ ઘડીના સોળ વરસ થયાજી. ૧૩
હસતા તે બાંધ્યા કર્મ, નવિ ઓળખ્યો જૈનધર્મ, આ છે લાલ;
રોતાં ન છૂટે પ્રાણીઓજી. ૧૪
દેશના સુણી અભિરામ, રૂક્ષ્મણી રાણી તામ્, આ છે લાલ;
શુદ્ધો સંયમ આદરૂંજી. ૧૫
સ્થીર કરી મન વચન કાય, મુગતીપુરીમાં જાય, આ છે લાલ;
કર્મ ખપાવી મુગતે ગયાજી. ૧૬
એહનો છે વિસ્તાર, અંતગડ સૂત્ર મોઝાર, આ છે લાલ;
રાજવિજય રંગે ભણેજી. ૧૭

## શ્રી જંબૂસ્વામીની સજ્ઝાય

રાજગૃહી નયરી વસે, ઋષભદત્ત વ્યવહારી રે;
તસ સુત જંબુકુમાર નમું, બાલપણે બ્રહ્મચારી રે. જંબૂ૦ ૧
જંબૂ કહે જનની સુણો, સ્વામી સુધર્મા આયા રે;
દીક્ષા લેશું તે કને, અનુમતિ દ્યો મોરી માયા રે. જંબૂ૦ ૨
માતા કહે સુણો બેટડા, વાત વિચારી કીજે રે;
તરૂણપણે તરૂણી વરી, છાંડી કેમ છૂટીજે રે. જંબૂ૦ ૩
આગે અરણિક મુનિવરા, ફરી પાછા ઘર આયા રે;
નાટકણી નેહે કરી, અષાઢાભૂતિ ભોલાયા રે. જંબૂ૦ ૪

વેશ્યાવશ પડ્યા પછી, નંદિષેણ નગિનો રે;
આદ્ર દેશનો પાટવી, આર્દ્રકુમાર કાં કીનો રે. જંબૂ૦ ૫
સહસ વરસ સંયમ લીયો, તોહી પાર ન પાયા રે;
કુંડલિક જે કર્મે કરી, પછી ઘણું પસ્તાયા રે. જંબૂ૦ ૬
મુનિવરૂ શ્રી રહનેમિજી, નેમિ જિનેશ્વર ભાઈ રે;
રાજીમતી દેખી કરી, વિષય તણી મતી આઇ રે. જંબૂ૦ ૭
દીક્ષા છે વત્સ દોહીલી, પાળવી ખાંડાની ધારા રે;
સરસ નિરસ અન્ન જમવું, સૂવું ડાભ સંથારા રે. જંબૂ૦ ૮
દીક્ષા છે વત્સ દોહીલી, કહ્યું અમારૂં કીજે રે;
પરણો પનોતા પદમીની, અમ મનોરથ પૂરીજે રે. જંબૂ૦ ૯
જંબૂ કહે જનની સુણો, ધન્ય ધન્નો અણગારો રે;
મેઘ મુનિશ્વર મોટકો, શાલિભદ્ર સંભારો રે. જંબૂ૦ ૧૦
ગજસુકુમાલ ગુણે ભર્યો, આતમ સાધન કીધો રે;
ષટ્માસી તપ પારણે, ઢંઢણે કેવલ લીધો રે. જંબૂ૦ ૧૧
દશાર્ણભદ્રે કેવલ લહી, પાય લગાડો ઇંદો રે;
પ્રસનચંદ્ર કેવલ લહી, પામ્યો છે પરમાનંદો રે. જંબૂ૦ ૧૨
એમ અનેક મુનિવર હુવા, કહેતાં પાર ન પાય રે;
અનુમતિ દ્યો મોરી માયજી, ક્ષણ લાખીણો જાય રે. જંબૂ૦ ૧૩
પાંચસે સત્તાવીસશું, જંબૂકુંવર પરિવરીઓ રે;
પંચ મહાવ્રત ઉચરી, ભવજલ સાયર તરીઓ રે. જંબૂ૦ ૧૪
જંબૂ ચરમ જ કેવલી, તાસ તણા ગુણ ગાયા રે;
પંડિત લલિતવિજય તણો. હેતવિજય સુપસાયા રે. જંબૂ૦ ૧૫

## શ્રી નેમ રાજીમતીની સજ્ઝાય

રાણી રાજુલ કર જોડી કહે, એ તો જાદવકુળ શણગાર રે, વહાલા મારા:
ભવરે આઠેનો નેહલો, પ્રભુ મત મેલો વિસારી રે. વા.મા.
વારી હું૦ ૧

વારી હું જિનવર નેમજી, એક વિનતડી અવધાર રે; વા.મા.
સુરતરુ સરખો સાહિબો, હું તો નિત્ય નિત્ય ધરૂં દેદાર રે. વા.મા.
વારી હું૦ ૨

પ્રથમ ભવે ધનવતીનો, તું ધન નામે ભરતાર રે; વા.મા.
નિશાળે જાતાં મુજને, છાનો મેલ્યો મોતી કેરો હાર રે. વા.મા.
વારી હું૦ ૩

દીક્ષા લેઈ હરખે કરી, તિહાં દેવતણો અવતાર રે; વા.મા.
ક્ષણ વિરહ ખમતા નહિ, તિહાં પણ ધરતા પ્યાર રે. વા.મા.
વારી હું૦ ૪

ત્રીજે ભવે વિદ્યાધરૂ, તિહાં ચિત્રગતી રાજકુમાર રે; વા.મા.
ભૂપતી પદવી ભોગવો, હુ રત્નવતી તુજ નાર રે. વા.મા.
વારી હું૦ ૫

મહાવ્રત પાલી સાધુના, તિહાં ચોથે ભવે સુરદાર રે; વા.મા.
અરણ્ય દેવલોકે બેઉ જણા, તિહાં સુખ વિલસ્યાં સવિકાર રે. વા.મા.
વારી હું૦ ૬

પાંચમો ભવ અતિ શોભતો, તિહાં નૃપ અપરાજિત સાર રે; વા.મા.
પ્રીતમવંતી હું તાહરી, થઈ પ્રભુ હૈયાનો હાર રે. વા.મા.
વારી હું૦ ૭

અહી દીક્ષા હરખે કરી, તિહાં છઠ્ઠે ભવે સુરદાર રે; વા.મા.
મહિન્દ્ર દેવલોકમાં, તિહાં સુખ વિલસ્યાં વારોવાર રે. વા.મા.
વારી હું૦ ૮

શંખ રાજા ભવ સાતમો, તિહાં જસમતી પ્રાણ આધાર રે; વા.મા.
વીસ સ્થાનક તિહાં ફરસતાં, જિનવર પદ બાંધ્યું સાર રે. વા.મા.
વારી હું૦ ૯

આઠમે ભવ અપરાજિતે, તિહાં વરસ ગયા બત્રીસ હજાર રે; વા.મા.
આહારની ઈચ્છા ઉપની, એ તો પૂર્વ પૂન્ય પ્રકાશ રે. વા.મા.
વારી હું૦ ૧૦

હરીવંશમાંથી ઉપની, મારી શીવાદેવી સાસુ મલ્હાર રે; વા.મા.
નવમે ભવે કયાં પરિહરો, પ્રભુ રાખો લોક વ્યવહાર રે. વા.મા.
વારી હું૦ ૧૧

એરે સંબંધ સુણી પાછલો, તિહાં નેમજી ભણે બ્રહ્મચારી રે; વા.મા.
હું તમને તેડવા કારણે, આવ્યો સસરાજીને વાસ રે. વા.મા.
વારી હું૦ ૧૨

અવિચલ કીધો એણે સાહિબો, રૂડો નેહલો મુક્તિમાં જાય રે;વા.મા.
માની વચન રાજીમતી, તિહાં ચાલી પીઉડાની લાર રે. વા.મા.
વારી હું૦ ૧૩

ધન્ય ધંન્ય જિન બાવીસમો, જેણે તારી પોતાની નાર રે; વા.મા.
ધન્ય ધન્ય ઉગ્રસેનની નંદીની, જે સતીઓમાં સીરદાર રે. વા.મા.
વારી હું૦ ૧૪

સંવત સત્તર એકોતરે, તિહાં શુભ વેલા શુભ વાર રે; વા.મા.
કાંતિવિજય રાજુલના, તિહાં ગુણ ગાયા શ્રીકાર રે. વા.મા.
વારી હું જિનવર નેમજી૦ ૧૫

## શ્રી અરણિક મુનિની સજઝાય

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે શીશોજી;
પાય અડવાણે રે વેળુ પરજળે, તન સુકુમાળ મુનિશોજી.
અરણિક૦ ૧

મુખ કરમાણું રે માલતી ફૂલ જ્યું, ઉભો ગોખની હેઠોજી;
ખરે બપોરે રે દીઠો એકલો, મોહી માનનીએ દીઠોજી.
અરણિક૦ ૨

વયણરંગીલી રે નયણે વીંધીયા, ઋષિ થંભ્યા તેણે ઠાણોજી;
દાસીને કહે જા રે ઉતાવળી, ઋષિ તેડી ઘર આણોજી.
અરણિક૦ ૩

પાવન કીજે રે ઋષી ઘર આંગણું, વહોરો મોદક સારોજી;
નવ જોબન રસ કાયા કાં દહો, સફલ કરો અવતારોજી.
અરણિક૦ ૪

ચંદ્રવદનીએ ચારિત્રથી ચુકવ્યા, સુખ વિલસે દિન રાતોજી;
બેઠો ગોખે રે રમતો સોગઠે, તવ દીઠી નીજ માતોજી.
અરણિક૦ ૫

અરણિક અરણિક કરતી મા ફરે, ગલીએ ગલીએ બજારોજી;
કહો કોણે દીઠો રે મારો અરણિલો, પૂછે લોક હજારોજી.
અરણિક૦ ૬

હું કાયર છું રે મારી માવડી, ચારિત્ર ખાંડાની ધારોજી;
ધિગ ધિગ વિષયા રે મારા જીવને, મેં કીધો અવિચારોજી.
અરણિક૦ ૭

ગોખથી ઉતરી રે જનનીને પાયે પડ્યો, મનશું લાજ્યો અપારોજી;
વત્સ તુજ ન ઘટે રે ચારિત્રથી ચુકવું. જેહુથી શિવસુખ સારોજી.
અરણિક૦ ૮

એમ સમજાવી રે પાછો વાળીઓ, આણ્યો ગુરુની પાસોજી;
સદ્‌ગુરુ દીએ રે શીખ ભલી પરે, વૈરાગે મન વાસોજી.
અરણિક૦ ૯

અગ્નિ ધખંતી રે શિલા ઉપરે, અરણિકે અણસણ કીધુંજી;
રૂપવિજય કહે ધન્ય તે મુનિવરૂં, જેણે મનવાંછિત લીધુંજી.
અરણિક૦ ૧૦

●

## શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિની સજ્ઝાય

પ્રણમું તમારા પાય, પ્રસન્નચંદ્ર પ્રણમું તમારા પાય,
રાજ છોડી રળીયામણું રે, જાણી અથિર સંસાર;
વૈરાગે મન વાળીયું રે, લીધો સંયમ ભાર. પ્રસન્ન૦ ૧

સ્મશાને કાઉસગ્ગ રહી રે, પગ ઉપર પગ ચઢાય;
બાહુ બે ઊંચા કરી રે, સુરજ સામી દૃષ્ટિ લગાય. પ્રસન્ન૦ ૨

દુર્મુખ દૂત વચન સુણી રે, કોપ ચઢ્યો તત્કાળ;
મનશું સંગ્રામ માંડીયો રે, જીવ પડ્યો જંજાળ. પ્રસન્ન૦ ૩

શ્રેણિક પ્રશ્ન પૂછે તે સમે રે, સ્વામિ એહની કુણ ગતી થાય;
ભગવંત કહે હમણાં મરે તો, સાતમી નરકે જાય. પ્રસન્ન૦ ૪

ક્ષણ એક આંતરે પૂછીયું રે, સ્વાર્થ સિદ્ધ વિમાન;
વાગી દેવની દુંદુભી રે, ઋષી પામ્યા કેવલજ્ઞાન. પ્રસન્ન૦ ૫

પ્રસન્નચંદ્ર ઋષી મુકતે ગયા રે, શ્રી મહાવીરના શિષ્ય;
રૂપવિજય કહે ધન્ય એ દીઠા, સૂત્રમાંહે પ્રત્યક્ષ. પ્રસન્ન૦ ૬

## શ્રી મેઘકુમારની સજ્ઝાય

ધારણી મનાવે રે મેઘકુમારને રે, તું મુજ એક જ પુત્ર;
તુજ વિણ જાયા રે. સુના મંદિર માળિયાં રે,
રાખો રાખો રે ઘરતણાં સુત્ર. ધારણી૦ ૧

તુજને પરણાવું આઠ કુમારિકા રે, સુંદર અતિ સુકુમાળ;
મલપતી ચાલે રે જેમ વન હાથણી રે, નયણ વયણ સુવિશાળ.
ધારણી૦ ૨

મુજ મન આશા રે પુત્ર તણી ઘણી રે, રમાડીશ વહુના રે બાળ;
દૈવી અટારો રે દેખી નવિ શકયો રે, ઉપાયો એહ જંજાળ
ધારણી૦ ૩

ધણ કણ કંચન રે ઋદ્ધિ ઘણી છે રે, ભોગવો ભોગ સંસાર;
છતી ઋદ્ધિ વિલસો રે જાયા ઘર આપણે રે, પછી લેજો સંજમભાર.
ધારણી૦ ૪

મેઘકુમારે રે માતા પ્રીતે બુઝવી રે, દીક્ષા લીધી વીરજીની પાસ;
પ્રીતિવિમળ રે ઇણી પરે ઉચ્ચરે રે, પહોતી મારા મનડાની આશ.
ધારણી૦ ૫

# શ્રી મેતારજ મુનિની સજઝાય

શમ દમ ગુણના આગરૂ જી, પંચ મહાવ્રતધાર;
માસખમણને પારણે જી, રાજગ્રહી નગરી મોઝાર.
મેતારજ મુનિવર ધન ધન તુમ અવતાર. મેતા૦ ૧

સોનીને ઘેર આવીયા જી, મેતારજ ઋષિરાય;
જવલા ઘડતાં ઉઠીયો જી, વંદે મુનિના પાય. મેતા૦ ૨

આજ ફળ્યો ઘર આંગણે જી, વિણ કાલે સહકાર;
લ્યો ભિક્ષા છે સુઝતી જી, મોદકતણો એ આહાર. મેતા૦ ૩

કૌંચ જીવ જવલા ચર્યો જી વહોરી વળ્યા ઋષિરાજ;
સોની મન શંકા થઈ જી, સાધુ તણા એ કાજ. મેતા૦ ૪

રીસ કરી ઋષિને કહે જી, દ્યો જવલા મુજ આજ;
વાધર શીરે વીંટીયું જી, તડકે રાખ્યા મુનિરાજ. મેતા૦ ૫

ફટ ફટ ફૂટે હાડકાં જી, તડ તડ તૂટે ચામ;
સોનીડે પરિસહ કર્યો જી, મુનિ રાખ્યો મન ઠામ. મેતા૦ ૬

એવા પણ મોટા યતી જી, મન ન આણે રોષ;
આતમ નિંદે આપણો જી, સોનીનો શો દોષ. મેતા૦ ૭

ગજસુકુમાલ સંતાપીઆ જી, બાંધી માટીની પાળ;
ખેર અંગારા શીરે ધર્યા જી, મુગતે ગયા તત્કાળ. મેતા૦ ૮

વાઘણ શરીર વલુંરીયું જી, સાધુ સુકોમલ સાર;
કેવલ લહી મુગતે ગયા જી, એમ અરણિક અણગાર. મેતા૦ ૯

પાલક પાપી પીલીયા જી, ખંધકસૂરિના શિષ્ય;
અંબડ ચેલા પાંચસો જી, નમો નમો તે નિશદિશ. મેતા૦ ૧૦

એવા પુરુષ સંભારતા જી, મેતારજ ઋષિરાય;
અંતગડ હુવા કેવલી જી, વંદે મુનિના પાય. મેતા૦ ૧૧

ભારી કાષ્ટની સ્ત્રીએ તિહાં જી, લાવી નાખી તેણી વાર;
ધબકે પંખી જાગીયો જી, જવલા કાઢ્યા તીણે સાર. મેતા૦ ૧૨

દેખી જવલા વિષ્ટમાં જી, મનમાં લાજ્યો સોનાર;
ઓઘો મુપત્તિ સાધુના જી, લેઇ થયો અણુગાર. મેતા૦ ૧૩

આતમ તાર્યો આપણો જી, સ્થિર કરી મન વચ કાય;
રાજવિજય રંગે ભણે જી, સાધુ તણી એ સજઝાય. મેતા૦ ૧૪

## શ્રી કૃષ્ણ મહારાજની સજઝાય

નયરી દ્વારિકામાં નેમિ જિનેશ્વર, વિચરંતા પ્રભુ આવે;
કૃષ્ણ નરેસર વધાઇ સુણીને, જિન નિશાન બજાવે.
હો પ્રભુજી નહિ જાઉં નરક ગેહે. ૧

નહિ જાઉં નરક ગેહે હો પ્રભુજી, નહિ જાઉં નરક ગેહે;
અઢાર સહસ સાધુજીને વિધિશું, વાંદ્યા અધિક હરખે;
પછી નેમિ જિનેશ્વર કેરાં, ઉભા મુખડા નિરખે.
હો પ્રભુજી૦ ૨

નેમિ કહે તુમે ચાર નિવારી, ત્રણ તણાં દુઃખ રહીયાં;
કૃષ્ણ કહે હું ફરી ફરી વંદુ, હર્ષ ધરી મન હૈયા.
હો પ્રભુજી૦ ૩

મોટા રાજાની ચાકરી કરતાં, રાંક સેવક બહુ રળશે;
સુરતરૂ સરખા અફળ જશે ત્યારે, વિષ વેલડી કેમ ફળશે.
હો પ્રભુજી૦ ૪

નેમિ કહે એ ટાળ્યા ન ટળે, સો વાતે એક વાત;
કૃષ્ણ કહે મારા બાળ બ્રહ્મચારી, નેમિ જિનેશ્વર ભ્રાત.
હો પ્રભુજી૦ ૫

પેટે આવ્યો તેહ ભોરંગ વેઠે, પુત્ર કપુત્ર જ જાયો;
ભલે ભૂડો પણ જાદવકુળનો, તુમ બાંધવ કહેવાયો.
હો પ્રભુજી૦ ૬

છપન ક્રોડ જાદવનો રે સાહિબો, કૃષ્ણ જ નરકે જાશે;
નેમિ જિનેશ્વર કેરો રે બાંધવ, જગમાં અપયશ થાશે.
હો પ્રભુજી૦ ૭

શુદ્ધ સમકિતની પરીક્ષા કરીને, બોલ્યા કેવલનાણી;
નેમિ જિનેશ્વર દીયો રે દિલાસો, ખરો રૂપૈયો જાણી.
હો પ્રભુજી૦ ૮

નેમિ કહે તમે ચિંતા ન કરશો, તુમ પદવી અમ સરખી;
આવતી ચોવીસીમાં હોશો તીર્થંકર, હરી પોતે મન હરખી.
હો પ્રભુજી૦ ૯

જાદવકુળ અજવાળ્યું રે નેમજી, સમુદ્રવિજય કુળ દીવો;
ઇન્દ્ર કહે શિવાદેવીના નંદન, ક્રોડ દિવાળી જીવો.
હો પ્રભુજી૦ ૧૦

## શ્રી બલભદ્ર મુનિની સજઝાય

માસખમણને મુનિવર પારણે જી,
આવી ઉતર્યા સરોવરીઆ પાર જી;
આ રે નયરીમાં જઈશું ગોચરી જી,
આ રે નયરીમાં કરશું આહાર જી.
મન મોહ્યું તુંગીયાનગર સોહામણું જી ૧

કૂવાને કાંઠે પાણીડા સંચર્યા જી, પાછળ બાલુડો જાય જી;
રૂપ સ્વરૂપે મુનિવર કુટડા જી, દેખી મનડું થયું અદ્ભુત જી.
મન૦ ૨

ઘડાને બદલે બાલુડો ફાંસીયો જી, ગયો છે કૂવા મોઝાર જી;
આ રે નયરીમાં નહિ જાઉં ગોચરી જી,
આ રે નયરીમાં નહિ કરૂં આહાર જી. મન૦ ૩

સૂના તે વનમાં મુનિવર સંચર્યા જી, ત્યાં કર્યો મૃગલે નમસ્કાર જી;
ખત્રી વેરે છે વનમાં લાકડા જી, ખત્રાણી લાવી છે ભાત જી.
મન૦ ૪

ખત્રીએ મુનિને વાંદિયા જી, લ્યો સૂઝતો આહાર જી;
દોષ બેંતાલીસ ટાળીને જી, લીધો છે સૂઝતો આહાર જી.
મન૦ ૫

ખત્રી ખત્રાણી મુનિવર મૃગલો જી, આવી બેઠા તરૂવરની છાંય જી;
કેઈ દિશેથી પવન આવીયો જી, ભાંગી છે તરૂવરની ડાળ જી.
મન૦ ૬

ખત્રી ખત્રાણી મુનિવર મૃગલો જી, ચારે જીવ સ્વર્ગમાં જાય જી;
મુનિ સત્યવિજયની એણી પરે શીખડી જી,
ધર્મમાં ખરચી લેજો આપ જી. મન૦ ૭

## શ્રી ગજસુકુમાલની સજ્ઝાય

સોના કેરા કાંગરા રૂપા કેરો ગઢ રે,
કૃષ્ણજીની દ્વારિકામાં જોયાની રઢ રે;
ચિરંજીવો કુંવર તમે ગજસુકુમાલ રે,
પૂરા પુન્યે પામીયા રે. ચિરં૦ ૧

નેમિ જિણંદ આવ્યા, વંદન આવ્યા ભાઈ રે;
ગજસુકુમાલ વીરા સાથે, બોલાઈ રે. ચિરં૦ ૨

વાણી સુણી વૈરાગ્ય ઉપન્યો, મન મોહ્યું એમાં રે;
શ્રી જૈન ધર્મ વિના, સાર છે શેમાં રે. ચિરં૦ ૩

ઘેર આવી એમ કહે, રજા દીયો માતા રે;
સંયમ સુખે લહુ જેથી, પામું સુખશાતા રે. ચિરં૦ ૪

મૂર્છાની મારી કુંવર, સુણી તારી વાણી રે;
કુંવર કુંવર કહેતા નથી, માતા આંખે પાણી રે. ચિરં૦ ૫

હૈયાનો હાર વીરા, તજ્યો નવિ જાય રે;
દેવનો દીધેલો તુજ વિના, સુખ નવિ થાય રે. ચિરં૦ ૬

સોના સરિખા વાળ તારા, કંચન વરણી કાયા રે;
એવી કાયા એક દિન, થાશે ધૂળધાણી રે. ચિરં૦ ૭

સંયમ ખાંડા ધાર, તેમાં નથી જરા સુખ રે;
બાવીસ પરિસહ જીતવા દુક્કર રે. ચિરં૦ ૮

દુઃખથી ભરેલો દેખું, સંસાર અટારો રે;
કાયાની માયા જાણી, પાણીનો પરપોટો રે. ચિરં૦ ૯

જાદવ કૃષ્ણ કહે, રાજ્ય વીરા કરો રે;
હજારો હજાર ઉભા સેવક, છત્ર તુમને ધરે રે. ચિરં૦ ૧૦

સોનાની થેલી કાઢો ભંડારી બોલાવો રે;
ઓઘા પાતરા વીરા લાવો, દીક્ષા દીયો ભાઇ રે. ચિરં૦ ૧૧

રાજ્યપાટ વીરા હવે, સુખે તમે કરો રે;
દીક્ષા આપો મને ને, છત્ર તુમે ધરો રે. ચિરં૦ ૧૨

આજ્ઞા આપી ઓચ્છવ કરે, દીક્ષા દીયે આપે રે;
દેવકી કહે વીરા, સંયમ ચિત્તે સ્થાપો રે. ચિરં૦ ૧૩

મુજને તજીને વીરા, અવર માતા મત કીજે રે;
કર્મ ખપાવી ઇહ સર્વ, વહેલી મુક્તિ લીજે રે. ચિરં૦ ૧૪

કુંવર અંતેઉર મેલી, સાધુ વેષ લીધો રે;
ગુરુ આજ્ઞા લેઇને, સ્મશાને કાઉસગ્ગ કીધો રે. ચિરં૦ ૧૫

જંગલમાં જમાઇ જોઇને, સોમિલ સસરો કોપ્યો રે;
ખેરના અંગારા લઇને, મસ્તકે ઠવ્યા રે. ચિરં૦ ૧૬

મોક્ષ પાઘ બંધાવી, સસરાને દોષ નવિ દીધો રે;
વેદના અનંત સહી, સમતા રસ પીધો રે. ચિરં૦ ૧૭

ધન્ય જન્મ ધર્યો તુમે, ગજસુકુમાલ રે;
કર્મ ખપાવી તુમે, હૈડે ધરી હામ રે. ચિરં૦ ૧૮

વિનયવિજય કહે, એવા મુનિ ધન્ય રે;
કર્મનું બીજ બાળી, જીતી લીધું મન રે. ચિરં૦ ૧૯

## શ્રી સ્થુલિભદ્રની સજ્ઝાય

એક દિન કોશ્યા ચિત્તરંગે, બેઠી છે મનને ઉમંગે;
પાંચ સાત સાહેલી સંગે રે, સ્થુલિભદ્ર મુનિ ઘેર આવે;
આવે આવે લાછલદેનો નંદ રે, સ્થુલિભદ્ર મુનિ ઘેર આવે. ૧

આજ મારે મોતીડે મેહુ વુઠ્યા, દેવ દેવી સર્વે મુજ તુઠ્યા;
મેં તો જીવન નયણે દીઠા રે. સ્થુલિ૦ ૨

આવી ઉતર્યા ચિત્રશાળી, રૂડા રત્ને જડી રઢીઆળી;
માંહે મગીઆ મોતી જાળી. સ્થુલિ૦ ૩

પકવાન જમ્યા ભલી ભાત, ઉપર ચોસઠ શાકની જાત;
તોય ન ધરી વિષયની વાત રે. સ્થુલિ૦ ૪

કોશ્યા સજતી સોળ શણગાર, કાજળ કંકુ ને ગળે હાર;
અણુવટ અંગૂઠી વિંછીયા સાર રે. સ્થુલિ૦ ૫

દ્વાદશ ધપમપ માદલ વાજે, ભેરી ભુંગલ વીણા ગાજે;
એમ રૂપે અપ્સરા બિરાજે રે. સ્થુલિ૦ ૬

કોશ્યાએ વાત વિષયની વખાણી, સ્થુલિભદ્રે હૃદયે ન આણી;
હું તો પરણ્યો સંયમ પટરાણી રે. સ્થુલિ૦ ૭

એવા બહુવિધ નાટક કરીઆ, સ્થુલિભદ્રે હૃદયે નવિ ધરીઆ;
સાધુ સમતા રસના દરીયા રે. સ્થુલિ૦ ૮

સુખ એણે જીવે અનુભવ્યો, કાળ અનંતો એમ ગમ્યો;
તોયે તૃપ્તિ જીવ ન પામ્યો રે. સ્થુલિ૦ ૯

વેશ્યાને કીધી સમકિતધારી, વિષયરસ સુખને નિવારી;
એવા સાધુને જાઉં બલીહારી રે. સ્થુલિ૦ ૧૦

એહવે પુરૂં થયું ચોમાસું, સ્થુલિભદ્ર આવ્યા ગુરુ પાસે;
દુક્કર દુક્કર વ્રત ઉલ્લાસે રે. સ્થુલિ૦ ૧૧

નામ રાખ્યું છે જગમાંહે, ચોરાશી ચોવીસી ત્યાંહે,
સાધુ પહોંચ્યા છે દેવલોક માંહે રે. સ્થુલિ૦ ૧૨

પંડિત **હસ્તિવિજય** કવિરાજ, એવા સુગુરુ તણે પસાય;
શિષ્ય **ખુશાલવિજય** ગુણ ગાય રે. સ્થુલિ૦ ૧૩

( ૨ )

શ્રી સ્થૂલિભદ્ર મુનિગણમાં શિરદાર જો,
ચોમાસુ આવ્યા કોશ્યા આગાર જો;
ચિત્રામણ શાળાએ તપ જપ આદર્યા જો. ૧

આદરીયા વ્રત આવ્યા છો અમ ગેહ જો,
સુંદર સુંદર ચંપક વરણી દેહ જો;
અમ તુમ સરિખો મેળો આ સંસારમાં જો. ૨

સંસારે મેં જોયું સકળ સ્વરૂપ જો,
દર્પણની છાયામાં જેવું રૂપ જો;
સ્વપ્નાની સુખલડી ભૂખ ભાંગે નહિ જો. ૩

ના કહેશો તો નાટક કરશું આજ જો,
બાર વરસની માયા છે મુનિરાજ જો;
તે છોડી કેમ જાઉં હું આશા ભરી જો. ૪

આશા ભરીઓ ચેતન કાળ અનાદી જો,
ભમ્યો ધર્મને હીણ થયો પ્રમાદી જો;
ન જાણી મેં સુખની કરણી જોગની જો. ૫

જોગી તો જંગલમાં વાસો વસીયા જો,
વેશ્યાને મંદિરીએ ભોજન રસીઆ જો;
તુમને દીઠા એવા સંયમ સાધતા જો. ૬
સાધશું સંજમ ઇચ્છારોધ વિચારી જો;
કૂર્માપુત્ર થયા નાણી ઘરબારી જો;
પાણીમાંહી પંકજ કોરૂં જાણીએ જો. ૭
જાણી એ તો સઘળી તુમારી વાત જો,
મેવા મીઠાઇ રસવંતી બહુ જાત જો;
અમર ભૂષણ નવ નવલી ભાતે લાવતા જો. ૮
લાવતાં તો તું દેતી આદર માન જો,
કાયા જાણું રંગ પતંગ સમાન જો;
ઠાલીને શી કરવી એવી પ્રીતડી જો. ૯
પ્રીતલડી કરતાં ને રંગભેર સેજ જો,
રમતાં ને દેખાડતાં ઘણું હેત જો;
રીસાણી મનાવી મુજને સાંભરે જો. ૧૦
સાંભરે તો મુનિવર મનડું વાળે જો,
ઢાંકચો અગ્નિ ઉઘાડ્યો પરજાળે જો;
સંજમમાંહી એ છે દૂષણ મોટકું જો. ૧૧
મોટકું આવ્યું રાજા નંદનું તેડું જો,
જાતાં ન વહે કાંઇ તમારૂં મનડું જો;
મેં તુમને તિહાં કોલ કરીને મોકલ્યા જો. ૧૨
મોકલ્યા તો મારગમાંહી મલીયા જો,
સંભૂતિ આચારજ જ્ઞાને બળીયા જો;
સંજમ દીધું સમકિત તેણે શિખવ્યું જો. ૧૩

શિખવ્યું તો કરી દેખાડો અમને જો,
ધર્મ કરતા પુન્ય વડેરૂં તમને જો;
સમતાને ઘેર આવી વેશ્યા એમ વદે જો. ૧૪

વદે મુનિશ્વર શંકાને પરિહાર જો,
સમકિત મૂલે શ્રાવકના વ્રત બાર જો;
પ્રાણાતિપાતાદિક સ્થૂલથી ઉચ્ચરે જો. ૧૫

ઉચ્ચરે તો વિત્યું છે ચોમાસુ જો.
આણા લઈને આવ્યા ગુરૂની પાસ જો;
શ્રુતનાણી કહેવાણા ચૌદે પૂર્વી જો. ૧૬

પૂર્વી થઈને તાર્યા પ્રાણી થોક જો,
ઉજ્જવલ ધ્યાને તે ગયા દેવલોક જો;
ઋષભ કહે નિત્ય તેને કરીએ વંદના જો. ૧૭

## શ્રી સુબાહુકુમારની સજ્ઝાય

હવે સુબાહુકુમાર એમ વિનવે, અમે લેઈશું સંયમ ભાર;
માડી મોરી રે, મા મેં વીર પ્રભુની વાણી સાંભળી,
તેથી મેં જાણ્યો અથિર સંસાર માડી મોરી રે;
હવે હું નહિ રાચું આ સંસારમાં. ૧

અરે જાયા, તુજ વિના સુંદર મંદિર માળીયાં,
તુજ વિના સુનો રે સંસાર, જાયા મોરા રે;
કાંઈ માણેક મોતી મુદ્રિકા, કાંઈ ઋદ્ધિ તણો નહિ પાર;
જાયા મોરા રે, તુજ વિના ઘડી એક ન નિસરે. ૨

અરે માડી તન મન ધન જોબન કારમું, કારમો કુટુંબ પરિવાર,
માડી મોરી રે, કારમા સગપણમાં કોણ રહે;
મેં તો જાણ્યો અથિર સંસાર માડી મોરી રે. ૩

અરે જાયા, સંયમપંથ ઘણો આકરો, જાયા વ્રત છે ખાંડાની ધાર,
જાયા મોરા રે, બાવીસ પરિસહ જીતવા, જાયા રહેવું છે વનવાસ;
જાયા મોરા રે, તુજ વિના ઘડી એક ન નિસરે. ૪

અરે માજી વનમાં રહે છે મૃગલાં, તેની કોણ કરે સંભાળ,
માડી મોરી રે, વનમૃગલા પરે ચાલશું, અમે એકલડા નિરધાર;
માડી મોરી રે, હવે હું નહિ રાચું સંસારમાં. ૫

હાં રે માજી નરકનિગોદમાં હું ભમ્યો, ભમ્યો અનંતી અનંતીવાર,
માડી મોરી રે, છેદન ભેદન મેં ત્યાં સહ્યાં, તે કહેતાં ન આવે પાર;
માડી મોરી રે, હવે હું નહિ રાચું આ સંસારમાં. ૬

અરે જાયા, તુજને પરણાવી પાંચસે નારીઓ, રૂપે અપ્સરા સમાન,
જાયા મોરા રે, ઉંચા તે કુલમાં ઉપની, રહેવા પાંચસે પાંચસે મહેલ;
જાયા મોરા રે, તુજ વિના ઘડી એક ન નિસરે. ૭

હાં રે માડી, ઘરમાં જો એક નીકળે નાગણી, સુખે નિદ્રા ન આવે લગાર,
માડી મોરી રે, પાંચસો નાગણીઓમાં કેમ રહું,
મારૂં મન આકુળ વ્યાકુળ થાય;
માડી મોરી રે, હવે હું નહિ રાચું આ સંસારમાં. ૮

હાં રે જાયા, આટલા દિવસ હું જાણતી, રમાડીશ વહુરોના બાળ,
જાયા મોરા રે, દિવસ અટારો હવે આવીયો, તું તો લે છે સંયમભાર;
જાયા મોરા રે, તુજ વિના ઘડી એક ન નિસરે. ૯

હાંરે માજી, મુસાફર આવ્યો કોઇ પરૂણલો, ફરી ભેગો થાય ન થાય,
માડી મોરી રે, એમ મનુષ્યભવ પામવો દોહીલો,
ધર્મ વિના દુર્ગતિમાં જાય;
માડી મોરી રે, હવે હું નહિ રાચું આ સંસારમાં. ૧૦

હવે પાંચસે વહુઓ એમ વિનવે, તેમાં વડેરી કરે રે જવાબ,
વાલમ મોરા રે, તુમે તો સંયમ લેવા સંચર્યા;
સ્વામી અમને કોનો છે આધાર, વાલમ મોરા રે,
વાલમ વિના કેમ રહી શકું. ૧૧

હાંરે માજી, માત પિતાને ભાઈ બેનડી, નારી કુંટુંબને પરિવાર,
માડી મોરી રે, અંતવેળાએ સહુ અળગા રહે;
એક જૈન ધર્મ તરણ તારણહાર, માડી મોરી રે,
હવે હું નહિ રાચું આ સંસારમાં. ૧૨

હાં રે માજી, કાચી કાયા તે કારમી, સડી પડી વિણસી જાય,
માડી મોરી રે, જીવડો જાય ને કાયા પડી રહેશે,
મુવા પછી બાળી કરે રાખ, માડી મોરી રે,
હવે હું નહિ રાચું આ સંસારમાં. ૧૩

હવે ધારણી માતા એમ ચિંતવે, આ પુત્ર નહિ રહે રે સંસાર,
ભવિકજન રે, એક દિવસનું રાજ્ય ભોગવી;
લીધો સંયમ મહાવીરસ્વામી પાસ, ભવિકજન રે,
સોભાગી કુંવરે સંયમ આદર્યો. ૧૪

તપ જપ કરી કાયા શોષવી, આરાધી ગયા દેવલોક,
ભવિકજન રે, પંદરે ભવ પુરા કરી,
જાશે મહાવિદેહ ક્ષેત્ર મોઝાર, ભવિકજન રે,
સૌભાગ્યવિજય ગુરુ એમ કહે. ૧૫
હાં રે માજી, વિપાકસૂત્રમાં ભાખીયું,
બીજા સૂત્ર અખંડ મોઝાર,
ભવિકજન રે, પ્રથમ અધ્યયને એ કહ્યું,
સૂત્ર વિપાકમાં અધિકાર, ભવિકજન રે,
સોભાગી કુંવરે સંયમ આદર્યો. ૧૬

## શ્રી મેઘરથ રાજાની સજઝાય

દશમે ભવે શ્રી શાંતિજી, મેઘરથ જીવડો રાય રૂડા રાજા,
પોસહશાળામાં એકલા, પોસહ લીયો મન ભાય રૂડા રાજા;
ધન્ય ધન્ય મેઘરથ રાયજી, જીવદયા ગુણ ખાણ ધર્મી રાજા. ૧
ઈશાનાધિપ ઇન્દ્રજી વખાણ્યો, મેઘરથરાય રૂડા રાજા;
ધર્મે ચલાવ્યો નહિ ચલે, મહાસુર દેવતા આય રૂડા રાજા.
ધન્ય૦ ૨
પારેવું સિંચાણા મુખે અવતરી, પડયું પારેવું ખોળામાંય રૂડા રાજા;
રાખ રાખ મુજ રાજવી, મુજને સિંચાણો ખાય રૂડા રાજા.
ધન્ય૦ ૩
સિંચાણો કહે સુણો રાજીયા, એ છે મારો આહાર રૂડા રાજા;
મેઘરથ કહે સુણ પંખીઆ, હિંસાથી નરક અવતાર રૂડા પંખી.
ધન્ય૦ ૪

શરણે આવ્યું રે પારેવડું, નહિ આપુ નિરધાર રૂડા પંખી;
માટી મંગાવી તુજને દઉં, તેહનું તું કર આહાર રૂડા પંખી.
ધન્ય૦ ૫

માટી ખપે મુજ એહની, કાં વલી તાહરી દેહ રૂડા રાજા;
જીવદયા મેઘરથ વસી, સત્ય ન મેલે ધર્મી તેહ રૂડા રાજા.
ધન્ય૦ ૬

કાતી લેઈ પિંડ કાપીને, લે માંસ તું સિંચાણ રૂડા પંખી;
ત્રાજવુંએ તોલાવી મુજને દીઓ, એ પારેવા પ્રમાણ રૂડા રાજા.
ધન્ય૦ ૭

ત્રાજુઓ મંગાવી મેઘરથ રાયજી, કાપી કાપી મૂકે છે માંસ રૂડા રાજા;
દેવમાયા ધારણ સમી નાવે, એકણુ અંશ રૂડા રાજા.
ધન્ય૦ ૮

ભાઈ સુત રાણી વલ વલે, હાથ ઝાલી કહે તેહ ઘેલા રાજા;
એક પારેવાને કારણે, શું કાપો છો દેહ ઘેલા રાજા.
ધન્ય૦ ૯

મહાજન લોક વારે સહુ, મ કરો એવડી વાત રૂડા રાજા;
મેઘરથ કહે ધર્મ ફળ ભલા, જીવદયા મુજ ઘાત રૂડા રાજા.
ધન્ય૦ ૧૦

ત્રાજુએ બેઠા રાજવી, જે ભાવે તે ખાય રૂડા પંખી;
જીવથી પારેવો અધિકો ગણ્યો, ધન્ય પિતા તુજ માય રૂડા રાજા.
ધન્ય૦ ૧૧

ચડતે પરિણામે રાજવી, સુર પ્રગટ્યો તિહાં આય રૂડા રાજા;
ખમાવે બહુવિધે કરી, લળી લળી લાગે છે પાય રૂડા રાજા.
ધન્ય૦ ૧૨

ઈન્દ્રે પ્રશંસા તારી કરી, તેવો તું છો રાય રૂડા રાજા;
મેઘરથ કાયા સાજી કરી, સુર પોતે નિજ ઠાય રૂડા રાજા.
ધન્ય૦ ૧૩

સંયમ લીયો મેઘરથરાયજી, લાખ પૂરવનું આય રૂડા રાજા;
વીસ સ્થાનક વિધિ સેવીયો, તીર્થંકર ગોત્ર બંધાય રૂડા રાજા.
ધન્ય૦ ૧૪

અગીઆરમે ભવે શ્રી શાન્તીજી, પહોતા સર્વાર્થ સિદ્ધ રૂડા રાજા;
તેત્રીસ સાગર આઉખું, સુખ વિલસે સુર રિદ્ધ રૂડા રાજા.
ધન્ય૦ ૧૫

એક પારેવા દયાથકી, બે પદવી પામ્યા નરિંદ રૂડા રાજા;
પાંચમા ચક્રવર્તી જાણીએ, સોળમા શાંતિ જિણંદ રૂડા રાજા.
ધન્ય૦ ૧૬

બારમે ભવે શ્રી શાન્તીજી, અચિરા કુખે અવતાર રૂડા રાજા;
દીક્ષા લઈ કેવલ વર્યા, પહોંતા મુક્તિ મોઝાર રૂડા રાજા.
ધન્ય૦ ૧૭

ત્રીજે ભવે શિવસુખ લહ્યો, પામ્યા અનંતુ જ્ઞાન રૂડા રાજા;
તીર્થંકર પદવી લહી, લાખ વરસ આયુ જાણ રૂડા રાજા.
ધન્ય૦ ૧૮

દયાથકી નવનિધિ હોવે, દયા તે સુખની ખાણ રૂડા રાજા;
ભવ અનંતની એ સગી, દયા તે માતા જાણ રૂડા રાજા.
ધન્ય૦ ૧૯

ગજ ભવે સસલો રાખીયો, મેઘકુમાર ગુણ જાણ રૂડા રાજા;
શ્રેણિકરાય સુત સુખ લહ્યાં, પહોતા અનુત્તર વિમાન રૂડા રાજા.
ધન્ય૦ ૨૦

એમ જાણી દયા પાળજો, મનમાંહે કરુણા આણ રૂડા રાજા;
સમયસુંદર એમ વિનવે, દયાથી સુખ નિરવાણ રૂડા રાજા.
ધન્ય૦ ૨૧

## શ્રી બાહુબલીની સજ્ઝાય

રાજતણા રે અતિ લોભીયા, ભરત બાહુબલી ઝુઝે રે;
મૂઠી ઉપાડી રે મારવા, બાહુબળી પ્રતિ બુઝે રે;
વીરા મોરા ગજથકી ઉતરો, ગજ ચઢયે કેવલ ન હોય રે.
વીરા૦ ૧

ઋષભદેવ તિહાં મોકલે, બાહુબલીજીની પાસે રે;
બંધવ ગજથકી ઉતરો, બ્રાહ્મીસુંદરી એમ ભાખે રે. વીરા૦ ૨

લોચ કરીને ચારિત્ર લીયો, વળી આવ્યો અભિમાન રે;
લઘુ બાંધવ વાંદું નહિ, કાઉસગ્ગ રહ્યા શુભ ધ્યાને રે. વીરા૦ ૩

વરસ દિવસ કાઉસગ્ગ રહ્યા, શીત તાપથી સુકાણાં રે;
પંખીડે માળા ઘાલીયા, વેલડીએ વીંટાણાં રે. વીરા૦ ૪

સાધ્વીના વચન સુણી કરી, ચમકયો ચિત્ત મોઝાર રે;
હય ગય રથ સહુ પરિહર્યા, વળી આવ્યો અહંકાર રે. વીરા૦ ૫

વૈરાગે મન વાળીયું, મૂકયો નિજ અભિમાન રે;
પગ ઉપાડ્યો રે વાંદવા, ઉપન્યું કેવળજ્ઞાન રે. વીરા૦ ૬

પહોત્યા તે કેવળી પર્ષદા, બાહુબલી મુનિરાય રે;
અજરામર પદવી લહી, સમયસુંદર વંદે પાય રે. વીરા૦ ૭

## શ્રી નેમનાથ સ્વામીની સજ્ઝાય

નેમ નેમ કરતી નારી, કોઇની ન ચાલી કારી;
રથ લીધો પાછો વાળી રે, સાહેલી મોરી,
કરમે કુંવારા રહ્યા રે, સાહેલી મોરી. ૧

મનથી તો માયા મૂકી, સૂની તો દીસે સેજલડી;
હવે મારૂં કોણ બેલી રે, સાહેલી મોરી. ૨

ચિત્ત મારૂં ચોરી લીધું, પ્રીતિથી પરવશ કીધું;
દુઃખડું તો અમને દીધું રે, સાહેલી મોરી. ૩

જાવ મા જાદવરાયા, આઠે ભવની મૂકી માયા;
આવો શિવાદેવી જાયા રે, સાહેલી મોરી. ૪

આજ તો બની ઉદાસી, તુમ દરિસન દ્યો પ્યાસી;
પરણવાની હોતી આશા રે, સાહેલી મોરી. ૫

માછલી તો વિણ નીર, બચલી તો રાખી ક્ષીણ;
દહાડા કેમ જાશે રે પીયરીએ, સાહેલી મોરી. ૬

જોતાં નવિ મળી જોડી, આઠે ભવની પ્રીતિ તોડી;
બાલપણે ગયા છોડી રે, સાહેલી મોરી. ૭

જોબનીયું તો કેમ જાશે, સ્વામી વિણ કેમ રહેવાશે;
દુઃખડા કોને કહેવાશે રે, સાહેલી મોરી. ૮

દેહી તો દાઝે છે મોરી, સ્વામી શું વિસારી મેલી;
તમે જીત્યા મને તારી રે, સાહેલી મોરી. ૯

પશુડા છોડાવી લીધા, પ્રભુએ અભયદાન દીધાં;
ઉદાસી તો અમને કીધાં રે, સાહેલી મોરી. ૧૦

રાજુલ વિચારે એવું, સુખ છે સ્વપ્ના જેવું;
હવે પ્રભુ નેમ સેવું રે, સાહેલી મોરી. ૧૧

મનમાં વૈરાગ્ય આણી, સહસાવન ગયા ચાલી;
સંયમ લીધો મન ભાવીને, સાહેલી મોરી. ૧૨

કરમનો કરીને નાશ, પહોંચ્યા શિવપુરવાસ;
રત્નવિજય કહે શાબાશ રે, સાહેલી મોરી. ૧૩

## શ્રી પાર્શ્વનાથ સ્વામીની સજ્ઝાય

કાશીદેશ વણારસી સુખકારી રે, અશ્વસેન રાજા પ્રભુ ઉપકારી રે;
પટરાણી વામાસતી સુરૂપે રંભા સમાન, પ્રભુ ઉપકારી રે. ૧

ચૌદ સુપન સુચીત ભલા સુખકારી રે, જન્મ્યા પાસકુમાર;
પોષ વદી દસમી દિને સુખકારી રે, સુર ઓચ્છવ સાર.
પ્રભુ૦ ૨

દેહમાન નવ હાથનું સુખકારી રે, નીલવરણ મનોહાર; પ્રભુ૦
અનુક્રમે જોબન પામીયા સુખકારી રે, પરણી પ્રભાવતી નાર.
પ્રભુ૦ ૩

કમઠતણો મદ ગાળીયો સુખકારી રે, કાઢ્યો જલતો નાગ; પ્રભુ૦
નવકાર સુણાવી તેં કીયો સુખકારી રે, ધરણરાય મહાભાગ.
પ્રભુ૦ ૪

પોષ વદી એકાદશી સુખકારી રે, વ્રત લેઇ વિચરે સ્વામ; પ્રભુ૦
વડતલે કાઉસ્સગ્ગ રહ્યા સુખકારી રે, મેઘમાલી સુર તામ.
પ્રભુ૦ ૫

કરે ઉપસર્ગ જલવૃષ્ટિનો સુખકારી રે, આવ્યું નાસીકા નીર; પ્રભુ૦
ચૂકયા નહિ પ્રભુ ધ્યાનથી સુખકારી રે, સમરથ સાહસ ધીર.
પ્રભુ૦ ૬

ચૈત્ર વદી ચોથને દિને સુખકારી રે, પામ્યા કેવલ નાણ; પ્રભુ૦
ચઉવિહ સંઘ સ્થાપી કરી સુખકારી રે, આવ્યા સમેતગિરિ ઠાણ.
પ્રભુ૦ ૭

પાળી આયુ સો વર્ષનું સુખકારી રે, પહોંત્યા મુક્તિ મહંત; પ્રભુ૦
શ્રાવણ શુદી અષ્ટમી દિને સુખકારી રે, કીધો કર્મનો અંત.
પ્રભુ૦ ૮

પાસ વીરને આંતરૂ સુખકારી રે, વર્ષ અઢીસે જાણ; પ્રભુ૦
કહે માણેક જિનદાસને સુખકારી રે, કીજે કોટી કલ્યાણ,
પ્રભુ૦ ૯

## શ્રી ગૌતમ સ્વામીની સજઝાય

સમવસરણ સિંહાસનેજી, વીરજી કરે રે વખાણ;
દસમા ઉત્તરાધ્યયનમેજી, દીયે ઉપદેશ સુજાણ;
સમય મેરે ગોયમ મ કર પ્રમાદ. ૧

જેમ તરુ પંડુર પાંદડોજી, પડતાજી લાગે ન વાર;
તેમ એ ચંચળ જીવડોજી, સ્થિર ન રહે સંસાર. સમય૦ ૨

ડાભ અણી જળ ઓસનોજી, ક્ષણ એક રહે જળબિંદુ;
તેમ એ નર તિરિ જીવડોજી, ન રહે ઈન્દ્ર નરેન્દ્ર. સમય૦ ૩

સૂક્ષ્મ નિગોદ ભમી કરીજી, રાશિ ચઢ્યો વ્યવહાર;
લાખ ચોરાશી જીવાયોનીમેજી, લાધ્યો નરભવ સાર. સમય૦ ૪

શરીર જરાએ જાજરોજી, શિર પર પળીયાજી કેશ;
ઇન્દ્રિયબળ હીણા થયાજી, પગ પગ પેખે કલેશ. સમય૦ ૫

ડંકા વાગે મોતનાજી, શિર પર સાતે પ્રકાર;
જીવને ઉપક્રમ લાગતાજી, ન જુએ વાર કુવાર. સમય૦ ૬

દશ દૃષ્ટાંતે દોહીલોજી, નરભવ મળીયો છે હાથ;
શિવપુર દ્વારને ખોલવાજી, ચાવી છે સંગાથ. સમય૦ ૭

ભવસાયર તરવા ભણીજી, ચારિત્ર પ્રવહણપુર;
તપ જપ સંયમ આદરોજી, મોક્ષનગર છે દૂર. સમય૦ ૮

ઇમ નિસુણી પ્રભુ દેશનાજી, ગણધર થયા સાવધાન;
પાપ પડળ પાછા પડ્યાજી, પામ્યા કેવળ જ્ઞાન. સમય૦ ૯

ગોયમના ગુણ ગાવતાંજી, ઘર સંપત્તની રે કોડ;
વાચક શ્રી કરણ એમ ભણેજી, વંદુ બે કર જોડ. સમય૦૧૦

◈

## શ્રી આઠ પ્રભાવકની સજ્ઝાય

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણધૂરિ જાણ;
વર્તમાન શ્રુતના જેહ અર્થનો, પાર લહે ગુણ ખાણ.
ધન ધન શાસન મંડન મુનિવરા. ૧

ધર્મકથી તે બીજો જાણીએ, નંદિષેણ પરિ જેહ;
નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદય સંદેહ. ધન૦ ૨

વાદી ત્રીજો રે તર્ક નિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ;
રાજદુવારે જયકમલા વરે, ગાજંતો જિમ મેહ. ધન૦ ૩

ભદ્રબાહુ પરિ જેહ નિમિત્ત કહે, પરમત જીપણ કાજ;
તેહ નિમિત્તીરે ચોથો જાણીએ, શ્રી જિનશાસન રાજ. ધન૦ ૪

તપ ગુણ ઓપે રે રોપે ધર્મને, ગોપે નવિ જિન આણ;
આશ્રવ લોપે રે નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ. ધન૦ ૫

છઠ્ઠો વિદ્યા રે મંત્ર તણો બલી, જીમ શ્રી વયર મુણિંદ;
સિદ્ધ સાતમો રે અંજનયોગથી, જિમ કાલિક મુનિચંદ. ધન૦ ૬

કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યા, ધર્મ હેતુ કરે જેહ;
સિદ્ધસેન પરિ રાજા રીઝવે, અઠ્ઠમ વર કવિ તેહ ધન૦ ૭

જબ નવિ હોવે પ્રભાવક એહવા, તવ વિધિપૂર્વક અનેક;
જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક ધન૦ ૮

## શ્રી સમ્યકત્વના પાંચ લક્ષણની સજઝાય

પાંચ લક્ષણ કહ્યાં સમકિત તણાં, ધૂરિ ઉપશમ અનુકુળ સુગુણનર;
અપરાધીશું પણ નવિ ચિત્ત થકી, ચીંતવીએ પ્રતિકૂળ સુગુણનર.
શ્રી જિન ભાષિત વચન વિચારીએ. ૧

સુરનર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શીવસુખ એક સુગુણનર;
બીજું લક્ષણ તે અંગી કરે, સાર સંવેગશું ટેક સુગુણનર.
શ્રી જિન૦ ૨

નારક ચારક સમ ભવ ઉભગ્યો, તારક જાણીને ધર્મ સુગુણનર;
ચાહે નિકળવું નિર્વેદ તે ત્રીજું, લક્ષણ મર્મ સુગુણનર.
શ્રી જિન૦ ૩

દ્રવ્યથકી દુઃખીયાની જે દયા, ધર્મહીણાની રે ભાવ સુગુણનર;
ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શકતે મન લાવ સુગુણનર.
શ્રી જિન૦ ૪

જે જિન ભાખ્યું તે નહિ અન્યથા, એવો જે દૃઢ રંગ સુગુણનર;
તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો એ ભંગ સુગુણનર.
શ્રી જિન૦ ૫

## શ્રી સંસાર સ્વરૂપ સજઝાય

નટવો થઈને એવા નાટક નાચ્યો હો જિનવરિયા;
સુણ તું જિનવરિયા, સંસારમાં હું જિનવરિયા.
પહેલા નાચ્યો પેટમાં માતાના, બહુવાર ઘોર અંધારી કોટડી;
કોણ સુણે પોકાર જ્યાં માથો, નીચો ને છાતી ઘોડો હો. જિન૦ ૧

હાડ માંસનો પિંજરો, ઉપર મઢીઓ ચામ,
મલ મૂત્ર માંહે ભર્યો, માન્યો સુખનો ધામ;
આં નવ નવ મહિના ઉંધે માથે લટક્યો હો. જિન૦ ૨

ઉઠ કોડ રામ રાયમાં, કરી ધગધગતી સોય,
કેઇ પાવે જો સામટી, કષ્ટ આઠ ગુણો હોય;
માતાને પણ જમનો દ્વાર દેખાયો હો. જિન૦ ૩

બાંધી મુઠી દોયમાં, લાવ્યો પુન્ય પાપને લાર,
ઉંવા ઉંવા કરી હું રડું, જગમાં હર્ષ અપાર;
પડદામાંથી રંગભૂમિયે આવ્યો હો. જિન૦ ૪

પારણીયામાં પોઢી માતા હાલાં ગાય,
ખરડાયો મલમૂત્રમાં અંગુલી મુખમાં જાય;
પછી ભીનામાંથી સુકામાં સુલાયો હો. જિન૦ ૫

છોટાનો મોટો થયો, રમતા ધૂલિમાંય,
પિતાએ પરણાવીયો, માતા હર્ષ ન માય;
પછી નારીનો નચાવ્યો, થેઇ થેઈ નાચ્યો હો. જિન૦ ૬

કુટુંબ ચિંતા કારમી, ચૂંટી કલેજો ખાય,
એથી તો ભલી ડાકણી, મનડો માંહી મૂંઝાય;
જાણે કોશેટાનો કીડો, જાળમાં ગૂંથાયો હો. જિન૦ ૭

દાઢો ને દાંતો પડ્યા, નીચા ઢલીયા નેણ,
ગાલોની લાલી ગઇ, ખૂં ખૂં કરી ગઇ રેણ;
પછી ડોસો થઇને ડગમગ ડગમગ ચાલ્યો હો. જિન૦ ૮

ચાર ગતિ ચોગાનમેં, નાચ્યો નાચ અપાર,
ન્યાયસાગર નાચ્યો નહિ, રત્ન ત્રયને ધાર;
કુમતિનો ભરમાયો, કાંઈ ન સમજ્યો હો. જિન૦ ૯

## આધુનિક જમાનાને લગતી સજઝાય

એક માસ પછી માસ જાય, ત્યારે માતાનો હરખ ન માય;
કુંવર ઉદરે રહ્યા નવ માસ, ત્યારે માતાની પહોંચી છે આશ. ૧

કુંવર ઉંધા મસ્તકે પોષ્યા, ત્યારે માતાના રૂધીર ચૂસ્યાં;
પુત્ર જન્મ વેળાએ માતાનું મરણ, માતા તારે શીકોતર શરણ. ૨

એમ શીતળ ગર્ભની વાત, ત્યારે ભીનામાં પોઢતી માત;
તારા ગોત્રજ ઘેલા થાય, પુત્ર જન્મ્યાનો હરખ ન માય. ૩

પુત્ર શરીરની વેદના દમતી, ત્યારે માતા છતે લુખુ જમતી;
પુત્ર શરીરની વેદના જાણી, ત્યારે માતા પીએ મગપાણી. ૪

જ્યારે પુત્રનું મુખડું જોયું, ત્યારે હરખે મલમૂત્ર ધોયું;
જ્યારે પુત્ર હતા રે નાના, ત્યારે માતાને ચઢતા પાના. ૫

પુત્ર થયા રે જોબનભર રાતા, ત્યારે માતાના અવગુણ ગાતા;
સ્વામી પુત્ર પરણાવો તો રૂડું, વહુઅર વિના સંસારમાં સુનું. ૬

ત્યારે વાલમ હસી હસી બોલે, તારી અક્કલ બાળક તોલે;
પિતા પુત્રને પરણાવે, કુંવર વહુ લઈને ઘેર આવે. ૭

સાસુને પગ ચાંપ્યાની ઘણી હેવા, વહુ આવે તો ઘણી કરે સેવા;
વહુને સાસુનું બોલ્યું ન સહેવાય, આવો અન્યાય તો કેમ વેઠાય. ૮

અમે સાસુથી જુદા રહીશું, નહિતર અમારે મહિયર જઈશું;
જ્યારે દીકરાને આવી છે મૂછો, ત્યારે માબાપને શીદ પૂછો. ૯

જ્યારે દીકરાને આવી દાઢી, ત્યારે માબાપને મૂકો કાઢી;
માતા ખભે તે નાખો ગરણું, તમે ઘેર ઘેર માંગો દરણું. ૧૦

માતા ઘર વચ્ચે મૂકો દીવો, તમે કાંતી પીંજીને ઘણું જીવો;
માતા ખભે તે નાખો રાસ, તમે ઘેર ઘેર માંગોને છાશ. ૧૧

એમ ભાગ વ્હેંચીને જુદા રહ્યા, પછી માબાપના સામે થયા;
પુત્ર આવું નહોતું જાણ્યું, નહિતર ગાંઠે રાખત નાણું. ૧૨

એમ સંસારમાં નહિ સાર, તમે સાંભળજો નર નાર;
સુમતિવિજય કહે સુણજો, જેવું વાવો તેવું લણજો. ૧૩

## શ્રી ઋતુવંતીની સજઝાય

સરસ્વતી માતા આદિ નમીને, સરસ વચન દેનારી;
અસજઝાયનું સ્થાનક બોલે, ઋતુવંતી જે નારી;
અળગી રહેજે રે ઠાણુંગસૂત્રની, વાણી કાને સુણજે રે. ૧

મોટી આશાતના ઋતુવંતીની, જિનજીએ પ્રકાશી;
મલીનપણું જે મન નવિ ધારે, તે મિથ્યા મતિવાસી. અળગી૦ ૨

પહેલે દિન ચંડાલણી સરખી, બ્રહ્મઘાતીની વળી બીજે;
પરશાસન કહે ધોબણ ત્રીજે, ચોથે શુદ્ધ વદીજે. અળગી૦ ૩

ખાંડી પીરસી રાંધી પિયુને, પરને ભોજન પીરસે;
સ્વાદ ન હોવે ષટ્રસ પોષે, ઘરની લક્ષ્મી ખીસે. અળગી૦ ૪

ચોથે દિવસે દરિસણ સૂઝે, સાતમે પૂજા ભણીએ;
ઋતુવંતી મુનિને પડિલાભે, સદ્ગતી સહેજે હણીએ. અળગી૦ ૫

ઋતુવંતી પાણી ભરી લાવે, જિનમંદીર જલ આવે;
બોધિબીજ નવી પામે ચેતન, બહુલ સંસારી થાવે. અળગી૦ ૬

અસજ્ઝાયમાં જમવા બેસે, પાંત વિચે મન હાંસે;
નાત સર્વ અભડાવી જમતી, દુર્ગતીમાં ઘણું ભમશે. અળગી૦ ૭

સામાયિક પ્રતિક્રમણ ધ્યાને, સૂત્ર અક્ષર નવિ જોગે;
કોઇ પુરૂષને નવિ આભડીએ, તસ ફરસે તનુ રોગે. અળગી૦ ૮

જિન મુખ જોતાં ભવમાં ભમીએ, ચંડાલીણી અવતાર;
ભુંડણ લુંગણ સાપિણી હોવે, પરભવે થણીવાર. અળગી૦ ૯

પાપડ વડી ખેરાદિક ફરસી, તેહનો સ્વાદ વિણાસી;
આતમનો આતમ છે સાખી, હૈડે જોને તપાસી. અળગી૦ ૧૦

જાણી ચોખ્ખાઈ એમ ભણીએ, સમકિત કિરિયા શુદ્ધિ;
ઋષભવિજય કહે જિન આણાથી, વહેલા વરશો સિદ્ધિ.
અળગી૦ ૧૧

## વ્રતધારીની સજ્ઝાય

જુઓ રે જુઓ રે જૈનો, કેવા વ્રતધારી,
કેવા વ્રતધારી હુવા, આગે થયા નરનારી;
થયા નરનારી તેને વંદના અમારી....જુઓ રે૦ ૧

જુઓ જુઓ જંબૂસ્વામી, બાળવયે બોધ પામી,
તજી રાજ્ય રિદ્ધિ સારી, તજી આઠ નારી;
તજી આઠ નારી તેને વંદના અમારી.... ,, ૨

ગજસુકુમાલ મુનિ, શિર ઉપર ધખે ધૂણી,
ઘણું કષ્ટ વેઠ્યું તોયે, ધરી ધીર સારી;
ધરી ધીર સારી તેને વંદના અમારી....જૂઓ રે૦ ૩

કોશ્યા મંદિર જ્યાંહી, રહ્યા સ્થૂલીભદ્ર ત્યાંહી,
વેશ્યા સંગ રહી કરી, થયા ન વિકારી;
થયા ન વિકારી તેને વંદના અમારી.... ,, ૪

કીધા ઉપસર્ગ મઘવે, સહ્યા એ તો કામદેવે,
અડગ રહ્યા તે ધ્યાને, ચલ્યા ન લગારી;
ચલ્યા ન લગારી તેને વંદના અમારી.... ,, ૫

જનક સુતા જે સીતા, બાર વર્ષ વનમાં વીત્યા,
ઘણું કષ્ટ વેઠ્યું તોયે, ધરી ધીર સારી;
ધરી ધીર સારી તેને વંદના અમારી.... ,, ૬

સતી હતી રાજુલ નારી, જગમાં ન એની જોડી,
પતિવ્રત માટે કન્યા, રહી તે કુંવારી;
રહી તે કુંવારી તેને વંદના અમારી.... ,, ૭

સતી કલાવતી નામે, થયા શંખપુર ગામે,
કર નિજ કાપ્યા તોયે, ધરી ધીર સારી;
ધરી ધીર સારી તેને વંદના અમારી.... ,, ૮

ધન્ય ધન્ય નરનારી, થયા એવા ટેકધારી,
જીવિત સુધાર્યું ભારી, પામ્યા ભવપારી;
પામ્યા ભવપારી તેને વંદના અમારી.... ,, ૯

એવું જાણી સુજ્ઞ જૈનો, સઘળાએ શ્રેષ્ઠ બનો,
વીરવિજય ધર્મ કરતાં, મળે ગતી સારી;
મળે ગતી સારી તેને વંદના અમારી.... ,, ૧૦

## શ્રી શત્રુંજયના એકવીસ ખમાસમણના દુહા

સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર. ૧

અંગ વસન મન ભૂમિકા, પૂજો પગરણ સાર;
ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર. ૨

કાર્તિક શુદી પુનમ દિને, દશ કોડી પરિવાર;
દ્રાવિડ ને વારિખિલજી, સિદ્ધ થયા નિરધાર. ૩

તિણે કારણ કાર્તિક દિને, સંઘ સકલ પરિવાર;
આદિદેવ સન્મુખ રહી, ખમાસમણ બહુ વાર. ૪

એકવીસ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન;
શત્રુંજય શુકરાજથી, જનક વચન બહુમાન. ૫ સિદ્ધા૦ ૧

સમોસર્યા સિદ્ધાચલે, પુંડરિક ગણધાર;
લાખ સવા મહાતમ કહ્યું, સુરનર સભા મોઝાર. ૬

ચૈત્રી પુનમને દિને કરી, અણુસણ એક માસ;
પાંચ કોડી મુનિ સાથશું, મુક્તિ નિલયમાં વાસ. ૭

તિણે કારણ **પુંડરિકગિરિ**, નામ થયું વિખ્યાત;
મન વચન કાયે વંદિએ, ઉઠી નિત્ય પ્રભાત. ૮ સિદ્ધા૦ ૨

વીસ કોડીશું પાંડવા, મોક્ષે ગયા ઇણે ઠામ;
એમ અનંત મુકતે ગયા, **સિદ્ધક્ષેત્ર** તિણે નામ. ૯ સિદ્ધા૦ ૩

અડસઠ તીરથ ન્હાવતા, અંગરંગ ઘડી એક;
તુંબી જળ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક.૧૦
ચંદ્રશેખર રાજા પ્રમુખ, કરમ કઠણ મલધામ;
અચળપદે વિમળા થયા, તિણે **વિમલાચલ** નામ.૧૧ સિદ્ધા૦ ૪

પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુવા સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય.૧૨
અથવા ચૌદે ક્ષેત્રમાં, એ સમ તીરથ ન એક;
તિણે **સુરગિરિ** નામે નમું, જ્યાં સુરવાસ અનેક.૧૩ સિદ્ધા૦ ૫

એંસી જોજન પૃથલ છે, ઉંચપણે છવીસ;
મહિમાએ મોટો ગિરિ, **મહાગિરિ** નામ નમીશ.૧૪ સિદ્ધા૦ ૬

ગણધર ગુણવંતા મુનિ, વિશ્વમાંહે વંદનીક;
જેવો તેવો સંયમી, એ તીરથે પૂજનીક.૧૫
વિપ્રલોક વિષધર સમા, દુઃખીઆ ભૂતલમાન;
દ્રવ્યલિંગી કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન.૧૬
શ્રાવક મેઘ સમા કહ્યા, કરતાં પુન્યનું કામ;
પુન્યની રાશિ વધે ઘણી, તિણે **પુન્ય રાશિ** નામ. ૧૭ સિદ્ધા૦ ૭

સંયમધર મુનિવર ઘણાં, તપ તપતા એક ધ્યાન;
કર્મ વિયોગે પામીઆ, કેવળ લક્ષ્મી નિધાન. ૧૮

લાખ એકાણું શિવ વર્યા, નારદ શું અણગાર;
નામ નમો તિણે આઠમું, **શ્રીપદગિરિ** નિરધાર. ૧૯ સિદ્ધા૦ ૮

શ્રી સીમંધરસ્વામી એ, એ ગિરિ મહિમા વિલાસ;
ઇન્દ્રની આગે વર્ણવ્યો, તિણે એ **ઇન્દ્ર પ્રકાશ.** ૨૦ સિદ્ધા૦ ૯

દસ કોટી અણુવ્રત ધરા, ભક્તે જમાડે સાર;
જૈન તીર્થ યાત્રા કરે, લાભ તણો નહિ પાર. ૨૧

તેહ થકી સિદ્ધાચલે, એક મુનિને દાન;
દેતાં લાભ ઘણો હોવે, **મહાતીરથ** અભિધાન. ૨૨ સિદ્ધા૦ ૧૦

પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત;
શત્રુંજય મહાતમ સુણી, **શાશ્વતગિરિ** સંત. ૨૩ સિદ્ધા૦ ૧૧

ગૌ નારી બાળક મુનિ, ચઉ હત્યા કરનાર;
જાત્રા કરતા કાર્તકી, ન રહે પાપ લગાર. ૨૪

જે પરદારા લંપટી, ચોરીના કરનાર;
દેવદ્રવ્ય ગુરુદ્રવ્યના, જે વળી ચોરણહાર. ૨૫

ચૈત્રી કાર્તિકી પુનમે, કરે જાત્રા ઇણે ઠામ;
તપ તપતા પાતક ગળે, તિણે **દઢ શક્તિ** નામ. ૨૬ સિદ્ધા૦ ૧૨

ભવ ભય પામી નીકળ્યા, થાવચ્ચા સુત જેહ;
સહસ મુનિ શું શિવ વર્યા, **મુક્તિનિલયગિરિ** તેહ. ૨૭ સિદ્ધા૦ ૧૩

ચંદા સૂરજ બેઉ જણાં, ઉભા ઇણુગિરિ રંગ;
કરી વર્ણન ને વધાવીઓ, **પુષ્પદંતગિરિ** રંગ. ૨૮ સિદ્ધા૦ ૧૪

કર્મ કઠણ ભવજળ તજી, ઈહા પામ્યા શિવસદ્મ;
પ્રાણી પદ્મ નિરંજની, વંદો **ગિરિ મહાપદ્મ.** ૨૯ સિદ્ધા૦ ૧૫

શિવવહુ વિવાહ ઓચ્છવે, મંડપ રચીયો સાર;
મુનિવર વર બેઠક ભણી, **પૃથ્વીપીઠ** મનોહાર. ૩૦ સિદ્ધા૦ ૧૬

**શ્રી સુભદ્રગિરિ** નમો, ભદ્ર તે મંગલ રૂપ;
જલ તરૂ રજ ગિરિવરતણી, શિષ ચઢાવે ભૂપ. ૩૧ સિદ્ધા૦ ૧૭

વિદ્યાધર સુર અપ્સરા, નદી શત્રુંજી વિલાસ;
કરતાં હરતાં પાપને, ભજીએ ભવિ **કૈલાસ.** ૩૨ સિદ્ધા૦ ૧૮

બીજા નિરવાણી પ્રભુ, ગઈ ચોવીસી મોઝાર;
તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ ગણધાર. ૩૩

પ્રભુ વચને અણસણ કરી, મુક્તિપુરીમાં વાસ;
નામે **કદંબગિરિ** નમો, તો હોય લીલ વિલાસ. ૩૪ સિદ્ધા૦ ૧૯

પાતાલે જસ મૂળ છે, **ઉજ્જવળગિરિ**નું સાર;
ત્રિકરણ યોગે વંદતા, અલ્પ હોય સંસાર. ૩૫ સિદ્ધા૦ ૨૦

તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિ સુખભોગ;
જે વંછે તે સંપજે, શિવરમણી સંજોગ. ૩૬

વિમળાચલ પરમેષ્ઠિનું, ધ્યાન ધરે ષટ્ માસ;
તેજ અપૂરવ વિસ્તરે, પૂરે સઘળી આશ. ૩૭

ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ;
ઉત્કૃષ્ટા પરિણામથી. અંતર મુહૂર્ત સાચ.૩૮

**સર્વ કામદાયક નમો, નામ કરી ઓળખાણ;**
**શ્રી શુભવીરવિજય પ્રભુ, નમતાં ક્રોડ કલ્યાણ.૩૯ સિદ્ધા૦ ૨૧**

## શ્રી પુન્ય પ્રકાશનું સ્તવન

દુહા

સકળ સિદ્ધિદાયક સદા, ચોવીસે જિનરાય;
સદ્ગુરુ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. ૧

ત્રિભુવનપતિ ત્રિશલાતણો, નંદન ગુણ ગંભીર;
શાસન નાયક જગ જયો, શ્રી વર્ધમાન વડવીર. ૨

એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ;
ભવિક જીવના હીત ભણી, પૂછે ગૌતમ સ્વામ. ૩

મુક્તિ મારગ આરાધીએ, કહો કિણ પરે અરિહંત;
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. ૪

અતિચાર આલોઇએ. વ્રત ધરીએ ગુરુ સાખ;
જીવ ખમાવો સયલ જે, યોની ચોરાશી લાખ. ૫

વિધિશું વળી વોસરાવીએ, પાપ સ્થાન અઢાર;
ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિત આચાર. ૬

શુભ કરણી અનુમોદીએ, ભાવ ભલો મન આણ;
અણુસણ અવસર આદરી, નવ પદ જપો સુજાણ. ૭

શુભ ગતિ આરાધનતણા, એ છે દશ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવપાર. ૮

## ઢાળ પહેલી

જ્ઞાન દરિશન ચારિત્ર તપ વીરજ, એ પાંચે આચાર,
એહતણા ઈહ ભવ પરભવના, આલોઈએ અતિચાર રે;
પ્રાણી જ્ઞાન ભણો ગુણખાણી, વીર વદે એમ વાણી રે.
પ્રાણી જ્ઞાન ભણો ગુણખાણી૦ ૧

ગુરુ ઓળવીએ નહિ ગુરુ વિનયે, કાળે ધરી બહુમાન;
સૂત્ર અર્થ તદુભય કરી સૂધાં, ભણીએ વહી ઉપધાન રે.
પ્રાણી જ્ઞાન૦ ૨

જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નવકારવાલી;
તેહ તણી કીધી આશાતના, જ્ઞાન ભક્તિ ન સંભારી રે.
પ્રાણી જ્ઞાન૦ ૩

ઈત્યાદિક વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડમ્ તેહ રે;
પ્રાણી સમકિત હ્યો શુદ્ધ જાણી, વીર વદે એમ વાણી રે.
પ્રાણી સમકિત૦ ૪

જિનવચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાષ;
સાધુતણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખ રે.
પ્રાણી સમકિત૦ ૫

મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરીયે;
સાહુમ્મીને ધર્મે કરી સ્થીરતા, ભક્તિ પ્રભાવના કરીએ રે.
પ્રાણી સમકિત૦ ૬

સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે, અર્પણવાદ મન લેખ્યો;
દ્રવ્ય દેવકો જે વિણસાડ્યો, વિણસંતો ઉવેખ્યો રે.
પ્રાણી સમકિત૦ ૭

ઇત્યાદિક વિપરીતપણાથી સમકિત ખંડ્યું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામી દુક્કડં તેહ રે,
પ્રાણિ ચારિત્ર લ્યો ચિત્ત આણિ, વીર વદે એમ વાણી રે.
પ્રાણી ચારિત્ર૦ ૮

પંચ સમિતિ ત્રણ ગુપ્તી વિરાધી, આઠે પ્રવચન માય;
સાધુતણે ધર્મે પ્રમાદે, અશુદ્ધ મન વચ કાય રે.
પ્રાણી ચારિત્ર૦ ૯

શ્રાવકને ધર્મે સામાયિક, પોસહમાં મન વાળી;
જે જયણાપૂર્વક એ આઠે, પ્રવચન માય ન પાળી રે.
પ્રાણી ચારિત્ર૦ ૧૦

ઇત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડહોળ્યું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામી દુક્કડં તેહ રે.
પ્રાણી ચારિત્ર૦ ૧૧

બાર ભેદે તપ નવિ કીધો, છતે યોગે નિજ શકતે;
ધર્મે મન વચન કાયા વિરજ, નવિ ફોરવીઉં ભકતે રે.
પ્રાણી ચારિત્ર૦ ૧૨

તપ વીરજ આચાર જ એણીપરે, વિવિધ વિરાધ્યા જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે.
પ્રાણી ચારિત્ર૦ ૧૩

વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઈએ;
વીર જિનેશ્વર વયણ સુણીને, પાપ મેલ સવિ ધોઈએ રે.
પ્રાણી ચારિત્ર૦ ૧૪

## ઢાળ બીજી

પૃથ્વી પાણી તેઉ વાયુ વનસ્પતિ, એ પાંચે થાવર કહ્યા એ;
કરી કરસણ આરંભ, ખેત્ર જે ખેડીઆં, કૂવા તળાવ ખણાવીયા એ. ૧

ઘર આરંભ અનેક, ટાંકા ભોંયરા, મેડી માળ ચણાવીયા એ;
લીંપણ ગુંપણ કાજ, એણી પર પરે, પૃથ્વીકાય વિરાધીયા એ. ૨

ધોયણ નાહણ પાણી, ઝીલણ અપકાય, છોતી ધોતી કરી દુહવ્યા એ;
ભાઠીગર કુંભાર લોહ સોવનગરા, ભાડભુંજા લીંહા લાંગરા એ. ૩

તાપણ શેકણ કાજ વસ્ત્ર નિખારણ, રંગણ રાંધણ રસવતી એ;
એણી પરે કર્માદાન, પરે પરે કેલવી, તેઉ વાયુ વિરાધીયા એ ૪

વાડી વન આરામ, વાવી વનસ્પતિ, પાન ફળ ફુલ ચૂંટીયા એ;
પોંક પાપડી શાક સેકયાં સૂકવ્યાં, છેદ્યાં છુંદ્યા આથિઆ એ ૫

અળશી ને એરંડા ઘાલી ઘાણીએ, ઘણા તિલાદીક પીલીયા એ;
ઘાલી કોલુ માંહે પીલી શેલડી, કંદમૂળ ફળ વેચીયા એ. ૬

એમ એકેન્દ્રિય જીવ, હણ્યાં હણાવીઆ,
હણતાં જે અનુમોદીયા એ;

આ ભવ પરભવ જેહ વળીય ભવોભવે,
તે મુજ મિચ્છામિ દુક્કડમ્ એ. ૭

કૃમી કરમીઆ કીડા ગાડર ગંડોળા,
ઈયળ પૂરા ને અળસીયા એ;
વાળા જળો ચુડેલ વિચલીત રસતણાં,
વળી અથાણાં પ્રમુખનાં એ. ૮

એમ બેઇન્દ્રિય જીવ જે મેં દુહવ્યા,
તે મુજ મિચ્છામિ દુક્કડમ્ એ;
ઉધેહી જુ લીખ માંકડ મંકોડા,
ચાંચડ કીડી કુંથુઆ એ. ૯

ગદ્દહિયા ધીમેલ કાનખજુરીયા,
ગીંગોડા ધનેરીયા એ;
એમ તેઇન્દ્રિય જીવ જે મેં દુહવ્યા,
તે મુજ મિચ્છામિ દુક્કડમ્ એ. ૧૦

માખી મચ્છર ડાંસ મસા પતંગીઆ,
કંસારી કોલીયાવડા એ;
ઢીંકુણ વિંછુ તીડ ભમરા ભમરીઓ,
કોતાં બગ ખડમાંકડી એ. ૧૧

એમ ચઉરેન્દ્રિય જીવ જે મેં દુહવ્યા,
તે મુજ મિચ્છામિ દુક્કડમ્ એ;
જળમાં નાખી જાળ જળચર દુહવ્યા,
વનમાં મૃગ સંતાપીયા એ. ૧૨

પીડ્યાં પંખી જીવ પાડી પાશમાં,
પોપટ ઘાલ્યા પાંજરે એ;
એમ પંચેન્દ્રિય જીવ જે મેં દુહવ્યાં,
તે મુજ મિચ્છામિ દુક્કડમ્ એ. ૧૩

## ઢાળ ત્રીજી

ક્રોધ લોભ ભય હાસ્યથીજી, બોલ્યા વચન અસત્ય,
કુડ કરી ધન પારકાજી, લીધાં જે અદત્ત રે જિનજી;
મિચ્છામિ દુક્કડમ્ આજ.
તુમ સાખે મહારાજ રે જિનજી, દેઇ સારૂ કાજ રે. જિનજી૦ ૧

દેવ મનુષ્ય તિર્યંચનાજી, મૈથુન સેવ્યા રે જેહ;
વિષયારસ લંપટપણેજી, ઘણું વિડંબ્યો દેહ રે. જિનજી૦ ૨

પરિગ્રહની મમતા કરીજી, ભવ ભવે મેલી આય;
જે જિહાંની તે તિહાં રહીજી, કોઇની ન આવી સાથ રે. જિનજી૦ ૩

રયણી ભોજન જે કર્યાજી, કીધા ભક્ષ અભક્ષ;
રસના રસની લાલચેજી, પાપ કર્યા પ્રત્યક્ષ રે. જિનજી૦ ૪

વ્રત લેઈ વિસારીયાંજી, વળી ભાંગ્યા પચ્ચખાણ;
કપટ હેતુ કિરિયા કરીજી, કીધા આપ વખાણ રે. જિનજી૦ ૫

ત્રણ ઢાળ આઠ દુહેજી, આલોયા અતિચાર;
શિવગતિ આરાધન તણોજી, એ પહેલો અધિકાર રે. જિનજી૦ ૬

## ઢાળ ચોથી

પંચ મહાવ્રત આદરો સાહેલડી રે, અથવા લ્યો વ્રત બાર તો;
યથાશક્તિ વ્રત આદરો સાહેલડી રે, પાળો નિરતીચાર તો. ૧

વ્રત લીધાં સંભારીએ સાહેલડી રે, હૈડે ધરીય વિચાર તો;
શિવગતિ આરાધન તણો સાહેલડી રે, એ બીજો અધિકાર તો. ૨

જીવ સર્વે ખમાવીએ સાહેલડી રે, યોની ચોરાશી લાખ તો;
મન શુદ્ધે કરી ખામણાં સાહેલડી રે, કોઈશું રોષ ન રાખતો. ૩

સર્વ મિત્ર કરી ચિંતવો સાહેલડી રે, કોઈ ન જાણો શત્રુ તો;
રાગદ્વેષ એમ પરિહરો સાહેલડી રે, કીજે જન્મ પવિત્ર તો. ૪

સ્વામી સંઘ ખમાવીએ સાહેલડી રે, જે ઉપની અપ્રીતી તો;
સ્વજન કુટુંબ કરી ખામણાં સાહેલડી રે, એ જિનશાસન રીત તો. ૫

ખમીએ ને ખમાવીએ સાહેલડી રે, એહી જ ધર્મનો સાર તો;
શિવગતિ આરાધન તણો સાહેલડી રે, એ ત્રીજો અધિકાર તો. ૬

મૃષાવાદ હિંસા ચોરી સાહેલડી રે, ધન મૂર્છા મૈથુન તો;
ક્રોધ માન માયા તૃષ્ણા સાહેલડી રે, પ્રેમ દ્વેષ પૈશુન્ય તો. ૭

નિંદા કલહ ન કીજીએ સાહેલડી રે, કૂડાં ન દીજે આળ તો;
રતિ અરતિ મિથ્યા તજો સાહેલડી રે, માયા મોહ જંજાળ તો. ૮

ત્રિવિધ ત્રિવિધ વોસરાવીએ સાહેલડી રે, પાપસ્થાન અઢાર તો;
શિવગતિ આરાધન તણો સાહેલડી રે, એ ચોથો અધિકાર તો. ૯

## ઢાળ પાંચમી

જનમ જરા મરણે કરી એ, આ સંસાર અસાર તો;
કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઇ ન રાખણહાર તો. ૧

શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો;
શરણ ધર્મ શ્રી જિનનો એ, સાધુ શરણ ગુણવંત તો. ૨

અવર મોહ સવિ પરિહરીએ, ચાર શરણ ચિત્ત ધાર તો;
શિવગતિ આરાધન તણો એ, એ પાંચમો અધિકાર તો. ૩

આ ભવ પરભવ જે કર્યાં એ, પાપ કરમ કંઇ લાખ તો;
આતમ સાખે તે નીંદીયે એ, પડિક્કમીએ ગુરુ સાખ તો. ૪

મિથ્યામત વરતાવીયા એ, જે ભાખ્યા ઉત્સૂત્ર તો;
કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉથાપ્યા સૂત્ર તો. ૫

ઘડ્યા ઘડાવ્યા જે ઘણા એ, ઘંટી હળ હથિયાર તો;
ભવભવ મેલી મૂકીયા એ, કરતાં જીવ સંહાર તો. ૬

પાપ કરીને પોષીયા એ, જનમ જનમ પરિવાર તો;
જન્માંતર પહોંચ્યા પછી એ, કોઇએ ન લીધી સાર તો. ૭

આ ભવ પરભવ જે કર્યાં એ, એમ અધિકરણ અનેક તો;
ત્રિવિધ ત્રિવિધ વોસરાવીએ એ, આણી હૃદય વિવેક તો. ૮

દુષ્કૃત નિંદા એમ કરી એ, પાપ કરો પરિહાર તો;
શિવગતિ આરાધન તણો એ, એ છટ્ઠો અધિકાર તો. ૯

## ઢાળ છઠ્ઠી

ધન ધન તે દિન માહરો, જિહાં કીધો ધર્મ;
દાન શિયલ તપ ભાવના, ટાળ્યાં દુષ્કૃત કર્મ. ધન૦ ૧

શેત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્રા;
જુગતે જિનવર પૂજીઆ, વળી પોષ્યાં પાત્ર. ધન૦ ૨

પુસ્તક જ્ઞાન લખાવીયાં, જિનવર જિન ચૈત્ય;
સંઘ ચતુર્વિધ સાચવ્યાં, એ સાતે ક્ષેત્ર. ધન૦ ૩

પડિક્કમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન;
સાધુ સૂરિ ઉવજ્ઝાયને, દીધા બહુ માન. ધન૦ ૪

ધર્મકાર્ય અનુમોદીએ, એમ વારંવાર;
શિવગતિ આરાધન તણો, એ સાતમો અધિકાર. ધન૦ ૫

ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ;
સમતાભાવે ભાવીએ, એ આતમરામ. ધન૦ ૬

સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય;
કર્મ આપ જે આચર્યા, ભોગવીએ તે સોય. ધન૦ ૭

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુન્યનું કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન૦ ૮

ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર;
શિવગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર. ધન૦ ૯

## ઢાળ સાતમી

હવે અવસર જાણી, કરી સંલેખન સાર;
અણુસણ આદરીએ પચ્ચક્ખી ચારે આહાર;
લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ,
એ આતમ ખેલે સમતા જ્ઞાન તરંગ. ૧

ગતિ ચારે કીધાં આહાર અનંત નિઃશંક,
પણ તૃપ્તિ ન પામ્યો જીવ લાલચીઓ રંગ;
દુલહો વળી વળી અણુસણનો પરિણામ,
એહથી પામીજે શિવપદ સુરપદ ઠામ. ૨

ધન ધનો શાલિભદ્ર ખંધો મેઘકુમાર,
અણુસણ આરાધી પામ્યા ભવનો પાર;
શિવમંદિર જાશે કરી એક અવતાર,
આરાધન કેરો એ નવમો અધિકાર. ૩

દસમે અધિકારે મહામંત્ર નવકાર,
મનથી નવિ મૂકો શિવસુખ ફળ સહકાર;
એ જપતાં જાયે દુર્ગતિ દોષ વિકાર,
સુપરે એ સમરો ચૌદ પૂરવનો સાર. ૪

જન્માંતર જાતાં જો પામે નવકાર,
તો પાતિક ગાળી પામે સુર અવતાર;
એ નવપદ સરિખો મંત્ર ન કો સંસાર;
આ ભવ ને પરભવે સુખ સંપત્તિ દાતાર. ૫

જ્યું ભીલ ભીલડી રાજા રાણી થાય,
નવપદ મહિમાથી રાજસિંહ મહારાય;
રાણી રત્નવતી બેઉ પામ્યા છે સુરભોગ,
એક ભવ પછી લેશે શિવવધુ સંજોગ. ૬

શ્રીમતિને એ વળી મંત્ર ફળ્યો તત્કાળ,
ફણીધર ફીટીને પ્રગટ થઇ ફૂલમાળ;
શિવકુમારે જોગી સોવન પુરિસો કીધ,
એમ એણે મંત્ર કાજ ઘણાના સિદ્ધ. ૭

એ દસ અધિકારે વીર જિનેશ્વર ભાખ્યો,
આરાધન કેરો વિધિ જેણે ચિત્તમાંહી રાખ્યો;
તેણે પાપ પખાળી ભવ ભય દૂરે નાખ્યો,
જિન વિનય કરંતા સુમતિ રસ ચાખ્યો. ૮

## ઢાળ આઠમી

સિદ્ધારથ રાય કુળ તિલો એ, ત્રિશલા માત મલ્હાર તો;
અવનીતલે તમે અવતર્યા એ, કરવા અમ ઉપકાર તો.
જયો જિન વીરજી એ. ૧

મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતાં ન લહું પાર તો;
તુમ ચરણે આવ્યા ભણી એ, જો તારે તો તાર તો. જયો૦ ૨

આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો;
આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ તો. જયો૦ ૩

કર્મ અલુંજણ આકરા એ, જન્મ મરણ જંજાળ તો;
હું છું એહુથી ઉભગ્યો એ, છોડાવો દેવ દયાલ તો. જયો૦ ૪

આજ મનોરથ મુજ ફળ્યાં એ, નાઠા દુઃખ દંદોલ તો;
તૂઠ્યો જિન ચોવીસમો એ, પ્રગટ્યો પુન્ય કલ્લોલ તો. જયો૦ ૫

ભવે ભવે વિનય તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો;
દેવ દયા કરી દીજીએ એ, બોધિબીજ સુપસાય તો. જયો૦ ૬

### કળશ

ઇહ તરણ તારણ સુગતિ કારણ, દુઃખ નિવારણ જગ જયો;
શ્રી વીર જિનવર ચરણ થુણતાં, અધિક મન ઉલટ થયો. ૧

શ્રી વિજયદેવસૂરિંદ પટ્ટધર, તીરથ જંગમ એણી જગે;
તપગચ્છપતિ શ્રી વિજયપ્રભસૂરિ, સૂરિ તેજે ઝગમગે. ૨

શ્રી હીરવિજયસૂરિ શિષ્ય વાચક, કીર્તિવિજય સુગુરુ નમો;
તસ શિષ્ય વાચક વિનયવિજયે, થુણ્યો જિન ચોવીસમો. ૩

સય સત્તર સંવત ઓગણત્રીસે, રહી રાંદેર ચોમાસુ એ;
વિજય દસમી વિજય કારણ, કીયો ગુણ અભ્યાસ એ. ૪

નરભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલ વીલાસ એ;
નિર્જરા હેતે સ્તવન રચિયું, નામે પુન્ય પ્રકાશ એ. ૫

## રત્નાકર પચ્ચીસી

મંદિર છો મુક્તિતણા, માંગલ્ય ક્રીડાના પ્રભુ,
ને ઈન્દ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિ સર્વના,
ઘણું જીવ તું ઘણું જીવ તું, ભંડાર જ્ઞાન કળા તણો. ૧

ત્રણ જગતના આધાર ને, અવતાર હે કરુણા તણા,
વળી વૈદ્ય હે દુર્વાર આ, સંસારના દુઃખો તણા;
વીતરાગ વલ્લભ વિશ્વના, તુજ પાસ અરજી ઉચ્ચરૂં,
જાણું છતાં પણ કહી અને, આ હૃદય હું ખાલી કરૂં. ૨

શું બાળકો માબાપ પાસે, બાળક્રીડા નવ કરે,
ને મુખમાંથી જેમ આવે, તેમ શું નવ ઉચ્ચરે;
તેમજ તમારી પાસ તારક, આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું, તેમાં કશું ખોટું નથી. ૩

મેં દાન તો દીધું નહિ ને, શિયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ, શુભ ભાવ પણ ભાવ્યો નહિ;
એ ચાર ભેદે ધર્મમાંથી, કાંઈ પણ પ્રભુ નવ કર્યું,
મારું ભ્રમણ ભવસાગરે, નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું. ૪

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, કેમ કરી ધ્યાવું તને;
મન મારું માયા જાળમાં, મોહન મહા મૂંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે. ૫

મેં પરભવે કે આ ભવે, પણ હિત કાંઈ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં, સુખ અલ્પ પણ પામ્યો નહિ;
જન્મો અમારા જિનજી, ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા. ૬

અમૃત ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તો પણ પ્રભુ,
ભીંજાય નહિ મુજ મન અરે રે, શું કહું હું તો વિભુ;
પત્થર થકી પણ કઠણ મારું, મન ખરે ક્યાંથી દ્રવે?
મરકટ સમા આ મનથકી, હું તો પ્રભુ હાર્યો હવે. ૭

ભમતા મહા ભવસાગરે, પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણ રૂપી, રત્નત્રય દુષ્કર ઘણા;
તે પણ ગયા પરમાદના, વશથી પ્રભુ કહું છું ખરું,
કોની કને કિરતાર આ, પોકાર જઈને હું કરું? ૮

ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું?
સાધુ થઈને બહારથી, દાંભિક અંદરથી રહું. ૯

મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યા, પરનારીમાં લપટાઈને;
વળી ચિત્તને દોષિત કર્યું, ચિંતી નઠારું પરતણું,
હે નાથ! મારું શું થશે, ચાલાક થઈ ચૂક્યો ઘણું. ૧૦

કરે કાળજાની કતલપીડા, કામની બિહામણી,
એ વિષયમાં બની અંધ હું, વિડંબના પામ્યો ઘણી;

તે પણ પ્રકાશ્યું આજ લાવી, લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું, કર માફ મારા વાંકને. ૧૧

નવકારમંત્ર વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રના વાક્યો વડે, હણી આગમોની વાણીને;
કુદેવની સંગત થકી, કર્મો નકામા આચર્યા,
મતિભ્રમ થકી રત્નો ગુમાવી, કાચ કટકા મેં ગ્રહ્યા. ૧૨

આવેલ દ્રષ્ટિમાર્ગમાં, મૂકી મહાવીર આપને,
મેં મૂઢથીયે હૃદયમાં, ધ્યાયા મદનના જાપને;
નેત્રબાણો ને પયોધર, નાભિને સુંદર કટી,
શણગાર સુંદરીઓ તણા, છટકેલ થઈ જોયા અતિ. ૧૩

મૃગનયન સમ નારી તણા, મુખચંદ્રને નિરખાવતી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગૂઢો અતિ;
તે શ્રુત રૂપ સમુદ્રમાં, ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે, બચું કેમ હું આ પાપથી? ૧૪

સુંદર નથી આ શરીર કે, સમુદાય ગુણ તણો નથી,
ઉત્તમ વિલાસ કળા તણો, દેદીપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તો પણ પ્રભુ, અભિમાનથી અક્કડ ફરું,
ચોપાટ ચાર ગતિ તણી, સંસારમાં ખેલ્યા કરું. ૧૫

આયુષ્ય ઘટતું જાય તો પણ, પાપબુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય તો પણ, વિષયાભિલાષા નવ મટે;
ઔષધ વિષે કરું યત્ન પણ, હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન ને, પાયા વિનાના ઘર ચણું. ૧૬

આત્મા નથી પરભવ નથી, વળી પુન્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુવાણી મેં, ધરી કાન પીધી સ્વાદથી;
રવિ સમ હતા જ્ઞાને કરી, પ્રભુ આપશ્રી તો અરે!
દીવો લઈ કૂવે પડ્યો, ધિક્કાર છે મુજને ખરે. ૧૭

મેં ચિત્તથી નહિ દેવની કે, પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો, ધર્મ પણ પાળ્યો નહિ;
પામ્યો પ્રભુ નરભવ છતાં, રણમાં રડ્યા જેવું થયું,
ધોબી તણા કુત્તા સમું, મમ જીવન સહુ એળે ગયું. ૧૮

હું કામધેનુ કલ્પતરુ, ચિંતામણિના પ્યારમાં,
ખોટો છતાં ઝંખ્યો ઘણું, બની લુબ્ધ આ સંસારમાં;
જે પ્રગટ સુખ દેનાર તારો, ધર્મ તે સેવ્યો નહિ,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી, નાથ કર કરુણા કંઈ. ૧૯

મેં ભોગ સારા ભોગવ્યા, તે રોગ સમ ચિંતવ્યા નહિ,
આગમન ઈચ્છયું ધન તણું, પણ મૃત્યુને પ્રીછયું નહિ;
નહિ ચિંતવ્યું મેં નર્ક, કારાગ્રહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશામહીં, ભય માત્ર હું ભૂલી ગયો. ૨૦

હું શુદ્ધ આચારો વડે, સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારના, યશ પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થના ઉદ્ધાર આદિ, કોઈ કાર્યો નવ કર્યાં,
ફોગટ અરે આ લક્ષ, ચોરાસી તણા ફેરા ફર્યાં. ૨૧

ગુરુવાણીમાં વૈરાગ્ય કેરો, રંગ લાગ્યો નહિ અને,
દુર્જન તણા વાકયો માંહી, શાંતિ મળે કયાંથી મને?

તરુ કેમ હું સંસાર આ, અધ્યાત્મ તો છે નહિ જરી,
તૂટેલ તળીયાનો ઘડો, જળથી ભરાયે કેમ કરી. ૨૨

મેં પરભવે નથી પુન્ય કીધું, ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો, ક્યાંથી થશે હે નાથજી;
ભૂત ભાવિ ને સાંપ્રત, ત્રણે ભવ નાથ હું હારી ગયો,
સ્વામી ત્રિશંકુ જેમ હું, આકાશમાં લટકી રહ્યો. ૨૩

અથવા નકામું આપ પાસે, નાથ શું બકવું ઘણું,
હે દેવતાના પૂજ્ય આ, ચારિત્ર મુજ પોતા તણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું તો, મારું શું માત્ર આ,
જ્યાં ક્રોડનો હિસાબ નહિ, ત્યાં પાઈની તો વાત ક્યાં. ૨૪

તારાથી ન સમર્થ અન્ય, દીનનો ઉદ્ધારનારો પ્રભુ,
મારાથી નહિ અન્ય પાત્ર, જગતમાં જોતાં જડે હે વિભુ;
મુક્તિ મંગળ સ્થાન તોય, મુજને ઈચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યક્ રત્ન શ્યામ જીવને, તો તૃપ્તિ થાએ ઘણી. ૨૫

## પદ્માવતી આરાધના

હવે રાણી પદ્માવતી, જીવરાશી ખમાવે;
જાણપણું જુગતે ભલું, ઇણ વેળા આવે. ૧

તે મુજ મિચ્છામિ દુક્કડમ્, અરિહંતની સાખ;
જે મેં જીવ વિરાધીયા, ચોરાશી લાખ. તે મુજ૦ ૨

સાત લાખ પૃથ્વીતણા, સાતે અપ્કાય;
સાત લાખ તેઉકાયના, સાતે વળી વાય. તે મુજ૦ ૩

દશ પ્રત્યેક વનસ્પતિ, ચઉદહ સાધારણ;
બિ તિ ચઉરિન્દ્રી જીવના, બે બે લાખ વિચાર. તે મુજ૦ ૪

દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી;
ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી. તે મુજ૦ ૫

ઇણભવે પરભવે સેવિયાં, જે પાપ અઢાર;
ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરૂં, દુર્ગતિના દાતાર. તે મુજ૦ ૬

હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ;
તેમ અદત્તાદાનના, મૈથુન ઉન્માદ. તે મુજ૦ ૭

પરિગ્રહ મેલ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ;
માન માયા લોભ મેં કીધા, વળી રાગ ને દ્વેષ. તે મુજ૦ ૮

કલહ કરી જીવ દુહવ્યા, દીધાં કૂડા કલંક;
નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક. તે મુજ૦ ૯

ચાડી કીધી ચોતરે, કીધો થાપણ મોસો;
કુગુરુ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો. તે મુજ૦ ૧૦

ખાટકીને ભવે મેં કીયા, જીવ નાનાવિધ ઘાત;
ચીડીમાર ભવે ચરકલાં, માર્યાં દિન રાત. તે મુજ૦ ૧૧

કાજી મુલ્લાને ભવે, પઢી મંત્ર કઠોર;
જીવ અનેક ઝબ્બે કર્યાં, કીધા પાપ અઘોર. તે મુજ૦ ૧૨

માછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ;
ધીવર ભીલ કોળી ભવે, મૃગ પાડ્યા પાસ. તે મુજ૦ ૧૩

કોટવાળને ભવે મેં કીયા, આકરા કર દંડ;
બંદીવાન મરાવીયા, કોરડા છડી દંડ. તે મુજ૦ ૧૪

પરમાધામીને ભવે, દીધાં નારકી દુઃખ;
છેદન ભેદન વેદના, તાડન અતિ તિખ્ખ. તે મુજ૦ ૧૫

કુંભારને ભવે મેં કીયા, નીમાહ પચાવ્યા;
તેલી ભવે તેલ પીલિયા, પાપે પિંડ ભરાવ્યા. તે મુજ૦ ૧૬

હાલી ભવે હળ ખેડીયાં, ફાડ્યાં પૃથ્વીના પેટ;
સૂડ નિદાન ઘણાં કીયા, દીધા બળદ ચપેટ. તે મુજ૦ ૧૭

માળીને ભવે રોપીયાં, નાનાવિધ વૃક્ષ;
મૂલ પત્ર ફલ ફૂલનાં, લાગ્યા પાપ તે લક્ષ. તે મુજ૦ ૧૮

અધો વાઈઆને ભવે, ભર્યા અધિકા ભાર;
કોઠી પૂંઠે કીડા પડ્યાં, દયા નાણી લગાર. તે મુજ૦ ૧૯

છીપાને ભવે છેતર્યા, કીધાં રંગણ પાસ;
અગ્નિ આરંભ કીધાં ઘણાં, ધાતુર્વાદ અભ્યાસ. તે મુજ૦ ૨૦

શૂરપણે રણ ઝૂઝતાં, માર્યા માણસ વૃંદ;
મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધાં મૂલ ને કંદ. તે મુજ૦ ૨૧

ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યાં;
આરંભ કીધાં અતિ ઘણાં, પોતે પાપ જ સંચ્યાં. તે મુજ૦ ૨૨

કર્મ અંગાર કીયા વળી, ઘરમેં દવ દીધાં;
સમ ખાધા વીતરાગના, કૂડા કોસ જ કીધા. તે મુજ૦ ૨૩

બિલ્લી ભવે ઉંદર લીયા, ગીરોલી હત્યારી;
મૂઢ ગમારતણે ભવે, મેં જૂ લીખ મારી. તે મુજ૦ ૨૪

ભાડભુંજા તણે ભવે, એકેન્દ્રિય જીવ;
જવારી ચણા ઘઉં સેકિયાં, પાડંત રીવ. તે મુજ૦ ૨૫

ખાંડણ પીસણ ગારના, આરંભ અનેક;
રાંધણ ઈંધણ અગ્નિના, કીધાં પાપ ઉદ્દેક. તે મુજ૦ ૨૬

વિકથા ચાર કીધી વળી, સેવ્યા પાંચ પ્રમાદ;
ઇષ્ટ વિયોગ પાડ્યા કીયા, રૂદન વિષવાદ. તે મુજ૦ ૨૭

સાધુ અને શ્રાવકતણાં, વૃત લઇને ભાંગ્યાં;
મૂલ અને ઉત્તરતણાં, મુજ દુષણ લાગ્યાં. તે મુજ૦ ૨૮

સાપ વીંછી સિંહ ચીવરા, શકરા ને સમળી;
હિંસક જીવતણે ભવે, હિંસા કીધી સબળી. તે મુજ૦ ૨૯

સુવાવડી દૂષણ ઘણાં, વળી ગર્ભ ગળાવ્યા;
જીવાણી ઢોળ્યા ઘણાં, શીલવ્રત ભંજાવ્યા. તે મુજ૦ ૩૦

ભવ અનંત ભમતા થકા, કીધા દેહ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તિણશું પ્રતિબંધ. તે મુજ૦ ૩૧

ભવ અનંત ભમતા થકા, કીધા પરિગ્રહ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તિણશું પ્રતિબંધ તે મુજ૦ ૩૨

ભવ અનંત ભમતા થકા, કીધા કુટુંબ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તિણશું પ્રતિબંધ. તે મુજ૦ ૩૩

ઇણ પરે ઈહભવ પરભવે, કીધા પાપ અક્ષત્ર;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, કરૂં જન્મ પવિત્ર. તે મુજ૦ ૩૪

એણી વિધે એ આરાધના, ભાવે કરશે જેહ;
સમયસુંદર કહે પાપથી, વળી છૂટશે તેહ. તે મુજ૦ ૩૫

રાગ વેરાડી જે સુણે, એહ ત્રીજી ઢાલ;
**સમયસુંદર** કહે પાપથી, છૂટે તત્કાલ. તે મુજ૦ ૩૬

## ચાર શરણા

(૧)

મુજને ચાર શરણા હોજો, અરિહંત સિદ્ધ સુસાધુજી;
કેવલી ધર્મ પ્રકાશિયો, રત્ન અમુલખ લાધુજી. મુજને૦ ૧

ચઉ ગતિ તણા દુઃખ છેદવા, સમરથ શરણા એહોજી;
પૂર્વે મુનિવર જે હુઆ, તેને શરણા કીધાં તેહોજી. મુજને૦ ૨

સંસાર માંહે જીવને, સમરથ શરણા ચારોજી;
ગણિ **સમયસુંદર** એમ ભણે, કલ્યાણ મંગલ કારોજી.
મુજને૦ ૩

(૨)

લાખ ચોરાસી જીવ ખમાવીએ, મન ધરી પરમ વિવેકોજી;
મિચ્છામિ દુક્કડમ્ દીજીએ, જિન વચને લહીએ ટેકોજી.
લાખ૦ ૧

સાત લાખ ભૂદગ તેઉ વાઉના, દસ ચૌદ વનના ભેદોજી;
ષટ્ વિગલ સુર તિરિ નારકી, ચઉ ચઉ ચૌદે નરના ભેદોજી.
લાખ૦ ૨

મુજને વૈર નહિ કેહશું, સહુશું મૈત્રી ભાવોજી;
ગણિ **સમયસુંદર** એમ કહે, પામીએ પુણ્ય પ્રભાવોજી.
લાખ૦ ૩

( ૩ )

પાપ અઢારે જીવ પરિહરો, અરિહંત સિદ્ધની સાખેજી;
આલોયાં પાપ છૂટીએ, ભગવંત એણિપરે ભાખેજી. પાપ૦ ૧

આશ્રવ કષાય દોય બંધના, વળી કલહ અભ્યાખાનોજી;
રતિ અરતિ પૈશુન્ય નિંદના, માયા મોહ મિથ્યાતોજી. પાપ૦ ૨

મન વચન કાયાએ જે કર્યાં, મિચ્છામિ દુક્કડમ્ તેહોજી;
ગણિ **સમયસુંદર** એમ કહે, જૈન ધર્મનો મર્મ એહોજી.
પાપ૦ ૩

( ૪ )

ધન્ય ધન્ય તે દિન મુજ કયારે હોશે,
તો હું પામીશ સંજમ શુદ્ધોજી;
પૂર્વ ઋષિ પંથે ચાલશું, ગુરુ વચને પ્રતિબુદ્ધોજી. ધન્ય૦ ૧

અંત પ્રાંત ભિક્ષા ગોચરી, રણ વને કાઉસગ્ગ રહીશુંજી;
સમતા શત્રુ મિત્ર ભાવશું, સંવેગ શુદ્ધો ધરશુંજી. ધન્ય૦ ૨

સંસારના સંકટ થકી હું, છૂટીશ જિન વચને અવધારોજી;
ધન્ય ધન્ય **સમયસુંદર** તે ઘડી,
તો હું પામીશ ભવનો પારોજી. ધન્ય૦ ૩

## અંત સમયની આરાધના

ભાવના ભાવો તુમે એણિપરે, મૃત્યુ આવે નજીકજી;
હું રે અનાદિ એભેદી છું, શી છે મારે બ્હીકજી. ભાવના૦ ૧

ધામ ધરા ધન આ બધું, મેલી જાવું જરૂરજી;
મારૂં તેમાં કાંઇ નથી, શીદને રહું મગરૂરજી. ભાવના૦ ૨

આ તો ભાડાની છે કોટડી, ખાલી કરતાં શું થાયજી;
પુદ્ગલ નાશ થતાં અરે, આત્માનું શું જાયજી. ભાવના૦ ૩

હું તો આત્મા અનાદિ છું, અનંત ગુણો ધરનારજી;
મૃત્યુ ભલે હવે આવતું, હું તો નથી રે ડરનારજી. ભાવના૦ ૪

મોંઘો માનવ ભવ મેળવી, કીધું કાંઇ ન હીતજી;
કાગ ઉડાડવા મેં અરે, ફેંકયું રત્ન ખચીતજી. ભાવના૦ ૫

રાગ ને દ્વેષથી કલેશમાં, કાઢ્યો સઘળો કાળજી;
જિનવાણી નહિ સાંભળી, વળગી ઝાઝી જંજાળજી. ભાવના૦ ૬

હવે રે પસ્તાવો એ થાય છે, મનમાં પારાવારજી;
પ્રભુજી અરજી સ્વીકારજો, તારજો કરૂણાધારજી. ભાવના૦ ૭

અરિહંત સિદ્ધ ને સાધુજી, શરણું હોજો સદાયજી;
ધર્મ શરણ હોજો વળી, મુજને ભવોભવ માંયજી. ભાવના૦ ૮

અંત સમયની આરાધના, આરાધો નરનારજી;
સાર નથી સંસારમાં, અરિહંત ભક્તિ છે સારજી. ભાવના૦ ૯

## શ્રી નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર;
એના મહિમાનો નહિ પાર, એનો અર્થ અનંત અપાર.
સમરો૦ ૧

સુખમાં સમરો દુઃખમાં સમરો, સમરો દિવસ ને રાત;
જીવતાં સમરો, મરતાં સમરો, સમરો સૌ સંગાત.
સમરો૦ ૨

જોગી સમરે ભોગી સમરે, સમરે રાજા રંક;
દેવો સમરે દાનવ સમરે, સમરે સૌ નિશંક.
સમરો૦ ૩

અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો, અડસિદ્ધિ દાતાર.
સમરો૦ ૪

નવપદ એના નવનિધિ આપે, ભવોભવના દુઃખ કાપે;
વીર વચનથી હૃદયે વ્યાપે, પરમાતમ પદ આપે.
સમરો૦ ૫

# વિભાગ - ૬

## * અર્વાચીન સ્તવન–સજઝાયાદિ *

### * સવાર-સાંજના પચ્ચક્ખાણો

### શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

વિમલાચલથી મન મોહ્યું રે, મને ગમે ન બીજે ક્યાંય;
મન મોહનમાં સુખ જોયું રે, મુજ આતમ સુખની છાંય.
વિમલા૦ ૧

સમરૂં સિદ્ધાચલ સ્વામી, લળી લળી વંદુ ગુણ રામી;
મુજ જીવન અંતરજામી રે, અનુભવથી અનુભવાય.
વિમલા૦ ૨

મન મોહન લાગ્યા મીઠાં, આદીશ્વર નયણે દિઠા;
હવે રહ્યા ન લખવા ચીઠ્ઠા રે, મન મસ્તીથી મલકાય.
વિમલા૦ ૩

સિધ્યા તુજ પ્રેમે અનંતા, વળી સિદ્ધશે ભવિજન સંતા;
થયા સિદ્ધ બુદ્ધ ભગવંતા રે, જ્ઞાની તુજ ગુણને ગાય.
વિમલા૦ ૪

તુજ સાથે લગની લાગી, મુજ ભવની ભાવઠ ભાંગી;
મુજ અંતર ચેતના જાગી રે, મુજ મનડું તુજને ચહાય;
વિમલા૦ ૫

આનંદ જ્ઞાને ઉલ્લસીયો, મુજ હૃદય કમળમાં વસીયો;
શ્રદ્ધા પ્રીતિએ વિકસીઓ રે, ઘટ સુખ સાગર ઉભરાય.
વિમલા૦ ૬

તુજ ચરણે નિર્ભય થઇએ, આતમ જીવન ગહગહીઓ;
મરજીવો થઈ તુજ લહીઓ રે, તું આપો આપ સુહાય.
વિમલા૦ ૭

વિમલાચલવાસી મારા વ્હાલા, મુજ સુણજો કાલાવાલા;
બુદ્ધિસાગર એમ ભાખ્યા રે, નિત્ય રહેજો હૈડામાંય.
વિમલા૦ ૮

## શ્રી મહાવીરસ્વામીનું સ્તવન

ત્રિશલાના જાયા રે, હો ત્રિશલાના જાયા રે,
મહાવીર સહાયે આવજોજી;
નહિ આવો તો સેવકના થશે બેહાલ. ત્રિશલા૦ ૧

દૈત્ય મહા મોહે રે, વહાલા લાગ્યો પીડવાજી;
દીધાં દુઃખ કહેતાં ન આવે પાર. ત્રિશલા૦ ૨

કામ ને અજ્ઞાને રે, સત્તા નિજ વાપરીજી;
બાળે ક્રોધ ઘડી ઘડી ક્ષણમાંહી. ત્રિશલા૦ ૩

પંથ પાખંડ જાળે રે, વિંટાયો છું વેગથીજી;
વિકાર વિષધરની લાગી ચોટ. ત્રિશલા૦ ૪

પંચમ કાળ પુરો રે, જમ જેવો બેસીયોજી;
સૂઝે નહિ ધર્મ મારગની રે રીત. ત્રિશલા૦ ૫

ગાંડો ઘેલો તારો રે, સેવક વહાલા માનીનેજી;
તારો તારો ભવસાગરની રે તીર. ત્રિશલા૦ ૬
ટળવળતો તારો રે, સેવક વહાલા હાથ ઝાલીનેજી;
નહિ તારો તો જાશે, તુમારી લાજ. ત્રિશલા૦ ૭
તુંહિ તુંહિ સમરૂં રે, દુઃખીનો બેલી આવજોજી;
શરણું એક બુદ્ધિસાગરને છે તુજ. ત્રિશલા૦ ૮

## શ્રી આદીશ્વર જિન સ્તવન

આદિ જિનેશ્વર અરજ અમારી ઉતારો ભવપાર;
પ્રભુ હું આવ્યો તારે દ્વાર.
કાળ અનંતો ભવોભવ ભટક્યો,
મોહ માયાથી ના હું છટક્યો;
વિષય કષાયમાં મસ્ત બનીને, ભૂલી ગયો ભગવાન. પ્રભુ૦ ૧
પાવનકારી પ્રતિમા તારી, જગની માયા લાગે ખારી;
ભમતા ભવસાગરમાં મુજને, તારો તારણહાર. પ્રભુ૦ ૨
મૂર્તિ તારી છે મનહરણી, ભવસાગરની એ નિસરણી;
શત્રુંજયમાં આપ બીરાજો, વર્તે જય જયકાર. પ્રભુ૦ ૩
અંતર મારૂં તુજને ઝંખે, હૈયું મારૂં તુજને હરખે;
દ્રવ્ય ભાવથી ભક્તિ કરતાં, હૈયે હરખ ન માય. પ્રભુ૦ ૪
શાન્તમુદ્રા પ્રભુ તારી સોહે, ભક્તજનોના મનડા મોહે;
મહાબલ માંગે મુક્તિ તારી, યુક્તિ દે કીરતાર. પ્રભુ૦ ૫

## શ્રી બીજ તિથીનું સ્તવન

મંગલકારા મંગલકારા, મંગલકારા મહાવીર મંગલકારા,
બીજના તપનો મહિમા, મહેરથી દાખીએજી;
એણિપરે શિરનામી પૂછે ગૌતમસ્વામી,
ઇન્દ્રભૂતિ નામ અણગારા. મહા૦ ૧

ગગને ગર્જાવી ગિરા, વચને વર્ષાવી નિરા;
કહે સ્વામી સૃષ્ટિ શણગારા. મહા૦ ૨

દૂજે દુવિધ ધર્મ, આરાધી કાપે કર્મ;
સાધુ શ્રાવક ન્યારા ન્યારા. મહા૦ ૩

નિરયાવલી સૂત્ર સાખે, બીજ તપ ફળ આખે;
બંધાય આયુષ્ય ઉદારા. મહા૦

મહા શુદ બીજ દીને, કેવળ વાસુપૂજ્યજીને;
તેમ અભિનંદન જિન અવતારા. મહા૦ ૫

ફાગણ શુદી બીજ સારી, અર જિનવર અવધિધારી;
ચવિયા ચતુર ચમકારા. મહા૦ ૬

માધવ વદી બીજ આવે, શિતલ જિન મોક્ષ જાવે;
શૈલેશી સમેતશિખર ધારા. મહા૦ ૭

માતા મંગળા કૂખે, શ્રાવણ શુદી બીજે સુખે;
સુમતિ જિન ચવિયા જગહારા. મહા૦ ૮

જિનવર જન્મે અજવાળું, પ્રાંતે અંધારૂં કાળું;
થાય સ્થિતિ અનુસારા. મહા૦ ૯

તે કારણ શ્રમણ શ્રમણી, શ્રાવક ને શ્રાવક રમણી;
આરાધી પામે ભવપારા. મહા૦ ૧૦
આદિ જિન મંડળ ગાવે, બીજનું સ્તવન ભાવે;
હૈયે ધરી હર્ષ અપારા. મહા૦ ૧૧
બીજના ચંદ્ર જેવા, તપ ગુણ મુક્તા ફળ મેવા;
પ્રતિદિન હંસ ચાહે ચારા. મહા૦ ૧૨

## અષ્ટમીનું સ્તવન

### ઢાળ પહેલી

રઢીઆળી, રઢીઆળી, રઢીઆળી,
જગનાથ લાગે વહાલી આઠમ તપ સેવા સેવકને સદાજી.
રત્નશેખર મંત્રી, મતિસાગર તંત્રી;
દેવ થયો અનસન પાળી. જગ૦ ૧
બ્રહ્મલોકથી આવે, સીમંધર પાસ જાવે;
વાણી સુણી સુરસાળી. ,, ૨
સર્વ સુખનું મૂળ, કાઢે કર્મનું શૂળ;
પર્વ તિથી પુન્ય પ્રણાલી. ,, ૩
સુરવર પૂછે સ્વામી, છે કોઇ દૃઢનામી;
પર્વ પાળક ભાગ્યશાળી. ,, ૪
પ્રભુ કહે તેમાં સાખી, જેણે ન ખામી રાખી;
તે સુણી ચાલો શુભ ચાલી. ,, ૫
રત્નશેખર રાજા, રાણી સંગ થઇ સાજા;
છળે ન દેવ કે કાળી. ,, ૬

વસ્વામી નામ સુણી, આવ્યો સુર સામે ગુણી;
ફોજ ફેલાવે અતિ ફાલી. જગ૦ ૭
પોસાતી લોક નાઠા, રાજા તો રહ્યા કાઠા;
દેવ મળ્યો હાથ ઝાલી. ,, ૮
ધન્ય ધન્ય મારા સ્વામી, પ્રભુ પ્રશંસા પામી;
એમ કહી ગયો દેવશાળી. ,, ૯
પર્વ પળાવે પ્રેમે, દેશમાં કુશળ ક્ષેમે;
ઘોષણા જાય નહિ ખાલી. ,, ૧૦
પૃથ્વી મંડીત કરી, જિન પ્રાસાદે ભરી;
વચ્છલ કર્યું ગર્વ ગાળી. ,, ૧૧
બાર વ્રત ધરી, બારમે સ્વર્ગે ઠરી;
હંસ રહ્યો તસ મહાલી. ,, ૧૨

## ઢાળ બીજી

જિન કલ્યાણક શણગારી, આઠમ તિથી લાગે સારી;
રાણી રત્નવતી સતી ભાવે, આઠમ દિન પોસહ ઠાવે રે;
તવ રત્નશેખર રૂપધારી. ૧

માયાવી રાય કહે રાણી, શું જુએ છે આંખો તાણી રે;
રમવા આવ્યો પ્રાણ પ્યારી. ૨

તું કામરાય રાજરાણી, મારૂં કહ્યું તું લે માની રે;
નહિ તો શોકય લાવીશ તારી. ૩

ન ચળી ચતુરા તસ વયણે, કામ રાગ રતિ નહિ નયણે રે;
ત્રિયાને સૂરી સુખકારી. ૪

રત્નપુરમાં વળી અવતરશે, રાજકુળમાં જન્મ ધરશે રે;
બે જણુ વરશે શિવનારી. ૫

એમ આઠમ દિન જે પાળે, તે અષ્ટકર્મ નિજ બાળે રે;
ટાળે દુનિયા નઠારી. ૬

ધનાઢ્ય નામે શેઠ સારો, પણ આઠમ વિરાધનારો રે;
થયો વ્યંતર સુરગતિ હારી. ૭

કલ્યાણુક તિથી એ કહીએ, દસ જિનના એકાદશ લહીએ રે;
ચ્યવન મોક્ષ અણુગારી. ૮

આઠમ તપ સ્તવન કરવા, આદિજિન મંડળ પાપ હરવા રે;
કરે વિનંતી વિનય વિચારી. ૯

ઓગણીસે ઓતેર સાલે, દીવાળી પર્વ શુભ આલે રે;
મંદસોરમાં રહી માસ ચારી. ૧૦

શ્રી વિજયાનંદસૂરી રાજા, ગુરુ લક્ષ્મીવિજય મહારાજા રે;
હતા જ્ઞાન દાન દાતારી. ૧૧

તસ હંસ શ્રી તપ ગુણ ગાવે, પ્રતિદીન થવાને ચહાવે રે;
જગજીવન જિન આભારી. ૧૨

## શ્રી ગૌતમસ્વામીનો વિલાપ

### દુહા

વર્ધમાન વચદે તદા, શ્રી ગૌતમ ગણધાર;
દેવશર્મા પ્રતિબોધવા, ગયા હતા નિરધાર. ૧

પ્રતિબોધી તે વિપ્રને, પાછા વળીયા જામ;
તવ તે શ્રવણે સાંભળે, વીર લહ્યા શિવધામ. ૨

ધ્રાસક પડ્યો તવ ધ્રાસકો, ઉપન્યો ખેદ અપાર;
વીર વીર કહી વલવલે, સમરે ગુણ સંભાર. ૩

પૂછીશ કોને પ્રશ્ન હું, ભંતે કહી ભગવંત;
ઉત્તર કુણ મુજ આપશે, ગોયમ કહી ગુણવંત. ૪

અહો પ્રભુ આ શું કર્યું, દિનાનાથ દયાલ;
તે અવસર મુજને તમે, કાઢ્યો દૂર કૃપાળ. ૫

## ઢાળ

શાસન સ્વામી સંત સનેહી સાહિબા,
અલવેશ્વર વિભુ આતમના આધાર જો;
આથડતો અહીં મૂકી મુજને એકલો,
માલિક કિમ જઈ બેઠા મોક્ષ મોઝાર જો.
વિશ્વંભર વિમલાતમ વહાલા વીર જી. ૧

મનમોહન તમે જાણ્યું કેવલ માંગશે,
લાગશે અથવા કેડે એ જિમ બાળ જો;
વલ્લભ તેથી રાખ્યો મુજને વેગળો,
ભલું કર્યું એ ત્રિભુવન જગ પ્રતિપાલ જો. વિશ્વંભર૦ ૨

અહો હવે મેં જાણ્યું શ્રી અરિહંત જી,
નિઃસ્નેહી વીતરાગ હોય નિરધાર જો;
મોટો છે અપરાધ ઈહા પ્રભુ માહરો,
શ્રુત ઉપયોગ મેં દીધો નહિ તે વાર જો. વિશ્વંભર૦ ૩

સ્નેહ થકી સર્યું ધીગ્ એક પાક્ષિક સ્નેહને,
એક જ છું મુજ કોઈ નથી સંસાર જો;
સૂરિ માણેક ઇમ ગૌતમ સમતા ભાવતા,
વરિઆ કેવલજ્ઞાન અનંત ઉદાર જો. વિશ્વંભર૦ ૪

## વૈરાગ્યની સજ્ઝાય

મહેલ ઝરૂખા ને માળીયા, હાંડી ઝુમર ઠાઠમાઠજી;
હીંચકતા હીંડોલે સુવર્ણના, જ્યોત દિપક ઝગઝગાટજી.
એક દિન જાવું છોડી એકીલા. ૧

હય ગયવર રથ પાલખી, બેસી કરતાં કલ્લોલજી;
ચીઠ્ઠી ફરી જમરાજની, તે ઘર થતી રડારોળજી. એક૦ ૨
નિશદિન નોબત વાજતી, નાટક ગીત ને નાદજી;
તે ઘર ખાલી ખંડેર પડ્યા, કાને પડે કાગ સાદજી. એક૦ ૩
શ્રીમંત નામ ધરાવતાં, જેનું રહેવું સાત માળજી;
તેવા નરને ઉપાડીને, કોળીયા કરી ગયો કાળજી. એક૦ ૪
આનંદ મોઝ લૂટાવતાં, દેતાં અઢળક દાનજી;
દુઃખ દેખ્યું નથી દિલમાં, તે પાપ પહોંતા મસાણજી. એક૦ ૫
વાસુદેવ બળદેવ ચક્રવર્તી, ઇન્દ્ર નાગેન્દ્ર જે હોયજી;
કાળે કોઇને મૂકયા નહિ, અમર રહ્યા નહિ કોયજી. એક૦ ૬
માત પિતા સુત બાંધવા, પુત્રી ભગિની નો સાથજી;
જગમાં કોઈ કોઇનું નહિ, કેમ ભરી બેઠા બાથજી. એક૦ ૭
હું ને મારું કરી મેળવ્યું, જગમાં જાગી દિન રાતજી;
અંતકાળે જાતાં જીવને એકીલા, આવ્યું કોઈ ન સંગાતજી એક૦ ૮

પ્રયાણ થતાં પરલોકમાં, જાવું જીવને જરૂરજી.
આવાગમન છે એકિલું, પુન્ય ને પાપ હજુરજી. એક૦ ૯
ધન રહેશે દાટયું આંગણે, પાદર સુધી સ્ત્રી સંગાતજી;
સ્વજન વર્ગ મસાણ લગે, જગની જુઓ રીતભાતજી. એક૦ ૧૦
સર્વ રૂદન કરે સ્વાર્થનું, કોઇને કંઈ કંઇ દુઃખજી;
રૂદન નહિ પરમાર્થનું, જોઇએ સર્વને સુખજી એક૦ ૧૧
ભાગ્યમાં લખી કુટી તોલડી, આશા અમર અપારજી;
તો પણ લક્ષ્મીની લાલસા, છૂટે નહિ રે લગારજી. એક૦ ૧૨
મોહે મૂંઝાયા રે માનવી, ખોયું આત્મિક ભાનજી;
માર પડે મોહરાયનો, તો પણ આવી ન સાનજી. એક૦ ૧૩
પુન્ય પસાયથી પામીઓ, ઉત્તમ નરભવ દેહજી;
ઓળખ કરી આતમરામની, જડ વસ્તુનો તજો સ્નેહજી. એક૦ ૧૪
ભવસાગર દુઃખ જળ ભર્યો, તારક નીતિ સૂરિંદજી;
ધર્મની નૌકા ગ્રહણ કરો, ઉદયથી ટળે ભવફંદજી. એક૦ ૧૫

## પંચ પ્રમાદ ત્યાગની સજઝાય

પાપી પ્રમાદને ત્યાગો પ્રાણી, ચાહના જો શિવ કેરી રે;
મદ્ય વિષય કષાયને નિદ્રા, પ્રમાદ પંચમ વૈરી રે. પાપી૦ ૧
પંચ પ્રમાદે આખી આલમને, દુઃખ દરીયામાં ડૂબાવી રે;
સત્તા બેસાડી મોહરાજાની, કર્મ પિંજરમાં લાવી રે. પાપી૦ ૨
મદ્ય પ્રમાદે ઉન્માદ પામી, કરતાં કર્મના ચાળા રે;
વિષય વિલાસમાં રાગી બનતાં, કરતાં કેઈક ઉછાળા રે. પાપી૦ ૩

કષાય ચોકડી રસ બંધ કરતી, ઘણા પમાડતી ખેદો રે;
પાપની વૃદ્ધિ કરતી જાણી, મૂળ માંહેથી ઉચ્છેદો રે. પાપી૦ ૪
દૂર રહે છે કષાયથી મુક્તિ, કહે છે કેવલનાણી રે;
આત્માનું હિત ઈચ્છો તો વમજ્યો, દશવૈકાલિક વાણી રે. પાપી૦ ૫
નિદ્રાપંચક દૂર નિવારો, વિકથા ચાર સંગાતે રે;
વૈરનું કારણ વિકથા જાણી, બાંધી ન શત્રુતા માથે રે. પાપી૦ ૬
જિન આણા ભાવે શિરપર ધારો, પ્રમાદ પંચમ વારી રે;
નિતીવિજય ગુરુચરણ સેવનથી, પામે ઉદય નરનારી રે. પાપી૦ ૭

## શ્રી ધન્ના શાલિભદ્રની સજ્ઝાય

### ( ઢાળ પહેલી )

રાજગ્રહી નગરી ભલી, શેઠજી ધન્નો ઉદાર રે;
પત્ની પતિવ્રતા આઠ છે, રૂપે રંભા અવતાર રે.
સુખી જીવન શાલીભદ્રનું. ૧
તેહી જ ગામમાં ધનપતિ, શાલિભદ્ર કહાય રે;
જેહનું સુખ જોવા કારણે, આવે શ્રેણિક નરરાય રે. સુખી૦ ૨
દેવલોકે થઇ દેવતા, પિતા ગોભદ્રનો જીવ રે;
પેટી નવાણું પહોંચાડતા, પુત્રના પ્રેમે સદૈવ રે. સુખી૦ ૩
સપ્ત ભૂમીકા ઉપરે, સાથે બત્રીસ નાર રે;
દોગુંદક દેવની પરે, ભોગવે સુખ અપાર રે. સુખી૦ ૪
રાયને કરીઆણું ગણ્યું, માતને આશ્ચર્ય થાય રે;
શ્રેણિક ખોળે બેસારતા, સ્વેદથી શરીર ભરાય રે. સુખી૦ ૫

મનમાં શાલિભદ્ર ચિંતવે, પુન્યમાં રહી મુજ ખામી રે;
ચારિત્ર પાળું જો નિર્મળું, તો શિર પર નહિ સ્વામી રે. સુખી૦ ૬

સંપૂર્ણ સુખને પામવા, ત્યાગનું પકડ્યું નિમિત્ત રે;
નારી એકેક નિત્ય પરિહરે, દીક્ષા લેવા ખચિત્ત રે. સુખી

શેઠ ધન્નો તજે અવસરે, રમા રમણીનો રાગ રે;
ખેળભરી કાયા આવીયો, જોવા શાલિભદ્ર ત્યાગ રે. સુખી૦ ૮

કથા સુણી ધન્ના શેઠની, કરી માતાને વાત રે;
દીક્ષા લેવા મન દોડીઉં, ધન્ના શેઠ સંગાત રે. સુખી૦ ૯

ઋદ્ધિ સિદ્ધિ તજી સામટી, તજી ભોગ વિલાસ રે;
મહેલ ઝરૂખા માળીયા છોડ્યા, દાસીને દાસ રે. સુખી૦ ૧૦

રડતી માતાને મૂકીને, સાથે બત્રીસ નાર રે;
પ્રેમના બંધન કાપીને લીધો, સંજમ ભાર રે. સુખી૦ ૧૧

## ઢાળ બીજી

પંચ મહાવ્રત પ્રેમથી, પાળે નિરતિચાર,
સંયમમાર્ગમાં શુદ્ધતા, સદા શુદ્ધ વિચાર;
સાચું સુભટપણું સાધુનું. ૧

કર્મ કંટક બળ કાપવા, તપ લઈ તલવાર;
સંવર બખ્તર પહેરીયું, ઝીલવા શત્રુ પ્રહાર. સાચું૦ ૨

અઢાર હજાર અંગરક્ષકો, લીધા યોદ્ધા ઉદાર;
શિલાંગરથ પર બેસીને, ગ્રહી સૈન્યનો ભાર. સાચું૦ ૩

પંચ સમિતિ ત્રણ ગુપ્તિને, નિત્ય રાખી સમીપ;
સાધ્યબિન્દુ છે શિવનું, કરવા શત્રુને કલીબ. સાચું૦ ૪

સેનાપતિ થઈ સંચર્યા, ધર્મ સૈન્ય સંગાત;
મોહ મહિપતી મારવા, રાગદ્વેષની સાથ. સાચું૦ ૫

પરિસહ ફોજ હટાવવા, ધર્યો ધૈર્યતા ગુણ;
યતિધર્મ દશવિધ શસ્રથી, વિંધ્યા મોહના ભ્રૂણ. સાચું૦ ૬

વિજયની વરમાળા પહેરવા, કમર બાંધી કઠિન;
કર્મ કાદવ જળે ક્ષાળતાં, જ્ઞાન ધ્યાનમાં લીન. સાચું૦ ૭

મોખરે રહી મેદાનમાં, મરડી મોહનું માન;
વાવટો વિજય ચઢાવીઓ, જીત ડંકા નિશાન. સાચું૦ ૮

આજ્ઞા લઇ પ્રભુ વીરની, ધન્નો શાલિભદ્ર દોય;
વૈભારગિરિ અણસણ કરી, શ્રેણી ઉપશમ હોય. સાચું૦ ૯

કરૂણા વિલાપ કુટુંબનો, છતાં તોડયું ન તાન;
ધ્યાન એકાગ્રથી પામીયા, સર્વાર્થસિદ્ધ વિમાન. સાચું૦ ૧૦

સ્વર્ગના સુખને અનુભવી, કરી એક અવતાર;
ક્ષેત્ર વિદેહમાં અવતરી, લેશે સંજમ ભાર. સાચું૦ ૧૧

કેવલભાણ ઉદયે કરી, કાપી કર્મના પાસ;
સુખ અનંતુ પામશે, કરશે શિવપુર વાસ. સાચું૦ ૧૨

મુનિવરના ગુણ ગાવતાં, થાય નિર્મળ ચિત્ત;
**નીતિવિજય** સૂરિ વંદતા, થાય ઉદય ખચીત. સાચું૦ ૧૩

## અઇમુત્તા મુનિની સજઝાય

સંયમ રંગે રંગ્યુ જીવન, નાનો રાજકુમાર;
વંદો અઈમુત્તા અણગાર.

ગૌતમસ્વામી ગોચરી આવે નાના બાળકને મન ભાવે,
પ્રેમ થકી નીજ ઘર બોલાવે, ભાવભરી મોદક વહોરાવે;
મારે પણ ગૌતમ સમ થાવું, એમ કરે વિચાર. વંદો૦ ૧
મનની ઇચ્છા પૂરણ કીધી, માત પિતાની આજ્ઞા લીધી,
રાજ્યતણી છોડીને રિદ્ધિ, ગૌતમ પાસે દીક્ષા લીધી;
રહે ઉમંગે ગુરુની સંગે, વહેતાં સંયમ ભાર. વંદો૦ ૨
તળાવડી જળની એક આવી, બાળ મુનિને મન બહુ ભાવી,
પાત્રતણી નૌકા ખેલાવી, ગુરુને દેખી લજ્જા આવી;
અણઘટતું તે કારજ કીધું, પામ્યા શોક અપાર. વંદો૦ ૩
સમવસરણમાં પ્રભુની પાસે, ઇરિયાવહી પડિક્કમી પ્રમાણે,
ચાર કર્મની ગતિ વિરામે, કેવળજ્ઞાન તિહાં મુનિ પામે;
દેવ દેવી સૌ ઓચ્છવ કરતા, વર્તે જય જયકાર. વંદો૦ ૪
ક્ષણમાં સઘળા કર્મ ખપાયા, એવા અઈમુત્તા મુનિરાયા,
ભવ્ય જીવોને બોધ પમાડી, અંતે મુક્તિપુરી સિધાવ્યા;
યશોભદ્ર એ મુનિને વંદો, થાયે બેડો પાર. વંદો૦ ૫

## શ્રી સ્કંદક મુનિની સજઝાય

મુનિવર સ્કંદક નમીએ પાય, શુદ્ધ ચારિત્ર સદા સોહાય,
શ્રાવસ્તી નગરીમાં જન્મ્યા, સુંદર જેની કાય;
મલયસુંદરી કનકકેતુ છે, જેના માત પિતાય. મુનિ૦ ૧

વિજયસેનસૂરિનો ઉપદેશ, કુંવરને લાગ્યો જ્યાંય;
આ સંસાર અસાર ગણી, વૈરાગ થયો દિલમાંય. મુનિ૦ ૨
ધન દોલત ને માતપિતાનો, સ્નેહ તજ્યો પલમાંય;
રાજ્યતણા વૈભવ છોડીને, પ્રીતે સંયમી થાય. મુનિ૦ ૩
મોહાદિકના બંધ હઠાવી, તપ તપતાં મુનિરાય;
અહિંસાનો ધ્વજ ફરકાવીને, વિચરે પૃથ્વીમાંય. મુનિ૦ ૪
વિહાર કરતાં આવી પહોંચ્યા, ભગિનીના પુરમાંય;
રાણી સુનંદા ભ્રાતને દેખી, મનમાં બહુ હરખાય. મુનિ૦ ૫
નિજ રાણી પર શંકિત થઈને, રાજા ક્રોધે ભરાય;
કરવા ઘાત મહા મુનિ કેરો, વિચાર કીધો ત્યાંય. મુનિ૦ ૬
મૃત્યુને સનમુખ દેખીને, મુનિવર નવ ગભરાય;
સમતાથી એ ઘાત સહીને, દેવલોકમાં જાય. મુનિ૦ ૭
રક્ત ટપકતી મુપત્તિ લઈ, પક્ષી મહેલમાં જાય;
નિજ બંધુનું મરણ જોઈ, સુનંદા શોકે ભરાય. મુનિ૦ ૮
બંધન કેરી બેનડી રોતી, ખડખડ આંસુ જાય;
રાજમહેલના પત્થર રોતાં, રડે સકલ સમુદાય. મુનિ૦ ૯
હાય અભાગી હું પુરી, મુજ નગરમાં ભાઈ હણાય;
વ્હાલ ન દીધાં, હાલ ન પૂછ્યાં, વ્યર્થ જીવન મુજ થાય. મુનિ૦ ૧૦
રાજા નિજ કરણીને માટે, અંતરમાં પસ્તાય;
રાણી સંગે દીક્ષા લીધી, રાજ્ય છોડીને ત્યાંય. મુનિ૦ ૧૧
તિર્થોદ્ધારક નેમિસૂરિ, વિજ્ઞાનસૂરિ સુખદાય;
વાચક કસ્તુર ગુરુને પ્રણમી, યશોભદ્ર ગુણ ગાય. મુનિ૦ ૧૨

# શ્રી અંજના સતીની સજઝાય

(રાગ :–મીઠા લાગ્યા છે મુને)

સતિ શીરોમણી અંજના સુંદરી, પવનજયની નાર રે;
શિયળવંતી સોહામણી. ૧
માહેન્દ્રપુરના રાજાની બેટડી, રૂપ ગુણના ભંડાર રે. શિયળ૦ ૨
ગર્વી પતિનું સુખ નવ પામે, દુઃખમાં દિવસ જાય રે ,, ૩
એકદા રાવણ સાથે પવનજય, વરૂણને જીતવા જાય રે ,, ૪
ચક્રવાકીનું રૂદન જોઇને, મારગમાં પસ્તાય રે ,, ૫
પાછો ફર્યો પ્રિયાની પાસે, દીધું રતિ સુખ ત્યાંય રે. ,, ૬
પ્રભાતે પાછો વળીયો પવનજય, વૈરીને જીતવા જાય રે. ,, ૭
અંજના સતિને ગર્ભ રહ્યો ત્યાં, સાસુજી ક્રોધે ભરાય રે ,, ૮
પતિતણી મુદ્રિકા બતાવી, તોય ન સત્ય ગણાય રે. ,, ૯
સાસરે પિયરમાં કોઇ નવ રાખે, સતી અરણ્યે જાય રે. ,, ૧૦
પૂર્વકર્મનું ફળ છે આ તો, તપસીએ કીધું ત્યાંય રે. ,, ૧૧
પુત્રનો પ્રસવ થયો ગુફામાં, રાણી રૂદન કરે ત્યાંય રે. ,, ૧૨
ત્યાંથી પ્રતિસૂર્ય નામે વિદ્યાધર, વિમાનમાં લઇ જાય રે. ,, ૧૩
મારગમાં પુત્ર પડ્યો પર્વત પર, ચૂર્ણ શિખર કર્યું ત્યાંય રે ,, ૧૪
મોસાળમાં ઉછરે છે પવનસુત, હનુમાન નામ અપાય રે. ,, ૧૫
પવનજય ઘેર પાછો ફરતાં, સતિ વિના અકળાય રે ,, ૧૬
પ્રિયા વિયોગે દુઃખી થઇને, અગ્નિમાં બળવા જાય રે. ,, ૧૭
તે સુણી અંજના હનુમાન સંગે, આવ્યા પ્રતિસૂર્ય ત્યાંય રે. ,, ૧૮
હર્ષ થયો સહુના અંતરમાં, સતી તણા ગુણ ગાય રે. ,, ૧૯

શિયળ૦

અંજના પવનજય દીક્ષા લઇને, શિવપુર પંથે જાય રે. ,, ૨૦
હનુમાન બનીઓ બલીઓ યોદ્ધો, રામને કીધી સહાય રે. ,, ૨૧
તે પણ શત્રુંજય જઇને, મોક્ષ પામ્યા સુખદાય રે. ,, ૨૨
તપગચ્છનાયક **શ્રી નેમિસૂરીશ્વર**, સૂરિ **વિજ્ઞાન** સોહાય રે. ,, ૨૩
વાચક **કસ્તુર** ગુરુ પ્રતાપે, **યશોભદ્ર** ગુણ ગાય રે. ,, ૨૪

## શીયલવતીની સજઝાય

( રાગ-સ્થૂલિભદ્ર મુનિગણમાં શિરદાર જો )

શીયલવતી એ શીયલવંતી નાર જો,
સદ્ ગુણવાલી બુદ્ધિના ભંડાર જો;
શીયળથી આ જગમાં કુળ દીપાવીયા જો. ૧

નંદપુરે રત્નાકર શેઠને ત્યાંય જો,
અજિતસેનની નારી એ સોહાય જો;
પશુ પક્ષીની ભાષા સમજે જ્ઞાનથી જો. ૨

શિયાળણીનો શબ્દ સુણી મધરાત જો,
ઘડુલો લઇને ચાલી વિણ સંગાત જો;
સસરાજી તેના પર શંકા લાવીયા જો. ૩

અજિતસેનને કીધી સર્વ વાત જો,
સ્ત્રી તારી દીસે છે કુલટા જાત જો;
માટે તેને પિયર પંથે વળાવીએ જો. ૪

સસરા સાથે પિયર પંથે જાય જો,
નદી ઉતરી મોજડી રાખી પગમાંય જો;
આગળ જાતાં મગનું ક્ષેત્ર આવીયું જો. ૫

શેઠે કીધી ધાન ધણીને સારૂં જો,
વહુ બોલી કે શેઠજી વચન તમારૂં જો;
નવિ જો ખાધું હોય તો સત્ય જાણીએ જો. ૬

ધનીક નગરને ઉજ્જડ દીલમાં ધારે જો,
એક સુભટને બીકણ કહી પોકારે જો;
વડની છાંય તજીને તડકે બેસીયા જો. ૭

ઉજ્જડ ગામને વસ્તીવાળું કીધું જો;
વહુનું વર્તન ઉંધુ શેઠે દીઠું જો;
દીલમાં શીયલવતી પર બહુ ગુસ્સે થયા જો. ૮

મામાને ઘેર ભોજન પણ નવ ખાધું જો;
જંગલમાં જઇ બેઠા ખાવા ભાથું જો;
કાગડો ત્યાં આવીને લાગ્યો બોલવા જો ૯

કાગની સાથે વહુએ કીધી વાત જો;
પતિ વિયોગ મલ્યો છે મુજ લલાટ જો;
તે સુણીને શેઠ અચંબો પામીયા જો. ૧૦

વહુએ શેઠને કાગની વાણી કીધી જો,
વૃક્ષ તળે જઇ ખોદણી ચાલુ કીધી જો;
કુંભ સોનાના ચાર તિહાંથી નિકળ્યા જો. ૧૧

શીયલવતીએ કીધો પૂર્વ વૃત્તાંત જો,
શિયાળણીનો શબ્દ સુણી મધરાત જો;
લેવા ઘરેણાં ગઇતી હું ગાગર લઈ જો. ૧૨

કંકર આદિના ભયથી ઓ તાત જો,
કીધી નદીને પાર મેં મોજડી સાથ જો;
ગીરો ક્ષેત્ર જો હોય તો ધાન્ય નવિ મલે જો. ૧૩

સંબંધી વિણ શહેરને ઉજ્જડ ભાળું જો,
સ્નેહી જ્યાં તે ગામડું વસ્તીવાળું જો;
સુભટને સો ઘાવ પીઠ પર વાગીઆ જો. ૧૪

કાગડો આવી સ્ત્રી ઉપર ચરકે જો,
પતિતણું સુખ તેનાથી દૂર સરકે જો;
તેથી વૃક્ષ તજીને તડકે બેસીયા જો. ૧૫

શેઠે કીધું થયો મને સંતોષ જો,
ક્ષમા કરો તમે મારા સર્વે દોષ જો;
નિજપુરમાં વહુ સાથે પાછા આવીયા જો ૧૬

અજીતસેન નૃપસંગ વિદેશે જાય જો,
સતીએ ફુલની માળા અર્પી ત્યાંય જો;
જો ફુલ કરમાશે તો મુજ શીયલ જશે જો. ૧૭

મારગ જાતાં રાજા વિસ્મીત થાય જો,
ફુલમાળા કેમ નહિ કરમાય જો;
અજીત બોલ્યો શિયલનો પ્રભાવ એ જો. ૧૮

કરવા પરીક્ષા રાજા ચાહે ચિત્ત જો,
મોકલીયા છે સતીને ત્યાં નિજ મિત્ર જો;
સતીએ યુક્તિ કીધી શિયળ રક્ષવા જો. ૧૯

તંતુયુક્ત પલંગ કર્યો તૈયાર જો,
ખાડા ઉપર ગોઠવીઓ તે વાર જો;
જે આવ્યા તે ખાડામાં કેદી થયા જો. ૨૦

રાજાએ સહુ વાત જ્યારે જાણી જો,
સતીનું શીયલ યુક્તિને વખાણી જો;
બ્હેન ગણીને વસ્ત્રાભૂષણ આપીયા જો. ૨૧

ધર્મઘોષસૂરિ આવ્યા નગર મોઝાર જો,
સુણે દેશના પ્રીતે સકલ નરનાર જો;
સતીએ પૂર્વ ભવની કથની સાંભળી જો. ૨૨

પ્રગટ્યો છે વૈરાગ્ય ઉરે તે વાર જો,
દીક્ષા લીધી લઈ આજ્ઞા ભરથાર જો,
સંયમ પાળી પાંચમે સ્વર્ગે સતી ગયા જો. ૨૩

નેમિસૂરિ વિજ્ઞાન છે ગુણની ખાણ જો,
વાચક કસ્તુર મુજ જીવનની લ્હાણ જો;
યશોભદ્ર ચારિત્ર સતીનું વર્ણવે જો. ૨૪

## રાત્રે સૂતી વખતે બોલવાનું

ખમીયે રે જીવ ખમીયે, ખમીયે તો ક્યાંય ન ભમીએ;
સહીયે રે જીવ સહીયે, સહીયે તો સિદ્ધના સુખ લહીએ.

શિયળ મારે સંથારે, જ્ઞાન મારે ઓશિકે,
સમકિત મારે હૃદયે વસ્યું, ભરનિદ્રામાં કાળ કરૂં તો;
પાંચે ઇન્દ્રિયો વોસિરે, વોસિરે, વોસિરે.

અરિહંતનો ઘોડો, કીધા કર્મને છોડો,
અરિહંતની કુકડી, મુક્તિ આવે ઢૂકડી;
અરિહંતનો કુકડો, કોઇ ઝેરી જીવ ન આવે ઢૂકડો,
નવકાર તું મારો મોટો ભાઈ, મારે ને તારે ઘણી સગાઇ;
અંત સમયે યાદ આવજે, મારી ભાવના શુદ્ધ રાખજે.

મસ્તકે મારે પાર્શ્વનાથ, મોંઢે મારે મલ્લિનાથ,
કાને મારે કુંથુનાથ, હૈયે મારે અરનાથ;
વિઘ્ન હરે શાંતિનાથ, આંખે મારે મહાવીરસ્વામિ,
ચોવીશે જિન સમરતાં, સુખે જાય દિવસ ને રાત.

આંખે જાળા મોઢે તાળા, જ્યાં મારો જીવ જાય;
ત્યાં મોક્ષના બારણાં ઉઘાડા.

સોનાનું કોડિયું, રૂપાની વાટ,
આદીશ્વર ભગવાનની કરૂં આરતી;
તો સુખે જાય દિવસ અને રાત.

દિવસે રાખે સૂર્ય, રાતે રાખે ચંદ્ર,
ધરતીમાતા સદાય રાખે.

આદીશ્વર ભગવાનના દેરાસરમાં,
ચક્કેસરી માતાની નોબત વાગે;
ધીન ધીન ધીન.

(દુહા)

જન્મ્યા છે જે જગતમાં, તે નક્કી મરનાર;
ખીલ્યાં છે જે પાંદડાં, તે નક્કી ખરનાર. ૧
જગમાં શું મોહી રહ્યો, મૂઢ થઈને ગમાર;
અંતે તું હારી ગયો, શોધ્યો નહિ કંઈ ભાર. ૨
આહાર શરીર ને ઉપધિ, પચ્ચક્ખી પાપ અઢાર;
મરણ આવે વોસિરે, જીવું તો આગાર. ૩

## * પ્રભાતના પચ્ચખ્ખાણો *

### નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં *પચ્ચખ્ખાઇ ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં *વોસિરઈ.

### પોરિસિ-સાડ્ઢપોરિસિ-પુરિમડ્ઢ-અવડ્ઢ

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાડ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમુડ્ઢં, અવડ્ઢં મુટ્ઠિસહિઅં, પચ્ચખ્ખાઈ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

### બિઆસણું-એકાસણું

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાડ્ઢંપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમુડ્ઢં અવડ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચખ્ખાઇ, ઉગ્ગએ

* પચ્ચખ્ખાણ કરનારે 'પચ્ચખ્ખામિ' અને 'વોસિરામિ' શબ્દ બોલવો.

સૂરે, ચઉવ્વિહંપિ આહારં અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વિગઇઓ પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, *બિઆસણં, એગાસણં, પચ્ચક્ખાઇ, તિવિહંપિ આહારં, અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિઆગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઇ.

## આયંબિલ-નિવી

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાડ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમુડ્ઢં. અવડ્ઢં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઇ, ઉગ્ગએ, સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં. દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, આયંબિલં, નિવ્વિગઇઅં, પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, એગાસણં, પચ્ચક્ખાઇ, તિવિહંપિ આહારં, અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિઆગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયા-

* બિઆસણાનુ પચ્ચક્ખાણ કરવું હોય તો "બિઆસણં" પાઠ બોલવો અને એકાસણાનું કરવું હોય તો "એગાસણં" પાઠ કહેવો.

ગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ.

## તિવિહાર–ઉપવાસ

સૂરે ઉગ્ગએ, *અબ્ભત્તટ્ઠં, પચ્ચક્ખાઈ, તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણ, +પાણહાર, પોરિસિં, સાડ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં, અવડ્ઢં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ.

## ચઉવિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ, અબ્ભત્તટ્ઠં, પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ આહાર, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

## દેશાવગાસિક

દેસાવગાસિયં, ઉવભોગં, પરિભોગં, પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

---

* બે ઉપવાસ માટે **છટ્ઠભત્તં**, ત્રણ માટે **અટ્ઠમભત્તં**, ચાર માટે **દસમભત્તં**, પાંચ માટે **દ્વાદશભત્તં**, આ રીતે પાઠ બોલવો.

\+ એકથી વધુ ઉપવાસવાળાએ બીજા દિવસથી 'પાણહારનું' પચ્ચક્ખાણ લેવા "પાણહાર પોરિસિ"થી 'વોસરઈ' સુધીનો પાઠ બોલવો.

## મુટ્ઠિસહિઅ-અભિગ્રહ

મુટ્ઠિસહિઅં, અભિગ્ગહં પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

## તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ પારવાનો પાઠ

સૂરે ઉગ્ગએ, ઉપવાસ કર્યો તિવિહાર, પોરિસિ, સાડ્ઢ-પોરિસિ, સૂરે ઉગ્ગએ પુરિમુડ્ઢ, અવડ્ઢ, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાણ કર્યું પાણહાર, પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં, તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

## આયંબિલ-નિવી-એકાસણું-બિઆસણું પારવાનો પાઠ

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં, પોરિસિ, સાડ્ઢપોરિસી, સૂરે ઉગ્ગએ પુરિમુડ્ઢ, અવડ્ઢ, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું ચઉ-વિહાર, આયંબિલ નિવી એકાસણું-બિઆસણું કર્યું પચ્ચક્ખાણ તિવિહાર, ફાસિઅં, પાલિઅં સોહિઅં, તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આહારિઅં તસ્સ મિચ્છામિ દુક્કડમ્

## સાંજના પચ્ચક્ખાણો

### પાણહાર

પાણહાર. દિવસચરિમં, પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ.

### ચઉવ્વિહાર-તિવિહાર

દિવસચરિમં, પચ્ચક્ખાઇ, ચઉવ્વિહંપિ આહારં, તિવિ-હંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયા-ગારેણં, વોસિરઈ.